શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી ત્રણછેદ સૂત્ર

ગુરુપ્રાણ આગમ બત્રીસી

આશીર્વાદ દાતા : તપસ્વી  ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ
પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

जहा दड्ढाणं बीयाणं   न जायंति पुणअंकुरा
कम्म बीएसु दड्ढेसु   न जायंति भवंकुरा ॥

दशाश्रुतस्कंध- अ. ५. गा. १५

જેવી રીતે બળી ગયેલા (બાળી નાખેલા) બીજમાંથી ફરી અંકુરા પ્રગટ થતા નથી તેમ કર્મ રૂપી બીજોને દગ્ધ- બાળી નાખવાથી (બળી જવાથી) ભવ રૂપ (જન્મમરણ રૂપ) અંકુર ઉત્પન્ન થતા નથી.

जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा, तम्हा अप्पणा चेव उवसमियव्वं सकिमाहु भंते उवसमं, उवसम सारं सामण्णं.

बृहद्कल्प सूत्र

જે બીજાને ખમાવીને શાંત થઈ જાય છે તે આત્માની આરાધના કરી શકે છે પરંતુ જે બીજાને ખમાવતા નથી. તે આરાધના કરી શકતા નથી. તેમાટે પોતે ખમાવવું. શા માટે બીજાને ખમાવવું? (તેનો ઉત્તર આ છે-) સાધુત્વનો સાર ઉપશમ (ઉપશાંતપણું-ખમાવવાપણું) છે. માટે ખમાવવું.



આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ

સ્થવિર રચિત છેદ સૂત્ર

# શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર

# શ્રી બૃહત્કલ્પ સૂત્ર, શ્રી વ્યવહાર સૂત્ર

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન)*

**: પાવન નિશ્રા :**

ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**

વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**

ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**

મંગલમૂર્તિ પૂજ્યવરા

પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**

અપૂર્વ શ્રુત આરાધક

પૂ. શ્રી લીલમબાઈ મ.

**: અનુવાદિકા :**

ડૉ. શ્રી ડોલરબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**

ઉત્સાહધરા

પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**

ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.

તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :

શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯

**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ –

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯–૨૫૬૨૩૮૨૮

સમર્પણ

સૌરાષ્ટ્ર કેસરી
બા. બ્ર. પૂ. ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

સૌરાષ્ટ્રની ધીંગીધરાના ભક્તજનોના
આપ છો શ્રદ્ધાસ્તંભ,
મમ ગુરુણીમૈયા પૂ. મુક્ત-લીલમના
આપ છો અંતરના આધારસ્તંભ ,
આપની જન્મશતાબ્દી આગમ અવગાહન માટે
બની ગઈ પ્રેરણાસ્તંભ,
ઓ પ્રાણ ગુરુદેવ ! આપ સદૈવ બની
રહ્યા છો અમ રક્ષાસ્તંભ..
આ ત્રણ છેદ સૂત્રના પ્રકાશન સાથે
આગમ સમાપનના આરે આપને શું સમર્પુ?

મારા હૃદયનો પ્રત્યેક ધબકાર
મારા જીવનનો પ્રત્યેક શ્વાસ
મારા શરીરના પ્રત્યેક સ્પંદનો

આપના શતશઃ સહસરશ્મિ ગુણોના સ્મરણોમાં
સદા ઓળઘોળ રહે,
તેનું એકાદ કિરણ અંતરને અજવાળે
એ જ મમ આર્દ્રભાવે આરઝૂ.

- પૂ. મુક્ત - લીલમ ગુરુણીના સુશિષ્યા
સાધ્વી ડોલર

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

અર્હં

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતિ વર્ધયતિ અનુમન્યતે ચ
અહં "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં । ઇદં મહા કાર્યં પૂજ્ય —
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સદ—
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે—
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે—

આનંદ મંગલમ્ ૨૭-૪-૨૦૦૯
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર (૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર (ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર (શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

# સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




## શતાદિ સદ્‌ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જયોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)
## રતિગુરુ ચેરીટિબલ ટ્રસ્ટ
## હ. ટી. આર. દોશી

ગોંડલગચ્છના અનસ્ત સિતારા સંતોના શિરતાજ, પ્રાણ પરિવારના સાધ્વીજીઓના પ્રાણ સમાન હજારો ભક્તોના શ્રદ્ધાના કેન્દ્રસ્થાન, તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. એ પોતાના સાધક જીવનમાં જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનાથી સ્વયંની આત્મસાધનાને પરિપક્વ બનાવી, તેની સાથે જ ૧૪૫ મુમુક્ષુઓના દીક્ષાદાતા બનીને રત્નત્રયની આરાધનાના પ્રેરક બન્યા હતા.

સાધક જેમ જેમ અધ્યાત્મ સાધનામાં ગહનતમ ઊંડાણમાં જતો જાય છે, તેમ તેમ તેમનું અંતર કરૂણાભાવથી દ્રવિત થાય છે અને તેના પરિણામે તેવા સાધકો કેટલા ય જીવદયા, માનવસેવા જેવી પ્રવૃત્તિઓનો પણ ઉપદેશ આપે છે. પૂ. તપસ્વી ગુરુદેવના જીવનમાં પણ આવી જ ઘટના ઘટિત થઈ.

અનેક ભક્તોએ પૂ. ગુરુદેવની શ્રદ્ધા – ભક્તિથી તેઓના જ પુણ્યનામથી ટ્રસ્ટનો પ્રારંભ કર્યો. પૂ. ગુરુદેવની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં જ આ ટ્રસ્ટના માધ્યમથી અનેક માનવસેવાની પ્રવૃત્તિઓ, મેડિકલ સહાય, ગૌશાળા જેવી પ્રવૃત્તિઓ ચાલુ જ હતી. જે આજે પણ ટ્રસ્ટી વયોવૃદ્ધ સુશ્રાવક શ્રી રતિભાઈ દોશી તથા શ્રી ટી. આર. દોશી કરી રહ્યા છે, તે ઉપરાંત પૂ. ગુરુદેવને જ્ઞાનારાધનાનું અદમ્ય આકર્ષણ હતું. તેથી જ ગુરુ પ્રાણ આગમ બત્રીસીના પ્રથમ પ્રકાશનમાં તેઓશ્રીની પ્રેરણાથી ચાર આગમના શ્રુતાધાર બની પ્રકાશન કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો. પૂ. ગુરુદેવની ભાવનાને લક્ષમાં રાખીને આજે આગમ બત્રીસીના પુનઃ પ્રકાશનમાં પણ ટ્રસ્ટીગણ લાભ લઈ રહ્યા છે. તેઓને ધન્યવાદ.

ટ્રસ્ટીઓ સદાય પૂ. ગુરુદેવના આદર્શોને લક્ષમાં રાખી, તેઓએ ચીંધેલા રાહે જ કાર્યશીલ રહે એ જ ભાવના...

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
## સદ્‌વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 13 | એક ક્ષેત્રમાં રહેવાનો વિવેક | ૧૩૧ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 15 | બજાર આદિમાં રહેવાનો વિવેક | ૧૩૨ |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 17 | દરવાજાના વિનાના સ્થાનો | ૧૩૩ |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 19 | ઘટી માત્રકનું ગ્રહણ | ૧૩૩ |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 21 | ચિલમિલિકા-મચ્છરદાની વિવેક | ૧૩૪ |
| અભિગમ | 23 | જલાશયના કિનારે પ્રવૃત્તિ નિષેધ | ૧૩૪ |
| છેદ સૂત્રની વિશેષતાઓ | 28 | ચિત્રોવાળા ઉપાશ્રયો | ૧૩૫ |
| સંપાદકીય | 33 | સાગારિકની નિશ્રા | ૧૩૫ |
| સંપાદન અનુભવો | 53 | ગૃહસ્થયુક્ત ઉપાશ્રય | ૧૩૬ |
| અનુવાદિકાની કલમે | 55 | પ્રતિબદ્ધ સ્થાનો | ૧૩૭ |
| ૩૨ અસ્વાધ્યાય | 64 | પ્રતિબદ્ધ માર્ગવાળા સ્થાનો | ૧૩૭ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | શ્રમણપણાનો સાર-ઉપશમભાવ | ૧૩૮ |
| **શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર** | | વિહાર વિવેક | ૧૩૯ |
| પહેલી દશા : અસમાધિ સ્થાન | ૧ | વૈરાજ્ય કે વિરુદ્ધ રાજ્યમાં ગમનાગમન | ૧૩૯ |
| બીજી દશા : શબલ દોષ | ૭ | નિમંત્રિત વસ્ત્રાદિનું ગ્રહણ | ૧૪૧ |
| ત્રીજી દશા : આશાતના | ૧૪ | રાત્રે આહાર, વસ્ત્રાદિ ગ્રહણ નિષેધ | ૧૪૨ |
| ચોથી દશા : ગણિ સંપદા | ૨૦ | રાત્રે ગમનાગમનનો નિષેધ | ૧૪૪ |
| પાંચમી દશા : ચિત્ત સમાધિ સ્થાન | ૩૭ | રાત્રે સ્થંડિલભૂમિ આદિમાં એકલા જવાનો નિષેધ | ૧૪૪ |
| છઠ્ઠી દશા : ઉપાસક પડિમા | ૪૭ | આર્ય ક્ષેત્રમાં વિચરણ | ૧૪૫ |
| સાતમી દશા : ભિક્ષુ પડિમા | ૬૪ | **ઉદ્દેશક–૨** | |
| આઠમી દશા : પર્યુષણા કલ્પ | ૮૧ | પ્રાક્કથન | ૧૪૭ |
| નવમી દશા : મહામોહનીય બંધસ્થાન | ૮૬ | ધાન્યયુક્ત ઉપાશ્રય | ૧૪૮ |
| દસમી દશા : નિદાન | ૯૪ | માદક દ્રવ્યયુક્ત સ્થાન | ૧૪૯ |
| **શ્રી બૃહદ્કલ્પ સૂત્ર** | | પાણી ભરેલા ઘટયુક્ત સ્થાન | ૧૫૦ |
| **ઉદ્દેશક–૧** | | અગ્નિયુક્ત સ્થાન | ૧૫૦ |
| પ્રાક્કથન | ૧૨૫ | ખાદ્ય પદાર્થયુક્ત સ્થાન | ૧૫૧ |
| સાધુ-સાધ્વીને ગ્રાહ્ય-અગ્રાહ્ય તાલપ્રલંબ | ૧૨૭ | ધર્મશાળા આદિ સ્થાન | ૧૫૨ |
| ગ્રામાદિમાં રહેવાની કલ્પ મર્યાદા | ૧૨૯ | અનેક માલિક હોય તેવા મકાનની આજ્ઞા વિધિ | ૧૫૩ |

| વિષય | પૃષ્ટ |
| --- | --- |
| શય્યાતરપિંડ ગ્રહણ | ૧૫૫ |
| શય્યાતરના ઘરે આવેલા કે મોકલેલા આહારનું ગ્રહણ | ૧૫૭ |
| શય્યાતરની ભાગીદારીવાળા આહારનું ગ્રહણ | ૧૫૮ |
| શય્યાતરના પૂજ્યજનોને આપેલા આહારનું ગ્રહણ | ૧૫૯ |
| સાધુ-સાધ્વીને માટે કલ્પનીય વસ્ત્ર | ૧૬૦ |
| સાધુ-સાધ્વીને માટે કલ્પનીય રજોહરણ | ૧૬૧ |
| **ઉદ્દેશક–૩** | |
| પ્રાક્કથન | ૧૬૩ |
| સાધુ-સાધ્વીને પરસ્પરના ઉપાશ્રયમાં પ્રવૃત્તિ નિષેધ | ૧૬૪ |
| ચર્મખંડ ગ્રહણ | ૧૬૪ |
| વસ્ત્ર ગ્રહણ વિવેક | ૧૬૫ |
| અવગ્રહાનંતક ધારણ કરવાનો વિવેક | ૧૬૭ |
| સાધ્વીને પોતાની નિશ્રામાં વસ્ત્ર ગ્રહણ | ૧૬૮ |
| દીક્ષા સમયે ઉપધિ ગ્રહણ | ૧૬૮ |
| વસ્ત્ર ગ્રહણની કાલમર્યાદા | ૧૬૯ |
| રત્નાધિકોની પ્રધાનતા | ૧૭૦ |
| ગૃહસ્થોના ઘરમાં નિવાસ | ૧૭૧ |
| ગૃહસ્થોના ઘરમાં વાર્તાલાપનો નિષેધ | ૧૭૨ |
| શય્યા સંસ્તારક પાછા આપવાનો વિવેક | ૧૭૩ |
| આંગતુક શ્રમણોને શય્યા સંસ્તારકની આજ્ઞા વિધિ | ૧૭૪ |
| સ્વામી વિનાના ઘરની આજ્ઞા વિધિ | ૧૭૫ |
| માર્ગ આદિમાં રહેવા માટે આજ્ઞા વિધિ | ૧૭૭ |
| સેનાની સમીપના ક્ષેત્રમાં ગોચરી ગમન | ૧૭૭ |
| અવગ્રહ ક્ષેત્રનું પ્રમાણ | ૧૭૮ |
| **ઉદ્દેશક–૪** | |
| પ્રાક્કથન | ૧૭૯ |
| અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત સ્થાન | ૧૮૦ |
| પારાંચિત પ્રાયશ્ચિત્ત સ્થાન | ૧૮૧ |
| અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત સ્થાન | ૧૮૧ |
| દીક્ષા આદિને અયોગ્ય ત્રણ પ્રકારના નપુંસક | ૧૮૨ |

| વિષય | પૃષ્ટ |
| --- | --- |
| વાંચના લેનારની યોગ્યતા-અયોગ્યતા | ૧૮૨ |
| શિક્ષા પ્રાપ્તિની યોગ્યતા-અયોગ્યતા | ૧૮૩ |
| વિજાતીય સ્પર્શની અનુમોદનાનું પ્રાયશ્ચિત્ત | ૧૮૪ |
| કાલાતિક્રાંત દોષ અને તેનું પ્રાયશ્ચિત્ત | ૧૮૫ |
| ક્ષેત્રાતિક્રાંત દોષ અને તેનું પ્રાયશ્ચિત્ત | ૧૮૫ |
| અનૈષણીય આહારનો વિવેક | ૧૮૬ |
| કલ્પ–અલ્પ સ્થિત સાધુઓ માટે | ૧૮૭ |
| ઔદ્દેશિક આહાર વિવેક | |
| અન્ય ગણમાં જવાની વિધિ | ૧૮૯ |
| સાંભોગિક વ્યવહાર માટે અન્ય ગણમાં જવાની વિધિ | ૧૯૧ |
| આચાર્ય આદિના નેતૃત્વ માટે અન્ય ગણમાં જવાની વિધિ | ૧૯૪ |
| સાધુના મૃત શરીરને પરઠવાની વિધિ | ૧૯૭ |
| કષાયોના ઉપશમની અનિવાર્યતા | ૧૯૮ |
| પરિહાર કલ્પસ્થિત સાધુની સેવા | ૧૯૯ |
| મહાનદી પાર કરવાનો વિવેક | ૨૦૦ |
| નીચા ઉપાશ્રયમાં રહેવાનો વિવેક | ૨૦૧ |
| **ઉદ્દેશક–૫** | |
| પ્રાક્કથન | ૨૦૩ |
| દેવ-દેવીના સ્પર્શજન્ય વિકાર ભાવનું પ્રાયશ્ચિત્ત | ૨૦૪ |
| કલેશ કરીને આવેલા સાધુ પ્રતિ અન્ય સાધુનું કર્તવ્ય | ૨૦૪ |
| રાત્રિ ભોજનના અતિચાર અને પ્રાયશ્ચિત્ત | ૨૦૫ |
| ઉદ્ગાલ સંબંધી વિવેક અને પ્રાયશ્ચિત્ત | ૨૦૭ |
| સંસક્ત આહાર વાપરવાનો વિવેક | ૨૦૮ |
| પશુ-પક્ષીના સ્પર્શાજન્ય વિકાર ભાવનું પ્રાયશ્ચિત્ત | ૨૦૯ |
| સાધ્વીને એકલા જવાનો નિષેધ | ૨૧૦ |
| સાધ્વીને વસ્ત્ર-પાત્ર રહિત થવાનો નિષેધ | ૨૧૦ |
| સાધ્વીને પ્રતિજ્ઞાબદ્ધ થઈને આસન આદિ કરવાનો નિષેધ | ૨૧૦ |
| આકુંચનપટ્ટક ધારણ કરવાનો વિવેક | ૨૧૨ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| આવલંબનયુક્ત આસન | ૨૧૩ | અનવસ્થાપ્ય અને પારાંચિત સાધુની ઉપસ્થાપના | ૨૫૬ |
| સવિષાણ પીઠ આદિનો ઉપયોગ | ૨૧૩ | અકૃત્ય સેવનનો આક્ષેપ તથા તેની નિર્ણય વિધિ | ૨૫૭ |
| સાધ્વીને માટે નિષિદ્ધ ઉપકરણ | ૨૧૪ | સંયમ ત્યાગનો સંકલ્પ તથા પુનરાગમન | ૨૫૮ |
| પરસ્પર મોક આદાન-પ્રદાન | ૨૧૪ | એકપક્ષીય સાધુને પદ પ્રદાન | ૨૫૯ |
| વાસી આહાર-ઔષધનો વિવેક | ૨૧૫ | પારિહારિક-અપારિહારિકનો વ્યવહાર | ૨૬૧ |
| પારિહારિક સાધુના દોષ સેવન તથા પ્રાયશ્ચિત્ત | ૨૧૬ | **ઉદ્દેશક–૩** | |
| પૌષ્ટિક ભોજનથી પ્રાપ્તિ પછી ગોચરી જવાનો વિવેક | ૨૧૬ | પ્રાક્કથન | ૨૬૪ |
| **ઉદ્દેશક–૬** | | ગણધારકની યોગ્યતા | ૨૬૬ |
| પ્રાક્કથન | ૨૧૮ | ઉપાધ્યાય પદની યોગ્યતા | ૨૬૭ |
| અકલ્પ્યવચન | ૨૧૯ | આચાર્ય પદની યોગ્યતા | ૨૭૦ |
| કલ્પ પ્રસ્તાર | ૨૧૯ | ગણાવચ્છેદક પદની યોગ્યતા | ૨૭૧ |
| વિજાતીય સ્પર્શનો અપવાદ | ૨૨૦ | અલ્પદીક્ષા પર્યાયવાળાને પદ પ્રદાન | ૨૭૩ |
| સંયમ નાશક છ સ્થાન | ૨૨૩ | આચાર્ય આદિના નેતૃત્વની અનિવાર્યતા | ૨૭૫ |
| છ પ્રકારની કલ્પસ્થિતિ | ૨૨૫ | અબ્રહ્મ સેવીને પદ પ્રદાનનો ઉત્સર્ગ-અપવાદ | ૨૭૬ |
| **શ્રી વ્યવહાર સૂત્ર** | | સંયમ ત્યાગીને પદ પ્રદાનનો ઉત્સર્ગ-અપવાદ | ૨૭૯ |
| **ઉદ્દેશક–૧** | | પાપસેવી બહુશ્રુતને પદ પ્રદાનનો નિષેધ | ૨૮૧ |
| પ્રાક્કથન | ૨૨૯ | **ઉદ્દેશક–૪** | |
| કપટ રહિત, સહિત આલોચનાથી પ્રાયશ્ચિત્તની | ૨૩૦ | પ્રાક્કથન | ૨૮૪ |
| તરતમતા | | આચાર્યાદિના વિહારમાં સાધુઓની સંખ્યા | ૨૮૫ |
| પારિહારિક-અપારિહારિક સાધુનો વ્યવહાર | ૨૩૮ | ગણધારકના કાલધર્મ સમયે શેષ સાધુઓનું કર્તવ્ય | ૨૮૬ |
| પારિહાર કલ્પ સ્થિત સાધુનો વૈયાવચ્ચ માટે વિહાર | ૨૩૯ | આચાર્યાદિના કાલ ધર્મ પછી પદ પ્રદાનનો નિર્ણય | ૨૮૮ |
| એકલા વિચરનારને ગણમાં પાછા લેવાની વિધિ | ૨૪૧ | આચાર્યાદિ સંયમ ત્યાગ પછી પદ પ્રદાનનો નિર્ણય | ૨૮૯ |
| પાર્શ્વસ્થ આદિ સાધુને ગણમાં પાછા લેવાની વિધિ | ૨૪૨ | ઉપસ્થાપના–વડીદીક્ષાની કાલમર્યાદા | ૨૯૦ |
| અન્ય લિંગ ગ્રહણ કરનારને ગણમાં પાછા | ૨૪૨ | અન્ય ગચ્છમાં ગયેલા સાધુનો વિવેક | ૨૯૨ |
| લેવાની વિધિ | | અભિનિચારિકા માટે વિધિ-નિષેધ | ૨૯૩ |
| સંયમ છોડીને જનારને ગણમાં પાછા લેવાની વિધિ | ૨૪૬ | ચર્યા પ્રવિષ્ટ-ચર્યા નિવૃત્ત સાધુના કર્તવ્ય | ૨૯૪ |
| આલોચનાનો ક્રમ | ૨૪૬ | શૈક્ષ અને રત્નાધિકોનો વ્યવહાર | ૨૯૬ |
| **ઉદ્દેશક–૨** | | રત્નાધિકોના નેતૃત્વમાં વિહાર | ૨૯૮ |
| પ્રાક્કથન | ૨૫૦ | **ઉદ્દેશક–૫** | |
| સહવર્તી સાધર્મિકોમાં પરિહાર તપ | ૨૫૧ | પ્રાક્કથન | ૩૦૦ |
| રુગ્ણ સાધુઓની વૈયાવચ્ચ | ૨૫૩ | પ્રવર્તિની આદિના વિહારમાં સાધ્વીઓની સંખ્યા | ૩૦૧ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| અગ્રણી સાધ્વીના કાલધર્મ સમયે શેષ | ૩૦૨ | **ઉદ્દેશક–૮** | |
| સાધ્વીઓનું કર્તવ્ય | | પ્રાક્કથન | ૩૩૩ |
| પ્રવર્તિનીના કાલધર્મ પછી પદ પ્રદાનનો નિર્ણય | ૩૦૪ | શય્યા સંસ્તારક ગ્રહણ વિધિ | ૩૩૪ |
| આચાર પ્રકલ્પ વિસ્મૃતને પદ પ્રદાનની વિધિ | ૩૦૫ | શય્યા સંસ્તારકની ગવેષણા વિધિ | ૩૩૪ |
| સાધુ-સાધ્વીને પરસ્પર આલોચના કરવાનો | ૩૦૮ | એકાકી સ્થવિરના ભંડોપકરણની સુરક્ષા | ૩૩૬ |
| ઉત્સર્ગ–અપવાદ | | શય્યા સંસ્તારકની આજ્ઞા વિધિ | ૩૩૭ |
| સાધુ-સાધ્વીને પરસ્પર સેવાનો ઉત્સર્ગ-અપવાદ | ૩૦૮ | શય્યા સંસ્તારની આજ્ઞા પછી ગ્રહણ વિધિ | ૩૩૮ |
| સર્પદંશ ચિકિત્સા | ૩૦૮ | માર્ગમાંથી મળેલા ઉપકરણની વ્યવસ્થા | ૩૩૯ |
| **ઉદ્દેશક–૬** | | અધિક પાત્રા લાવવાનું વિધાન | ૩૪૧ |
| પ્રાક્કથન | ૩૧૧ | આહાર ઉણોદરીનું પરિમાણ | ૩૪૧ |
| સ્વજન-પરિજનના ઘરે ગોચરી ગમન | ૩૧૨ | **ઉદ્દેશક–૯** | |
| આચાર્યાદિના અતિશય | ૩૧૩ | પ્રાક્કથન | ૩૪૪ |
| અગીતાર્થ સાધુઓને સાથે રહેવાનો ઉત્સર્ગ-અપવાદ | ૩૧૫ | શય્યાતરપિંડની ગ્રાહ્યતા-અગ્રાહ્યતા | ૩૪૫ |
| સાધુને એકલા રહેવાનો ઉત્સર્ગ-અપવાદ | ૩૧૬ | સપ્ત સપ્તમિકા આદિ ભિક્ષુ પ્રતિમાઓ | ૩૫૧ |
| અબ્રહ્મચર્ય ભાવોનું પ્રાયશ્ચિત્ત | ૩૧૭ | મોક પ્રતિમા | ૩૫૪ |
| અન્ય ગણના સાધુને ગણમાં લેવાની વિધિ | ૩૧૮ | દત્તીનું સ્વરૂપ | ૩૫૬ |
| **ઉદ્દેશક–૭** | | ત્રણ પ્રકારનો આહાર | ૩૫૭ |
| પ્રાક્કથન | ૩૨૦ | અવગૃહીત આહારના પ્રકાર | ૩૫૭ |
| અન્ય ગણના સાધ્વીને રાખવા માટે પૃચ્છા | ૩૨૧ | **ઉદ્દેશક–૧૦** | |
| સંબંધ વિચ્છેદ કરવા માટેના નિયમો | ૩૨૨ | પ્રાક્કથન | ૩૫૯ |
| પ્રવર્જિત કરવા માટેના વિધિ-નિષેધ | ૩૨૪ | બે પ્રકારની ચંદ્ર પ્રતિમાઓ | ૩૬૦ |
| દૂરસ્થ ગુરુના નિર્દેશપૂર્વક દીક્ષા ગ્રહણ | ૩૨૫ | પાંચ પ્રકારના વ્યવહાર | ૩૬૬ |
| દૂરસ્થ સાધુ-સાધ્વી સાથે ક્ષમાયાચના વિધિ | ૩૨૬ | ગણની વૈયાવચ્ચ કરનાર સાધુના ચાર પ્રકાર | ૩૬૮ |
| વ્યતિકૃષ્ટ કાલમાં સ્વાધ્યાયનો ઉત્સર્ગ-અપવાદ | ૩૨૭ | ધર્મ દઢતાની અપેક્ષાએ પુરુષના ચાર પ્રકાર | ૩૭૦ |
| સ્વાધ્યાય કાલનો વિવેક | ૩૨૭ | આચાર્ય તથા શિષ્યોના ચાર પ્રકાર | ૩૭૨ |
| સાધ્વીને આચાર્યાદિની નિશ્રાની આવશ્યકતા | ૩૨૮ | સ્થવિરના ત્રણ પ્રકાર | ૩૭૩ |
| મૃત શરીરની ઉત્તર ક્રિયા | ૩૨૯ | શૈક્ષની કાલમર્યાદા | ૩૭૪ |
| શય્યાતરનો નિર્ણય | ૩૨૯ | બાલ સાધુને ઉપસ્થાપનાનો નિષેધ | ૩૭૫ |
| આજ્ઞા ગ્રહણ વિધિ | ૩૩૧ | બાલ સાધુને આચાર પ્રકલ્પના અધ્યયનનો નિષેધ | ૩૭૬ |
| રાજ્ય પરિવર્તનમાં આજ્ઞા ગ્રહણ વિધિ | ૩૩૧ | દીક્ષા પર્યાય અનુસાર અધ્યયન ક્રમના પ્રકાર | ૩૭૭ |
| | | વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા | ૩૮૨ |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ (સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ાા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ',<br>રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


**શ્રી ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્‌ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ

શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

## છેદ સૂત્રની ચિંતનપૂર્ણ પૃષ્ઠભૂમિ

લગભગ બધા શાસ્ત્રોમાં અભિગમરૂપે અમારું મંતવ્ય આપ્યું છે, પરંતુ અહીં છેદ શાસ્ત્ર માટે અભિગમ ન કહેતા તેની પૃષ્ઠભૂમિનો વિચાર કર્યો છે.

છેદ શાસ્ત્રના સામાન્ય વક્તવ્ય જે આગમરૂપે પ્રણિત થયેલા છે, જેમાં માનવીય સહજ વૃત્તિઓના નિરોધ માટે કેટલુંક વિવૃત્ત વિવેચન છે. જેનું સામાન્ય જનતા વચ્ચે આલોકન થઈ શકે તેવું નથી. ફક્ત વ્યક્તિગત સાધુ કે સાધ્વીજીઓ પોતાના મનને કે રાગાદિ ક્રિયાઓને નિયંત્રિત કરે, તે માટે ઉદાહરણો આપીને વિવેચન કર્યું છે. જેથી નંબર એક તો આ શાસ્ત્રનું પ્રકાશન આમ જનતામાં આવશ્યક નથી. આ માટે સમાજમાં નાનો-મોટો મતભેદ પણ પ્રવર્તે છે, પરંતુ આપણા 'ગુરુપ્રાણ આગમ પ્રકાશન ટ્રસ્ટે' સળંગ બત્રીસ શાસ્ત્રોની પુષ્પમાળા ગૂંથીને તેમનું પ્રકાશન કરવાનો સંકલ્પ કર્યો હતો અને છેદ શાસ્ત્રના પ્રકાશન માટે વિચાર ભેદ ઉત્પન્ન થતા, આ બાબત અમને પણ પ્રેરિત કર્યા હતા. તો અમોએ યુક્ત રીતે મધ્યમ માર્ગથી પ્રકાશન કરવા માટે સમ્મતિ આપી અને આજે આ શાસ્ત્ર પ્રકાશિત થઈ રહ્યું છે. તો તે બાબત અમોને અમારા ચિંતનના આધારે ફક્ત તેમની પૃષ્ઠભૂમિ જ કહેવાનું યોગ્ય લાગ્યું છે.

લાગે છે કે– આજથી બે, ચાર હજાર વર્ષ પહેલા સમાજમાં સ્ત્રી-પુરુષોના સંબંધ વિશે માણસો વધારે ઉત્સુક ન હતા, સામાન્ય જનતા ભોગાત્મક ક્રિયાથી સંતોષ મેળવતી અને તે બાબતના સંસ્કારો વધારે દઢમૂલ હતા. મનુષ્ય જ્યારે સાક્ષાત્ ભોગનું નિમિત્ત ન હોય ત્યારે કેટલીક કુચેષ્ટાઓથી મનની વાસનાઓને તૃપ્ત કરતા. આ પ્રકારના માનવ સમાજમાંથી સહજ પ્રેરણા મળતા કેટલાક ભવ્ય જીવો ત્યાગ માર્ગમાં જોડાઈ સાધુ જીવન સ્વીકાર કરતા. સાધુ જીવનનો સ્વીકાર કર્યા પછી પણ સામાન્ય કુટેવથી મનુષ્ય આક્રાંત થતો રહેતો અને જો આ કુચેષ્ટાઓને પ્રબળ રીતે સમજાવીને રોકવામાં ન આવે કે તેનું દંડાત્મક(સજારૂપે) પ્રાયશ્ચિત્ત આપવામાં ન આવે, તો તેમનું મન સ્થિર ન થઈ શકે, તે સ્વાભાવિક છે. જેથી આખું છેદશાસ્ત્ર ઠેર-ઠેર જ્યાં જરૂર લાગી ત્યાં બીજા વિષયોની સાથે આવી કુચેષ્ટાઓનું ખુલ્લું વિવરણ આપી દંડાત્મક વિધાન કરે છે.

જૈન સંસ્કૃતિનો ભગવાન મહાવીર સ્વામીના સમયનો કાળ, એક મોટો પરિવર્તન

કાળ છે અને ભગવાન મહાવીર સ્વામીને, ગણધરોને તથા શાસ્ત્રકારોને બ્રહ્મચર્ય માટે ઘણા કડક નિયમો બતાવવા પડ્યા અને ચોથા મહાવ્રતની વિશેષરૂપે સ્થાપના કરી બ્રહ્મચર્યના બાહ્ય અને આભ્યંતર, સૂક્ષ્મ અને સ્થૂલ, બધા આચરણો ઉપર પૂરું જોર આપવામાં આવ્યું અને જૈન પરંપરામાં અંતિમ તીર્થંકરના સમયના સાધકોને વક્ર અને જડ માનવામાં આવ્યા છે. જેથી તેઓને કડીબદ્ધ ઘણી અપેક્ષાઓએ ફેરવી ફેરવીને ગુપ્ત તથા વિવૃત્ત સૂચનાઓ આપવામાં જરાપણ કચાશ રાખવામાં આવી નથી છતાં પણ શાસ્ત્રકારો મહાશ્રુતના ધણી હોવાથી આવા વિષયોને બધા શાસ્ત્રોમાં જ્યાં ત્યાં ઉપદેશીને તેમની મહત્તા ઓછી ન થાય તેનું પૂરું ધ્યાન રાખીને આ વિષય માટે કેમ જાણે ચાર શાસ્ત્રો નક્કી કર્યા હોય; તેમ ફક્ત 'નિશીથ સૂત્ર' અને 'ત્રણ છેદસૂત્ર'ને જ આવરી લીધા છે અને આ શાસ્ત્રો ગોપ્ય છે. એકાંત શિષ્યોને ઉપદેશ કરવા લાયક છે, તેવી પરંપરા ચાલી આવે છે.

આજના પ્રકાશન યુગમાં અને પાઠક લોકોની સંખ્યા બહુ જ વધેલી છે તથા વિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં બધા વિષયો ઉપર ઊંડું સંશોધન ચાલે છે. ઉપરાંત જનસમાજમાં પણ સાહિત્યની ઉપલબ્ધિને કારણે વાંચનની રુચિ વ્યાપક બની છે ખાસ કરીને ધાર્મિક વર્ગ પોતાના શાસ્ત્રોને મૂળ આગમોને જાણવા માટે ઉત્કંઠિત છે. એવા સમયે અમુક શાસ્ત્ર ગોપ્ય છે તેમ કહેવાથી પરિણામ વિપરીત આવે અને તેને જાણવા માટેની આકાંક્ષા તીવ્ર બને, તેથી આજના યુગમાં મૂળ આગમોનું પ્રકાશન રોકી શકાય તેમ નથી. આના અનુસંધાનમાં આ છેદ શાસ્ત્રોનું પ્રકાશન થઈ રહ્યું છે અને તે માટે કેટલુંક સ્વતંત્ર ચિંતન અમે પ્રસ્તુત કરી રહ્યા છીએ, છતાં પણ આ શાસ્ત્રોની વિવૃત્ત આજ્ઞાઓ માટે મૌન રાખીને આજનો સભ્ય સમાજ પચાવી શકે તેવી બે ચાર વાતો લખશું.

હવે આપણે મૂળ વિષય ઉપર આવીએ. પ્રાચીન જૈન પરંપરાઓ નિયમાવલીની સાથે સાથે નિયમોનું ખંડન થતાં તેને પ્રાયશ્ચિત્ત આપવાની એક જબરજસ્ત પ્રક્રિયા ચાલતી હતી. અહીં શાસ્ત્રકારે 'છેદ' શબ્દનો ખાસ અર્થ બતાવ્યો નથી, પરંતુ 'છેદ' એક પ્રકારનું પ્રક્ષાલન છે. લાગેલા ડાઘ કે મેલને ધોવાની એક માનસિક પ્રક્રિયા છે. મનથી ઉદ્‌ભવેલા દોષો મનને મનાવી લેવાથી મટતા નથી તેમજ તેનો પ્રભાવ પણ પડતો નથી પરંતુ દંડાત્મક-સજા માટે મનુષ્ય પોતે પગલું ભરે અથવા ગુરુ આજ્ઞાને માની દંડનો સ્વીકાર કરે તો મન પર અમુક અંશે તેની સ્થાયી અસર થાય છે. 'છેદ શાસ્ત્ર' આવા પ્રકારની દંડાત્મક વિધિથી ક્રિયાત્મક ખોટા આચરણોને સ્વચ્છ કરવા માટે પ્રભુની આજ્ઞારૂપે સાધુ-સંતોને આદેશ આપે છે. 'પાપનું છેદન' સચોટ વિપરીત ક્રિયાથી જ થઈ શકે છે. યોગશાસ્ત્રમાં પણ લખ્યું છે. **वितर्क बाधने प्रतिपक्षभावनं**

અર્થાત્ વિર્તક, કુવિચાર કે કુચેષ્ટાઓ કે બ્રહ્મચર્યનું ખંડન થાય તેવી પ્રવૃત્તિઓનો છેદ કરવા માટે તે પ્રવૃત્તિઓને અટકાવી શકાય, તેવું પ્રતિપક્ષરૂપે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.

આખું 'છેદશાસ્ત્ર' આ વાતનું પગલે પગલે વિધાન કરે છે અને તે માટે ભિક્ષુ અને ભિક્ષુણીઓને વારંવાર સંબોધ્યા છે, જાગૃત કર્યા છે. તે વખતમાં આવા વિધિવત્ ઉપાશ્રયો ન હોવાથી તથા સાધુ-સાધ્વીઓ સમાજના બંધનમાં ન હોવાથી ગમે ત્યાં, ગમે તે ક્ષેત્રોમાં, ગમે તેવી જાતિઓ વચ્ચે વિચરણ કરતા હતા અને તેથી સાધુઓ અણઘડ, નિર્દોષ જન જાતિઓના કુરિવાજો કે કુચેષ્ટાઓના સંપર્કમાં આવે તે સહજ હતું. શાસ્ત્રકારોએ પ્રબળ રીતે આ બધી વાતોનો ઉલ્લેખ કરી, ભિક્ષ-ભિક્ષુણીઓને ચેતવ્યા છે કે આ બધી ભૂલો કરવા જેવી નથી, તે સાધારણ ભૂલો નથી પરંતુ પ્રાયશ્ચિત્ત લેવા જેવા દોષો છે, તેથી ખૂબ જ જાગૃત રહેવાની જરૂર છે. આ બધી આજ્ઞાઓમાં મહાજ્ઞાની પુરુષોએ સમયને અનુકૂળ લાગ્યું તે રીતે, તે સમયના શબ્દ પ્રવાહોના આધારે સાધુ-સાધ્વીઓને એકાંતમાં આવી આજ્ઞાઓ આપી હોય, તેમ જણાય છે.

આ ફક્ત કામવૃત્તિઓ સંબંધી જે આજ્ઞાઓ છે, તે માટે અમે વિવેચન આપ્યું છે, પરંતુ આખું છેદશાસ્ત્ર ફક્ત વાસનાના નિયમોનો જ ઉલ્લેખ કરે છે, તેવું નથી. આ છેદ શાસ્ત્રોમાં નાની-મોટી સાધનાને અનુકૂળ એવી સંખ્યાબંધ આજ્ઞાઓ છે, જેમાં જરાપણ અસભ્યતા નથી. શાસ્ત્રનું વાંચન કરતા એ સ્પષ્ટ થાય છે કે સ્થવિર ભગવંતો સમગ્ર સાધુ જીવન માટે કેટલા બધા સાવધાન હતા અને કેટલી ચીવટભરી ઝીણી આજ્ઞાઓનું પણ ફરમાન કર્યું છે. જેમ કે– સાધુ કાન ખોતરવાની સળી પોતાને માટે માંગીને લાવે અને પછી બીજા સાધુને વાપરવા આપે તો પણ દોષના ભાગી બને છે અને તેને માટે પ્રાયશ્ચિત્તનું વિધાન કર્યું છે, તે જ રીતે સાધુ આહાર સંજ્ઞાનો શિકાર ન થાય તે માટે આજ્ઞા આપી છે કે– ગોચરી લઈને આવ્યા પછી સારું–સારું તારવીને ન ખાય અને સામાન્ય લુખો-સુકો આહાર પરઠી દે, તે તેમ કરે તો સાધક ઘણા દોષને ભાગી બને છે.

શાસ્ત્રના વિવેચનથી લાગે છે કે– સાધુઓએ જીવનભર રૂક્ષ આહાર વાપરવાનો છે. વિગયનો સર્વથા ત્યાગ કરવાનો છે અને તે જ રીતે વર્તે, તો તેને યોગ્ય સાધુ ગણી તેનાથી વિપરીત આચરણ કરનારને દોષી માને છે. (ખાસ પ્રસંગોમાં મુખ્ય આચાર્યની આજ્ઞાથી જ પરિમિત વિગય વાપરવાનું કહ્યું છે.)

આ ઉપરાંત જેઓએ આહારસંજ્ઞાને સંક્ષિપ્ત કરી નથી અને ગૃહસ્થને ત્યાં ગોચરી જાય કે આહાર લેતી વખતે સાવધાન ન રહે તે માટે લખ્યું છે કે– જે સાધુ રસોડામાં પ્રવેશ કરી ત્યાં બનેલી બધી આહાર સામગ્રીને તીવ્ર ભાવે નિહાળ્યા પછી

આંગળી ચિંધીને એમ કહે કે– 'આ આહાર મને આપો અને આ આહાર મને ન આપો' એવી ચિકાસ કરે, તે ભિક્ષુ કે ભિક્ષુણી દોષના ભાગી બને છે. આ રીતે નામ નિર્દેશપૂર્વક વસ્તુ માંગવામાં સાધુની લાલસા પ્રગટ થાય છે, તે ઉપરાંત ગૃહસ્થો ઉપર પણ તેનો ખરાબ પ્રભાવ પડે છે.

આહાર સંબંધી અને ગોચરી સંબંધી ઘણી ઘણી સૂચનાઓ છે તે જ રીતે બીજા સેંકડો બાહ્ય નિયમોનું વિધાન કરી શાસ્ત્રકારે એક સખત અનુશાસન પ્રણાલી સ્થાપિત કરી છે અને જો તે અનુશાસનને અનુસરે નહીં તો તેના માટે ડગલે-પગલે પ્રાયશ્ચિત્તનું વિધાન છે. આગળ ચાલીને પ્રાયશ્ચિત્તને વફાદાર રહેનારા અને પ્રાયશ્ચિત્તને યોગ્ય રીતે ન અનુસરનારા એવા બે ભેદ ઉપસ્થિત કરી પારિહારિક અને અપારિહારિક સાધકોનું વિવેચન કર્યું છે. આવા બંને પક્ષના સાધક એક બીજા સાથે હળી-મળી ન જાય તે માટે યોગ્ય શિક્ષા આપી છે.

ભગવાનનું આખું શાસન ઘણા કાયદાઓથી અને દંડાત્મક વિધાનોથી ભરેલું હોવા છતાં ખાસ ખૂબી એ છે કે સર્વત્ર અહિંસક દૃષ્ટિનો ખ્યાલ રાખવામાં આવ્યો છે અને સાધકને અથવા સાધનાહીન વ્યક્તિને કષ્ટ અપાય તેવો કોઈપણ ઉલ્લેખ નથી. મન, વચન અને કર્મથી તેઓ દુભાય અથવા પીડિત થાય તેવું પગલું ભરવાનો ઉદ્દેશ જરાપણ સ્થાન પામ્યો નથી. ભગવાન મહાવીર સ્વામીનું અમર વાક્ય **जहासुहं देवाणुप्पिया मा पडिबंध करेह** એ ભાવનાને બરાબર જાળવી રાખવામાં આવી છે. આખું શાસ્ત્ર નાનામાં નાની પર્વતીય ઊંચી-નીચી કેડી ઉપરથી પાર થાય છે, પરંતુ ક્યાંય બેલેન્સ ગુમાવ્યું નથી. આ ઉલ્લેખ ફક્ત છેદશાસ્ત્ર માટે નહીં પરંતુ સમગ્ર આગમ વાણીમાં જોઈ શકાય છે. છેદશાસ્ત્રમાં તેનું વધારે પ્રગટ દર્શન થાય છે.

અસ્તુ... અહીં અમે આટલું 'છેદશાસ્ત્ર' વિષે કહીને વિરમીએ છીએ. કહેવાનું તો ઘણું જ વિપુલ છે અને ઘણા જ ઉદાહરણો છે પરંતુ પ્રબુદ્ધ સંત-સતીજીઓ એ જે પરિશ્રમ કર્યો છે અને આગળ સમગ્ર શાસ્ત્રનો ભાવાર્થ અને વિવેચન આપી રહ્યા છે, તેથી અમે વિશેષ સ્પર્શ કર્યો નથી. અહીં એટલું જ કહેવાનું છે કે સાધકના જીવનમાં જે લક્ષ નક્કી કર્યું છે, તે લક્ષથી હટી જવાય તેવા નાના-મોટા ભૌતિક સાધનો અને ખાસ કરીને પોતાનું શરીર પણ એક ભૌતિક સાધન છે, જેમાં કર્મભોગની અને વિષયાત્મક ભોગની જે નિર્મિતિ છે, તે બધી અંતઃકરણથી લઈ મનોદશા અને ત્યારબાદ અંગ– ઉપાંગમાં જાળરૂપે પથરાયેલી છે. જેમ જાળમાં ફસાયેલું મૃગ તરફડે તેમ સાધક આ સૂક્ષ્મ વાસનામય જાળમાંથી નીકળવા માટે પ્રયાસ કરે ત્યારે તે નાના-મોટા નિમિત્તોમાં અટવાઈ જાય છે અને યોગશાસ્ત્ર અનુસાર 'નિમિત્ત આધીન જીવ કરી શકે ન કલ્યાણ'

અર્થાત્ ઉપાદાનની શુદ્ધિ ન થઈ હોય અને ઉપાદાનની અપરિપક્વતા હોય ત્યારે આવા અશુભ નિમિત્તો જીવને પરાધીન કરે છે. એટલે સાધકે ઉપાદાનની સાધનાની સાથે સાથે નિમિત્તોથી પણ બચવાનું છે. નિમિત્ત સ્વયં અકિંચિત્ છે, પરંતુ તે ઉપાદાનની અશુદ્ધિના આધારે મહા કર્તૃત્વનો ભાગ ભજવે છે એટલે આ બધા શાસ્ત્રોમાં આવા કોમળ નિમિત્તોથી બચવા માટે પૂરેપુરું ધ્યાન આપ્યું છે અને નિમિત્તોની પ્રબળતાને અથવા તેની અનુકૂળતાને સ્પર્શ કરી ઉપાદાન મેલું ન થાય તે માટે સંખ્યાબંધ આજ્ઞાઓ ફરમાવી છે.... અસ્તુ...

અહીં અમે છેદશાસ્ત્રની પૃષ્ઠભૂમિરૂપ આ અભિગમ પૂર્ણ કરીએ છીએ. વસ્તુતઃ તે કેવળી ગમ્ય છે, છદ્મસ્થ બુદ્ધિએ ઓછું-વધતું મૂલ્યાંકન થયું હોય તે અરિહંતો અને સિદ્ધ ભગવંતોની સાક્ષીએ ક્ષમ્ય છે.

આ અભિગમના નિમિત્તે શાસ્ત્ર પર્યાલોચના કરવાનો 'આગમ સમિતિ'ના ત્યાગી વૃંદોએ અમને જે અવસર આપ્યો છે તે બદલ શત્ શત્ અભિનંદન આપીએ છીએ અને ઘણા જ પરિશ્રમપૂર્વક આવા ગહન શાસ્ત્રોનું અધ્યયન કરી આપ સૌ જે રીતે સ્વાધ્યાયરૂપી તપ કરી શાસન પ્રભાવના કરી રહ્યા છો અને કરોડો જીવોને આગળ ઉપર શાસ્ત્ર સરોવરમાં અવગાહન કરવાની તક મળશે તે નિરવદ્ય પુણ્યના આપ સૌ સહભાગી બનશો. તે બદલ પણ હાર્દિક મંગલકામના પાઠવી સૌને સદ્ભાવ સાથે આશીર્વાદ આપતા આનંદ અનુભવીએ છીએ...

**જયંત મુનિ**
**પેટરબાર**

# છેદ સૂત્રોની વિશેષતા અને તેના રહસ્યમય ભાવો

આગમ દિવાકર
પ. પૂ. જનકમુનિ મ. સા.

છેદ સૂત્રો એટલે જિંદગીના છિદ્રો(ભૂલો)ની સારવારનું સૂત્ર. સામાન્ય છિદ્રો તો પ્રતિક્રમણથી પુરાય છે. (ઉત્ત. સૂ., અધ્યયન–૨૯, સૂત્ર–૧૧) પણ કોઈ કઠિન છિદ્ર હોય તો તેને વિશેષ સારવાર દેવી પડે છે.

છિદ્રો ઊભા કરવાનું કામ તો ઉદય કર્મનું છે અને તેની સારવાર ક્ષયોપશમ ભાવની જાગૃતિ સિવાય શક્ય નથી. ક્ષયોપશમ ભાવની જાગૃતિ ધરાવનાર સાધક જ આ છેદ સૂત્રોનો સાચો અધિકારી છે. ઉદય કર્મથી ઘેરાયેલાં આત્માઓની પાસે જાય તો તે પોતાનું અને સહુનું અહિત કરી બેસે.

છેદ સૂત્રોમાં માત્ર ઉદય કર્મના યોગે ઊભા થયેલા છિદ્રોની સારવાર જ નથી, પરંતુ કર્મયોગે ઊભી થયેલી મુશ્કેલીઓનું અને તેના ઉકેલનું માર્ગદર્શન પણ છે.

આપણી કોઈપણ ભૂલ કે મુશ્કેલી હોય તેને સુધારવાને બદલે જો આગળ પાછળ નો વિચાર કર્યા વિના 'તે વાત કે તે મુશ્કેલી અમે ભૂલી ગયા છીએ', અગર તો તે વાતને કે તે ભૂલને દાટી દઈએ, તો તે આપણા ઔદાસીન્ય ભાવ આપણા ભવિષ્ય માટેની ખતરાની પૂર્વ ભૂમિકા તૈયાર કરે છે અને આગળ જતાં શરીર ઉપરનાં ગૂમડાની જેમ ફૂટી નીકળે છે.

અજ્ઞાનીઓનો સ્વભાવ ભૂલોને દાટી દેવાનો કે ભૂલો તરફ આંખ મીંચી જવાનો હોય છે, તેથી ભૂલનું પરિણામ થોડાં સમય માટે સંતાય જાય છે પણ છેલ્લે ઝનૂની સ્વરૂપ ધારણ કરીને જીવન ઉપર ટૂટી પડે છે.

જિંદગીને ભયથી બચાવવા માટે જ છેદ સૂત્રો છે. 'જે ઉગરેલો હોય તે જ ઉગારી શકે' માટે આચાર્યો, સ્થવિરો, ગીતાર્થો' જ છેદ સૂત્રોના અધિકારી છે. તે અન્ય સહુને માટે નથી.

મન, વચન, કાયાની જે અનાદિની આદતો છે તેનું નામ અવ્રત અને અવ્રતથી ઉગારે તેનું નામ ચારિત્ર. દેશથી(શ્રાવક ધર્મ) કે સર્વથી(શ્રમણ ધર્મ), ગમે તે પ્રકારે સંયમનો સ્વીકાર કર્યો, પણ જે કષાયના(અપચ્ચક્ખાણાવરણીય, પચ્ચક્ખાણાવરણીય, કષાય મોહનીય કર્મની બીજી અને ત્રીજી ચોકડી) ક્ષયોપશમે રસ્તો કરી આપ્યો, તે પોતે જ આવરણથી યુક્ત છે. તે આવરણ જે કાંઈપણ છિદ્ર ઊભું કરે, તો તેને વ્યવસ્થિત

કરી દેવાનું કાર્ય છેદ સૂત્રનું છે.

પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ક્ષયોપશમ કહો કે ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ કહો, તેનું કાર્ય તો માત્ર એટલું જ છે કે ચારિત્ર સ્વીકાર કરવામાં મદદ કરે. ચારિત્ર અંગીકાર કરવા જેટલી જ સમય મર્યાદા પૂરતી તેની જવાબદારી છે. હવે ચારિત્ર મોહના ક્ષયોપશમે જે ચારિત્રનો ભેટો કરાવી દીધો, તેને જીવન પર્યંત ટકાવીને, તેમાં સ્થિતિ અને વૃદ્ધિ કરવાની જવાબદારી વીર્યાંતરાયના ક્ષયોપશમની છે. દેશવિરતિ કે સર્વવિરતિ ગમે તે પદને પામ્યા, પરંતુ જે કષાયના ક્ષયોપશમે માર્ગ કરી દીધો તે આવરણથી યુક્ત છે.

પચ્ચક્ખાણાવરણીય અને અપચ્ચક્ખાણાવરણીય, આ બંને કષાયોનો ક્ષયોપશમ થયો એટલે પોતાની મર્યાદામાં રહીને આત્માને સમકિત અને સંયમનો યોગ તો કરાવી આપ્યો, પરંતુ તે બંને પોતે જ આવરણથી યુક્ત હોવાના કારણે એકને ઉચ્ચ પ્રકારની તો બીજાને ઉપદ્રવી એમ બંને પ્રકારની ભાંજગડ તો ઊભી કરવાનું જ છે.

અપચ્ચક્ખાણ + આવરણીય + કષાયનો ક્ષયોપશમ (વ્રતના આવરણથી યુક્ત છે) સમકિતનો યોગ તો કરાવી આપે પરંતુ ઉત્કટ ભાવના હોવા છતાં, તેને સંપૂર્ણતયા અવ્રતથી ઉગરવા ન દે. સમકિતીને અવ્રતમાં જ બંધાય રહેવાનો જે ખેદ અનુભવાય છે, તે કામ આવરણ(ઉદય)નું છે.

પચ્ચક્ખાણ + આવરણીય + કષાયના ક્ષયોપશમે ચારિત્રનો તો યોગ કરાવી આપ્યો, પરંતુ તે આવરણ પણ (ઉદય કર્મનું)થી યુક્ત છે. જેથી તે અવ્રત તરફ આકર્ષણ ઊભું કરાવ્યા કરે; તે ભાંજગડ સામે વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ ઝઝૂમે છે અને ક્યારેક નાની કાંકરી મોટા ઘડામાં છિદ્ર પાડી દે છે, તેમ ઉદય કર્મ બળવાન બને તો વીર્યાંતરાય કર્મનાં ક્ષયોપશમને પણ ઉલ્લંઘીને ચારિત્રમાં છિદ્ર ઊભું કરી દે છે. તે છિદ્ર પુરવાનું કાર્ય છેદ સૂત્રોનું છે.

ગત જન્મનો જેને બળવાન સંકલ્પ(પ્રશસ્ત ક્ષયોપશમ) હોય તેને માટે આ જન્મમાં વ્રત કે મહાવ્રતની આરાધના સરળ બને છે સંકલ્પ બળનો પ્રવાહ ક્યારેક આવરણથી યુક્ત(અવ્રત એટલે અનાદિની મન, વચન, કાયાની આદતો આવરણનું સ્વરૂપ ધારણ કરે છે) બને ત્યારે પુરુષાર્થ (સંકલ્પ બળની વિશેષ શુદ્ધિ) કામે લાગે છે અને પુરુષાર્થ પણ જ્યારે ટૂંકો પડે છે ત્યારે જે ઉદયાધીન દશા આવે, તે સમયે છેદસૂત્ર ઉપયોગમાં આવે છે.

ઉપરોક્ત તમામ પ્રક્રિયા જાગૃત સાધક હોય તેને લાગુ પડે છે કારણ તે જ પરીક્ષામાં બેઠેલા ગણાય, તેથી પાસ નાપાસનું પરિણામ તેને જ લાગુ પડે છે. અમુક આત્માઓ તો એવા હોય છે કે જે પરીક્ષામાં બેસતાં જ નથી. તેને માત્ર ઓઘ સંજ્ઞા જ હોય છે. ઓઘ સંજ્ઞામાં થતું આચરણ તેને બેહોશ અગર દંભી બનાવે છે.

ભગવાન તીર્થંકર દેવો કદી પણ કોઈને સલાહ કે ભલામણ દેતા નથી કારણ કે સર્વના આત્માનાં ઊંડાણમાં તેમણે સર્વજ્ઞ પદ નિહાળ્યું છે, તેથી પોતાના ઉપદેશમાં માત્ર સાવધાની સ્વરૂપ જાગૃતિ આપીને ભવ્યાત્માને સભાન બનાવે છે. તેથી જ 'તમો ખાડામાં પડશો નહીં' તેવું જ્ઞાન નથી આપ્યું પરંતુ 'ખાડામાં પડવા જેવું નથી' તેટલી જ માત્ર જાગૃતિ આપી છે, તેની સાક્ષી (દશ. સૂ. અધ્યયન–૪, ગાથા–૧૧) છે.

કોઈ પણ જાગૃત સાધકથી પ્રતિસેવના(દોષાચરણ) કે વિરાધના થઈ જાય તો ભગવાન એમ નથી કહેતા કે મેં તને ના કહી હતી, જે થઈ ગયું તે, હવે ખાડામાંથી આ છેદ સૂત્રોનો આધાર લઈને બહાર આવો અને જે ગંદવાડ લાગેલો હોય તેનાથી સ્વચ્છ થઈ નિર્મલ બનો.

ખાડો કે શિખર એ બંને જાગૃત અને સભાન સાધકને જ લાગુ પડે છે કારણ કે મોક્ષ માર્ગે ગતિ તેની જ છે. જ્યાં માત્ર સાવધાની વગરની સંયમ યાત્રા છે. તે એક પ્રકારની ઉદયાધીન ઓઘ સંજ્ઞા છે. (દશ. અ.–૨, ગાથા–૨), તેથી તેઓ તો વગર ખાડે ગબડેલા છે અને વગર પાણીએ ડૂબેલા હોવાથી તેને માટે છેદ સૂત્રોનો કોઈ ઉપયોગ નથી.

પાંચમું અને છઠ્ઠું ગુણસ્થાન એટલે સંસાર દશાથી તો મુક્તિ મળી પણ છદ્મસ્થ દશામાં તો તેની ફસામણ છે જ ! એટલે સંજ્વલન કષાયની ઉપરના જે બે કષાયો છે તે દૂર હટીને(પ્રશસ્ત ક્ષયોપશમ) ગમે તેટલો પણ સંયમ માર્ગ નિર્મલ બનાવે તો પણ છદ્મસ્થ દશાનાં આવરણથી તો ઘેરાયેલો છે એટલે જ પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની કષાયોનાં નામ સાથે 'આવરણ' શબ્દ જોડેલો છે.

આ આવરણનું કાર્ય એટલું છે કે સંયમના ભાવોને અસંયમના ભાવો તરફ આકર્ષણ ઊભું કરવું, આ વાત ભલે ગંભીર હોય પણ તેની મર્યાદા માત્ર અતિક્રમ-વ્યતિક્રમ અને અતિચારની હદ સુધી જ છે. મહાસાગરના માછલા જેમ ક્યારેક મોજાના ધક્કા ખાઈને કિનારા ઉપરનાં છીછરા પાણી સુધી પહોંચે, પણ સાગરની હદ બહાર તો ન જ જાય. તેમ આ 'આવરણ' પણ મર્યાદાવંત છે અને તેથી જ શ્રી ભગવતીજી સૂત્રમાં શતક–૨૬માં સંજ્યા-નિયંઠાના અધિકારે 'છટ્ઠાણવડિયા' ષટ્સ્થાનક હાનિ વૃદ્ધિ અધિકાર આત્માના સાંત્વન અને વર્ધમાન ભાવોનાં પોષણ માટે છે.

છઠ્ઠું ગુણસ્થાનક જે એક ભવ આશ્રી ૭૦૦ વાર આવે છે, તે ઉપરોક્ત આશયથી જ ફરમાવેલું છે. જો આટલું રહસ્ય ભગવાન ન બતાવે તો આત્મા 'ઓસન્ન' એટલે તેનો સંયમનો ઉત્સાહ ઓસરી જાય અને આગળ જતાં પાસત્થાની પતિત દશા પામી જાય. આવા દુર્નિર્વાવાર પરિણામથી ઉગરવા માટે જ ઉપરોક્ત રહસ્યો ભગવાને ખોલ્યા છે.

આત્મા ભલે પોતાના અસંગ અને નિર્લેપ ભાવની આરાધના માટે સંયમના ભાવને વહન કરે, પણ અનંત અવતારથી આત્માને પુદ્ગલનો (પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષયોનો) સંગ છે, તેથી તે પૂરી પરીક્ષા કર્યા વિના જલદીથી મુક્ત થવા દેતો નથી અને તે પોતાના (પુદ્ગલ) તરફ ખેંચ-ખેંચ કર્યા કરે છે. આવા આકર્ષણ સમયે આત્માને જો જાગૃતિ ન રહી તો પુદ્ગલની ખેંચ આત્માને અંધકારમાં ધકેલીને એક એવી ગંભીર ભૂલ ઊભી કરાવે છે કે સુખ આત્મામાં નથી પણ પુદ્ગલમાં સુખ છે એટલે પછી તે આત્માને નામે અને સંયમની આડમાં શાતા અને સગવડતાની જ શોધમાં રહે છે અને પરિણામે પોતાના સંયમને નકલી અને બનાવટી બનાવે છે. (દશ. અ–૪, ગાથા ૨૬) જો છેદ સૂત્રો ન હોત તો આચાર સૂત્રો અપૂર્ણ ગણાત, સૌથી મોટું અને મહત્વનું છેદસૂત્ર શ્રી નિશીથ સૂત્ર છે, તે આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના એક વિભાગ તરીકે જ છે. ઉત્સર્ગ માર્ગ અને અપવાદ માર્ગ એ બંનેનો સમન્વય થાય ત્યારે જ સંયમ પરિપૂર્ણ બને છે.

'કોઈપણ આશ્રવ દ્વારનું સેવન કપટને આધારે ટકેલું હોય છે. યોગ્ય જ્ઞાની ગુરુ પાસે કપટને જો ખુલ્લું કરી દેવામાં આવે તો તે કપટ(દોષ) નિરાધાર બની જાય છે, પછી નિરાધાર બનેલા અપરાધીનું આચરણ ક્યાં સુધી ટકે ? એટલા માટે જ શાસન વ્યવસ્થામાં ભગવાને 'આલોચના' સર્વ પ્રથમ કહી છે. દોષ મુક્ત થવાની તમન્ના કેટલી જાગૃત છે, તેનું માપ વિચારીને પછી જ પ્રાયશ્ચિત્તનું તપ નિશ્ચિત કરે છે.

મહાવીર દેવનો માર્ગ નિર્વાણનો માર્ગ છે. નિર્વાણનો અર્થ એ છે કે સર્વ પ્રકારના કલેશો અને સંતાપોના મૂળ સમાન અજ્ઞાનથી નિવૃત્ત થવું. અજ્ઞાનથી હળવા થવા માટે જીવનની દિશા બદલવી જરૂરી છે. પોતાના જીવન પંથના માર્ગને સુધારવાના માર્ગનું નામ છે. 'વિરતિભાવ' એટલે સંયમ અને ચારિત્ર.

ચારિત્ર એ એક મોટી સાધના છે પણ તે સાધના અનાદિકાળથી આત્માના ઊંડાણમાં ઉતરી ચૂકેલા અજ્ઞાન ભાવ અને કર્મભાવના હુમલાથી ઘેરાયેલા છે. તપ અને સંયમના ભાવપૂર્વકના પાલનથી સંગ્રહીત થયેલી આત્મ શક્તિ, અજ્ઞાનના એ હુમલા સામે ઝઝૂમીને પણ પોતાના અંગીકાર કરેલા ચારિત્ર રત્નનું રક્ષણ અને પોષણ કરે છે.

આત્મશુદ્ધિ અંગેની પૂર્વજન્મની તૈયારીમાં જો થોડી કચાશ હોય તો તે સંયમ ભાવમાં સ્થિર થવા માટે આત્માને જરા નડે છે. તેમ છતાં પણ જો તે કચાશમાં જ અટવાય જઈએ તો આદર્યા અધૂરાં રહે.

કર્મના ઉદયનો હુમલો ક્યારેક ક્યારેક તો પોતાના અંગીકાર કરેલા રત્નત્રય (જ્ઞાન-દર્શન-ચારિત્રને અંધકાર(દોષ) તરફ લઈ જાય છે. તે એક સનાતન સત્ય છે. તેથી જ સર્વજ્ઞ વીતરાગ દેવે સાધક આત્માઓને માટે પ્રતિક્રમણ-આલોચના-પ્રાયશ્ચિત્ત ક્ષમાપના વગેરેથી શુદ્ધિનાં ઉપાયો પણ તે જ કારણે શાસ્ત્રોમાં ફરમાવ્યા છે.

આત્મા ભલે કર્મભાવ અને અજ્ઞાન ભાવના ધક્કાથી જ વિભાવમાં(અવગુણી વર્તન અને દોષ દૃષ્ટિ) ફેંકાતો હોય, પરંતુ પરિવર્તનશીલ આ જગતમાં અવગુણ આચરવાના સાધનો (દોષોનું આચરણ કરવાની રીતરસમ) અને દોષોમાં ઢસડાય જવાના નિમિત્તો દરેક યુગે જુદાં-જુદાં હોય છે, કારણ કે દરેક યુગમાં સંયોગો-સમય પરિસ્થિતિ શરીરબળ-પુણ્યશુદ્ધિ અને આત્મશુદ્ધિ વગેરેની હાલત એક સમાન હોતી નથી.

ગુણદોષની વ્યાખ્યા અને તેના આચરણની પદ્ધતિ દરેક યુગે એક સમાન હોતી નથી, તેથી જ દરેક યુગે આલોચના કરવાના સમયે યુગને પણ લક્ષમાં લેવો પડે છે અને તે કારણે જ આલોચનાની શબ્દરચના દરેક યુગે જુદા જુદા વાક્યોથી ગોઠવાતી હોય છે. તેમ છતાં પણ આલોચનાના પ્રાણ સમાન આત્મ શુદ્ધિનો મુખ્ય ઉદ્દેશ છે તે તો અબાધિત જ રહેતો હોય છે.

આત્મશુદ્ધિ વિના શાંતિ-સ્વસ્થતા કે સ્વરૂપની પ્રાપ્તિ શક્ય નથી અને આ છેદસૂત્ર શુદ્ધિ પામવા માટેનું જ અપૂર્વ સાધન છે. સૌ સંયમી સાધકો આ સૂત્રનો ઉપયોગ આત્મ શુદ્ધિને માટે આરાધે એટલે શ્રેયનો માર્ગ સફળ બને. અસ્તુ ઈતિ અલમ્...

**જનકમુનિ**

**જામનગર**

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

## શ્રમણ સુસંસ્કૃતિનો સંદેશ સંપૂટ યા ને શ્રમણ પ્રતિમા

**" ગૌરવવંતા ગોંડલ ગચ્છના ગિરિ-હરિ,**
**ગચ્છાધિપતિના ગરિમાભર્યા ગુણલા ગાવા ગમે છે,**
**આચાર્ય ભીમજી-નેણશી-જેસંગજી-દેવજી,**
**મુનિવરોના શ્રી ચરણોમાં નેણલા ઢળી નમે છે,**
**બહુશ્રુત ગુરુ જસાજી-જય-માણેક-ઉત્તમ-પ્રાણ,**
**પ્રતાપે સાકારિત સોણલા થઈ શમે છે,**
**તપોધની રતિ ગુરુદેવના વરદ્ હસ્તે આપેલા,**
**આશીર્વાદનાં સિદ્ધ વેણલા હૈયે રમે છે."**

પ્રિય પાઠકગણ !

આપ સહુની સમક્ષ પ્રાણ આગમ બત્રીસીનું અમૂલ્ય આગમ રત્ન-ત્રિવેણી સંગમ સમાન, રત્નત્રયનો રણકાર કરતું, જિનવાણીનો જયકાર કરતું, આત્મ મંદિરમાં સદ્ધર્મરૂપ સુઘોષઘંટાનો ઘંટારવ કરતું, કલ્યાણકારી, ખમીરીનો ઝણકાર ઝંકૃત કરતું, આત્મ પુરુષાર્થ કરાવતું, અવળો માર્ગ છોડાવી સવળા માર્ગે લઈ જતું, સંયમી જીવનનું અખંડ અનુસંધાન સાધતું, પાપને બાળતું, પુણ્યનું પાથેય એકત્રિત કરાવતું, જ્ઞાનની ચિનગારી પ્રગટાવતું, શ્રદ્ધાના સ્વસ્તિકને દોરતું, ચારિત્રને યથાખ્યાત બનાવવા અંગૂલી નિર્દેશ કરતું, મંગલકારી માનવ મંદિરની ઉપર કીર્તિ કળશ સમું શોભતું ત્રણ છેદ સૂત્રનું અનેક સંદેશ સંપૂટથી ભરેલું, શ્રમણ-શ્રમણી, શ્રમણોપાસક-શ્રમણોપાસિકાના શ્રૃંગારરૂપ સૂત્ર પ્રગટ કરી રહ્યા છીએ. જેમાં સંસાર વર્ધક સંસ્કૃતિનું આમૂલચૂલ પરિવર્તન કરીને સિદ્ધ દશાનું સૌંદર્ય પ્રગટ કરાવવા સ્નાતક શ્રમણ સંસ્કૃતિની જંગમ પ્રતિમા પ્રગટ કરવાના અનેક ધર્મરૂપી શિલ્પકળાની પદ્ધતિ ભરેલી છે. સર્વ કળાને જાણનારો એક

ધર્મ કળા ન જાણે તો અધૂરો કહેવાય, એક ધર્મકળાનો જાણનારો સર્વ કળા ન જાણતો હોય તો પણ તે પૂર્ણ કહેવાય છે. તે કથન મુજબ આ ત્રિરત્ન છેદ સૂત્ર સંપૂટ સાચા શ્રમણની જંગમ પ્રતિમા દેહરૂપ દેવાલયમાં ગુપ્તેન્દ્રિયના ગભારામાં કેવી શોભાયમાન હોય છે તેની ઝાંખી કરાવે છે. અધમનો ઉદ્ધાર કરે છે, પડેલાને ઊભા કરે છે, મૂર્છિતને જાગૃત કરે છે, મરેલાને જીવતા કરે છે, શૂર-નૂર પૂરી સાચો શ્રમણ બનાવે છે. અનાદિની કુટેવ, કુસંસ્કાર, કુચેષ્ટાઓ છોડાવી શ્રમણત્વની સુટેવ, સુસંસ્કાર, સુચેષ્ટા શીખવાડે છે.

ચાલો... સાધક વૃંદ ! આપણે સાચા શ્રમણ બનવા અરિહંત પરમાત્મારૂપી પિતા અને કરુણારૂપી માતાથી જન્મ પામેલા નિર્ગ્રંથ પ્રવચનકુમાર જેઓ ધર્મકળાનું શિલ્પ જાણનાર છે, તે શિલ્પીની શિલ્પ શાળામાં જઈએ. જ્યાં અનેક શિલ્પીઓ માનવરત્નની શ્રમણ પ્રતિમા બનાવી રહ્યા છે, તેનું દિવ્ય દર્શન કરીએ. મારી આ વાત સાંભળી, શિલ્પ શાળા જોવા ઉત્સુક બનેલી અમારી સાધક મંડળી એકાએક તૈયાર થઈ ગઈ. અમોએ અમારા મનોરથ સારથિને બોલાવીને કહ્યું, હે સારથે ! તમે ધર્મરથ તૈયાર કરો. સારથિએ તે વાત સ્વીકારી અને આનંદિત થયો. તે ધર્મરથ તૈયાર કરી હાજર થયો. અમો બધા ધર્મરથમાં બેસી શિલ્પશાળામાં આવ્યા. શિલ્પશાળા ચારિત્રાચારની સુગંધથી મહેંકી ઊઠી હતી. ત્યાં જબરજસ્ત મહાવ્રતનું મેદાન હતું. ફરતો અણુવ્રતનો વરંડો હતો. એક સુંદર મધ્ય ભાગમાં સમિતિનું સિંહાસન હતું. તેની અંદર મુલાયમ મધ્યસ્થ ભાવનાની ગાદી હતી. તેના ઉપર નિર્ગ્રંથ પ્રવચનકુમાર આરુઢ થયા હતા. તેની સામે અનેક શિલ્પીઓ બેઠા હતા.

નિર્ગ્રંથ પ્રવચન કુમાર તેઓને બોધ આપી રહ્યા હતાં. તેમનો બોધ આ પ્રમાણે હતો, હે દેવાણુપ્પિયા ! આ લોકની અંદર અઢીદ્વીપ છે તેમાં મનુષ્યનાં ૧૦૧ ક્ષેત્ર છે. તે એકસો એક ક્ષેત્રમાંથી પંદર ક્ષેત્રો ચિંતામણિ મનુષ્ય રત્નોથી ભરેલા છે. તે માનવ રત્નોને તમે પરીક્ષા કરીને લઈ આવો અને લાવ્યા પછી તમારી દીર્ઘદષ્ટિથી, ગંભીર ઉપયોગથી તપાસ કરીને જુઓ, આરપાર જોશો તો તેમાં શ્રમણાકૃતિ નજરે પડશે, અથવા શ્રમણો-પાસકની આકૃતિ નજરે પડશે. તે આકૃતિ જોઈને તે રત્નને ગ્રહણ કરી તમારી પ્રજ્ઞા છિણીથી શ્રમણાકૃતિ કે ઉપાસકાકૃતિ બંનેને ઉપસાવવા હું આદેશ આપું, તે પ્રમાણે તે કરતા જશો, તો તમે સિદ્ધહસ્ત ધર્મ કલાકાર બની જશો. શરત એટલી જ છે કે તમે તમારી સ્વછંદમતિનો ઉપયોગ વચ્ચે ન જ લાવતા. તમારો મત-આગ્રહ વગેરે તમારા માનસમાં જે કાંઈ ભર્યું છે, તે બધું જ કાઢીને મારી મતિ પ્રમાણે કાર્ય કરશો તો જ

જ્ઞાની શિલ્પી બની શકશો. બધા શિલ્પી બનવાના જિજ્ઞાસુ હોવાથી એકદમ શુશ્રૂષાપૂર્વક હા પાડી, મસ્તક નમાવીને પ્રવચનકુમારના ચરણોમાં આવીને બોલી ઊઠ્યા. ભંતે ! સદહામિ, પતિયામિ, રોએમિ, ફાસેમિ, પાલેમિ, અણુપાલેમિ અને અમારી સાધક મંડળીએ પણ તેમાં સૂર પુરાવ્યો. આગળનું દશ્ય જોવા બધા તત્પર બની ગયા. પેલા શિલ્પી બનવા આવેલા, તે હતા ખંતિકુમાર, મુક્તિકુમાર, આર્જવકુમાર, માર્દવકુમાર, લાઘવકુમાર, સત્યકુમાર, તપકુમાર, આકિંચન્યકુમાર, બ્રહ્મકુમાર, અહિંસાકુમાર, સત્યકુમાર, અચૌર્યકુમાર, શીલકુમાર, અપરિગ્રહકુમાર, દિશાપરિમાણકુમાર, ઉવભોગ-પરિભોગ પરિમાણકુમાર, અનર્થદંડત્યાગકુમાર, સામાયિકકુમાર, દયાકુમાર, પૌષધકુમાર, અતિથિસંવિભાગકુમાર.

નિર્ગ્રંથ પ્રવચન કુમારે આ શિલ્પીઓની જિજ્ઞાસાને માન આપી, સત્કાર કરી આશીર્વાદ આપ્યા. 'તથાસ્તુ'. બધાએ જિનેશ્વર દેવની જય બોલાવી.

પ્રવચનકુમારે આજ્ઞા આપી, જાઓ અને લઈ આવો માનવ રત્નોને... બધા જિજ્ઞાસુઓ ઉપડયા અને કર્મભૂમિની ખાણમાંથી માનવ રત્નો લાવીને પ્રવચનકુમારના દરબારમાં હાજર થયા. પ્રવચનકુમારે ! માનવ રત્નો જોયા, ખુશ થયા, પ્રસન્ન થઈને બોલ્યા મારા વહાલા વિદ્યાર્થીઓ !

તમારો પ્રયત્ન સફળ છે. આ રત્નો પાણીદાર છે. તેના ઉપર લાગેલો કર્મનો મેલ છે. તેને કાઢવા માટે દશાશ્રુતસ્કંધ નામનું છેદ સૂત્ર સ્થવિર ભગવંતોએ રચેલું છે. તેમાં બધા જ ઉપાયો દર્શાવ્યા છે. તે ઉપાયનો પ્રયોગ તમારે કરવાનો છે. આ રત્નો જંગમ છે. હાલતા-ચાલતા રત્નો છે. તે તમારા હાથમાંથી છટકી-પટકી ન જાય તેવી કાળજી રાખીને કાર્ય કરવાનું છે. તેઓ બધા જ સુખ શોધી રહ્યા છે. પરંતુ તેઓના સુખની વચ્ચે કર્મ રાજાએ અસમાધિની વીસ દીવાલો ઊભી કરી દીધી છે, તેથી આ રત્નો પોતાની જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ, મોક્ષ માર્ગરૂપ સમાધિનો અનુભવ કરી શકતા નથી. તે અનુભવ પ્રાપ્ત કરવા અસત્ માર્ગે ઉતાવળા ઉતાવળા દોડી રહ્યા છે. પ્રતિલેખન-પ્રમાર્જન કર્યા વિના, દુષ્ટ રીતે પ્રમાર્જન કરીને, તેમની સામે આવનાર રત્નાધિકોનું અપમાન કરીને, અવહેલના કરતા, પ્રમાદના રજકણો એકત્રિત કરીને, અસમાધિની દિવાલમાં ભટકાઈ-પટકાઈ પાછા ફરે છે, દુઃખી દુઃખી થઈ જાય છે. તેવા આ માનવ રત્નોના દુઃખ હરવા તમે પ્રજ્ઞા છિણીનો ઉપયોગ કરો અને તેના ઉપરનું અસમાધિનું પડ ઉખેડી નાંખો.

બાવીસ શિલ્પીઓ કામે લાગી ગયા. પ્રવચન કુમારના આદેશ અનુસાર અસમાધિની દિવાલ ચરણ વચ્ચે આવી રહી હતી તેને ધડાધડ કડડભૂસ કરીને તોડી નાંખી. બાવીસ શિલ્પીઓએ પહેલો જ પ્રયોગ વ્યવસ્થિત કર્યો અને પેલી અવસ્થામાંથી પસાર થઈ ગયા. માનવ રત્નનું સાચું આત્મતેજ ધૂંધળુ ધૂંધળુ દેખાવા લાગ્યું તેઓ આનંદમાં આવી ગયા. આ પરાક્રમ જોઈને નિર્ગ્રંથ પ્રવચન કુમારે બાવીસ શિલ્પીઓને શાબાશી આપી અને કહ્યું હવે બીજો પ્રયોગ શીખવા માટે થોડો આરામ કરીને મારી પાસે આવી જજો. બધાએ આજ્ઞા શિરે ચઢાવી જ્ઞાનામૃતનું ભોજન કરી સમાગમ સુખ શય્યામાં આરામ કરીને પ્રવચન કુમાર પાસે પહોંચી ગયા.

પ્રવચનકુમાર બોલ્યા– સાંભળો... મારા પિતા અરિહંત પરમાત્માએ ફરમાવ્યું છે કે આત્મા ચેતનવંતો અને પુરુષાર્થશીલ છે. આચરણ ચરણથી ઉપડે છે. ચરણ સ્થિર રહે તો તે સ્વરૂપાનંદી બને છે પરંતુ કર્મના સંયોગે ચરણ સ્થિર રહેતા નથી. અસ્થિર ચરણ આંદોલન મચાવે છે અને અનેક જીવોની સમાધિને લૂંટે છે, તેથી તે જીવ પોતે અસમાધિ પામે છે અને બીજાને પણ પમાડે છે, શોધે છે સમાધિ પણ પ્રાપ્ત થાય છે અસમાધિ. હિંસાથી ખરડાયેલા આ રમણીય ચરણ ભ્રમણીય બની જાય છે. ભ્રમણીય ચરણ પછી રોક્યા રોકાતા નથી. તે ધમધમાટી-ધડબડાટી કરતા અભિમાનમાં આંધળી દોટ મૂકાવે છે. તે ચાલવાથી લઈને કાયાની ક્રિયામાંથી વાચામાં આવી રત્નાધિકોના અપમાન, અટમ્ સંટમ્ બોલવાની ટેવ, જીભ દ્વારા દોડાદોડી કરે છે અને મનનાં વિચારો રત્નાધિકોની ઘાત કરવા સુધી આંદોલન મચાવે છે, તેથી કુટુંબ, ગચ્છ, કુળ વગેરેમાં કલહ પેદા કરાવે છે અને ભોજનાદિક ખાવા-પીવાનું આંદોલન મચાવી દોષિત આહાર ખાવા સુધીની પ્રવૃતિ કરાવે છે આવા વીસ સંદેશ સંપુટ સ્થવિર ભગવંતોએ દર્શાવી તેનો નિરોધ કરવા નિગ્રહની બેડી બાંધવી ચરણને સ્થિર કરવાનો ઉપદેશ આપ્યો છે. તે ઉપદેશ ઉપાયનો ઉપયોગ મારા માર્ગદર્શન નીચે તમે બરાબર કર્યો છે. તો પૂછવાનું એટલું જ છે કે આ પુરુષાર્થ તમારા બાવીસમાંથી કોણે કેટલા પ્રમાણમાં કર્યો ? બધા બોલી ઉઠ્યા પુરુષાર્થ બધા એ કર્યો પ...ણ નંબર પ્રથમ ખંતીકુમારનો છે અને બીજો નંબર અહિંસાકુમારનો છે. અમારી ઉતાવળને રોકી ક્ષમા પકડાવી હિંસા કોઈની ન થાય તેવી અહિંસાની આહલેક જગાડી. પેલા કર્મરાજને પાણીચું પકડાવી આબાદ રીતે વીસ દિવાલો ભેદી નાંખી અને સ્થિરતાની બેડી ચરણમાં પહેરાવી દીધી. હવે ચરણ સમાધિમાં સ્થિત થઈ ગયા, તેથી પ્રતિમા કોતરવામાં મુસીબત નહીં નડે, આ પરાક્રમ મુખ્ય ખંતીકુમાર અને અહિંસાકુમારનું છે. તેના કહેવા પ્રમાણે અમે ચાલ્યા,

તેથી બધાનો જય થયો. આ માનવ રત્નની મલિનતા ઓછી થઈ ગઈ. હવે જલદી બીજો પ્રયોગ આપશ્રી પ્રસ્તુત કરો અને તે અમે જલદી શીખી લઈએ.

પ્રવચનકુમાર મધુર ભાષામાં મુખરિત બનીને બોલ્યા– વહાલા વિદ્યાર્થીઓ ! આ માનવ રત્નોની કર્મધૂલીને તો ખંખેરી, હવે તમારે માનવ રત્નોની ઉપર પડેલા ખાડા ટેકરા હટાવવાના છે. ટેકરાઓની નીચે પ્રતિમા દટાયેલી છે. તે પ્રતિમામાં ખાડા ટેકરા માનવ રત્નોએ પોતાના હાથે જ ઊભા કરેલા છે. તેઓ સમતાની શોધમાં નીકળ્યા હતા પણ કર્મરાજે વચ્ચે આવીને તેના હાથે જ પુદ્ગલના ખાડા ટેકરાઓ એકવીસની સંખ્યામાં ઊભા કરાવી દીધા. તેઓ કાર્યોત્સર્ગની મુદ્રામાં બેસવા જતાં હતાં. ત્યાં મૈથુન સંજ્ઞાને મોકલી બળાત્કાર કરી હસ્તકર્મ આદિથી લઈને વાસનાને ઉત્તેજિત કરવાની કુચેષ્ટા કરાવી દીધી. તે શબલ દોષનું દૂરાચરણથી લઈને ઈરાદાપૂર્વક અસૂઝતા, દોષિત આહાર હાથથી કરાવતા એકવીસની સંખ્યામાં થઈ ગયા અને તે બિચારાની સીધી આકૃતિ વિકૃત બની ગઈ છે. શ્રમણ આકૃતિને ઈજા ન પહોંચે તે રીતે તમારે ઋજુતાની હથોડીને, કલ્યાણની છીણીથી કોતરણી કરવાની છે. ટેકરાને હઠાવી ખાડાને પૂરી આબેહૂબ પ્રતિમાની આકૃતિ પ્રગટ કરવાની છે હો ને ?

સર્વ વિદ્યાર્થીઓએ આનંદપૂર્વક લલકાર કરીને કહ્યું અમે એમ જ કરશું. પ્રવચન કુમારે કહ્યું, તો ચાલો– ઉપાડો હથિયાર, કરો કામ. દશાશ્રુતસ્કંધની બીજી દશામાંથી હું જે રીતે આદેશ આપું તે રીતે કરવા તત્પર બની જાઓ. બધા તૈયાર થઈને હથિયાર લઈ ચાલ્યા. માનવ રત્નો પાસે આવીને ઊભા રહ્યા. તે રત્નો શાંત ભાવે સમાધિસ્થ બની ઊભા હતા. આ બાવીશ શિલ્પીઓ પ્રવચનકુમારના આદેશ અનુસાર કાર્યશીલ બન્યા. એકવીસ સ્થાન ઉપર જે શબલ દોષના ટેકરા હતા તે બધા જ હટાવી તોડી ફોડી નાંખ્યા અને બંને હાથની કુચેષ્ટાને સુચેષ્ટામાં લાવી દીધી. આ પરાક્રમ બ્રહ્મકુમારે તથા શીલકુમારે આગળ આવીને કર્યું હતું, તે બરાબર પ્રવચન કુમારે જોઈ લીધું. શાબાશી આપીને બધાને વધાવ્યા. બ્રહ્મકુમાર અને શીલકુમારનો વાંસો થાબડ્યો, ધન્ય છે તમારા પરાક્રમને તમે હવે સમતા ગુણની શ્રમણમૂર્તિ જરૂર પ્રગટ કરી શકશો. તમારી જેવા શિલ્પી પામી હું ધન્ય બની ગયો.

ચાલો... હવે ત્રીજો પ્રયોગ શીખવાડું. બધા શિલ્પી શાણા થઈને શ્રોતા બનીને બેસી ગયા. પ્રવચનકુમાર બોલ્યા ! તમે શબલ દોષને તો બરાબર હઠાવ્યા. આ બધી કુચેષ્ટા પ્રાયઃ કરીને હાથ દ્વારા તેના સ્પર્શ દ્વારા થાય છે. કુચેષ્ટા માનવને કામી બનાવે

છે. કામી માનવ પોતાના જ દ્વારા પોતાનો સ્વરૂપ રમણતાનો આનંદ ગુમાવી પુદ્ગલાનંદી બની જાય છે. તે પુદ્ગલનો આનંદ ઉદ્દંડ બનાવે છે, ઉદ્ધત બનાવે છે, તે ઉદ્ધતાઈ ઉધઈ જેવી બનીને પોતાને કોરી ખાય છે. તે દુઃખ આશાતાનું સહન નહીં કરી શકવાના કારણે ચારે કોર ઘૂમી રત્નાધિક વડીલોની આશાતના કરી બેસે છે. પોતાને જોઈએ છે શાતા પણ કામીના ધંધા હોવાથી કામાંધ બની તેત્રીસ આશાતના ઊભી કરે છે. પછી તેમાં મોહકર્મની રતિક્રીડા ભળવાથી જબરજસ્ત જોમ આવે છે. જેમ મર્કટને દારૂ પીવડાવવામાં આવે, વીંછી કરડે પછી કેવા કૂદકા મારે તેની જેમ આ માનવરત્નો પોતાના કૂદકા ભૂસકાથી કરેલી આશાતનાના પાપ દ્વારા ચારિત્રમાં ચાંદા ઉત્પન્ન કરે છે. પોતાનામાં જ ઊભા કરેલા તે તેત્રીસ પ્રકારના ચાંદા અસહ્ય અશાતાની વેદના ઉપજાવે છે. તેની નીચે શ્રમણાકૃતિ સ્વચ્છ હોવા છતાં ઘવાયેલી દેખાય છે માટે તેમાં પડેલા ચાંદાના સ્થાન તેત્રીસ દશાશ્રુતસ્કંધ સૂત્રની ત્રીજી દશામાં સ્થવિર ભગવંતોએ દર્શાવ્યા છે. તે ટાળવાનો ઉપાય પણ તેમાં દર્શાવ્યો છે. આ આશાતના ચાંદાના ઘાવ પૂરવા તમારે વિનય વિવેકનો મલમ લેવો પડશે. એવી ચાલાકીથી શાતાની સળી દ્વારા ઘાવને રુઝાવી દેવા પડશે તો ચાલો હવે મલમ પટ્ટી તથા શાતાની સળી લાવીને મારા આદેશાનુસાર કરવા લાગી જાઓ. બધા ઊભા થયા. સમતામાં સ્થિત માનવરત્નો પાસે આવી લક્ષ બાંધી પ્રવચન કુમારના ઈશારા પ્રમાણે તેત્રીસ ઘાવ રુઝવવા મલમ પટ્ટી કરવા લાગ્યા.

રત્નાધિકની આગળ, પાછળ, પડખે ચાલવાની, બેસવાની, ઊભા રહેવાની ઉદ્ધતાઈને શાંત કરી ઘાવ પૂરી દીધા, બોલવાની કુચેષ્ટા, કાર્ય કરવાની કુચેષ્ટા એમ તેત્રીસ આશાતનાનાં કરેલા પાપના પડેલા ચાંદાની અશાતાના દુઃખને દૂર કરી વિનયશીલ શાંત મૂર્તિની આભા પ્રગટ કરી દીધી. બાવીસ શિલ્પીઓમાંથી લાઘવકુમાર અને અચૌર્યકુમારની ઘા રુઝાવવાની રળીયામણી હસ્ત લાઘવતા જોઈ પ્રવચનકુમાર પ્રમોદિત બની ગયા અને દરેક શિલ્પીની વીરતાને બિરદાવી ખુશ કરી દીધા. પ્રવચન કુમાર જે આદેશ આપે, જે શિક્ષા આપે તે પ્રમાણે તેઓ ઝડપથી શીખવા લાગી ગયા. હવે શ્રમણ આકૃતિ નજરે પડવા લાગી. પગ સ્થિર, હસ્ત સ્થિર, ઘા-ઘોબા વિનાની નરવી આકૃતિ પ્રગટ થવા લાગી. બાવીસે વિદ્યાર્થી તેમના ગુરુજી પાસે આવી મસ્તક નમાવી નવી કળા શીખવવાની તત્પરતા દેખાડવા લાગ્યા.

પ્રવચનકુમારે કહ્યું– તમારે હવે તમારી બુદ્ધિથી આઠ અંગની આકૃતિ ઓળખવી પડશે અને તે આઠ અંગની સંપદા દશાશ્રુતસ્કંધમાં દર્શાવી છે. તેવી જ કોતરણી

કરવી પડશે. આજે મારે મૌનપણે તમારી બુદ્ધિ મત્તાથી કરેલી કાર્યકુશળતા જોવાની છે. માનવ રત્નમાં આઠ અંગ હોય છે. તેના પેલ પાડી મસ્તક-હૃદય-ઉદર-કરોડરજ્જૂવાળી પીઠ, બે હાથ અને બે પગ આ રીતે અખંડિત પ્રતિમા ખડી કરવાની છે. શિલ્પીઓ એક બીજાનાં મોઢા સામું જોવા લાગ્યા. તેમાં માર્દવકુમાર અને સામાયિકકુમાર શૌર્ય દર્શાવવા આગળ આવ્યા અને વિનયપૂર્વક બોલ્યા, ગુરુજી આપની કૃપા જો અમને મળે તો અમે આ કાર્ય કરશું. અમે બધા સાથે મળીને, સંપીને આઠ અંગને ઉપસાવી દેશું. પ્રવચનકુમારે હા પાડી, તેણે વિનયપૂર્વકના વચન વધાવી લીધા. તે બંનેને આગળ કરી વીસ શિલ્પી તેમની પાછળ હર્ષ ઘેલા થતાં ચાલ્યા. બધા પહોંચી ગયા. પહેલા માનવ રત્નો પાસે માર્દવકુમારે દશાશ્રુતસ્કંધની ચોથી દશામાં દર્શાવેલી આઠ સંપદા વાંચી અને વિચારી લીધું, બધા શિલ્પીને ઈશારો કર્યો. જુઓ, પેલી આચાર સંપદા છે તે પાંચ પ્રકારે છે. તેનાથી આપણે મસ્તકની આકૃતિ પ્રગટ કરીએ. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારની પાંચ ભાવેન્દ્રિયવાળું મસ્તક કમળ ઉત્તમોતમ રચીએ. બધાએ હા પાડી અને કાર્યશીલ બની આચાર સંપદાથી મસ્તકનો ભાગ પ્રગટ કર્યો, શ્રુતસંપદાથી હૃદયનો ભાગ ઉપસાવ્યો, શરીર સંપદાથી પીઠનો કરોડરજ્જૂ સહિતનો ભાગ ઉપસાવ્યો, વચન સંપદાથી ઉદરનો ભાગ પ્રગટ કર્યો, વાંચના સંપદા અને મતિ સંપદાથી બંને હાથ ઉપસાવ્યા. પ્રયોગ અને સંગ્રહ સંપદાથી બંને ચરણ પ્રગટ કર્યા. આ રીતે આબેહૂબ મૂર્તિ પ્રગટ કરી દીધી. પ્રવચનકુમાર જોતાં જ રહી ગયા, માર્દવ કુમાર, સામાયિક કુમાર સહિત બધાના કાર્ય બિરદાવી બાવીસ શિલ્પીને પોતાને ત્યાં લઈ ગયા અને સત્સંગનું સરબત પીવડાવ્યું.

આ માનવ રત્નની શ્રમણ મૂર્તિ પ્રગટ થતાં જ બધામાં પાપશ્રમણની મૂર્છિત ચેતનામાં સાચું શ્રમણ ચેતન જાગૃત થયું, જેઓ પ્રમાદની પથારીમાં સૂતા હતાં તે સળવળી ઊઠ્યા તેઓને લાગ્યું કે અમે દેહથી જુદા છીએ. સંસારના ત્યાગી છીએ. તેઓ વૈરાગ્યનો આનંદ અનુભવવા લાગ્યા.

અહીં પ્રવચનકુમારે બધા શિલ્પીઓને બોલાવીને કહ્યું– આ શ્રમણ પ્રતિમા ઉપર પોલીશ કરવા માટે પાંચમી દશામાં ચિત્ત સમાધિનાં દસ ઔષધ છે. તેના વડે આ મૂર્તિને પોલીશ કરશો, તેથી તેના ઉપાંગ બધા જ બહાર દેખાશે અને તે ઉપાંગોથી ચિત્તની સમાધિ જંગમ રત્નો પ્રાપ્ત થશે. તો આ દસ ઔષધ લઈને હું ચાલું છું. તમને આપું છું. તે પ્રમાણે મૂર્તિ ઉપર લેપ કરતા જાઓ. ગુરુજીના આદેશ પ્રમાણે તેમની

પાછળ બધા શિલ્પીઓ ઉપડ્યા અને માનવ રત્નો પાસે આવ્યા. આ રત્નો આજે તેજસ્વી બની ગયા હતા. તેઓ કહેતા હતા અમારે તમોને પંચાંગ પ્રણિપાત કરવા છે પણ અમારા ઉપાંગ હજુ જડ જેવા છે. તેને સજીવ કરો તો અમે નમસ્કાર કરીએ. ગુરુજીએ અને શિલ્પીઓએ વાત સાંભળી, બધા કાર્યમાં લાગી ગયા. ઔષધ લેપ કર્યોને અંદરના અનંત ધર્માત્મક ગુણો વીર્યવાન બની ઉપાંગોના રૂપમાં પાંચ ઈન્દ્રિય, કાન, નાક આદિ પ્રગટ થઈ ગયા. તેમાં ચિત્તે સમાધિ પ્રાપ્ત કરી બીજું ઔષધ લગાવ્યું. કેટલીક મૂર્તિમાં જાતિ સ્મરણ થયું, મસ્તિષ્કમાં સમાધિ પ્રાપ્ત થઈ, કેટલાકને સ્વપ્ન દર્શન અને કેટલાકને દેવદર્શન થયું, તે ઉપરાંત અવધિજ્ઞાન, અવધિદર્શન, મનઃપર્યવજ્ઞાન, કેવળ જ્ઞાન, કેવળદર્શન, કેવળમરણ. બાકીના બોલનું જ્ઞાન પ્રગટ થયું અને તે જાણવાથી ચિત્તની સમાધિ પ્રાપ્ત થાય તેવી પ્રતીતિ થઈ. શ્રમણ પ્રતિમા હવે સજીવન થઈ રહી હતી, જડ ન રહી. એવું જાણી પ્રવચન કુમારે સીધો બોધ તેમને જ આપ્યો. જુઓ... શ્રમણો ! સાધકવૃંદ ! તમારી પ્રતિમાને આ શિલ્પીઓએ બનાવી છે. માટે તેનું મૂલ્ય ચૂકતે કરવા તમારે તપ કરવો પડશે. બધા સાંભળી રહ્યા. તેમાં કેટલાક માનવ રત્નોએ કહ્યું, અમે શ્રમણની સાધના કરવા સમર્થ નથી અમે ફક્ત શ્રમણોપાસક બની રહેશું, તેથી અમારે માટે જુદી ઉપાસના દર્શાવો. કેટલાક માનવ રત્નોએ કહ્યું, અમે તો સાચા શ્રમણ બનવા તપ કરશું અમારી ઉપાસના એવી દર્શાવો કે અમે અમારા દેહને દેવાલય બનાવી શકીએ. આ માનવરત્નોની વાત સાંભળી શિલ્પીઓનાં બે વિભાગ પાડી દીધા. દસકુમાર શિલ્પીને શ્રમણ જંગમ પ્રતિમા પાસે મૂક્યા અને બારને શ્રમણોપાસક પ્રતિમા પાસે મૂકી દીધા. ગુરુજીનાં આદેશાનુસાર બાર શિલ્પીઓને ઉપાસકની અગિયાર પ્રતિમાને વહન કરવાનો માર્ગ બતાવ્યો અને કહ્યું, અધર્મ ભરેલા કાર્યો કરી જીવન જીવનારો પક્ષ મિથ્યાત્વનો છે. તેનો પરિચય ક્યારેય ન કરવો, તેવી પ્રતિજ્ઞા કરાવી. ધર્મ પક્ષની પહેલી દર્શન પ્રતિમાથી લઈને શ્રમણભૂત અગિયારમી પ્રતિમા તપનું વહન કરાવ્યું. દશાશ્રુતસ્કંધની છટ્ઠી દશા પ્રમાણે બાર શિલ્પીઓનું મૂલ્ય ચૂકવી દીધું. સાતમી દશા પ્રમાણે શ્રમણોએ અગિયાર ભિક્ષુની પ્રતિમાનું વહન કરી તે બાર શિલ્પીઓનું તપરૂપ મૂલ્ય ચૂકવી દીધું.

બાવીસ શિલ્પીઓ પ્રવચનકુમાર પાસે આવીને પોતાની શિલ્પ કલાનું મૂલ્ય તપરૂપે મળ્યું તેની વાત કરી. બંને પ્રકારની પ્રતિમાને પ્રતિષ્ઠિત કરવા, વધારે વિશુદ્ધ બનાવવા ૨૨ શિલ્પીઓ સાથે તેઓ શ્રમણાદિ પ્રતિમા પાસે આવ્યા. તેઓ તપના પ્રભાવે

ખૂબ તેજસ્વી બની ગયા હતા. પ્રતિમાઓએ પંચાંગ પ્રણામ કર્યા અને કહ્યું કે અમને ઉપદેશ આપો. પ્રવચનકુમારે ઉપદેશ આપ્યો. પ્રભુ મહાવીર અરિહંત પરમાત્માનાં જન્મથી લઈને મોક્ષ પામવાના પાંચ (છ) કલ્યાણકનું વર્ણન કરી પ્રભુની કઠોર સાધના ભરેલું આઠમી દશાનું વ્યાખ્યાન કર્યું. પ્રભુએ પૂર્વભવના બાંધેલા કર્મના ઉદયનો સ્વીકાર કરી, પ્રતિક્રિયા કર્યા વિના કેટલી સહનશીલતાથી કર્મ ભોગવીને તેઓ ભગવાન બની ગયા તેનો ઉપદેશ આપ્યો અને કહ્યું હવે તમે જે શરીરનાં સ્થાનમાં રહી જે ઉપાસના કરી રહ્યા છો તે તમારો દેહ દેવાલય બની ગયો છે. તેમાં તમે પ્રતિષ્ઠિત થઈને રહો છો પણ કર્મ રાજા મોહકર્મની ફોજ લઈ તમારી સામે આવશે અને મોહોત્પાદક શબ્દો બોલાવવાની કોશિષ કરશે. ત્રીસ પ્રકારની લાલચથી તમને લલચાવશે, તમો જરાય લલચાશો નહીં, તો જીવન જીતી જશો. નહીં તો દેહ દેવળ કચરાવાળું કરી ઉકરડો બનાવી દેશે માટે કષાય મોહનીયથી બચજો. તે તમે નવમી દશામાંથી સજાગપણે જાગૃત બની વાંચીને અવધારી લેશો. તેવા કાર્યમાં ક્યારેય ક્રિયાશીલ બનતા નહીં હોને ? ઉપરાંત પાંચેય ઇન્દ્રિય તમારી સજાગ બની ગઈ છે. તેમાં ચક્ષુઇન્દ્રિય રૂપ જોઈને કામી બનીને નિદાન ન કરી બેસે તેનો ખાસ ખ્યાલ રાખજો. ખુદ ભગવાનની હાજરીમાં શ્રેણિક રાજા તથા ચેલણા દેવીના રૂપ જોઈને સાધુ-સાધ્વીઓએ નિદાન કર્યા હતાં. તે નિદાન કરવાથી શું ગેરલાભ થાય છે તે નિદાનના અનેક પ્રકાર દર્શાવી, સમજાવી નિદાન છોડાવવા ભગવાને નિર્ગ્રંથોને નિર્ગ્રંથીઓને આલોચના કરાવી શુદ્ધ કર્યા હતા, તેનું જ્ઞાન તમે દસમી દશાથી વાંચી લેજો અને આ શિલ્પીઓને તમે તમારી પાસે સદા રાખજો જેથી તમારું રક્ષણ થાય.

આ દશાશ્રુતસ્કંધનો બોધ પૂર્ણ થયો. હવે દેહ દેવાલયમાં શું કરવું જોઈએ તેની વાત અવસરે કરીશ. વાચક વર્ગ ! આપ સમજી ગયા હશો ! આ છેદ સૂત્ર છે. તેમાં દસ અધ્યયન હોવાથી દશ શબ્દ વપરાયો છે. તેમાં અનેક સંદેશા લિપિ બદ્ધ થયેલા છે, તેથી શબ્દનો સ્કંધ બની ગયો છે. શ્રુત-સાંભળવું. દસ અધ્યયનના સ્કંધ બનેલા શબ્દોને સાંભળીને તમે તમારી દશા(અવસ્થા) સુધારી લઈને વ્યવસ્થિત બનો તેવો બોધ આપ્યો છે. તે દસ દશા સાધક વર્ગ ઉપર ઉતારી છે. સાધક સ્વચ્છ સાધના કરે તો તેની સાધનાનું સાધ્ય સિદ્ધ થાય છે. સામાયિક ચારિત્રમાં જે કંઈ દોષના ભાંગા-છિદ્ર પડે છે તેને પ્રાયશ્ચિત્ત દ્વારા સાંધી દેવામાં આવે છે તેને છેદ સૂત્ર કહેવાય છે માટે શ્રમણ અવસ્થા ધારણ કર્યા પછી અતિચાર દોષને સાંધીને અવસ્થા સુધારી પોતાની પ્રતિમાને સ્વચ્છ કરવી જોઈએ,

એમ વિચારી આ શ્રમણ પ્રતિમાનું વાસ્તવિક દર્શન કરાવ્યું છે. હવે આવે છે–

## બૃહત્કલ્પ સૂત્ર :-

બહુ સમય બાદ પ્રવચનકુમાર પધાર્યા અને સીધા શ્રમણ વર્ગનાં સંઘ સમક્ષ ઉપદેશ આપતા સંબોધન કર્યું– પ્રિય સાધકવૃંદ ! તમારે સાધક દશાની જંગમ પ્રતિમાથી હાલતા ચાલતા દેહ દેવાલયની છ ક્રિયા કરવી પડશે. તે ક્રિયા સત્ક્રિયા–ધર્મ ક્રિયા બનવી જોઈએ. એક બાજુ તમે સાધુ ધર્મનો સ્વીકાર કર્યો છે. તો બીજી બાજુ તમારી ક્રિયા શુષ્ક ક્રિયા ન થવી જોઈએ, તે માટે સ્થવિર ભગવંતોએ સાધક જીવો માટે બૃહત્કલ્પની રચના કરીને શ્રમણ સંસ્કૃતિનો સંદેશ સંપુટ સમર્પણ કર્યો છે.

તે તમારી પાસે રજુ કરું છું, એમ કહી તે અરિહંત પરમાત્મા તથા કરુણાદેવીના સુપુત્ર નિર્ગ્રંથ પ્રવચન કુમાર આહ્લાદ ભાવમાં ઝૂલતા બહુધા સાધક આત્મા ઉજ્જવળ પરિણામવાળા બની પુદ્ગલાનંદીપણું છોડી પ્રાયશ્ચિત્ત કરી જાગૃત બની ગયા હતા. તેઓ બધાને તથા બાવીસ શિલ્પીઓને સાથે લઈને પ્રવચન કુમાર મહાવ્રતનાં મેદાનમાં સભા ભરીને બેઠા, તેને સાધક વર્ગ સામે જોઈને ઉદ્બોધન કર્યું. તમે આઠ અંગ સંપદાથી શોભી રહ્યા છે. તમો દેહને દેવાલય બનાવી આત્મ દેવને ઉજળા કરી રહ્યા છો. દેવાલયમાં ત્રિરત્નથી શોભતી તમારી શ્રમણ પ્રતિમા જ્યાં સુધી મોબાઈલ બની, મંગલ પરમાણુથી વાસિત થઈ ધરતીને ધૂંસરિત કરે ત્યાં સુધી આહાર, વિહાર, નિહાર, ઊઠવું, ઊભા રહેવું, ચાલવું, સૂવું, બોલવું, તે સર્વે ક્રિયા યોગ્ય અને સાત્ત્વિક, નિર્વિકારી હોવી જરૂરી છે. તેવી સામગ્રી ભરેલો આ બૃહત્કલ્પ ગ્રંથ હું તમને અર્પણ કરું છું. તેમાં તમારે માટે બધા નિયમો છે જેમ કે– તાલપ્રલંબ – કાચા ફળ, સચેત્ત ફળ હોય તો તમોને કલ્પતા નથી, પરંતુ અચેત્ત થઈ ગયેલા હોય, તે લેવા હોય તો લઈ શકે છે સાધ્વીઓએ આખી ચીજ અખંડ ન લેવી જોઈએ. મનમાં વિકારનું સ્મરણ મોહરાજાનો ઉદય કરાવે છે. તમે જે દેવાલયમાં વસો છો, તે દેહ દેવાલયમાં તમારી સાથે અરે... પાસે જ, તે જગ્યામાં જ મોહ રાજા રહે છે. જેથી ચેતીને ચાલવું પડે છે.

બૃહત્ એટલે મોટી મોટી આચાર વિધિ દર્શાવી ચેતવણી આપી છે. તમે જ્યાં વિહાર કરીને જાઓ તે સ્થાનમાં ધાન્ય વેરાયેલું પડ્યું હોય, ખાદ્ય પદાર્થો હોય, સચેત પાણીના ઘડા ભરેલા હોય તથા ધર્મશાળા જેવા અસુરક્ષિત સ્થાનમાં કેટલા દિવસ રહી શકાય, તદ્વિષયક વર્ણન તથા વિવિધ પરિસ્થિતિમાં શય્યાતર પિંડની ગ્રાહ્યતા-

અગ્રાહ્યતાને સમજાવી છે.

બીજા ઉદ્દેશકમાં ૩૦ સૂત્રો દર્શાવ્યા છે. ત્રીજા ઉદ્દેશકમાં સાધુનાં ઉપાશ્રયમાં સાધ્વીજીને બેસવું, ઉઠવું, સૂવું, ખાવું, પીવું, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ કરવાનું કલ્પતું નથી. તે જ રીતે સાધ્વીજીનાં ઉપાશ્રયમાં સાધુને કલ્પતું નથી. વગેરે ખ્યાલ આપી એક ઉપાસના દર્શાવી છે અને વસ્ત્ર સંબંધી, પાઢીહારી વસ્તુ વિષયક પણ ઘટસ્ફોટ દર્શાવ્યો છે.

ચોથા ઉદ્દેશકમાં અબ્રહ્મચર્ય, રાત્રિ ભોજન આદિ વ્રતો સંબંધી કોઈ દોષ લાગી જાય તો તેના પ્રાયશ્ચિત્તનું વિધાન દર્શાવ્યું છે. પ્રવ્રજ્યા યોગ્ય, વાંચન યોગ્ય કોણ હોય શકે ? અવિનિત, રસલોલુપી, ક્રોધી, આ ત્રણ અવગુણયુક્ત વ્યક્તિને શાસ્ત્ર જ્ઞાન ન આપવા સંબંધી તથા પ્રથમ પ્રહરના આહાર પાણી ચોથા પ્રહરમાં ન વાપરવા સંબંધી તથા કલ્પનીક-અકલ્પનીક આહારાદિ સંબંધી વગેરે અનેક વિધ વિધ વિષયનો બોધ સાધુચર્યા ઉજ્જવળ કરવા માટે આપ્યો છે.

પાંચમા ઉદ્દેશકમાં કોઈ દેવ સ્ત્રીનું રૂપ બનાવીને સાધુનો હાથ પકડે ત્યારે કોમલ સ્પર્શને સુખરૂપ માને તો સાધકને મૈથુન સંબંધી દોષ લાગે છે. તેને ગુરુ ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત આવે છે. એવી જ રીતે સાધ્વી માટે જાણી લેવું. ઉપરાંત કોઈ શ્રમણ કલેશ કરી અન્ય ગચ્છમાં જાય તેની શાંતિ માટે કેવા પ્રયોગ કરવા જોઈએ, કેવી સમજણ આપવી તેનો ઉલ્લેખ કરી અનેક વિગતો આ ઉદ્દેશકમાં શીખવાડી તથા આહારાદિ વહોરાવનાર ગૃહસ્થીઓ છે. તેઓ આહાર આપે અને તેમાં કોઈ જીવજંતુ અચાનક પડી જાય ત્યારે તેને બહાર કાઢી એક બાજુ મૂકી આહાર વાપરી લેવો જોઈએ અથવા જો જીવજંતુ નીકળી શકે તેમ ન હોય તો તે આહાર નિર્દોષ જગ્યામાં પરઠવી દેવો જોઈએ. સાધ્વીને કેવા આસને બેસાય, કેવા આસને ન બેસાય. સાધુ કેવા આસને બેસે, તેની વિગતવાર માહિતી આ ઉદ્દેશકમાંથી વાંચીને જાણી લેવી. આ વિધિ નિષેધ ઉત્સર્ગ-અપવાદ માર્ગમાં કોઈ દોષ અજાણતા લાગી જાય તો તેનું પ્રાયશ્ચિત્ત કરી મૂર્તિનું પ્રક્ષાલન રોજ કરવું જોઈએ. આ કાયા સંબંધી શુદ્ધિનું વર્ણન છે.

છઠ્ઠા ઉદ્દેશકમાં સાધુ-સાધ્વીએ વચનનો ઉપયોગ કેમ કરવો તેનું સુંદર વિવેચન આપ્યું છે અને કહ્યું છે કે– હે સાધક વર્ગ ! તમોને જીભ મળી છે તો બોલનો તોલ કરીને બોલજો. ક્યારેય જૂઠ વચન, હીલિત વચન, ખિંસિત વચન, કઠોર વચન, નિંદનીય વચન, કલહ પ્રિય વચન, કલેશની ઉદીરણા થાય તેવા વચન બોલવા નહીં. પ્રાણાતિપાત,

મૃષાવાદ, અદત્તાદાન, અબ્રહ્મ, નપુંસક, દાસ આદિ વિષયક આક્ષેપ-આરોપ મૂકવાના દોષ સેવતા નહીં. જેમ કે– કોઈ સાધુને પગમાં કાંટો વાગ્યો હોય આસપાસના રહેલા કોઈ સાધુ કે કોઈ ભાઈ કાંટો કાઢી શકે તેમ ન હોય અને સાધ્વીને કાંટો કાઢતા આવડતો હોય, તો અપવાદ માર્ગે તે સાધ્વી સાધુનો કાંટો કાઢી શકે છે તે જોઈને નિંદા કરશો નહીં. સત્ય વસ્તુને ગંભીર બની વિચારવી પરંતુ વગર વિચાર્યું કાર્ય કરશો નહીં. અપવાદરૂપે કોઈ સાધ્વી ઉપરથી લપસીને પડી રહી હોય, ત્યારે તેને સહારો આપનાર બીજું કોઈ ન હોય, તો સાધુ તેને સહારો આપી બચાવી શકે છે. વગેરે એવા કાર્ય ક્યારે કરાય, ક્યારે ન કરાય તેની સુંદર વિગત દર્શાવી વિકાર ભાવ રહિત પરસ્પર સંયમ રક્ષાની ભાવનાએ કાર્ય કરવું એમ કહી, સ્થવિર ભગવંતોએ મહા ઉપકાર કર્યો છે. આ છે તમારા શ્રમણ જીવનની રક્ષા પોટલી. તેને બહુ સારી રીતે સાચવીને, વાંચીને વર્તનમાં ઉતારી લેજો, તો નવો દેહ ધારણ કરવો નહીં પડે. બૃહત્કલ્પ સૂત્ર, રોગી કાયાને પલટાવી આરોગ્યમય કાયા કલ્પ કરે છે. આત્માને વિશુદ્ધ કરવા માટે કાયાકલ્પ મોક્ષનું સાધન બની શકે છે. વિકારના રોગથી મુક્ત બની નિર્વિકારી બનવાનો ઉપદેશ આપે છે. રોજ તેનો સ્વાધ્યાય કરી દોષથી ખરડાયેલા દેહ દેવાલયનું પ્રક્ષાલન કરજો એવો મારો હિતોપદેશ છે. તમારી રક્ષા કરવા આ શિલ્પીઓ સાથે જ રહેશે. તેમની પાસે જે સામગ્રી છે તેનાથી દોષિત છિદ્રને પાછા પૂરી તમારી પ્રતિમા અખંડ રાખશે. તેની રક્ષા કરશે ખંડિતને સાંધી દેશે.

ચાલો... હવે તમને ત્રીજા વર્ગમાં લઈ જાવ. ત્યાં તો મારે તમને ઉપદેશ આપતાં આપતાં વ્યવહારની પદ્ધતિ શીખવાડવી પડશે. જો કે બૃહત્કલ્પનું તે પૂરક શાસ્ત્ર છે. આચાર પાળતાં પ્રમાદવશાત્ આજ્ઞા ભૂલી દોષો ઉત્પન્ન થઈ જાય, આત્મ પ્રતિમાને સાફ કરવાનો આલોચનારૂપી સાબૂન અને પ્રાયશ્ચિત્તરૂપી પાણી ગુરુના આદેશાનુસાર લેવો જોઈએ. ગુરુદેવ પાસે કેમ ઉપસ્થિત થવું, કેવી રીતે બોલવું, બોલવાની સત્યતા, પ્રમાણિકતાનો વ્યવહાર કેવી રીતે કરાય તેની વિધિ તથા સંદેશ સંપૂટ આ વ્યવહાર સૂત્ર વર્ગમાં ભર્યા પડ્યા છે. તેના દસ ઉદ્દેશક છે. તે પૂર્ણ ચરણાનુયોગ છે, ચારિત્રનું પૂરક છે. આ સૂત્ર પણ સ્થવિર ભગવંતોએ વીતરાગ વાણી મુજબ તારવીને આપણા ઉપર ઉપકાર કરવા લિપિ બદ્ધ કર્યું છે. તેના દસ ઉદ્દેશકની સંક્ષિપ્ત માહિતી આપી તેનાથી તમોને માહિતગાર કરી દઉં છું. પછી આ ગ્રંથ તમને અર્પણ કરી દઈશ. આ પ્રમાણે સાધક વર્ગને ઉદ્દેશીને પ્રવચન કુમારે વાર્તા આગળ ચલાવી.

## વ્યવહાર સૂત્ર :-

અહો... પ્યારા શ્રમણ સાધકો ! આ વ્યવહાર સૂત્રના પહેલા ઉદ્દેશકમાં સ્થવિર ભગવંતે કહ્યું છે. ગુરુદેવ પાસે તમે જાઓ ત્યારે જે દોષથી મલિનતા આવી ગઈ છે, તે એક મહિનાનું પ્રાયશ્ચિત્ત થાય તેવો દોષ છે તે દોષ જે રીતે સેવ્યો હોય તેની યથાતથ્ય રૂપે જ આલોચના કરવી જોઈએ. તે સાચા પૂરવાર થઈ જાય તેમ ગુરુદેવને લાગે તો એક મહિનાનું જ પ્રાયશ્ચિત્ત આપે, પરંતુ આ દોષ બીજા જાણી જશે, તો તે મારી સાથે કેવો વ્યવહાર કરશે, એમ વિચારી ગુરુદેવ પાસે કપટ કરીને આલોચના કરે તો એક મહિનાનું વધુ પ્રાયશ્ચિત્ત આવે છે. વધી વધીને છ મહિનાનું પ્રાયશ્ચિત્ત આવે છે. માયાપૂર્વક આલોચના કરનારનો કોઈ વિશ્વાસ કરતા નથી માટે સચ્ચાઈપૂર્વકનો વ્યવહાર કરવો. એક કે અનેક દોષ કર્યા હોય તેની ક્રમશઃ ગુરુદેવ સામે ઉપસ્થિત થઈને આલોચનાપૂર્વક આત્મશુદ્ધિ કરવી જોઈએ. જેટલીવાર પાપ થઈ જાય તેટલીવાર પ્રાયશ્ચિત્ત કરી મૂર્તિ પવિત્ર રાખવી જોઈએ. બીજો ખાસ ઉપદેશ એ છે કે જે નિર્મળ સાધકે પ્રાયશ્ચિત્ત વહન કરનારા સાધક પાસે બેસવું, ઊઠવું હોય તો તેના વડીલ રત્નાધિક ગુરુદેવને પૂછી આજ્ઞા લઈને જવું જોઈએ. ક્યારેક આજ્ઞાની અવહેલના કરીને પ્રાયશ્ચિત્ત વાહક સાથે બેસવા ઉઠવાનો વ્યવહાર કરવો ન જોઈએ અને જો એવો વ્યવહાર કરે, તો તેને પ્રાયશ્ચિત્ત આવે છે. એવી જ રીતે કોઈ શ્રમણગણનો પરિત્યાગ કરી સાધક એકાકી વિચરણ કરે છે તે પોતે શુદ્ધ આચારનું પાલન કરવામાં અસમર્થ છે તો તેમને આલોચના કરાવી છેદ આપી નવી દીક્ષા ધારણ કરાવવી જોઈએ. જે નિયમ સામાન્ય એકલવિહારી સાધુ માટે છે તે જ નિયમ ગણાવચ્છેદક, આચાર્ય તેમજ શિથિલાચારી શ્રમણને માટે હોય છે. વ્યવહાર શુદ્ધિ દરેકમાં જાળવવી જોઈએ. શ્રમણની સ્વચ્છ પ્રતિમા થયા પછી વારંવાર અકૃત્યનો દોષ સેવી મલિન થવું ન જોઈએ. છતાં ય મલિન થઈ જવાય તો જ્ઞાની ગુરુદેવો, આચાર્ય, ઉપાધ્યાય પાસે દોષ પ્રગટ કરીને સચ્ચાઈપૂર્વક પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ. કોઈ એવા જ્ઞાની ન મળે તો જંગલમાં સ્થિત થઈને પૂર્વ-ઉત્તર દિશા તરફ મુખ રાખીને પોતાના દોષ પ્રગટ કરવા જોઈએ આ રીતે પ્રતિમાને પવિત્ર જ રાખવી જોઈએ.

**ઉદ્દેશક બીજો :** એક સમાચારીવાળા બે સાધુ સાથે વિચરતા હોય, ત્યારે બેમાંથી એકે અકૃત્યનું સેવન કર્યુ હોય તો તેણે પેલા સાધુ પાસે આલોચના કરી પવિત્ર થઈ જવું જોઈએ. બંનેએ દોષ સેવ્યો હોય તો તેમણે અરસપરસ આલોચના કરી પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થવું જોઈએ. એવી જ રીતે ઘણા સાધુમાંથી એક અથવા બધાએ દોષ સેવ્યો હોય તો

તેઓએ એક પાસે આલોચના કરીને શુદ્ધ થવું. પછી બાકી રહેલા તે એકને પણ આલોચના કરી પવિત્ર થઈ જવું તે વ્યવહાર છે. પ્રાયશ્ચિત્ત સેવન કરનાર બીમાર થઈ જાય તો તેની વૈયાવચ્ચ કરવી. આ રીતે ગ્લાન, વ્યગ્રચિત્તવાળા, હર્ષના અતિરેકથી પાગલ થઈ ગયેલા, ભૂત પ્રેતાદિ વળગાડવાળા, ઉન્માદને પ્રાપ્ત, ઉપસર્ગથી ગ્લાન બનેલા, ક્રોધ કલહથી રોગી બનેલા, ઘણું પ્રાયશ્ચિત્ત આવતા ભય પામેલા, અણસણ કરી વ્યગ્ર ચિત્તવાળા વગેરે કોઈપણ સાધક, ગણાવચ્છેદક પાસે આવે તો તેને ગચ્છની બહાર કાઢવા કલ્પતા નથી પણ નિરોગી સાધુએ તે રોગમુક્ત ન થાય ત્યાં સુધી તેની વૈયાવચ્ચ કરવી જોઈએ. તે રોગમુક્ત થાય ત્યાર પછી તેને સેવા લેવાનું નામ માત્ર પ્રાયશ્ચિત્ત આપવું, તે દયાળુ સાધુનું કર્તવ્ય છે. તે વ્યવહાર શુદ્ધિ કહેવાય છે. આ રીતે બીજા ઉદ્દેશકમાં પ્રતિમા પ્રક્ષાલન કરવાના ઘણા જ ઉપાયો છે, તમારે તેનો ઉપયોગ કરવો જોઈએ.

**ઉદ્દેશક ત્રીજો :** આચાર્ય, ઉપાધ્યાય, ગચ્છનાયક આદિ પદવી આપવી હોય તો તેની દીક્ષા પર્યાય, શિષ્ય પરિવાર, આચાર શુદ્ધિ, સાર સંભાળ લેવાની કુશળતા, વગેરે ગુણોની પરીક્ષા કરી તેની સ્થાપના કરવાનો કેવો વ્યવહાર કરવો જોઈએ તેનું વર્ણન છે, તે ત્રીજા ઉદ્દેશકમાંથી જાણી લેવું.

**ઉદ્દેશક ચોથો :** આચાર્ય, ઉપાધ્યાયને ઉનાળા શિયાળામાં એકલાપણે વિચરવું ન કલ્પે. પોતા સહિત બે સાધુને વિચરવું કલ્પે. ગણાવચ્છેદકને પોતા સહિત ત્રણ સાધુને વિચરવું કલ્પે છે. ઘણા સાધુઓ, ગણાવચ્છેદક, આચાર્ય કે આ સર્વે એકઠા થઈને વિચરે ત્યારે બધા સમાન હોય, તેમ વિચરવું ન કલ્પે. પણ નાનાએ મોટાને વંદનાદિ વ્યવહાર કરતા વિચરવું કલ્પે છે.

**ઉદ્દેશક પાંચમો :** પ્રવર્તિની સાધ્વીને શિયાળે-ઉનાળે પોતાના સહિત બે સાધ્વીને વિચરવું ન કલ્પે. ત્રણ હોય તો કલ્પે. એવી રીતે ગણાવચ્છેદિકા સાધ્વીને શિયાળે ઉનાળે પોતાના સહિત ચાર સાધ્વીને વિચરવું કલ્પે. ચોમાસામાં ચાર-પાંચ અનુક્રમે વિચરવું કલ્પે છે. સાધુ-સાધ્વીને રાત્રે અથવા સંધ્યાકાળે સર્પ કરડે ત્યારે સાધુ સ્ત્રી પાસે કે સાધ્વી પુરુષ પાસે ઔષધ કરાવે, તે અપવાદ માર્ગ સ્થવિરકલ્પીને કલ્પે છે. આવા અપવાદ માર્ગનું સેવનાર સ્થવિરકલ્પીને પ્રાયશ્ચિત્ત આવતું નથી. આ સ્થવિરકલ્પી માટેનો આચાર કહ્યો છે. જિનકલ્પીને આ રીતે અપવાદ માર્ગનું પણ સેવન કરવું કલ્પતું નથી. તેઓ ઉત્સર્ગ માર્ગમાં રહે છે. વગેરે વર્ણન આ ઉદ્દેશકમાંથી પ્રાપ્ત કરીને શુદ્ધ વ્યવહાર તમે આચરશો તો સુખી થશો.

**ઉદ્દેશક છટ્ઠો :** આ ઉદ્દેશકમાં જે કોઈ અગીતાર્થ સાધુ-સાધ્વી પોતાના સગાને ઘેર ગોચરી આદિએ જવા ઈચ્છે તો સ્થવિરને પૂછ્યા સિવાય જવું ન કલ્પે. સ્થવિર આજ્ઞા આપે તો કલ્પે અને આજ્ઞા ન આપે તો ન કલ્પે.

અલ્પસૂત્રી કે આગમના અલ્પ જ્ઞાતાને એકલા પોતાના સગાને ત્યાં જવું ન કલ્પે. બીજા બહુશ્રુત કે ઘણા આગમના જ્ઞાતાની સાથે સગાને ઘેર જવું કલ્પે. ત્યાં ગયા પછી પહેલા ભાત થયા હોય પણ દાળ થઈ ન હોય તો ભાત લેવા કલ્પે, દાળ લેવી ન કલ્પે. પહેલાં દાળ થઈ હોય પણ ભાત થયા ન હોય તો દાળ લેવી કલ્પે, બંને પહેલા ઉતરી ગયા હોય તો બંને લેવા કલ્પે છે.

આ રીતે અગીતાર્થ સાધુએ ગીતાર્થની નિશ્રા વિના રહેવું કલ્પતું નથી વગેરે વિષય આ ઉદ્દેશકથી વાંચી હૃદયગત કરી તમારી પ્રતિમા પવિત્ર રાખજો.

**ઉદ્દેશક સાતમો :** આ ઉદ્દેશકમાં સાધુ જીવનના અનેક મહત્વના વિષયોનો સમાવેશ કર્યો છે. જે સાધુ-સાધ્વીઓ સમાન સમાચારીવાળા છે. ત્યાં સાધુને પૂછ્યા સિવાય સાધ્વીએ ખંડિત, શબલ-ભેદાયેલ કે સંક્લિષ્ટ આચારવાળા કોઈ અન્ય ગણના સાધ્વીને તેના પાપ સ્થાનકની આલોચના, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્તાદિ કર્યા સિવાય તેઓને શાતા પૂછવી, વાચના દેવી, એક માંડલે આહાર કરવો, સાથે રહેવું, થોડો કાલ કે કાયમ માટે કોઈ પદવી દેવી આદિ કશું કલ્પતું નથી. પણ જો તેણી આલોચના આદિ સર્વે કરે તો ગુરુની આજ્ઞા લીધા પછી તેને શાતા પૂછવી યાવત્ પદવી આપવી કે ધારવી કલ્પે. આ પ્રકારના સાધ્વીને જો સમુદાયના સાધ્વી ન ઈચ્છે તો તે ગચ્છમાં પાછું જવું. આ રીતે સાધ્વીને માટે આચાર્યાદિની નિશ્રાની અગત્યતા, મૃતદેહને પરઠવાની વિધિ વગેરે અનેક વિગત ભરીને વર્ણન છે. તે વ્યવહારથી શ્રમણની પ્રતિમા શુદ્ધ અને સ્વચ્છ રહે છે માટે જિનાજ્ઞા પ્રમાણે વ્યવહાર કરવો જોઈએ.

**ઉદ્દેશક આઠમો :** આ ઉદ્દેશકમાં હે સંયમી સાધકવૃંદ ! તમારા દેહ દેવાલયને જે ઘરમાં, સ્થાનકમાં રાખ્યો હોય તેના માટે તે ઘરમાંથી સુવા યોગ્ય પાટ પથરણાદિ મળી જાય, અથવા દૂરથી લેવા જવાનું હોય ત્યાંથી લાવવા માટે ગુરુજનોની આજ્ઞા લઈને લાવી શકાય છે. જે શય્યા સંથારા યોગ્ય, એક હાથે ઉપાડી શકાય તેવું હળવું લેવું અને જેને જેટલા દિવસ રાખવું હોય તે પ્રમાણે આજ્ઞા લેવી અને આજ્ઞા પૂરી થાય ત્યારે ત્યાં પહોંચાડી દેવું જોઈએ. તે ઉપરાંત પાઢીહારી ચીજ વસ્તુ કેટલા પ્રમાણમાં કોના-કોના માટે કેવી રીતે લાવવી, પાછી આપવી તેનું ગણિત બરાબર વાંચી લઈને જાણી લેવું, તે

પ્રમાણે દેહ દેવાલયની ચર્યા કેવી રીતે સ્વચ્છ રાખવી, તેની વિધિ આ ઉદ્દેશકમાં છે.

**ઉદ્દેશક નવમો :** આ ઉદ્દેશકમાં સંયમી શ્રમણ પ્રતિમાને સ્વચ્છ રાખવાનો સંદેશ આપ્યો છે. જે સ્થાનમાં તમે ઉતારો કરો ત્યારે કોની આજ્ઞા લેવી, કોની લઈ શકાય. આજ્ઞા જેની લીધી હોય તે વ્યક્તિને શય્યાતર કહેવાય. તેની આજ્ઞા લીધા પછી તેના ઘરના આહાર ન કલ્પે અને તેની માલિકી છૂટી ગઈ હોય અને પોતાનો આહાર બીજાને આપી દીધો હોય તેવો આહાર લેવો કલ્પે. તે શય્યાતરના ઘેર મહેમાન અથવા નોકર-ચાકર, સેવક આદિ કોઈપણ ઘરમાં કે બહાર જમતા હોય તેમને માટે બનાવેલો આહાર જમતા વધે અને તે નોકર વગેરેને શય્યાતર આપી જ દે, પોતાની માલિકી છોડી દે, નોકરાદિની માલિકીનો આહાર થઈ જાય અને તે આહાર સાધકને વહોરાવે તો લેવો કલ્પે છે. આ રીતે નિર્દોષ આહારાદિ વિષયક વિધિ વિધાન પ્રસ્તુત આ ઉદ્દેશામાં છે. જિનાજ્ઞા પ્રમાણે વિશુદ્ધ પ્રતિમાના ઉદરમાં વિશુદ્ધ આહાર ભરવામાં આવે તો તે પવિત્ર રહે છે નહીં તો પ્રાયશ્ચિત્તના ભાગીદાર થાય છે. શ્રમણ પ્રતિમાને શુદ્ધ રાખવા શુદ્ધ આહારાદિની ગવેષણા જરૂર કરજો અને તમારા દેહ દેવાલયને શુદ્ધ રાખવાની મારી ખાસ ભલામણ છે. તેમાંથી વિશેષ તપશ્ચર્યાદિની વિગત પણ જાણી લેવી.

**ઉદ્દેશક દસમો :** સાધક વર્ગે તપશ્ચર્યાદિ વગેરે કેમ કરાય ? જવ મધ્ય ચંદ્ર પ્રતિમા અને વજ્ર મધ્ય ચંદ્ર પ્રતિમા વગેરે તપ કેવી રીતે કરવો તેની વિગત, તપ કરવા સમયે દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી ઉપસર્ગ પરિષહ આવે ત્યારે કેવી સહનશીલતા કેળવવી તથા વિવિધ અભિગ્રહો ધારણ કરવા વિષયક વિધિ દર્શાવી છે. તે ઉપરાંત પાંચ વ્યવહાર દર્શાવ્યા છે. આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા, જીત. જ્યાં આગમ વ્યવહારી એટલે કેવળી કે પૂર્વધર હોય ત્યાં આગમ વ્યવહાર સ્થાપવો. જ્યાં આગમ વ્યવહારી ન હોય ત્યાં સૂત્ર વ્યવહાર સ્થાપવો. જ્યાં સૂત્રના જ્ઞાતા પણ ન હોય ત્યાં આજ્ઞા વ્યવહાર સ્થાપવો, જ્યાં આજ્ઞા વ્યવહારી ન હોય ત્યાં ધારણા વ્યવહાર સ્થાપવો, જ્યાં ધારણા વ્યવહારી ન હોય ત્યાં જીત એટલે પરંપરાથી આવતો ધર્મ વ્યવહાર સ્થાપવો. આ પાંચ વ્યવહારથી સાધુચર્યાની સમાચારી ચાલે છે.

કેટલા વર્ષની પ્રવ્રજ્યા પર્યાય હોય, તેમ તેની બુદ્ધિ પ્રમાણે ક્યા આગમનું જ્ઞાન ભણાવવું. તેનો ક્રમ બતાવ્યો છે. આ રીતે આ ઉદ્દેશકમાં સ્થવિર ભગવંતોએ દેહ દેવાલયની જંગમ શ્રમણ પ્રતિમાને વ્યવસ્થિત રાખવાનું જ્ઞાન આ સૂત્રમાં આપ્યું છે.

અંતમાં નિર્ગ્રંથ પ્રવચનકુમારે ફરમાવ્યું છે કે– આ બાવીસ શિલ્પીઓએ

દશાશ્રુતસ્કંધ સૂત્રના આધારે મારા કહેવા પ્રમાણે તમારા સંયમ દેહની દસ અવસ્થા બદલાવી નરરત્નને શ્રમણરત્નની પ્રતિમા બનાવી ગુપ્તિના ગભારામાં તમને પ્રતિષ્ઠિત કરી જાગૃત દેવ કર્યા છે. ત્યારપછી બૃહત્કલ્પમાંથી લાવીને દેહની પૂજા કરીને પૂજનીક બનાવ્યા છે. હવે તમે નિર્ગ્રંથ મહર્ષિ શ્રમણ વર્ગ તરીકે અને ઉપાસક પ્રતિમાથી શ્રમણોપાસક વર્ગ તરીકે પૂજનીય થઈ પંકાઓ છો. આ અવસ્થાનું પાલન, પોષણ વ્યવહાર સૂત્રના આધારે કેમ કરવું તેની સંક્ષિપ્ત માહિતી આપી દીધી છે. આ ચારિત્રનું ઘડતર જ્ઞાન, દર્શન, ચારિત્રને પૂર્ણ કે અપૂર્ણ રાખવું તે તમારી સ્વાધીનતા છે. રોજ રોજ પ્રક્ષાલન કરશો તો સિદ્ધાલયમાં જવા યોગ્ય બનતા રહેશો અને નહીં તો પ્રાયશ્ચિત્ત લીધા વિના શુદ્ધ નહિ થાઓ તો જ્ઞાન, દર્શન, ચારિત્રની વિરાધના કરી વિરાધક બની રહેશો એમ કહીને વિદાય લીધી.

બાવીસ શિલ્પીઓ સાધક વર્ગની સેવા કરવા સદાયે સાથે જ રહ્યા, તેથી તે સાધક વર્ગની શ્રમણ પ્રતિમા શુદ્ધ, બુદ્ધ થઈ સિદ્ધ થવા ઉત્સુક રહેવા લાગી. નિરતિચાર સામાયિક ચારિત્ર પાળતા શુદ્ધિ કરતાં યથાખ્યાત ચારિત્રથી કેવળજ્ઞાન પામી કેવળી તરીકે પંદર કર્મભૂમિના વિદેહ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે. કોઈ હજુ આચાર્ય-ઉપાધ્યાય સાધુ ભગવંતની રૂપે પંદર કર્મભૂમિનાં ક્ષેત્રમાં વિચરે છે.

આ ત્રણ છેદ સૂત્રો પ્રમાણે પ્રાયશ્ચિત્ત લેતાં લેતાં ચારિત્રને શુદ્ધ કરી રહ્યા છે. એવા અઢીદ્વીપની અંદર નરરત્ન શ્રમણ શ્રમણીની પ્રતિમારૂપે સમિતિ ગુપ્તિના અષ્ટ પ્રવચન માતાની ગોદમાં ત્રિરત્ને ઝુલી રહ્યા છે. તેઓ બે હજાર ક્રોડ, નવ હજાર ક્રોડ સાધુના રૂપમાં બિરાજી રહ્યા છે. આવી સુંદર શિલ્પ શાળામાં અમારી સાધક મંડળી ધર્મરથમાં બેસીને ગઈ હતી. પ્રવચન કુમારના પ્રવચન સાંભળી બાવીસ શિલ્પીની ધર્મ કળા જાણી અને શ્રમણ પ્રતિમા જોઈ અમે ધન્ય ધન્ય બની ગયા અને વિદેહ ક્ષેત્રમાં રહેલા સીમંધર સ્વામી આદિ વીસ વિહરમાન તથા સિદ્ધ થતાં અનેક કેવળી ભગવંતોને અમે ભાવ વંદન કરી નમી પડ્યા અને એક સાથે અમો સહુ ડોલી ઊઠ્યા, બોલી ઊઠ્યા–

**'મહાવિદેહ રૂડું નામ છે, સુંદર એવું ધામ છે, જ્યાં સીમંધર સ્વામી છે**
**ચાલો પ્રભુજીને વંદના કરીએ આયાહીણં પયાહીણં કરો વંદામિ નમંસ્સામિ**
**બોલો સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં... મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસ્સામિ....(૧)**

**સમોવસરણ જેનું ભવ્ય છે, દેશના જેની દિવ્ય છે,**
**મુખડું જેનું સૌમ્ય છે ચાલો પ્રભુજીને વંદના કરીએ...પજ્જુવાસ્સામી**
**એક અબજ જેના સાધુ છે, એક અબજ જેના સાધ્વી છે,**
**દસ લાખ જેના કેવલી છે, ચાલો સહુને વંદના કરીએ...**

આ રીતે પર્યુપાસના કરીને નિર્ણય કર્યો કે ભરત ક્ષેત્રનાં માનવીઓ પ્રભુની સાક્ષીએ પાપને એકત્રિત નહીં કરતા રોજ આલોચનાદિ તપ દ્વારા પ્રાયશ્ચિત્ત કરી લેવું તેવો નિયમ ધારણ કરીને અમારા મનોરથ સારથિનાં ધર્મરથમાં બેસી પાછા ફર્યા અને અમે સહુ અમારામાં સમાય ગયા.

પ્રિય પાઠકવૃંદ ! મારા સંપાદકીયની રીતથી આપ સહુ પરિચિત છો એટલે વિશેષ સમજાવવાની કોશિષ કરતી નથી. છેદ સૂત્ર આપણું એક ચારિત્ર સાંધતુ શિલ્પ છે. તેનું વાંચન, મનન કરીને, તેને કંઠસ્થ રાખીને આપણે આપણું ચારિત્ર શુદ્ધ રાખશું તો આ પંચમ આરામાં પણ પાંચમી ગતિને લાયક જરૂર બનશું. અસ્તુ..

આ સૂત્ર બહાર પાડવામાં કોઈ મહાત્મા પુરુષની અશાતના થઈ હોય તો મન વચન કાયાથી ક્ષમા માંગુ છું. અમારો સંકલ્પ હતો કે બત્રીસ આગમ બહાર પાડવા. તે માટે ગુરુવર્યોની આજ્ઞા અને આશીર્વાદથી અમે પુરુષાર્થ કરી શકયા છીએ. આપની શુભેચ્છાઓએ અમને પૂર્ણતાને સ્થાને પહોંચાડ્યા છે. તે માટે તમારા બધાનો આભાર માનું છું તથા સર્વનું શ્રેય થાઓ...મંગલ થાઓ...ઓમ શાંતિ...!!

## આભાર : ધન્યવાદ : સાધુવાદ :–

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરતો અણમોલ દિવ્ય અભિગમ પ્રેષિત કરનાર, મહાઉપકારી ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ પૂ. **શ્રી જયંતીલાલજી મ.સા.**નો અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત, નમસ્કાર કરું છું. શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે પૂ. ત્રિલોક મુનિ મ.સા.નો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. **ગિરીશ ગુરુદેવ**નો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરું છું. ગુરુપ્રાણ આગમ બત્રીસીના સંપાદન સહયોગી આગમ મનીષી પૂ. **ત્રિલોકમુનિવર્ય**ને શતકોટી વંદના પાઠવું છું.

મુનિ પુંગવોના ચરણાનુગામી, પ્રારંભેલા કાર્યને પૂર્ણતાના પગથારે

પહોંચાડનારા, આગમ ગુજરાતી સંસ્કરણના ઉદ્ભવિકા, ઉત્સાહધરા, નિપુણા, કાર્યનિષ્ઠાવાન, ઉગ્ર તપસ્વિની મમ ભગિની તેમજ સુશિષ્યા સ્વ. સાધ્વી શ્રી **ઉષાને** સ્મરણ સાથે ધન્યવાદ અર્પું છું.

આ ત્રણ છેદ સૂત્રોનાં અનુવાદિકા અમારા સુશિષ્યા બા. બ્ર. ડૉ. ડોલરબાઈ મ. છે. તેઓએ સુચારુ પુરુષાર્થ કર્યો છે. અત્યારે વડીલ મહાસતીજી મમ ગુરુભાગીની પૂજ્યવરાની સેવા શુશ્રૂષા કરતા તેઓના સાંનિધ્યમાં છે. તેઓનું નામ જ છે ડોલર, કહેવાય છે કે જે બગીચામાં ડોલરનો છોડ વાવ્યો હોય તે બગીચો રોજ મહેંક્યા કરે છે. એમ અમારા સુશિષ્યા ગુરુકુળમાં જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધિ દ્વારા છેદ સૂત્રના લખાણ પ્રમાણે ચારિત્રના બાગમાં મહેંક્યા કરે. ચારિત્ર શુદ્ધિ કરતાં જ્ઞાન, દર્શન, ચારિત્રનો ત્રિવેણી સંગમ કરી પવિત્ર બનતા રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

આગમ અવગાહન કાર્યમાં સહયોગી સાધ્વીરત્ના પુષ્પાબાઈ મ., પ્રભાબાઈ મ. એવં ધીરમતી બાઈ મ., હસુમતી બાઈ મ., વીરમતી બાઈ મ. સહિત સેવારત રેણુકાબાઈ મ. આદિ દરેક ગુરુકુલવાસી સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ કરી, આગમને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર, શબ્દાર્થ-ભાવાર્થ અને વિવેચનનું સંતુલન જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સહસંપાદિકા મમ શિષ્યા-પ્રશિષ્યા સાધ્વીરત્ના ડૉ. સાધ્વીશ્રી **આરતી** એવં સાધ્વીશ્રી **સુબોધિકાને** અભિનંદન સહિત સાદર ધન્યવાદ આપું છું.

આગમ નિષ્ઠાથી સેવા આપનાર શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખ, મણિભાઈ શાહ એવં કુમારી ભાનુબહેન પારેખને તેમજ ધોમ તાપમાં આવીને અમારા સંપાદકીય લખાણમાં યોગ જોડી, તન્મય બની, મોતીસમા અક્ષરે આલેખન કરનાર યોજ્ઞાબહેન મહેતાને અનેકશઃ ધન્યવાદ આપું છું.

પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ તથા આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દૃઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજયાબહેન તથા ભક્તિસભર હૃદયી પિતા માણેકચંદભાઈ શેઠના સુપુત્ર, નરબંકા, રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રુતસેવાસંનિષ્ઠ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા કાર્યાન્વિત શ્રી સર્વ સભ્યગણ; ધીરુભાઈ,

વિનુભાઈ આદિ કાર્યકર્તાઓ; મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી સર્વ કાર્યકરો, આગમના શ્રુતાધાર બનનારને અને અન્ય દાનદાતા મહાનુભાવોને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ. આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો, પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય તે ખ્યાલ આવે તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. **नमामि सव्व जिणाणं– खमामि सव्व जीवाणं ।**

"ગોંડલ ગચ્છનાં મહામના **હિર-વેલ-માન-દેવ-ઉજમ-મોતી** ગુરુણીને વંદના અમારા,
દઢતા, વિવેક, બ્રહ્મ નિષ્ઠતા દક્ષતા ઉજ્જવળતા આદિ ગુણોના હતા અખૂટ ભંડારા,
પરમ તારક **ફૂલ-આમ્ર-અમૃત-પ્રભા છબલ** ગુરુણીમૈયા હતા શાસન ના સિતારા
**ચંપા-જય-વિમલ** ગુરુણી વૃંદના આગમ સમાપને લીલમ ઝીલે આશીર્વાદ તમારા.

પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના
સુશિષ્યા – **આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

વીતરાગ દશાને પ્રાપ્ત કરીને સ્વરૂપમાં અખંડ સ્થિરતા પ્રાપ્ત કરવી, તે સાધકનું અંતિમ લક્ષ્ય છે. તે લક્ષ્ય સિદ્ધિ માટે પુરુષાર્થ કરતો સાધક પૂર્વકૃત કર્મના ઉદય ભાવને આધીન થઈને કેટલી ય વાર ભૂલો કરે, પાપદોષનું સેવન કરે, કેટલી ય વાર ચડે અને પડે, ક્યારેક હતાશ અને નિરાશ થઈ જાય, ત્યારે આચાર્ય તેને છેદ સૂત્રના માધ્યમથી સાંત્વન આપે છે. હે સાધક ! તે ગમે તે દોષનું સેવન કર્યું હોય, તેનો કોઈ વાંધો નહીં. વર્તમાને જો તારી આત્મ વિશુદ્ધિની તીવ્રતમ તમન્ના હોય, તો તેનો માર્ગ ચોક્કસ ઉપલબ્ધ છે. જિનશાસનમાં પાપી વ્યક્તિને પવિત્ર બનાવવાનો અનુપમ માર્ગ છે, તે માર્ગ છે પ્રાયશ્ચિત્ત અને તે પ્રાયશ્ચિત્તનો માર્ગ છેદ સૂત્ર દ્વારા પ્રાપ્ત થાય છે.

શિષ્યોની સમગ્ર સાધના ગુરુના સાંનિધ્યમાં અને ગુરુની આજ્ઞાપૂર્વક જ થાય છે, તેથી શિષ્યના દોષ સેવન માટે પ્રાયશ્ચિત્ત પ્રદાનનો અધિકાર સંપૂર્ણપણે ગુરુનો જ હોય છે. ક્યા દોષનું ક્યું અને કેટલું પ્રાયશ્ચિત્ત લેવું, તે વિષયમાં શિષ્યના તર્ક-વિતર્ક નિરર્થક છે. કેવળ સરળભાવે યથાતથ્ય આલોચના કરવી, તે જ શિષ્યનું કર્તવ્ય છે. પ્રાયશ્ચિત્તનો સર્વ અધિકાર એક માત્ર આચાર્યનો કે ગુરુનો જ હોય છે, તેથી એક દષ્ટિકોણથી પ્રાયશ્ચિત્ત પ્રધાન શાસ્ત્રોનું સંપાદન કરવું, તે અમારા વિષય બહારની વસ્તુ છે. તેમ છતાં ગુર્વાજ્ઞાએ જે જવાબદારી વહન કરવાની હતી. તે કાર્યનો પ્રારંભ કર્યો. પૂર્વ પ્રકાશિત નિર્યુક્તિ, ટીકા તેમજ વિવેચનોનું વાંચન કર્યું.

સાધક જીવનની આચાર શુદ્ધિમાં સહાયક શાસ્ત્રોનું સરળ ગુજરાતી ભાષામાં પ્રકાશન થાય, તો જ સર્વ કોટિના સાધકો સમાચારીની પ્રત્યેક ક્રિયાનું મહત્ત્વ સમજે અને તેનું પાલન ન કરવાથી પ્રાપ્ત થતાં પ્રાયશ્ચિત્તના વિષયને જાણીને સમાચારીનું અપ્રમત્તપણે પાલન કરી શકે, તે દષ્ટિકોણથી શાસ્ત્રનું સંપાદન કર્યું છે.

વર્તમાને શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં આઠમી દશા 'પર્યુષણા કલ્પ'માં ભગવાન મહાવીર સ્વામીના જન્મ આદિ પાંચ વિશિષ્ટ પ્રસંગોના નક્ષત્રોનું વર્ણન જ ઉપલબ્ધ થાય છે. નિર્યુક્તિમાં આ દશામાં પર્યુષણા કલ્પની સ્પષ્ટતા સાથે સાધુ સમાચારીનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં નિર્યુક્તિના આધારે સમાચારીનો સંક્ષિપ્ત સાર વિવેચનમાં આપ્યો છે.

દશાશ્રુતસ્કંધની દરેક દશામાં પ્રારંભમાં તે દશાના વિષયની પૃચ્છા સંબંધી

પ્રશ્ન **कयरे खलु...** વાક્યાંશથી છે. ત્યારપછી તે ઉત્તર **इमे खलु...** વાક્યાંશથી છે. તેમાં **तंजहा...** પછી તે તે દશાના વિષયગત બોલના નામ આપ્યા છે, પરંતુ છટ્ઠી દશાના પ્રથમ સૂત્રમાં **तंजहा...** પછી અક્રિયાવાદી, ક્રિયાવાદી આદિ સંબંધિત વિસ્તૃત પાઠ છે. તે પાઠ અપ્રાસંગિક, અનુપયોગી અને લિપિકાળમાં પરિવર્તિન થયેલો જણાતાં તે પાઠને અને તેના ભાવાર્થને કૌંસમાં ઈટાલી ટાઈપમાં મૂક્યો છે અને તે પ્રસંગાનુસાર અગિયાર પ્રતિમાનો નામ સૂચક પાઠ શ્રી સમવાયાંગ સૂત્રના પાઠ અનુસાર કૌંસમાં રાખ્યો છે.

વ્યવહાર સૂત્રના છટ્ઠો ઉદ્દેશક, સૂત્ર–૫માં **एगवगडा** આદિ વિશેષણો સાધુને રહેવાના સ્થાન– ઉપાશ્રયની સંબંધિત છે. ભાષ્યકારે પણ તે પ્રમાણે જ વિવેચન કર્યું છે પરંતુ મૂળપાઠમાં **एगवगडा...** વગેરે વિશેષણો સાથે વિષય રૂપ(વિશેષ્ય) **उवस्सय** શબ્દ લિપિદોષથી છૂટી ગયો હોય તેમ જણાતા પ્રસ્તુમાં **उवस्सय** શબ્દને કૌંસમાં રાખ્યો છે.

વ્યવહાર સૂત્ર, ઉદ્દેશક–૪, સૂત્ર–૧૯ **अभिणिचारियं** 'અભિનિચારિકાગમન'નો અર્થ કેટલાક આચાર્યોએ 'વ્રજિકાગમન' કર્યો છે, પ્રસ્તુતમાં **अभिणिचारियं** શબ્દનો વ્યુત્પત્તિ અનુસાર અર્થ કરીને વ્રજિકાગમનને ઉદાહરણ રૂપે સમજાવ્યું છે.

આ રીતે ત્રણે છેદ સૂત્રોના ભાવાર્થ અને સરળ વિવેચન દ્વારા સાધુ જીવનની મર્યાદા તથા મર્યાદા ભંગના પ્રાયશ્ચિત્ત વિધાનને સ્પષ્ટ કર્યું છે.

સંપાદન કાર્યની સફળતાની સોનેરી ક્ષણે અનંત ઉપકારી તપસમ્રાટ ગુરુદેવ પૂ. **શ્રી રતિલાલજી મ.સા.**, પ્રધાન સંપાદિકા, સંયમ સંનિષ્ઠા, ગુરુણીમૈયા ભાવયોગિની પૂ. લીલમબાઈ મ., અમારા મૂક સહયોગી, ઉપકારી ગુરુણીમૈયા **પૂ. વીરમતિબાઈ મ.** તથા સહવર્તી **પૂ. બિંદુબાઈ મ.** આદિ ગુરુકુલવાસી સર્વ સતિવૃંદના સદ્‌ભાવના પૂર્વકના સથવારાનો તથા જન્મદાત્રી માતા-પિતાના સંસ્કાર ઋણનો સ્વીકાર કરીને વિરામ પામીએ છીએ.

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી ડોલરબાઈ મ.

ચાર પ્રકારના અનુયોગમાંથી ચરણકરણાનુયોગની પ્રધાનતા ધરાવતા શાસ્ત્રોમાં સાધકના આચાર-વિચારની શુદ્ધિ માટેના વિસ્તૃત વર્ણનો છે. સાધક દઢતમ સંકલ્પપૂર્વક આચારશુદ્ધિના લક્ષે વ્રત-નિયમોનો સ્વીકાર કરે છે, પરંતુ પૂર્ણતાની પ્રાપ્તિ ન થાય, મોહનીયકર્મનો ક્ષય ન થાય ત્યાં સુધી પૂર્વકૃત કર્મના ઉદયે અથવા ક્યારેક વર્તમાનના મંદ પુરુષાર્થે સાધક સ્વીકૃત વ્રતોનું પૂર્ણપણે પાલન કરી શકતો નથી. તે અનેક વાર સ્ખલના પામે છે, જાણતાં કે અજાણતાં પાપ-દોષનું સેવન કરે છે અને તેના વ્રત ખંડિત થઈ જાય છે. આ પરિસ્થિતિમાં પતિત થયેલા સાધકને પુનઃ ઉપર ઉઠાવી લેવો, ખંડિત થયેલા વ્રતને પુનઃ અખંડ બનાવવા, તેની સાધનાને પૂર્ણતા સુધી પહોંચાડવી, તે કાર્ય અત્યંત જરૂરી છે. પૂર્વાચાર્યોએ અત્યંત કરુણાભાવે સાધનાની ખૂટતી કડીરૂપ ચાર છેદ સૂત્રોની રચના કરી છે. તેના નામ આ પ્રમાણે છે– શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર, બૃહત્કલ્પ સૂત્ર, વ્યવહાર સૂત્ર અને નિશીથ સૂત્ર. તેમાં પ્રથમ ત્રણ છેદ સૂત્રોનો સમાવેશ પ્રસ્તુત આગમમાં થયો છે.

**છેદ સૂત્ર :–** 'છેદ' શબ્દનો સામાન્ય અર્થ 'કાપવું, છેદન કરવું' થાય છે. ધર્મ સંબંધી છેદનું લક્ષણ આ પ્રમાણે છે–

**वज्झाणुट्ठाणेणं जेण ण बाहिज्जए तये णियया ।**
**संभवइ य परिसुद्धं सो पुण धम्मम्मि छेउत्ति ॥**

જે બાહ્ય ક્રિયાથી ધર્મમાં બાધા થતી ન હોય અને જેનાથી નિર્મળતાની વૃદ્ધિ થતી હોય, તે ક્રિયાને છેદ કહે છે.

કેટલાક આચાર્યના મતાનુસાર પાંચ ચારિત્રમાં પ્રથમ સામાયિક ચારિત્ર છે. તે અલ્પકાલીન છે. બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર જીવન પર્યંતનું છે, તેમાં દોષ લાગવાની અધિકતમ સંભાવના છે, તેથી છેદોપસ્થાપનીય ચારિત્રની શુદ્ધિ માટેના ઉપાયો પ્રદર્શિત કરતા આગમોને છેદ સૂત્ર કહે છે, કહ્યું છે કે–

**जम्हा तु होति सोधी छेद सुयत्थेण खलितचरणस्स ।**
**तम्हा छेय सुयत्थो बलवं मोत्तुणं पुव्वगतं ॥** વ્યવહાર ભાષ્ય, ગાથા

૧૮૨૯

કોઈપણ નિમિત્તથી ચારિત્રમાં સ્ખલના થઈ હોય, તો તેની શુદ્ધિ છેદસૂત્રોના આધારે જ થાય છે, તેથી પૂર્વગત સૂત્રોને છોડીને શેષ સૂત્રમાં અર્થની દૃષ્ટિએ છેદ સૂત્ર બલવત્તર અને મહત્વપૂર્ણ છે.

છેદની પ્રક્રિયા સાધકની શુદ્ધિ માટે છે. જેમ શરીરના હાથ-પગ આદિ કોઈ એક વિભાગમાં સડો થયો હોય, તે અંગની શુદ્ધિ માટે મલમ વગેરે લગાડવા છતાં શુદ્ધિ થતી ન હોય, સડો ધીરે ધીરે આખા શરીરમાં ફેલાવાની શક્યતા હોય, ત્યારે ડોક્ટરો તે દર્દીને બચાવી લેવા માટે ઓપરેશન દ્વારા શરીરના સડી ગયેલા ભાગનું છેદન કરી નાંખે છે. દર્દી પણ શરીરના એક ભાગના છેદનને સ્વીકારીને જીવન બચાવી લે છે. તેમ સાધકની સાધનામાં અતિચારોના, પાપ દોષના સેવનથી સડો થતો હોય, આલોચના આદિથી તેની શુદ્ધિ થઈ શકે તેમ ન હોય, વધતું જતું તે દોષ સેવન સમગ્ર સાધનાનો નાશ કરે તેમ હોય, ત્યારે આચાર્ય આદિ સાધકના સાધના માર્ગને સુરક્ષિત રાખવા માટે દોષ સેવનના દંડરૂપે તેને પ્રાયશ્ચિત્ત આપીને તેની શુદ્ધિ કરે છે.

દશ પ્રકારના પ્રાયશ્ચિત્તમાં સાતમું છેદ પ્રાયશ્ચિત્ત છે. તેમાં અમુક દિવસની દીક્ષા પર્યાયનો છેદ કરીને સાધકની શુદ્ધિ કરાય છે. છેદ સૂત્રોમાં સંયમી જીવનની વિવિધ પરિસ્થિતિઓમાં થતાં દોષ સેવન તથા તેની શુદ્ધિ માટેના ઉપાય રૂપ પ્રાયશ્ચિત્તનું વિધાન છે. સંક્ષેપમાં શ્રી દશવૈકાલિક સૂત્ર, શ્રી આચારાંગ સૂત્ર આદિ આગમો સાધુ જીવનના આચારનું પ્રતિપાદન કરે છે, તો છેદ સૂત્રો ચારિત્ર શુદ્ધિના ઉપાયોનું દર્શન કરાવે છે.

નિશીથ ભાષ્યમાં કહ્યું છે કે છેદ સૂત્રોના આધારે જ ચારિત્રની શુદ્ધિ થતી હોવાથી તે **છેયં–છેક** અર્થાત્ ઉત્તમ સૂત્ર છે.

**છેદ સૂત્ર રચના :–** દશાશ્રુતસ્કંધ સૂત્રની નિર્યુક્તિના મંતવ્ય અનુસાર આ ત્રણે છેદ સૂત્રો ચૌદપૂર્વી શ્રી ભદ્રબાહુ સ્વામી દ્વારા નવમા પ્રત્યાખ્યાન પૂર્વમાંથી નિર્યુઢ થયેલા છે.

**वंदामि भद्रबाहुं, पाईणं चरिय सयलसुयणाणिं ।**
**सो सुत्तस्स कारगमिसं (णं) दसासु कप्पे ववहारे ॥** દશાશ્રુત. નિર્યુક્તિ

આ રીતે સમસ્ત આગમોના ભાવોનો અર્થરૂપે તીર્થંકરોએ ઉપદેશ આપ્યો છે. ગણધરોએ તેને સૂત્ર રૂપે ગૂંથ્યા છે અને કાલક્રમે અનેક પૂર્વાચાર્યો તે તે ભાવોમાંથી કોઈ ચોક્કસ વિષયને સંક્ષિપ્ત રૂપ આપી શાસ્ત્ર રૂપે પ્રસિદ્ધ કર્યા છે. સંક્ષેપમાં શાસ્ત્રના સર્વ ભાવો મૂલતઃ તીર્થંકર કથિત છે, તેથી તે પરમ શ્રદ્ધેય, આદરણીય અને આચરણીય છે.

**છેદ સૂત્રોનો વર્ણ્ય વિષય :–** સામાન્ય રીતે છેદ સૂત્રોના વિષયને ચાર વિભાગમાં વિભાજિત કરી શકાય છે. (૧) ઉત્સર્ગ માર્ગ (૨) અપવાદ માર્ગ (૩) દોષ સેવન (૪) પ્રાયશ્ચિત્ત.

**ઉત્સર્ગ માર્ગ :–** જે નિયમોનું પાલન કરવું પ્રત્યેક સાધુ-સાધ્વીને અનિવાર્ય હોય, તે ઉત્સર્ગ માર્ગ છે. જેમ કે પંચ મહાવ્રતોનું પાલન કરવું તે સર્વ સાધુ-સાધ્વીઓ માટે સામાન્ય નિયમ છે. સાધુ-સાધ્વીને ત્રણ પ્રકારના વસ્ત્રો કલ્પે છે. ચામડાંનાં વસ્ત્રો કલ્પતા નથી. આ સામાન્ય નિયમ છે, તે ઉત્સર્ગ માર્ગ છે. તે નિયમોનું પ્રામાણિકતાથી પાલન કરનાર સાધુ પ્રશંસનીય અને આદરણીય બને છે. ઉત્સર્ગ માર્ગને સામાન્ય આચાર વિધિ કહે છે.

**અપવાદ માર્ગ :–** વિશિષ્ટ પરિસ્થિતિમાં સામાન્ય આચાર વિધિના પાલનમાં જે છૂટ અપાય, તે અપવાદ માર્ગ છે, તેને વિશેષ વિધિ પણ કહે છે. જેમ કે– સાધુને ચામડાંના વસ્ત્ર કલ્પનીય નથી, તે ઉત્સર્ગ માર્ગ છે પરંતુ રોગ આદિ વિશેષ પરિસ્થિતિમાં સાધુ ચર્મખંડનો ઉપયોગ વિવેકપૂર્વક કરી શકે છે. આ અપવાદ માર્ગ-વિશેષ વિધિ છે. તેના બે પ્રકાર છે– (૧) નિર્દોષ અપવાદ અને (૨) સદોષ અપવાદ. ઉત્તરગુણ પ્રત્યાખ્યાનમાં જે છૂટ-આગાર રખાય, તે નિર્દોષ અપવાદ છે, જેમ કે– સાધુએ ગૃહસ્થને ત્યાં બેસવું નહીં, તે ઉત્સર્ગ માર્ગ છે, પરંતુ વૃદ્ધ, ગ્લાન કે તપસ્વી સાધુને અત્યંત જરૂરી હોય, તો તે થોડીવાર બેસી શકે છે, આ નિર્દોષ અપવાદ છે. નિર્દોષ અપવાદ સેવનનું પ્રાયશ્ચિત્ત હોતું નથી, પરંતુ સાધુ વિવેકપૂર્વક અત્યંત જરૂર હોય ત્યારે જ તેનો ઉપયોગ કરે છે.

જે ક્રિયા અનિવાર્ય પરિસ્થિતિમાં ઈચ્છા ન હોવા છતાં કરવી પડે છે; જે ક્રિયામાં હિંસાદિ દોષનું સેવન કરવું પડે છે; તે સદોષ અપવાદ છે; જેમ કે– સાધુએ જલમાર્ગે વિહાર ન કરવો, તે ઉત્સર્ગ માર્ગ છે પરંતુ અનિવાર્ય પરિસ્થિતિમાં નદી પાર કરવી પડે, તો તે મહિનામાં બે વાર કરી શકે છે. આ સદોષ અપવાદ છે. સદોષ અપવાદના સેવન પછી તુરંત પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરીને સાધક શુદ્ધિ કરે છે.

**(૩) દોષ સેવન :–** ઉત્સર્ગ કે અપવાદ માર્ગનું, સંયમ સમાચારીનું ઉલ્લંઘન કરવું, વ્રત ભંગ કરવો, તે દોષ–સેવન છે.

**(૪) પ્રાયશ્ચિત્ત :–** દોષ વિશુદ્ધિ માટેની પ્રક્રિયાને પ્રાયશ્ચિત્ત કહે છે. કયા દોષની શુદ્ધિ માટે કયુ અને કેટલું પ્રાયશ્ચિત્ત આપવું, તેનું વિસ્તૃત વર્ણન છેદ સૂત્રોમાં છે. પ્રાયશ્ચિત્તના દસ ભેદનું વિસ્તૃત વિવેચન શ્રી સ્થાનાંગ સૂત્રના દશામા સ્થાનમાં છે.

**ત્રણ પ્રકારના કલ્પ :–** સંયમી જીવનના કલ્પ, નિયમો(મર્યાદા)ના ત્રણ પ્રકાર છે–

**(૧) વિધિ કલ્પ :–** વિધેયાત્મક નિયમો, જેમ કે સાધુને શેષ કાળમાં ગ્રામાનુગ્રામ વિહાર કરવો કલ્પે છે. જે સૂત્ર પ્રયોગમાં **कप्पइ** શબ્દ પ્રયોગ હોય, તે વિધિકલ્પ છે.

**(૨) નિષેધ કલ્પ :–** નિષેધાત્મક નિયમો, જેમ કે– સાધુને ચાતુર્માસના વિહાર કરવો કલ્પતો નથી. જે સૂત્ર પ્રયોગમાં **णो कप्पइ** શબ્દપ્રયોગ હોય, તે નિષેધકલ્પ છે.

**(૩) વિધિ–નિષેધ કલ્પ :–** વિધિ-નિષેધાત્મક નિયમો, જેમ કે સાધ્વીને વિધિપૂર્વક ટુકડા કરેલા અર્થાત્ શસ્ત્ર પરિણત તાલ પ્રલંબ કલ્પે છે પરંતુ અખંડ તાલ પ્રલંબ કલ્પતા નથી. જે સૂત્ર પ્રયોગમાં **कप्पइ, णो कप्पइ** બંને સૂત્ર પ્રયોગ હોય, તે વિધિ-નિષેધ કલ્પ છે.

શાસ્ત્રમાં પ્રદર્શિત કેટલાક વિધિ-નિષેધો સાધુને માટે, કેટલાક સાધ્વીને માટે છે અને કેટલાક વિધિ-નિષેધો બંને માટે સમાન છે. આ રીતે છેદ સૂત્રોમાં ઉત્સર્ગ, અપવાદ, વિધિ-નિષેધ આદિ વિધાનો દ્વારા સાધુના જીવનોપયોગી સેંકડો સૂચનો છે, તેથી છેદ સૂત્રોને શ્રમણ જીવનની આચાર સંહિતા અથવા દંડ સંહિતા પણ કહી શકાય છે. ત્રણ છેદ સૂત્રોનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે–

**(૧) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર :–** આ પ્રથમ છેદ સૂત્ર છે. છેદ સૂત્રના વર્ણ્ય વિષયને જોતાં સ્પષ્ટ થાય છે કે છેદ સૂત્રના બે કાર્ય છે– (૧) સાધકને દોષ સેવનથી બચાવવા અને (૨) પ્રમાદવશ સેવન કરેલા દોષની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્તનું વિધાન કરવું. શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં સાધકને દોષથી બચવા માટેના વિષયોનું પ્રતિપાદન છે. શ્રી ઠાણાંગ સૂત્રમાં તેનું બીજું નામ 'આચાર દશા' પ્રાપ્ત થાય છે. સમવાયાંગ સૂત્ર તથા ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કલ્પ અને વ્યવહાર સૂત્રની પૂર્વે **आयारदसा** નામ પ્રાપ્ત છે. તેમાં સાધુના આચાર શુદ્ધિ માટેના વિષયોની મુખ્યતા છે તેથી 'આચાર દશા' નામ વિષયને અનુરૂપ

અને સાર્થક છે. આ સૂત્રમાં દશ અધ્યયન હોવાથી તેનું 'દશાશ્રુતસ્કંધ' નામ પ્રચલિત છે. શ્રી આવશ્યક સૂત્રના ચોથા શ્રમણ સૂત્રમાં તેનું **दसा** નામ પ્રાપ્ત થાય છે. **दसाकप्पववहार...** – શ્રી આવશ્યક સૂત્ર.

આ સૂત્રની પ્રથમ ત્રણ દશામાં અસમાધિસ્થાન, શબલ દોષ, આશાતનાઓનું તથા અંતિમ બે દશામાં મહામોહનીય કર્મબંધ સ્થાન તથા નિદાનનું વર્ણન છે. જે સર્વ વિષયો સંપૂર્ણપણે ત્યાજ્ય છે. ચોથી દશામાં આચાર્ય-ગણિની આઠ આચાર સંપદાનું નિરૂપણ છે. જે ગીતાર્થ શ્રમણોને, આચાર્ય પદ પ્રાપ્ત કરવાની યોગ્યતા ધરાવતાં શ્રમણોને અત્યંત ઉપયોગી છે અને અગીતાર્થ શ્રમણોને માટે પણ તેનું જ્ઞાન જરૂરી છે. પાંચમી દશામાં ચિત્ત સમાધિ સ્થાનનો બોધ સર્વ સાધકોને ચિત્ત સમાધિ પ્રાપ્ત કરવાનું માર્ગદર્શન આપે છે.

છટ્ઠી દશામાં શ્રાવક પડિમા અને સાતમી દશામાં ભિક્ષુ પડિમાનો બોધ ક્રમશઃ શ્રાવક અને સાધુની સાધનાના ક્રમિક વિકાસને સૂચિત કરે છે. આઠમી દશાનું નામ ' પર્યુષણા કલ્પ' છે. નિર્યુક્તિ અને ભાષ્ય ગ્રંથોને જોતાં પ્રતીત થાય છે કે પૂર્વે આઠમી દશામાં કેવળ સાધુ સમાચારીનું વર્ણન હતું. તીર્થંકર ચરિત્ર તથા સ્થવિરાવલીનો વિષય તેમાં ક્યારે જોડાઈ ગયો તેના માટે કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ થતી નથી. વર્તમાને આઠમી દશામાં કેવળ ભગવાન મહાવીર સ્વામીના પાંચ કલ્યાણકના નક્ષત્રોના નામનો જ ઉલ્લેખ છે. નવમી દશામાં મહામોહનીય કર્મબંધના ૩૦ બોલનું કથન છે. આઠ કર્મોમાં મોહનીય કર્મ પ્રધાન છે. તે કર્મનો સંવર કરવા તેના બંધસ્થાનથી દૂર રહેવાનું સૂચન છે. દસમી દશામાં સંયમ અને તપનું ફળ મેળવવાના વિવિધ પ્રકારના સંકલ્પ(નિદાન)નું વર્ણન છે. આ નિદાનના ફળ સ્વરૂપે સાધક યથાયોગ્ય સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિપણુ આદિ પામે છે પરંતુ તે સાધક, મોક્ષથી દૂર રહે છે, માટે તેમાં તેવા નિદાન ન કરવાનું સૂચન છે. આ રીતે દશાશ્રુતસ્કંધનો વિષય સાધુ અને શ્રાવક બંનેને ઉપયોગી અને આચરણીય છે.

**બૃહત્કલ્પ :–** આ સૂત્રનું પ્રાચીન નામ **कप्पसुत्तं** છે, પરંતુ 'પર્યુષણા કલ્પ' કલ્પ સૂત્રના નામથી પ્રસિદ્ધ થયું, તેનાથી આ સૂત્રની ભિન્નતા પ્રદર્શિત કરવા **कप्पसुत्तं** જ બૃહત્કલ્પ સૂત્રના નામથી ઓળખાય છે. નંદી સૂત્રમાં, આવશ્યક સૂત્રમાં આગમના નામો છે, તેમાં બૃહત્કલ્પ નામ પ્રાપ્ત થતું નથી.

કલ્પ શબ્દના અનેક અર્થ થાય છે. આચાર, મર્યાદા, રાજનીતિ મર્યાદા, ધર્મ મર્યાદા વગેરે. પ્રસ્તુત સૂત્રમાં 'કલ્પ' શબ્દપ્રયોગ આચાર મર્યાદા અથવા ધર્મમર્યાદાનો સૂચક છે.

જે શાસ્ત્રમાં સાધુ જીવનની આચાર-મર્યાદાનું નિરૂપણ છે, તેને કલ્પસૂત્ર કહે છે. તેના છ ઉદ્દેશક છે. તેમાં લગભગ સેંકડો વિધિ-નિષેધ કલ્પ છે. પાંચ મહાવ્રત અને પાંચ સમિતિની શુદ્ધિ માટે વિવિધ ઉત્સર્ગ-અપવાદ માર્ગનું વિસ્તૃત વર્ણન છે. આચાર શુદ્ધિ માટે, શ્રમણ જીવનની નિર્મળતા માટે સાધુ-સાધ્વીને આ સૂત્રનું જ્ઞાન અનિવાર્ય છે.

**વ્યવહાર સૂત્ર :–** વ્યવહાર શબ્દનો પદ વિગ્રહ કરતાં **वि + अव + हर** = વ્યવહાર. જેના દ્વારા વિવિધ અથવા વિવાદાસ્પદ વિષયોનું અવહરણ અર્થાત્ નિરાકરણ થાય, સંશયાત્મક વિષયોનું નિર્ધારણ થાય, સમાધાન થાય, તેને વ્યવહાર કહે છે. જે શાસ્ત્રમાં તથાપ્રકારના વિષયોનું વર્ણન હોય, તેને વ્યવહાર સૂત્ર કહે છે. તેના દશ ઉદ્દેશક છે. આ સૂત્રમાં વ્યવહાર, વ્યવહારી તથા વ્યવહર્તવ્ય, આ ત્રણ વિષયોનું વર્ણન છે. **(૧) વ્યવહાર–** સાધન. આગમ વ્યવહાર, શ્રુત વ્યવહાર, આજ્ઞા વ્યવહાર, ધારણા વ્યવહાર અને જીત વ્યવહાર, આ પાંચ પ્રકારના વ્યવહારનું કથન છે. **(૨) વ્યવહારી–** ગણ અથવા ગચ્છના સાધુઓના આચારની શુદ્ધિ કરાવનારા પાંચ પ્રકારના વ્યવહારથી ગચ્છનું સંચાલન કરનારા ગીતાર્થ આચાર્યાદિની યોગ્યતા તથા તેના કર્તવ્ય આદિનું વર્ણન છે. **(૩) વ્યવહર્તવ્ય–** આચાર્યાદિના આદેશ અનુસાર પ્રવૃત્તિ કરનાર સામાન્ય સાધુ-સાધ્વીઓ વ્યવહર્તવ્ય છે.

જેમ કુંભાર(કર્તા) દંડ ચક્ર આદિ (સાધન) દ્વારા કુંભ(કર્મ) તૈયાર થાય છે તેમ આચાર્યાદિ વ્યવહારી પુરુષ(કર્તા) પાંચ પ્રકારના વ્યવહાર(સાધન) દ્વારા વ્યવહર્તવ્ય– સાધુ-સાધ્વીના આચારની શુદ્ધિ થાય છે.

આ રીતે ત્રણે છેદસૂત્રો શ્રમણ સમાચારીના બંધારણ સમ છે. તેના આધારે ગચ્છાધિપતિ આચાર્યો ગણનું સંચાલન કરે છે, શ્રમણ સંસ્કૃતિની વાસ્તવિકતા જાળવી રાખવા, સંઘીય વ્યવસ્થાનું નિયમન કરવા માટે છેદસૂત્ર મહત્વ પૂર્ણ શાસ્ત્રો છે.

**વ્યાખ્યા સાહિત્ય :–** આ શાસ્ત્રો વિષયની દષ્ટિએ ગંભીર છે, સંક્ષિપ્ત સૂત્રો દ્વારા તેનું રહસ્ય, તેનો પૂર્વાપરનો સંદર્ભ સમજવો કઠિન છે. શ્રી ભદ્રબાહુ સ્વામી(દ્વિતીય) એ

કઠિન વિષયને સમજાવવા માટે ચારે છેદ સૂત્ર પર નિર્યુક્તિની રચના કરી છે. તે ઉપરાંત તેના પર ચૂર્ણિની રચના પણ થઈ છે. તથા બૃહત્કલ્પ અને વ્યવહાર સૂત્ર પર વિસ્તૃત ભાષ્યની રચના પણ થઈ છે. બૃહત્કલ્પ પર શ્રી સંઘદાસ ગણિએ લઘુ ભાષ્યની રચના કરી છે.

ભાષ્યકારોએ પોતાની રચનામાં સૂત્રકારનો આશય સમજાવવા માટે તેની પૃષ્ઠ ભૂમિકારૂપે સંઘીય પરંપરા તથા તે તે વિષયોને અનુરૂપ પ્રસિદ્ધ દૃષ્ટાંતો આદિ દ્વારા વિસ્તૃત વર્ણન કર્યું છે. જે જૈન ઈતિહાસ અને તત્કાલીન સામાજિક પરિસ્થિતિના અધ્યયન માટે ઉપયોગી થાય છે.

શ્રી બૃહત્કલ્પ અને વ્યવહાર સૂત્ર પર આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા. કૃત સંસ્કૃત ટીકા છે. તેમાં પ્રાચીન નિર્યુક્તિ, ચૂર્ણિ અને ભાષ્ય ગ્રંથોના આધારે વિષય સમજાવ્યો છે. આચાર્ય શ્રી આત્મારામજી મ. સા. એ દશાશ્રુતસ્કંધ સૂત્ર પર સંસ્કૃત ટીકા લખી છે અને શ્રી અમોલક ઋષિજી મ.સા.એ સર્વ પ્રથમ હિન્દી અનુવાદ કર્યો છે. તે ઉપરાંત ઉપાધ્યાય શ્રી કનૈયાલાલજી મ.સા.એ **तिणि छेदसुत्ताणी** માં ભાવાર્થ અને વિસ્તૃત હિન્દી વિવેચન આપ્યું છે. પ્રવર્તક શ્રી અમરમુનિ મ.સા. એ પૂર્વ પ્રકાશનના આધારે આ આગમને સચિત્ર પ્રકાશિત કર્યું છે.

આ રીતે પૂર્વ પ્રકાશિત આગમ સાહિત્યના આધારે પ્રસ્તુત ગ્રંથ તૈયાર થયો છે. તેમાં સૂત્ર, ભાવાર્થ અને આવશ્યકતા અનુસાર વિવેચન છે.

**આભાર દર્શન :–** પ્રાતઃસ્મરણીય સૌરાષ્ટ્ર કેસરી પૂ. ગુરુપ્રાણ, ભક્તજનોના આતમપ્રાણની જન્મશતાબ્દી ચીરસ્મરણીય બની રહે તે માટે સરલ સુબોધ ગુજરાતી ભાષામાં આગમ પ્રકાશન કરવાની મારા વડિલ ગુરુભગિની ઉત્સાહધરા પૂ. ઉષાબાઈ મ. ની અંતર પ્રેરણા અને અમારા મુક્ત-લીલમ ગુરુણી સહિત શિષ્યા વૃંદનો અનેરો ઉત્સાહ, સમ્યક પુરુષાર્થ અને તેનાથી પણ સવિશેષ અંતરીક્ષથી સતત અને સતત અસ્ખલિત વહેતી પૂજ્યપાદ ગુરુદેવોની કૃપાધારાએ આ આગમ પ્રકાશનનું અતિ ઉત્તમોત્તમ, વિરાટ સત્કાર્ય સમાપનના આરે પહોંચ્યું છે. તેમાં ત્રણ છેદ સૂત્રોનું (દશાશ્રુત સ્કંધ, બૃહદ્કલ્પ અને વ્યવહાર સૂત્ર) પ્રકાશન થઈ રહ્યું છે. તે સમયે આસન્ન ઉપકારી ત્રિલોકીનાથ ચરમ તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામી, સૂત્ર સંકલન કરનાર સુધર્માસ્વામી, આગમ લિપિ બદ્ધ કરનાર દેવર્ધિગણિ ક્ષમાશ્રમણને અંતરમાં અવધારી

શ્રદ્ધાભાવે વંદન કરું છું.

ગોંડલ ગચ્છના આદ્ય સંસ્થાપક નિદ્રા વિજેતા ૧૦૦૮ બ્રા. બ્ર. પૂ. ડુંગરસિંહજી મ.સા., પાટાનુપાટ બિરાજિત સંપ્રદાયના નભોમંડળે ચમકતા અનસ્ત સિતારા મમશ્રદ્ધામૂર્તિ પૂજ્ય જય-માણેક-પ્રાણ-રતિ-ગુરુ દેવની અસીમ-અસીમ કૃપાએ તેમજ મમ જીવન ઉપકારી સંયમ સંસ્કારદાત્રી ગુરુણીમૈયા પૂજ્યવરા મંગલમૂર્તિ મુક્તાબાઈ સ્વામી અને ભાવયોગિની પૂ. લીલમબાઈ મ.ના અવિરત વરસતા અંતરના આશીર્વાદે 'ત્રણ છેદ સૂત્રો'ના ભગવદ્ ભાવોને સંયમી જીવનની જાગૃતિના લક્ષે, સ્વના સ્વાધ્યાયના સહારે અનુવાદ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ સમયે સૌ ઉપકારીવૃંદ પ્રત્યે અંતરથી કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કરું છું.

વર્તમાન બિરાજિત ગોંડલ ગચ્છ શિરોમણિ પરમદાર્શનિક પૂ. જયંતિલાલજી મ.સા. જેઓએ આગમના રહસ્યો સભર અભિગમ મોકલી અનન્ય ઉપકાર કર્યો છે. વાણીભૂષણ પૂ. ગિરીશમુનિ મ.સા., આગમ દિવાકર જનકમુનિ મ.સા., નવકાર મંત્ર આરાધક પૂ. જગદીશમુનિ મ.સા., ધ્યાનયોગી પૂ. હસમુખમુનિ મ.સા., તપસ્વી પૂ. ગજેન્દ્રમુનિ મ.સા., શાસનપ્રભાવક પૂ. નમ્રમુનિ મ.સા. તથા આગમ મનિષી પૂ. ત્રિલોક મુનિ મ.સા. વગેરે ગુરુ ભગવંતો મને હર હંમેશ માર્ગદર્શન આપતા રહ્યા છે તેઓશ્રીનો પણ હાર્દિક આભાર માની વંદન કરું છું.

મમગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ. જેઓના જીવનમાં અરિહંત આજ્ઞાનું ગુંજન અને મહાવીરના માર્ગનું મંથન ચરિતાર્થ છે તેવા ગુરુણીમૈયાએ સ્વસાધના અને તપ આરાધના સાથે પરામાર્થકાજે છેલ્લા નવ-નવ વર્ષથી તન, મન, જીવન આગમ પ્રકાશન કાર્યને સમર્પિત કર્યું છે અને સહસંપાદિકા મારા ગુરુભગિની સાધ્વી રત્ના ડૉ. આરતીબાઈ મ. અને સુબોધિકાબાઈ મ. એ પણ ગુરુણીના હૃદયભાવોને આત્મસાત્ કરી આગમ પ્રકાશન કાર્યમાં પરમાત્માના ભાવોને પામવા અજોડ સેવા આપી છે. તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ. આપ સૌનો શું ઉપકાર માનું ? શું આભાર માનું ? બધુ શબ્દાતીત છે.

**શબ્દની હોડલી શું લઈ જશે મારા ભાવનો ભારો**
**શબ્દો તો સીમિત છે ભાવ અસીમિત છે ત્યાં હું ક્યાં પામુ કિનારો ?**

તેમ છતાં આપ સૌના નવ-નવ વર્ષના અપ્રમતભાવે કરેલા આ પ્રચંડ પુરુષાર્થની ભૂરી ભૂરી અનુમોદના કરી, આ અનુવાદમાં રહેલી ત્રુટિઓને દૂર કરી સુઘડ, સચોટ,

સુંદર સુવ્યવસ્થિત કરવા બદલ અંતરથી ખૂબ ખૂબ આભાર માનું છું.

આ આગમોના અનુવાદનું કાર્ય કરવામાં સહાયક બનનાર સહવર્તી મમ ગુરુભગિનીઓ પૂ. સુમનબાઈ મ., પૂર્ણાબાઈ મ., પૂર્વીબાઈ મ. નો પણ આ તકે આભાર માનું છું.

ગુરુપ્રાણ ફાઉન્ડેશન પ્રમુખ, ઉત્સાહી સક્રિય કાર્યકર્તા શ્રીયુત ચંદ્રકાંતભાઈ શેઠ વગેરે દરેક આ અપૂર્વ વિરાટ સત્કાર્યને સફળ બનાવવા સક્રિય રહ્યા છે. આગમ પ્રત્યેના અહોભાવે શ્રી મુકુન્દભાઈ પારેખ, શ્રી મણીભાઈ શાહ, કુ. ભાનુબેન પારેખ વગેરેએ પ્રુફ સંશોધન કરી, નેહલભાઈએ આગમ મુદ્રિત કરી, જે સહકાર આપ્યો છે તે બદલ સૌનો પણ આભાર માનું છું.

અહો તારક જિનેશ્વર પરમાત્મા !

આપના આગમ ભાવોમાં નિશદિન આત્માની ઉજાગર દશાએ અપ્રમતભાવે અવગાહન કરતાં મારા અનંતાનંત કર્મોનો ક્ષય કરી આત્મ જાગૃતિએ આત્મ ભાવમાં લીન બની આપના અનંત ગુણોમાં વિલીન થઈ પરમાત્મ દશાને પામવા સમ્યક પુરુષાર્થી બનું એ જ અંતર આરઝૂ.

આ આગમોના અનુવાદકાર્યમાં મારી અલ્પમતિની ક્ષમતાએ ક્ષયોપશમ અનુસાર લખતા જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય અને આગમ ભાવોની કંઈ આશાતાના થઈ હોય તો અનંતા સિદ્ધ ભગવંતો, ગુરુ ભગવંતોની સાક્ષીએ ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્...

**પૂ. મુક્ત લીલમ ગુરુણીના સુશિષ્યા**

**સાધ્વી ડોલર**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

શ્રી દશા-કલ્પ-વ્યવહાર સૂત્ર

સ્થવિર રચિત છેદ સૂત્ર

# શ્રી બૃહત્કલ્પ સૂત્ર

# ઉદ્દેશક-૧

## પ્રાક્કથન

★ આ ઉદ્દેશકમાં સાધુ-સાધ્વીને ગ્રાહ્ય-અગ્રાહ્ય કેટલાક પદાર્થો, સાધુ-સાધ્વી માટેની કેટલીક મર્યાદાઓ, સ્થાન સંબંધી ઉત્સર્ગ-અપવાદ માર્ગ, વગેરે વિવિધ વિષયોનું નિરૂપણ છે.

★ વનસ્પતિના મૂળથી લઈ બીજ પર્યંતના દશ વિભાગોમાંથી ખાવા યોગ્ય વિભાગોમાંથી જે અચિત્ત થયેલા હોય, તે સાધુ-સાધ્વી માટે ગ્રાહ્ય છે. કંદ, મૂળ, ફળ આદિના અવિધિથી કરાયેલા મોટા અને લાંબા ટુકડા અચિત્ત હોવા છતાં સાધ્વી માટે તે અગ્રાહ્ય છે.

★ સાધુને ગામ, નગર વગેરેમાં એક માસ અને સાધ્વીને બે માસ રહેવું કલ્પે છે. જો તેના ઉપનગર આદિ હોય તો તે દરેક વિભાગમાં સાધુ એક-એક માસ અને સાધ્વી બે-બે માસ સુધી રહી શકે છે, તે જે વિભાગમાં રહે તે જ વિભાગમાં ભિક્ષા માટે ભ્રમણ કરે, અન્ય ઉપનગરોમાં ભિક્ષા માટે જાય નહીં.

★ એક વિભાગ, એક દ્વાર અને એક માર્ગવાળા ગ્રામ આદિમાં સાધુ-સાધ્વીએ જુદા ઉપાશ્રયમાં સમકાલે ન રહેવું જોઈએ, અનેક વિભાગ, અનેક માર્ગ અથવા અનેક દ્વાર હોય તો તેઓ તે ગ્રામમાં સમકાલે રહી શકે છે.

★ પુરુષોના અત્યધિક ગમનાગમનવાળા, ત્રણરસ્તાવાળા, ચારરસ્તાવાળા અથવા બજાર આદિમાં બનેલા ઉપાશ્રયોમાં સાધ્વીઓએ ન રહેવું જોઈએ, સાધુઓ તે ઉપાશ્રયોમાં રહી શકે છે. દરવાજા વિનાના સ્થાનમાં સાધ્વીઓએ રહેવું ન જોઈએ, પરિસ્થિતિવશ જો રહેવું પડે તો દ્વારમાં પડદા બાંધીને રહેવું જોઈએ, દરવાજા વિનાના સ્થાનમાં સાધુ રહી શકે છે.

★ સાધ્વી સાંકડા મોઢાવાળું, સુપ્રતિલેખ્ય પ્રશ્રવણ માત્રક પાત્ર સાધ્વી રાખી શકે છે, સાધુ તથાપ્રકારનું માત્રક પાત્ર રાખી શકતા નથી.

★ સાધુ-સાધ્વીને વસ્ત્રની મચ્છરદાની રાખવી કલ્પે છે.

★ સાધુ-સાધ્વીએ પાણીના કિનારે ઊભા રહેવું, બેસવું વગેરે કોઈ પણ ક્રિયાઓ ન કરવી જોઈએ.

★ સાધુ-સાધ્વીએ સ્ત્રી, પુરુષોના વિકારવર્ધક અથવા અન્ય આકર્ષક ચિત્રોથી યુક્ત મકાનમાં રહેવું ન જોઈએ.

★ સાધ્વીએ શય્યાતરના સંરક્ષણમાં જ રહેવું જોઈએ, સાધુ સંરક્ષણ વિના પણ રહી શકે છે.

★ સાધુ-સાધ્વીઓએ સ્ત્રી-પુરુષોના નિવાસથી રહિત મકાનમાં રહેવું જોઈએ. ક્યારેક તેવું નિર્દોષ સ્થાન પ્રાપ્ત ન થાય ત્યારે પુરુષોના નિવાસયુક્ત મકાનમાં સાધુ અને સ્ત્રીઓના નિવાસયુક્ત મકાનમાં સાધ્વીઓ રહી શકે છે.

★ ગૃહસ્થના સ્થાનથી પ્રતિબદ્ધ ઉપાશ્રયમાં અથવા પ્રતિબદ્ધ માર્ગવાળા ઉપાશ્રયમાં સાધુને રહેવું કલ્પતું નથી, ક્યારેક સાધ્વી રહી શકે છે.

★ કોઈની સાથે કલેશ થાય ત્યારે સ્વયં સર્વથા ઉપશાંત થવું અત્યંત જરૂરી છે, અન્યથા સંયમની

આરાધના થતી નથી.

★ સાધુ-સાધ્વીઓએ ચાર્તુમાસમાં એક સ્થાને જ રહેવું જોઈએ તથા હેમંત અને ગીષ્મઋતુમાં શક્તિ અનુસાર વિચરણ કરવું જોઈએ.

★ જે રાજ્યોમાં પરસ્પર વિરોધ ચાલતો હોય ત્યાં વારંવાર ગમનાગમન ન કરવું જોઈએ.

★ સાધુ અથવા સાધ્વી ગોચરી આદિ માટે ગયા હોય અને ત્યાં કોઈ વસ્ત્રાદિ લેવાનું કહે તો આચાર્યની સ્વીકૃતિના આગારથી જ ગ્રહણ કરે, જો આચાર્યાદિ સ્વીકૃતિ આપે તો પોતે તે વસ્ત્ર રાખે, અન્યથા પાછું આપી દે.

★ સાધુ-સાધ્વીઓએ રાત્રે અને વિકાલમાં આહાર, વસ્ત્ર, પાત્ર, શય્યા, સંસ્તારક ગ્રહણ કરવા ન જોઈએ. ક્યારેક વિશેષ પરિસ્થિતિમાં શય્યાસંસ્તારક ગ્રહણ કરી શકાય છે તથા ચોરાયેલા વસ્ત્ર, પાત્ર આદિ કોઈ પાછા આપવા આવે તો તેને રાત્રે અને વિકાલમાં પણ ગ્રહણ કરી શકાય છે.

★ રાત્રે અથવા વિકાલમાં સાધુ-સાધ્વીઓએ વિહાર કરવો ન જોઈએ તથા દૂરના ક્ષેત્રમાં થનારા જમણવારનો આહાર ગ્રહણ કરવા માટે પણ રાત્રે કે વિકાલે ન જવું જોઈએ.

★ સાધુ-સાધ્વીઓએ રાત્રે સ્થંડિલ ભૂમિમાં કે સ્વાધ્યાય ભૂમિમાં પોતાના સ્થાનથી દૂર એકલા ન જવું જોઈએ, સાધુએ બીજા એક કે બે સાધુઓ અને સાધ્વીએ બીજી બે, ત્રણ, ચાર સાધ્વીને સાથે લઈને જવું જોઈએ.

❖❖❖❖❖

# ઉદ્દેશક–૧

**સાધુ–સાધ્વીને ગ્રાહ્ય–અગ્રાહ્ય તાલ પ્રલંબ :–**

**१ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा आमे ताल-पलम्बे अभिण्णे पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ અને સાધ્વીઓને અભિન્ન-અખંડ અને શસ્ત્ર અપરિણત, કાચા-તાલ-પ્રલમ્બ(ફળ ાદિ) ગ્રહણ કરવા કલ્પતા નથી.

**२ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा आमे ताल-पलम्बे भिण्णे पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓને ભિન્ન-ટુકડા કરેલા અને શસ્ત્ર પરિણત કાચા તાલ-પ્રલમ્બ ગ્રહણ કરવા કલ્પે છે.

**३ कप्पइ णिग्गंथाणं पक्के ताल-पलम्बे भिण्णे वा अभिण्णे वा पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** સાધુઓને ભિન્ન-ટુકડા કરેલા કે અખંડ પાકી ગયેલા તાલ-પ્રલમ્બ લેવા કલ્પે છે.

**४ णो कप्पइ णिग्गंथीणं पक्के ताल-पलम्बे अभिण्णे पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને અભિન્ન-અખંડ પાકા તાલ-પ્રલમ્બ લેવા કલ્પતા નથી.

**५ कप्पइ णिग्गंथीणं पक्के ताल-पलम्बे भिण्णे पडिग्गाहित्तए; से वि य विहिभिण्णे, णो चेव णं अविहिभिण्णे ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને ટુકડા કરેલા, પાકા તાલ-પ્રલમ્બ ગ્રહણ કરવા કલ્પે છે, તે પણ વિધિપૂર્વક નાના ટુકડા કરાયેલા હોય તો ગ્રહણ કરવા કલ્પે છે. અવિધિપૂર્વક ટુકડા કરાયેલા હોય અર્થાત્ મોટા અને લાંબા ટુકડા હોય તો ગ્રહણ કરવા કલ્પતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ-સાધ્વીને તાલ-પ્રલમ્બની ગ્રાહ્યતા-અગ્રાહ્યતાનું વિધિ-નિષેધથી કથન કર્યું છે.

**ताल पलंबे :– तलो वृक्ष विशेषस्तत्र भवं तालं वृक्ष विशेष सम्बन्धि, पलंबं–प्रलम्बते इति प्रलम्बं प्रकर्षेण लम्बं वा प्रलम्बं लम्बायमानमाकृतितो दीर्घं कदली फलादिकं ।** તાલ– તાડવૃક્ષ અને તેના પર લટકતા ફળ, તાડફળ ઉપલક્ષણથી સૂત્રગત અન્ય સર્વ ફળોનું ગ્રહણ થાય છે. આ રીતે તાલ-પ્રલંબ પદથી કેળા, કેરી, સફરજન, ચીકુ આદિ સર્વ ફળનું ગ્રહણ થાય છે. ભાષ્યમાં **તાલ-પ્રલંબ**પદથી વૃક્ષના દસ વિભાગોને ગ્રહણ કર્યા છે જેમ કે–

**मूले कंदे खंधे, तया य साले पवाल पत्ते य ।**
**पुप्फे फले य बीए, पलंब सुत्तम्मि दस भेया ॥**

**– બૃહત્કલ્પ ઉદ્દેશક–૧, ભાષ્ય ગાથા ૮૫૪**

તાલપ્રલંબ શબ્દમાં તાલ શબ્દથી મૂળ અને પ્રલંબ શબ્દથી ફળનું ગ્રહણ થાય છે. વૃક્ષના દસ વિભાગમાં પ્રથમ મૂળ છે અને અંતિમ ફળ છે. તેમાં આદિ અને અંતના ગ્રહણથી મધ્યનું ગ્રહણ થઈ જાય છે. આ રીતે મૂળથી લઈને દસે પ્રકારની વનસ્પતિનું ગ્રહણ થાય છે.

પ્રથમ સૂત્રોનો અર્થ આ પ્રમાણે થાય છે કે સાધુ અને સાધ્વીને કાચા અને શસ્ત્ર પરિણત ન હોય તેવા મૂળ, કંદ, સ્કંધ, છાલ, શાખા, પ્રશાખા, પાંદડા, ફૂલ, ફળ અને બીજ ગ્રહણ કરવા કલ્પતા નથી, મૂળ આદિ જો શસ્ત્ર પરિણત થઈ જાય તો સાધુ સાધ્વી તેને ગ્રહણ કરી શકે છે.

સૂત્રમાં પ્રયુક્ત **आमं**, **भिण्णं** આદિ શબ્દોના અર્થ ભાષ્યકારે દ્રવ્ય અને ભાવ, એમ બે રીતે કર્યા છે–

**आम**– કાચા. દ્રવ્યથી કાચા ફળાદિ અને ભાવથી બીજ સહિતના ફળાદિ

**पक्क**– પાકા. દ્રવ્યથી પાકી ગયેલા ફળાદિ અને ભાવથી બીજ રહિત, અચેત થયેલા ફળાદિ.

**अभिन्न**– અખંડ. દ્રવ્યથી આખા ફળાદિ અને ભાવથી શસ્ત્ર પરિણત ન થયેલા ફળાદિ.

**भिन्न**– ખંડિત. દ્રવ્યથી ટુકડા કરેલા ફળાદિ અને ભાવથી શસ્ત્ર પરિણત થયેલા ફળાદિ.

સાધુ કે સાધ્વીને ભાવથી પક્વ અર્થાત્ બીજ રહિત અને ભાવથી ભિન્ન અર્થાત્ શસ્ત્ર પરિણત થયેલા ફળાદિ કલ્પે છે કારણ કે દ્રવ્યથી ભિન્ન અર્થાત્ ટુકડા કરેલા ફળમાં બીજની સંભાવના રહે છે અને દ્રવ્યથી પક્વ–પાકા ફળ પણ ગોઠલી સહિતના હોય છે, જેમ કે ટુકડા કરેલા જામફળમાં બીજ હોય છે, પાકી ગયેલી કેરી ગોઠલી સહિતની હોય છે, તેથી તે સાધુને માટે અગ્રાહ્ય છે.

પહેલા અને બીજા સૂત્રમાં સૂત્રકારે **आमं**– કાચી વનસ્પતિની ગ્રાહ્યતા-અગ્રાહ્યતા સ્પષ્ટ કરી છે. કાચી વનસ્પતિ અભિન્ન–શસ્ત્ર પરિણત ન થાય ત્યાં સુધી સાધુને અગ્રાહ્ય છે. જ્યારે તે કાચી વનસ્પતિ ભિન્ન–શસ્ત્ર પરિણત થઈ જાય, ત્યારે કલ્પનીય છે. આ બંને સૂત્રોમાં **भिण्णे** શબ્દનો અર્થ ભાવથી ભિન્ન અર્થાત્ 'શસ્ત્ર પરિણત' અને **अभिण्णे** શબ્દનો અર્થ ભાવથી અભિન્ન અર્થાત્ 'શસ્ત્ર અપરિણત' થાય છે.

ત્રીજા અને ચોથા સૂત્રમાં **अभिण्णे**– અભિન્ન, અખંડ કે ભિન્ન, ટુકડા થયેલા પાકા ફળની ગ્રાહ્યતા-અગ્રાહ્યતાને સમજાવી છે. પાકા કેળાદિ ફળ અભિન્ન-અખંડ આખા હોય કે ભિન્ન-ટુકડા કરેલા હોય, તે સાધુને ગ્રહણ કરવા કલ્પે છે પરંતુ સાધ્વીને માટે પાકા કેળાં આદિ ફળ અભિન્ન-અખંડ હોય અથવા વિધિપૂર્વક ભિન્ન-ટુકડા થયેલા ન હોય, તો કલ્પતા નથી પરંતુ તે પાકા ફળના વિધિપૂર્વક નાના નાના ટુકડા થયેલા હોય તો લેવા કલ્પે છે.

આ બંને સૂત્રમાં **अभिण्णे** શબ્દનો અર્થ દ્રવ્યથી અભિન્ન અર્થાત્ અખંડ અને **भिण्णे** શબ્દનો અર્થ દ્રવ્યથી ભિન્ન-ટુકડા કરેલા થાય છે. આ બંને સૂત્રમાં આકારની અપેક્ષાએ અગ્રાહ્યતા-ગ્રાહ્યતાનું કથન હોવાથી તેમાં દ્રવ્યની પ્રધાનતા છે. અખંડ-આખું બાફેલું કેળું ભાવથી ભિન્ન-શસ્ત્ર પરિણત હોવા છતાં તે દ્રવ્યથી અભિન્ન-અખંડ હોવાથી સાધ્વીને અગ્રાહ્ય છે.

**अविहिभिण्णे–विहिभिण्णे** :– અવિધિપૂર્વક ભેદ અર્થાત્ મોટા-લાંબા ટુકડા અને વિધિપૂર્વક ભેદ થવો અર્થાત્ નાના-નાના ટુકડા. અખંડ-આખા કેળાં આદિ ફળ, મૂળા વગેરે કંદ શસ્ત્ર પરિણત થઈ જાય ત્યારપછી સાધુ માટે ગ્રાહ્ય છે અને તેમાં આકારજન્ય દોષ હોવાથી સાધ્વી માટે અગ્રાહ્ય છે.

તે જ રીતે મૂળ, કંદ કે ફળ આદિના લાંબા-મોટા ટુકડામાં પણ ટુકડા થવા છતાં આકારજન્ય દોષ રહે છે, તેથી તે સાધ્વી માટે અગ્રાહ્ય છે.

**સાધુ-સાધ્વીને ગ્રાહ્ય-અગ્રાહ્ય તાલ-પ્રલમ્બ :–**

| વનસ્પતિના પ્રકાર | સાધુને ગ્રાહ્ય | સાધ્વીને ગ્રાહ્ય |
|---|---|---|
| ૧ કાચાં અને શસ્ત્ર અપરિણત મૂળ, કંદ, ફળ, બીજ આદિ | નથી | નથી |
| ૨ કાચાં અને શસ્ત્ર પરિણત મૂળ આદિ | છે | છે |
| ૩ પાકા અને આખા મૂળ, કંદ, ફળ આદિ | છે | નથી |
| ૪ પાકા મૂળ, કંદ, કેળાં આદિ ફળના અવિધિએ ટુકડા કરેલા અર્થાત્ લાંબા, મોટા ટુકડા | છે | નથી |
| ૫ પાકા કંદ, મૂળ, કેળા આદિ ફળના વિધિપૂર્વક નાના-નાના ટુકડા કરેલા | છે | છે |

**ગ્રામ આદિમાં રહેવાની કલ્પ મર્યાદા :–**

**૬ से गामंसि वा णगरंसि वा खेडंसि वा कब्बडंसि वा मडंबंसि वा पट्टणंसि वा आगरंसि वा दोणमुहंसि वा णिगमंसि वा आसमंसि वा सण्णिवेसंसि वा संवाहंसि वा घोसंसि वा अंसियंसि वा पुडभेयणंसि वा रायहाणिंसि वा सपरिक्खेवंसि अबाहिरियंसि कप्पइ णिग्गंथाणं हेमंत-गिम्हासु एगं मासं वत्थए ।**

**ભાવાર્થ :–** નિર્ગ્રંથોને સપરિક્ષેપ-કોટસહિતના અને અબાહિરિક-બહારના ભાગમાં વસ્તી રહિતના ગ્રામ, નગર, ખેડ, કર્બટ, મડંબ, પત્તન, આકર, દ્રોણમુખ, નિગમ, આશ્રમ, સંનિવેશ, સંબાધ, ઘોષ, અંશિકા, પુટભેદન અને રાજધાનીમાં હેમંત અને ગીષ્મઋતુમાં એક માસ સુધી રહેવું કલ્પે છે.

**૭ से गामंसि वा *जाव* रायहाणिंसि वा सपरिक्खेवंसि सबाहिरियंसि कप्पइ णिग्गंथाणं हेमंत-गिम्हासु दो मासे वत्थए- अंतो एगं मासं, बाहिं एगं मासं । अंतो वसमाणाणं अंतो भिक्खायरिया, बाहिं वसमाणाणं बाहिं भिक्खायरिया ।**

**ભાવાર્થ :–** સાધુઓને સપરિક્ષેપ-કોટ અથવા વાડ સહિતના અને સબાહિરિક-બહારના ભાગમાં વસ્તી સહિતના ગામ ***યાવત્*** રાજધાનીમાં હેમંત અને ગીષ્મ ઋતુમાં બે મહિના સુધી રહેવું કલ્પે છે. એક મહિનો ગ્રામાદિની અંદર અને એક મહિનો ગ્રામાદિની બહાર. ગ્રામાદિની અંદર રહેનાર સાધુને ગ્રામાદિની અંદર જ ગોચરી કરવી કલ્પે છે અને ગ્રામાદિની બહાર રહેનાર સાધુને ગ્રામાદિની બહાર જ ગોચરી કરવી કલ્પે છે.

**૮ से गामंसि वा *जाव* रायहाणिंसि वा सपरिक्खेवंसि अबाहिरियंसि कप्पइ णिग्गंथीणं हेमंत-गिम्हासु दो मासे वत्थए ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને સપરિક્ષેપ-કોટસહિતના અને અબાહિરિક-કોટની બહાર વસ્તી રહિતના ગામ ***યાવત્*** રાજધાનીમાં હેમંત અને ગીષ્મઋતુમાં બે મહિના સુધી રહેવું કલ્પે છે.

**૯ से गामंसि वा *जाव* रायहाणिंसि वा सपरिक्खेवंसि सबाहिरियंसि कप्पइ णिग्गंथीणं हेमंत-गिम्हासु चत्तारि मासे वत्थए- अंतो दो मासे, बाहिं दो मासे । अंतो वसमाणीणं अंतो भिक्खायरिया, बाहिं वसमाणीणं बाहिं भिक्खारिया ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને સપરિક્ષેપ-કોટ અથવા વાડસહિતના અને સબાહિરિક-કોટની બહાર વસ્તી સહિતના ગામ ***યાવત્*** રાજધાનીમાં હેમંત અને ગીષ્મઋતુમાં ચાર મહિના સુધી રહેવું કલ્પે છે, બે મહિના ગ્રામાદિ અંદર અને બે મહિના ગ્રામાદિની બહાર. ગ્રામાદિની અંદર રહેનાર સાધ્વીને ગ્રામાદિની અંદર જ ગોચરી કરવી કલ્પે છે અને ગ્રામાદિની બહાર રહેનાર સાધ્વીને ગ્રામાદિની બહાર જ ગોચરી કરવી કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ-સાધ્વીને શેષકાલમાં રહેવાની કાલમર્યાદા નિશ્ચિત કરી છે. સાધુ-સાધ્વીને રહેવા યોગ્ય સ્થાન માટે સૂત્રકારે બે વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

**(૧) सपरिक्खेवंसि अबाहिरियंसि :–** સપરિક્ષેપ અને અબાહિરિક. જે ગામ આદિની ચારે બાજુ પથ્થરો, ઈંટ, માટી, લાકડા, વાંસ અથવા કાંટા આદિની વાડ હોય અથવા ખાઈ, તળાવ, નદી, પર્વતનો કોટ હોય અર્થાત્ ગામ આદિ પૂરું થવાની કોઈ પણ પ્રકારની હદ કે મર્યાદા હોય અને તે કોટની અંદર જ ઘર વસેલા હોય, બહાર વસ્તી ન હોય તો તે ગ્રામાદિ **સપરિક્ષેપ અબાહિરિક** કહેવાય છે.

**(૨) सपरिखेवंसि–सबाहिरियंसि :–** સપરિક્ષેપ-સબાહિરિક. જે ગામ આદિની ચારે તરફ પૂર્વોક્ત પ્રકારના કોટમાંથી કોઈ પ્રકારનો કોટ અથવા મર્યાદા હોય અને તે કોટની બહાર પણ ઘર વસેલા હોય, તે ગ્રામાદિ **સપરિક્ષેપ સબાહિરિક** કહેવાય છે. સાધુ-સાધ્વી ઉક્ત બંને પ્રકારની વસ્તીમાં રહી શકે છે.

સાધુ-સાધ્વી ચાર્તુમાસમાં કોઈપણ ક્ષેત્રમાં ચાર મહિના સુધી રહી શકે છે, પરંતુ ચાર્તુમાસ સિવાય આઠ મહિનાના શેષકાલમાં ક્યાં અને કેટલો સમય રહે ? તેનું વિધાન પ્રસ્તુત સૂત્રોમાં છે.

સાધુ– શેષકાલમાં અર્થાત્ હેમંત કે ગ્રીષ્મ ઋતુમાં કોઈપણ સ્થાનમાં એક માસ રહે છે, જો તે સ્થાન સપરિક્ષેપ-સબાહિરિક હોય અર્થાત્ તે ગામની બહારના સ્થાનમાં પણ ઘરો વસેલા હોય જેમ કે ગામની બહાર સોસાયટી વિસ્તારમાં અનેક ઘર હોય, તો તે સ્થાનમાં બે માસ રહે છે. તેમાં એક માસ ગામની અંદર રહે છે અને અંદરના ઘરોમાંથી જ ગોચરી કરે છે અને એક માસ ગામની બહારના સોસાયટી આદિ વિસ્તારમાં રહે છે અને તે બહારના ઘરોમાં જ ગોચરી કરે છે. આ રીતે બે માસ સુધી રહી શકે છે. બે માસ સુધી કોઈપણ એક સ્થાનમાં રહીને અંદરના અને બહારના બંને ઘરોમાંથી ગોચરી કરીને બે માસ સુધી રહેવું કલ્પતું નથી.

સાધ્વીઓ– શેષકાલમાં કોઈપણ સ્થાનમાં બે માસ સુધી રહી શકે છે. તે સ્થાન જો સપરિક્ષેપ અને સબાહિરિક હોય અર્થાત્ ગામની અંદર અને ગામની બહાર વિસ્તારમાં ઘર વસેલા હોય તો બે માસ ગામની અંદર અને બે માસ ગામની બહાર, આ રીતે ચાર માસ સુધી રહી શકે છે અને તે સ્થાન સપરિક્ષેપ તથા અબાહિરિક હોય અર્થાત્ ગામની અંદર જ વસ્તી હોય, ગામની બહાર વસ્તી ન હોય તો તે ગામમાં બે માસ રહેવું કલ્પે છે.

આ રીતે ગામાદિના જે વિભાગમાં રહે, તે જ વિભાગમાં ગોચરી કરે તો તેને પ્રત્યેક વિભાગમાં જુદા-જુદા કલ્પના સમય સુધી રહેવું કલ્પે છે. એક વિભાગમાં રહીને અન્ય વિભાગોમાં ગોચરી કરે તો તે વિભાગોમાં જુદા માસ કલ્પના સમય પ્રમાણે રહેવું કલ્પતું નથી.

સૂત્રોક્ત પ્રયુક્ત ગ્રામ આદિ શબ્દોની વ્યાખ્યા આ પ્રમાણે છે– **ગ્રામ**– જ્યાં અઢારપ્રકારના કર લેવાય છે, **નગર**– જ્યાં અઢાર પ્રકારના કર લેવાતા નથી, **ખેડ**– જ્યાં માટીનો કોટ હોય અને ધૂળ ઉડતી હોય તેવા ગામડાં, **કર્બટ**– જ્યાં અનેક પ્રકારના કર લેવાતા હોય તેવું નાનું નગર (કર્બટ–કસબો, ગામડું),

**મડંબ**– જે ગામની ચારે બાજુ અઢી ગાઉ સુધી અન્ય કોઈ ગામ ન હોય, **પટ્ટણ**– બે પ્રકારના છે– જ્યાં જળમાર્ગ દ્વારા માલ આવતો હોય તે જળપત્તન અને જ્યાં સ્થળમાર્ગથી માલ આવતો હોય, તે સ્થળપત્તન કહેવાય છે, **આકર**– લોખંડ આદિ ધાતુઓની ખાણોમાં કામ કરનારને માટે ત્યાં જ વસેલું ગામ, **દ્રોણમુખ**– જ્યાં જળમાર્ગ અને સ્થળમાર્ગથી માલ આવે તેવા બે મુખવાળા (બે રસ્તાવાળા) નગર, **નિગમ**– જ્યાં વ્યાપારીઓનો સમૂહ રહેતો હોય, **આશ્રમ**– જ્યાં સંન્યાસી તપશ્ચર્યા કરતા હોય તે અને તેની આસપાસ વસેલા ગામ, **નિવેશ**– વ્યાપાર માટે યાત્રા કરતો સાર્થવાહ (અનેક વેપારીઓનો સમૂહ) અથવા સર્વ પ્રકારના યાત્રિકો જ્યાં પડાવ નાંખે તે સ્થાન નિવેશ અથવા સંનિવેશ, **સંબાધ**– ખેતી કરનાર ખેડૂત ખેતર સિવાય બીજી જગ્યાએ એટલે પર્વત વગેરે વિષમ સ્થાનો ઉપર રહે તે ગામ, **ઘોષ**– જ્યાં ગાયોનું જૂથ રહેતું હોય ત્યાં વસેલું ગામ અથવા ગોકુળ, **અંશિકા**– ગામનો અડધો ભાગ, ત્રીજો ભાગ અથવા ચોથોભાગ જ્યાં આવીને વસે તે વસ્તી, **પુટભેદન**– અનેક દિશાઓમાંથી આવેલા માલની પેટીઓનું જ્યાં ભેદન થાય અર્થાત્ પેટીઓ ખોલાતી હોય, **રાજધાની**– જ્યાં રહીને રાજા શાસન કરતાં હોય.

**એક ક્ષેત્રમાં રહેવાનો વિવેક :–**

**૧૦ से गामंसि वा जाव रायहाणिंसि वा एगवगडाए एगदुवाराए एग-णिक्खमण-पवेसाए णो कप्पइ णिग्गंथाण य णिग्गंथीण य एगयओ वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુઓને અને સાધ્વીઓને એક વિભાગ, એક દ્વાર અને એક નિષ્ક્રમણ અને પ્રવેશ માર્ગ– વાળા ગ્રામ ***યાવત્*** રાજધાનીમાં એક સાથે-સમકાલે રહેવું કલ્પતું નથી. ઉપાશ્રય જુદા-જુદા હોય પણ ગામમાં જવા-આવવાનો માર્ગ, દ્વાર વગેરે એક હોય તો તેવા ગ્રામાદિમાં એક સાથે-સમકાલે રહેવું કલ્પતું

**૧૧**

**से गामंसि वा जाव रायहाणिंसि वा, अभिणिव्वगडाए अभिणिद्दुवाराए, अभिणिक्खमण-पवेसाए कप्पइ णिग्गंथाण य णिग्गंथीण य एगयओ वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુઓને અને સાધ્વીઓને અનેક વિભાગ, અનેક દ્વાર અને અનેક નિષ્ક્રમણ અને પ્રવેશ માર્ગ-વાળા ગ્રામ ***યાવત્*** રાજધાનીમાં એક સાથે(સમકાલે) રહેવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને એક ગ્રામ આદિમાં એક સાથે રહેવા માટેની વિધિ, નિષેધનું કથન છે. ગામ આદિની રચના અનેક પ્રકારની હોય છે, જેમકે, એક વિભાગવાળા-અનેક વિભાગવાળા; એક દ્વારવાળા-અનેક દ્વારવાળા; આવવા-જવાના એક માર્ગવાળા-અનેક માર્ગવાળા; આ રીતે વિવિધ પ્રકારના ક્ષેત્રો હોય છે.

જે ગામ એક જ વિભાગવાળું, યથાસમયે ખુલતા તથા યથાસમયે બંધ થતાં એક જ દ્વારવાળું હોય અને જેમાં આવવા-જવાનો માર્ગ એક જ હોય, તેવા ગ્રામાદિમાં જુદા જુદા ઉપાશ્રયોમાં પણ સાધુ-સાધ્વીએ એક સાથે-સમકાલે રહેવું જોઈએ નહીં. પહેલાં સાધુઓ આવીને રહ્યા હોય તો, ત્યાં સાધ્વીઓએ અને સાધ્વીઓ પહેલાં આવીને રહી હોય તો ત્યાં સાધુઓએ રહેવું જોઈએ નહીં.

જે ગ્રામાદિમાં અનેક વિભાગ હોય, અનેક દ્વાર તથા જવા-આવવાના અનેક માર્ગ હોય, તેવા

ગ્રામાદિમાં સાધુ-સાધ્વી એક સાથે સમકાળે જુદા-જુદા ઉપાશ્રયોમાં રહી શકે છે. ક્યારેક એક વિભાગ અથવા એકમાર્ગવાળા ગામ આદિમાં સાધુ-સાધ્વી બંને વિહાર કરતાં-કરતાં એક સાથે અનાયાસ પહોંચી જાય તો ત્યાં આહારાદિ કરીને અથવા થોડીવાર વિશ્રામ કરીને સાધુ કે સાધ્વી કોઈપણ એકે વિહાર કરવો જોઈએ. તેવા ક્ષેત્રમાં વધારે સમય બંનેએ સાથે ન રહેવું જોઈએ.

તેવા ક્ષેત્રોમાં સમકાલે એક સાથે રહેવામાં અનેક દોષોની સંભાવના છે, યથા– ઉચ્ચાર પ્રસ્રવણભૂમિમાં, સ્વાધ્યાયભૂમિમાં, ભિક્ષા અર્થે જતાં-આવતાં એક દ્વાર, એક માર્ગ હોવાથી સાધુ-સાધ્વીઓ વારંવાર સાથે થઈ જાય અને એક જ રસ્તેથી સાધુ-સાધ્વી બંનેને આવતા-જતા જોઈને જનસમાજને અનેક આશંકા ઉત્પન્ન થવાની સંભાવના રહે છે, તેમજ સંસર્ગજન્ય દોષોથી સંયમની હાનિ થાય છે.

જે ગ્રામાદિમાં અનેક વિભાગો-વિસ્તાર હોય, આવવા જવાના અનેક માર્ગ તથા અનેક દ્વાર હોય, તેવા ગ્રામ આદિમાં સાધુ-સાધ્વી જુદા જુદા ઉપાશ્રયોમાં એક સમયે રહી શકે છે કારણ કે આવવા જવાના અનેક માર્ગ હોવાથી વિવિધ કાર્ય અર્થે જતાં-આવતાં સાધુ-સાધ્વીઓનું વારંવાર મિલન ન થવાથી ઉપરોક્ત દોષોની સંભાવના રહેતી નથી. સાધુ-સાધ્વીએ પોતાના સંયમની સુરક્ષા માટે યોગ્ય સ્થાનમાં વિવેકપૂર્વક રહેવું જોઈએ.

**બજાર આદિમાં રહેવાનો વિવેક :–**

**૧૨ णो कप्पइ णिग्गंथीणं आवणगिहंसि वा रत्थामुहंसि वा सिंघाडगंसि वा तियंसि वा चउक्कंसि वा चच्चरंसि वा अंतरावणंसि वा वत्थए ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને આપણગૃહ, રથ્યામુખ, શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર અથવા અંતરાપણમાં રહેવું કલ્પતું નથી.

**૧૩ कप्पइ णिग्गंथाणं आवणगिहंसि वा** *जाव* **अंतरावणंसि वा वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુઓને આપણગૃહ ***યાવત્*** અંતરાપણમાં રહેવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ-સાધ્વીને રહેવા, ન રહેવા યોગ્ય સ્થાનનું નિરૂપણ છે. સૂત્રકારે તેવા સાત સ્થાનોનું કથન કર્યું છે.

**आवणगिहंसि**– આપણગૃહ. આપણ – બજાર, તેની વચ્ચે રહેલા ઘર અથવા ઉપાશ્રય. **रत्थामुहंसि**– રથ્યા – શેરી અથવા મોહલ્લો, જે ઉપાશ્રય અથવા ઘરનું દ્વાર શેરી અથવા મોહલ્લાના પ્રારંભ સ્થાને હોય. જે ઘર પાસેથી ગલીની શરૂઆત થતી હોય, તે ઘર. **सिंघाडगंसि**– સિંઘોડાની સમાન ત્રિકોણ સ્થાન. **तियंसि**– ત્રણ શેરી અથવા ત્રણ રસ્તા મળતા હોય તે સ્થાન. **चउक्कंसि**– ચારમાર્ગ મળતા હોય, તે સ્થાન. **चच्चरंसि**– જ્યાં છ અથવા અનેક રસ્તા ભેગા થતાં હોય અથવા જ્યાંથી છ અથવા અનેક રસ્તાઓ શરૂ થતાં હોય, તેવું ચોરાનું સ્થાન. **अंतरावणंसि**– અંતરાપણ – હાટ અથવા બજારનો માર્ગ. જે ઉપાશ્રયની એક બાજુ કે બંને બાજુ બજારનો રસ્તો હોય તે સ્થાન અથવા જે ઘરની એક બાજુ દુકાન હોય અને બીજી બાજુ નિવાસ હોય સ્થાન.

ઉપરોક્ત ઉપાશ્રયો અથવા ઘરોમાં સાધ્વીઓએ રહેવું ન જોઈએ કારણ કે બજારાદિમાં અનેક પુરુષોનું આવાગમન થતું રહે છે. તે પુરુષોની દષ્ટિ સાધ્વીઓ પર પડવાથી તેની શીલરક્ષામાં અનેક

બાધાઓ ઉત્પન્ન થવાની સંભાવના રહે છે, તેથી સાધ્વીઓએ સૂત્રોક્ત સ્થાનોને છોડીને શેરીની અંદર અથવા સુરક્ષિત સ્થાનોમાં રહેવું જોઈએ. સ્વાધ્યાય, ધ્યાન આદિ સંયમ સમાચારીમાં સ્ખલના થતી ન હોય તો સાધુ તેવા સ્થાનોમાં રહી શકે છે.

**દરવાજા વિનાના સ્થાનો :–**

**૧૪ णो कप्पइ णिग्गंथीणं अवंगुयदुवारिए उवस्सए वत्थए । एगं पत्थारं अंतो किच्चा एगं पत्थारं बाहिं किच्चा, ओहाडिय चिलिमिलियागंसि एवं ण्हं कप्पइ वत्थए ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓએ ખુલ્લા બારણાવાળા(દરવાજા વિનાના) ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી. સાધ્વીઓએ ખુલ્લા બારણાવાળા ઉપાશ્રયમાં એક પડદો અંદરની બાજુએ અને બીજો બહારની બાજુએ, આ રીતે બે પડદા વચ્ચે જગ્યા રહે તેમ બે પડદા બાંધીને તેમાં રહેવું કલ્પે છે.

**૧૫ कप्पइ णिग्गंथाणं अवंगुयदुवारिए उवस्सए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુઓને ખુલ્લા બારણાવાળા ઉપાશ્રયમાં રહેવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દરવાજા વિનાના ઉપાશ્રય અથવા ઘર વગેરે સ્થાનમાં સાધ્વીજીઓને રહેવાનો નિષેધ કર્યો છે. દ્વારવાળું અન્ય મકાન ન મળે અને દરવાજા વિનાના મકાનમાં રહેવું પડે તો બે મજબૂત પડદા બાંધીને રહે.

ભાષ્યમાં દ્વારને ઢાંકવાની વિધિ બતાવી છે કે વાંસ અથવા ખજૂરની છિદ્ર રહિત ચટ્ટાઈ અથવા જાડા પડદાથી દ્વારને બહારથી અને અંદરથી બંધ કરીને રહેવું જોઈએ. રાત્રિના સમયે બંને પડદા ખીલી વગેરે સાથે ઉપર, નીચે કે વચ્ચેથી બાંધી દેવા, જેથી બહારથી કોઈ પુરુષ પ્રવેશી ન શકે. કોઈ અનાર્ય પુરુષ પડદોને તોડે કે ખોલે તો તેટલા સમયમાં સાધ્વીજી સાવધાન બની જાય છે.

સાધુઓને ઉપરોક્ત ભય ન હોવાથી જરૂર પડે, તો ખુલ્લા દરવાજાવાળા સ્થાનમાં રહી શકે છે. જો કોઈક ક્ષેત્રમાં કૂતરા અથવા ચોર વગેરેની આશંકા હોય તો સાધુઓ પણ પડદાદિથી યથાયોગ્ય સુરક્ષા કરે છે.

**ઘટીમાત્રકનું ગ્રહણ :–**

**૧૬ कप्पइ णिग्गंथीणं अंतोलित्तं घडिमत्तयं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને અંદરથી લેપયુક્ત હોય તેવું ઘડીના આકારનું ભાજન રાખવું અને તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

**૧૭ णो कप्पइ णिग्गंथाणं अंतोलित्तं घडिमत्तयं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુઓને અંદરથી લેપયુક્ત હોય તેવું ઘડીના આકારનું ભાજન રાખવું અને તેનો ઉપયોગ કરવો કલ્પતો નથી.

**વિવેચન :–**

સાધુ-સાધ્વીને આગમમાં ત્રણ પ્રકારના માત્રક-ભાજન રાખવાની આજ્ઞા છે, જેમ કે– ઉચ્ચારમાત્રક, પ્રસ્રવણમાત્રક અને ખેલમાત્રક. અહીં પ્રસ્રવણ માત્રક-ભાજનનું વર્ણન છે.

**अंतोलित्तं घडियमत्तयं :– घटीसंस्थानं मृन्मयभाजन विशेषं ।** ઘટિકા(લાબું અને મોઢું નાનું) ના આકારનું એક પ્રકારનું માટીનું પાત્ર ઘટીમાત્રક કહેવાય છે. તે માટીનું પાત્ર અંદરથી ખરબચડું હોવાથી **अंतोलित्तं**– અંદર લેપ કરેલું અર્થાત્ રોગાન કે સફેદ રંગ લગાવીને લીસું બનાવેલું માત્રકપાત્ર સાધ્વીજી વાપરી શકે છે. આકાર અને સ્પર્શજન્ય દોષના કારણે ઘટિકા માત્રક સાધુને વાપરવું કલ્પતું નથી.

**ચિલમિલિકા–મચ્છરદાની વિવેક :–**

**૧૮ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा चेलचिलिमिलियं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુ અને સાધ્વીઓને મચ્છરદાની રાખવી અને તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

**વિવેચન :–**

ચિલમિલિકા શબ્દ એ દેશી શબ્દ છે. ચિલમિલિ એટલે કપડાની ઝુંપડી છે, ભાષ્યમાં તેના પાંચ પ્રકાર બતાવ્યા છે, યથા– (૧) **સૂત્રમયી** – કપાસ આદિના દોરાથી બનેલા વસ્ત્રની. (૨) **રજ્જુમયી** – ઊન વગેરેના જાડા દોરાથી બનેલી (૩) **વલ્કલમયી** – શણઆદિની છાલથી બનેલી. (૪) **દંડકમયી** – વાંસથી બનેલી. (૫) **કટમયી** – ચટ્ટાઈથી બનેલી.

ઉપરોક્ત પાંચ પ્રકારમાંથી વસ્ત્રથી બનેલી મચ્છરદાની સાધુ–સાધ્વી રાખી શકે છે. અન્ય મચ્છરદાની વજનમાં ભારે હોવાથી વિહારમાં સાથે રાખી શકાતી નથી. મચ્છરદાનીનું પ્રમાણ પાંચહાથ લાંબી, ત્રણ હાથ પહોળી, ત્રણ હાથ ઊંચી હોય છે. તેની અંદર એક સાધુ અથવા એક સાધ્વીનું સંરક્ષણ વ્યવસ્થિત રીતે થઈ શકે છે.

**મચ્છરદાનીના લાભ :–** વર્ષા આદિ ઋતુઓમાં ડાંસ, મચ્છર, માખી, પતંગિયા વગેરે ક્ષુદ્ર જંતુ ઉત્પન્ન થાય છે ત્યારે રાત્રિના સમયે મચ્છરદાનીની અંદર સુવાથી તે જીવોની સુરક્ષા થાય છે. વરસાદ વરસવાથી અનેક પ્રકારના જીવોથી અથવા વિહારના સમયે વનાદિ પ્રદેશોમાં જંગલી જાનવરોથી આત્મરક્ષા પણ થાય છે. માખી મચ્છર વગેરે વધારે હોય ત્યારે મચ્છરદાની બાંધીને આહાર પાણી કરવાથી તે જીવોની રક્ષા થાય છે.

**જળાશયના કિનારે પ્રવૃત્તિ નિષેધ :–**

**૧૯ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा दगतीरंसि चिट्ठित्तए वा णिसीइत्तए वा तुयट्टित्तए वा णिद्दाइत्तए वा पयलाइत्तए वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा आहरेत्तए, उच्चारं वा पासवणं वा खेलं वा सिंघाणं वा परिट्ठवेत्तए, सज्झायं वा करेत्तए, धम्मजागरियं वा जागरित्तए काउसग्गं वा ठाइत्तए ।**

**ભાવાર્થ :–** સાધુ અને સાધ્વીને જળાશયના કિનારે-નદી આદિના કિનારે ઊભા રહેવું, બેસવું, સૂવું, નિદ્રાધીન થવું, ગાઢ નિદ્રા લેવી, અન્ન-પાણી-મીઠાઈ-મુખવાસ આદિ ખાવા-પીવા, મળ, મૂત્ર, શ્લેષ્મ,

નાકનો મેલ આદિનો ત્યાગ કરવો, સ્વાધ્યાય કરવો, ધર્મજાગરિકા-ધર્મ ધ્યાન કરવું અને કાયોત્સર્ગમાં સ્થિર થવું કલ્પતું નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને જળાશયાદિ કોઈપણ જલસ્થાનોના કિનારે પ્રવૃત્તિ કરવાનો નિષેધ છે.

**दगतीरंसि :–** નદી, સરોવર વગેરે જળાશયનો કિનારો કે કાંઠો દગતીર(દકતીર) કહેવાય છે. તેવા સ્થાને સાધુ અથવા સાધ્વીને ઊભા રહેવું, બેસવું, ખાવું, પીવું, મળ-મૂત્રાદિનો ત્યાગ કરવો, ધ્યાનસ્થ થવું કે કાયોત્સર્ગ કરવો વગેરે ક્રિયા કરવાનો નિષેધ છે. જળશયાદિના તીરે ઉપરોક્ત ક્રિયા કરતાં સાધુ તૃષાતુર બને તો સચેત પાણી પીવાનું મન થઈ જાય, પાણીમાં રહેલા જળચર જીવો ભયભીત બને, ભયાતુર તે પ્રાણીઓ નાશભાગ કરે, તો પાણીના જીવો અને સેવાળાદિ વનસ્પતિ જીવોની ઘાત થાય, કિનારાની જમીન સચિત્ત હોય છે ત્યાં ઉપરોક્ત ક્રિયા કરતાં પૃથ્વીના જીવોની વિરાધના થાય તથા કિનારા સમીપે સાધુને જોઈને સાધુ સચેત પાણી પીતા હશે, તેવી લોકમાનસમાં શંકા થાય વગેરે દોષોની સંભાવના હોવાથી સાધુ- સાધ્વીને જળાશયના કિનારે ઉપરોક્ત કાર્ય કરવાનો નિષેધ છે.

**ચિત્રોવાળા ઉપાશ્રયો :–**

**૨૦ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा सचित्तकम्मे उवस्सए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુ અને સાધ્વીઓને ચિત્રોવાળા ઉપાશ્રયોમાં રહેવું કલ્પતું નથી.

**૨૧ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अचित्तकम्मे उवस्सए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુ અને સાધ્વીઓને ચિત્રો ન હોય તેવા ઉપાશ્રયોમાં રહેવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચિત્રોથી ચિત્રિત ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીને રહેવાનો નિષેધ છે.

વિકારોત્પાદક ચિત્રો જોઈને તેઓના મનમાં વિકારભાવ જાગૃત થવાની સંભાવના છે, મનમોહક અન્ય ચિત્રો તરફ વારંવાર દષ્ટિ જવાથી સ્વાધ્યાય, ધ્યાન, પ્રતિલેખન વગેરે સંયમ ક્રિયાઓમાં સ્ખલના થાય, તેથી ચિત્રોવાળા ઉપાશ્રયોમાં રહેવાનો સાધુ-સાધ્વીઓને નિષેધ છે.

**સાગારિકની નિશ્રા :–**

**૨૨ णो कप्पइ णिग्गंथीणं सागारिय-अणिस्साए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને સાગારિક-ગૃહસ્થની નિશ્રા વિના રહેવું કલ્પતું નથી.

**૨૩ कप्पइ णिग्गंथीण सागारिय-णिस्साए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને સાગારિક-ગૃહસ્થની નિશ્રામાં રહેવું કલ્પે છે.

**૨૪ कप्पइ णिग्गंथाणं सागारिय-णिस्साए वा अणिस्साए वा वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુઓને સાગારિક-ગૃહસ્થની નિશ્રામાં અથવા નિશ્રા વિના, બંને રીતે રહેવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ-સાધ્વીને ગૃહસ્થની નિશ્રામાં રહેવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે. ઉત્તમ આચારવાન શય્યાતર ગૃહસ્થની નિશ્રા-સુરક્ષાના ઉત્તરદાયિત્વમાં સાધ્વીજીએ રાત્રિનિવાસ કરવો જોઈએ કે જેથી તે શાંત ચિત્તે, ભય વિના સ્વાધ્યાયાદિ કરી શકે.

સાધુ શય્યાતરની નિશ્રા વિના ઉપાશ્રયમાં રહી શકે છે અને ચોર, હિંસક પ્રાણીઓ કે અન્ય કોઈ ઉપદ્રવ હોય તો સાધુ પણ શય્યાતરની સુરક્ષામાં રાત્રિવાસ કરી શકે છે.

**ગૃહસ્થયુક્ત ઉપાશ્રય :–**

**૨૫ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा सागारिए उवस्सए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુ અને સાધ્વીને સાગારિક(ગૃહસ્થના નિવાસયુક્ત) ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

**૨૬ णो कप्पइ णिग्गंथाण इत्थिसागारिए उवस्सए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુઓને સ્ત્રી સાગારિક-સ્ત્રીઓના નિવાસયુક્ત ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

**૨૭ कप्पइ णिग्गंथाणं पुरिससागारिए उवस्सए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુઓને પુરુષ સાગારિક–પુરુષોના નિવાસયુક્ત ઉપાશ્રયોમાં રહેવું કલ્પે છે.

**૨૮ णो कप्पइ णिग्गंथीणं पुरिससागारिए उवस्सए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને પુરુષ સાગારિક-પુરુષોના નિવાસયુક્ત ઉપાશ્રયમાં રહેવું કલ્પતું નથી.

**૨૯ कप्पइ णिग्गंथीणं इत्थि–सागारिए उवस्सए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને સ્ત્રી સાગારિક-ફક્ત સ્ત્રીઓના નિવાસયુક્ત ઉપાશ્રયમાં રહેવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાગરિક ઉપાશ્રય સંબંધી વિવેક પ્રદર્શિત કર્યો છે.

**सागारिए उवस्सए :–** જે ઉપાશ્રય(સ્થાન)માં સ્ત્રી, પુરુષ રહેતા હોય, સ્ત્રી-પુરુષોના શ્રૃંગારિક ચિત્રો દોરેલા હોય, લાકડાની કે પથ્થર આદિની સ્ત્રી-પુરુષની મૂર્તિઓ હોય, તેમના શ્રૃંગારના સાધનો, વસ્ત્ર, આભૂષણ, ગંધ, માળા, અલંકાર વગેરે હોય, ભોજન, પાણીની સામગ્રી હોય, ગીત, નૃત્ય, નાટક વગેરે થતાં હોય અથવા વીણા, વાંસળી, મૃદંગ આદિ વાજિંત્રો વાગતા હોય, તે સાગારિક ઉપાશ્રય(સ્થાન) છે.

સામાન્ય રીતે સાધુ-સાધ્વીને સાગારિક ઉપાશ્રયમાં રહેવાનો નિષેધ છે. ગૃહસ્થોની દૈનિક પ્રવૃત્તિઓ જોઈને સાધુના મનમાં વિવિધ પ્રકારના રાગ-દ્વેષ, વિકાર આદિ ભાવોની ઉત્પત્તિની સંભાવના હોવાથી સાધુ-સાધ્વી ગૃહસ્થ યુક્ત સાગારિક સ્થાનમાં રહે નહીં. તેમ છતાં ક્યારેક નિર્દોષ સ્થાનની પ્રાપ્તિ ન થાય ત્યારે સાધુ પુરુષયુક્ત સ્થાનમાં અને સાધ્વી સ્ત્રીયુક્ત સ્થાનમાં વિવેકપૂર્વક રહી શકે છે.

સાધ્વીઓ પુરુષયુક્ત સ્થાનમાં કે પુરુષના કામવર્ધક ચિત્રો આદિ યુક્ત સ્થાનમાં રહે નહીં અને સાધુ સ્ત્રીયુક્ત સ્થાનમાં કે સ્ત્રીના નૃત્ય આદિ ચિત્રોથી યુક્ત સ્થાનમાં રહે નહીં.

**પ્રતિબદ્ધ સ્થાનો :–**

**૩૦ णो कप्पइ णिग्गंथाणं पडिबद्ध सेज्जाए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુઓને પ્રતિબદ્ધ સ્થાનમાં રહેવું કલ્પતું નથી.

**૩૧ कप्पइ णिग्गंथीणं पडिबद्ध सेज्जाए वत्थए ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને પ્રતિબદ્ધ સ્થાનમાં રહેવું કલ્પે છે.

**વિવેચન :–**

ભાષ્યકારે પ્રતિબદ્ધ ઉપાશ્રય એટલે સાધુને રહેવાના સ્થાનનું સ્વરૂપ દ્રવ્ય અને ભાવથી સમજાવ્યું છે–

**पडिबद्ध सेज्जाए :–** પ્રતિબદ્ધ શય્યા-સ્થાન. તેના બે પ્રકાર છે. (૧) દ્રવ્યપ્રતિબદ્ધ સ્થાન (૨) ભાવપ્રતિબદ્ધ સ્થાન. (૧) જે સ્થાન અને ગૃહસ્થના ઘર વચ્ચે એક ભીંત હોય તે દ્રવ્યપ્રતિબદ્ધ સ્થાન છે. દ્રવ્ય પ્રતિબદ્ધ સ્થાનમાં સ્વાધ્યાય આદિના ધ્વનિથી ગૃહસ્થને અને ગૃહસ્થના કાર્યોના અવાજથી સાધુને સ્વાધ્યાયાદિમાં સ્ખલના થાય છે આ રીતે પરસ્પર એક-બીજાના કાર્યોમાં વ્યાઘાત થાય છે. (૨) ભાવપ્રતિબદ્ધ ઉપાશ્રયના ચાર પ્રકાર છે– ૧. જ્યાં સ્ત્રીઓ અને સાધુઓને વડીનીત અને લઘુનીત માટે જવાનું સ્થાન એક હોય. ૨. જ્યાં સ્ત્રીઓ અને સાધુઓને બેસવાનું સ્થાન એક હોય. ૩. જ્યાંથી સહજ રીતે સ્ત્રીઓનું રૂપ દેખાતું હોય. ૪. જ્યાં બેસવાથી સ્ત્રીના વચનો સંભળાતા હોય વગેરે સ્થાન ભાવ પ્રતિબદ્ધ સ્થાન છે. ભાવપ્રતિબદ્ધ સ્થાન સંયમ અને બ્રહ્મચર્યના ભાવોમાં બાધક બને છે, તેથી સાધુ-સાધ્વીએ દ્રવ્ય કે ભાવપ્રતિબદ્ધ સ્થાનમાં રહેવું યોગ્ય નથી.

સાધ્વી માટે સૂત્રોક્ત આ વિધાન અપવાદ સ્વરૂપ છે કારણ કે સાધ્વીજીએ ગૃહસ્થની નિશ્રાયુક્ત સ્થાનમાં જ રહેવાનું હોય છે. ક્યારેક નિશ્રાયુક્ત અપ્રતિબદ્ધ સ્થાન ન મળે ત્યારે સાધ્વીજીએ પ્રતિબદ્ધ સ્થાનમાં અત્યંત વિવેકથી રહેવું જોઈએ.

**પ્રતિબદ્ધમાર્ગવાળા સ્થાનો :–**

**૩૨ णो कप्पइ णिग्गंथाणं गाहावइ-कुलस्स मज्झंमज्झेणं गंतुं वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુઓને પ્રતિબદ્ધ માર્ગવાળા-ગૃહસ્થના ઘરની મધ્યમાં થઈને જવા આવવાનો રસ્તો હોય તેવા સ્થાનમાં રહેવું કલ્પતું નથી.

**૩૩ कप्पइ णिग्गंथीणं गाहावइ-कुलस्स मज्जंमज्झेणं गंतुं वत्थए ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને ગૃહસ્થના ઘરની મધ્યમાં થઈને આવવા-જવાનો રસ્તો હોય તેવા સ્થાનમાં રહેવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રતિબદ્ધ માર્ગવાળા સ્થાનમાં રહેવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

ક્યારેક સાધુ-સાધ્વીને રહેવાનું સ્થાન અપ્રતિબદ્ધ હોય પરંતુ તેના ગમનાગમનનો માર્ગ ગૃહસ્થના માર્ગથી સંબંધિત હોય, ગૃહસ્થના ઘરમાંથી જવા-આવવાનો રસ્તો હોય, તો તે સ્થાન પ્રતિબદ્ધ માર્ગવાળું સ્થાન

કહેવાય છે. તેવા સ્થાનમાં સાધુને રહેવું કલ્પતું નથી. ગૃહસ્થના ઘરની વચ્ચેથી અવર-જવર કરતાં ગૃહસ્થના અનેક પ્રકારના કાર્યકલાપો ઉપર દષ્ટિ પડે અને સાધુઓનું ચિત્ત વિક્ષોભને પ્રાપ્ત થાય અથવા ઘરમાં રહેલી સ્ત્રીઓને ક્ષોભ થાય છે. સાધ્વીઓને પ્રતિબદ્ધ માર્ગવાળા સ્થાનમાં અનિવાર્ય સંયોગોમાં રહેવું પડે, તો વિવેકપૂર્વક રહી શકે છે.

**શ્રમણપણાનો સાર–ઉપશમભાવ :–**

**૩૪ भिक्खू य अहिगरणं कट्टु, तं अहिगरणं विओसवित्ता विओसवियपाहुडे, इच्छाए परो आढाएज्जा, इच्छाए परो णो आढाएज्जा । इच्छाए परो अब्भुट्ठेज्जा, इच्छाए परो णो अब्भुट्ठेज्जा । इच्छाए परो वंदेज्जा, इच्छाए परो णो वंदेज्जा। इच्छाए परो संभुंजेज्जा, इच्छाए परो णो संभुंजेज्जा । इच्छाए परो संवसेज्जा, इच्छाए परो णो संवसेज्जा । इच्छाए परो उवसमेज्जा, इच्छाए परो णो उवसमेज्जा।**

**जे उवसमइ तस्स अत्थि आराहणा, जे ण उवसमइ तस्स णत्थि आराहणा; तम्हा अप्पणा चेव उवसमियव्वं । से किमाहु ? भंते ! उवसमसारं सामण्णं ।**

**ભાવાર્થ :–** સાધુને કોઈની સાથે કલહ થયો હોય તો ક્ષમાપના કરી શીઘ્ર તે કલહને ઉપશાંત કરવો જોઈએ. જેની સાથે કલહ થયો હોય તેની ક્ષમાપના કરે ત્યારે તે સાધુ ઈચ્છા હોય તો આદર કરે, ઈચ્છા ન હોય તો આદર ન કરે; ઈચ્છા હોય તો સન્માન માટે ઊભા થાય, ઈચ્છા ન હોય તો ઊભા ન થાય, ઈચ્છા હોય તો વંદન કરે, ઈચ્છા ન હોય તો વંદન ન કરે; ઈચ્છા હોય તો તેની સાથે ભોજન કરે, ઈચ્છા ન હોય તો ન કરે; ઈચ્છા હોય તો તેની સાથે રહે, ઈચ્છા ન હોય તો રહે; ઈચ્છા હોય તો ઉપશાંત થાય, ઈચ્છા ન હોય તો ઉપશાંત ન થાય(તે તેની મરજી) પરંતુ જે ઉપશાંત થાય છે તેના સંયમની આરાધના થાય છે અને તે આરાધક બને છે. જે ઉપશાંત થતાં નથી તેના સંયમની આરાધના થતી નથી અને તે વિરાધક બને છે, તેથી સ્વયં પોતે ઉપશાંત થઈ જવું જોઈએ.

**પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે ? **ઉત્તર**– ઉપશમ ભાવ એ જ સાધુ જીવનનો સાર છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને માટે શ્રમણપણાના સારભૂત ઉપશમભાવ કેળવવાનો સંદેશ છે.

સાધુ આત્મસાધના માટે સંયમ સ્વીકારી પ્રતિક્ષણ સ્વાધ્યાય, ધ્યાન આદિ સંયમ ક્રિયાઓમાં અપ્રમત્તભાવથી વિચરણ કરે છે, તો પણ ક્યારેક શરીર, આહાર, વસ્ત્ર, પાત્ર, શય્યા, સંસ્તારક વગેરે કોઈ પણ નિમિત્તથી છદ્મસ્થપણાના કારણે પરસ્પરમાં કલહ થવાની સંભાવના છે.

કલહ ઉત્પન્ન થયા પછી પણ સંયમશીલ મુનિની અશાંત અવસ્થા વધારે સમય રહેતી નથી. તે તુરંત જાગૃતપણે આલોચના, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ અને શાંત થઈ જાય છે.

પ્રસ્તુત સૂત્રમાં એક વિશિષ્ટ સંભાવના બતાવી તેનું સમાધાન કર્યું છે કે ક્યારેક કોઈ સાધુ તીવ્ર કષાયના ઉદયમાં આવીને સામી વ્યક્તિ શાંત થાય તેમ છતાં પોતે ઉપશાંત થવા ન ઈચ્છે અને વંદનાદિ વ્યવહાર ન કરે તો ઉપશાંત થનાર સાધુએ વિચારવું જોઈએ કે ક્ષમાપના, શાંતિ, ઉપશાંતિ આત્મનિર્ભર છે, પરવશ નથી, સામી વ્યક્તિના વ્યવહારથી સ્વયં ફરીને અશાંત ન થાય, કારણ કે પૂર્ણ ઉપશાંત અને

કષાયરહિત થવામાં પોતાના સંયમની આરાધના છે અને ઉપશાંત ન થવામાં પોતાના સંયમની વિરાધના છે. ઉપશાંત ભાવ કેળવવો, તે જ શ્રમણપણાનો સાર છે. તેમાં સ્વ-પર બંનેને લાભ છે.

**વિહાર વિવેક :–**

**૩૫ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा वासावासासु चारए ।**

**ભાવાર્થ :–** સાધુ અને સાધ્વીઓને વર્ષાઋતુમાં વિહાર કરવો કલ્પતો નથી.

**૩૬ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा हेमंत-गिम्हासु चारए ।**

**ભાવાર્થ :–** સાધુ અને સાધ્વીઓને હેમંત અને ગ્રીષ્મઋતુમાં વિહાર કરવો કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને માટે વર્ષાઋતુમાં એક સ્થાને સ્થિર રહેવાનું અને ગ્રીષ્મ કે હેમંત ઋતુમાં ગ્રામાનુગ્રામ વિચરણ કરવાનું કથન છે. સાધુ-સાધ્વીના પ્રત્યેક આચાર-વિચારનું લક્ષ સ્વ-પર દયા અર્થાત્ અહિંસાધર્મની આરાધના છે.

વર્ષાઋતુમાં ઘાસ, અંકુર, ક્ષુદ્ર જીવજંતુઓની ઉત્પત્તિ વિશેષ થાય છે, તે સમયે ગમનાગમન કરવાથી તે જીવોની વિરાધના થાય છે. નદી-નાળા પાણીથી ભરાઈ જાય, તો તેને પાર કરવામાં તકલીફ થાય છે, વિહારમાં અચાનક વરસાદ આવે, તો ઉપધિ ભીની થઈ જાય અને અપ્કાયિક જીવોની વિરાધના થાય છે. આ રીતે વર્ષાઋતુમાં વિહાર કરવાથી વિવિધ પ્રકારે વિરાધનાની સંભાવના હોવાથી સાધુ-સાધ્વીને વિહાર કરવાનો નિષેધ છે.

એક સ્થાનમાં રહેવાથી સ્નેહ જન્ય અનેક દોષોની સંભાવના હોવાથી ચાતુર્માસ પછી આઠ મહિના સુધી સાધુ-સાધ્વીને વિચરણ કરવાનું કથન છે. વિચરણ કરવામાં સંયમની ઉન્નતિ, ધર્મપ્રભાવના, બ્રહ્મચર્ય સમાધિ અને સ્વાસ્થ્ય લાભ થાય છે તથા જિનાજ્ઞાનું પાલન થાય છે. આ રીતે સાધુ-સાધ્વીએ આઠ માસમાં વિહાર કરવામાં કે ચાતુર્માસમાં એક સ્થાને રહેવામાં સંયમ ધર્મની આરાધના જ છે.

**વૈરાજ્ય કે વિરુદ્ધરાજ્યમાં ગમનાગમન :–**

**૩૭ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा वेरज्ज-विरुद्धरज्जंसि सज्जं गमणं, सज्जं आगमणं सज्जं गमणागमणं करेत्तए ।**

**जो खलु णिग्गंथो वा णिग्गंथी वा वेरज्ज-विरुद्धरज्जंसि सज्जं गमणं सज्जं आगमणं सज्जं गमणागमणं करेइ, करेंतं वा साइज्जइ, से दुहओ वि अइक्कममाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** સાધુ અને સાધ્વીઓને વૈરાજ્ય અને વિરોધી રાજ્યમાં વારંવાર જવું, વારંવાર આવવું, વારંવાર જવું-આવવું કલ્પતું નથી. જે સાધુ અથવા સાધ્વી વૈરાજ્ય અને વિરોધી રાજ્યમાં વારંવાર જાય છે, વારંવાર આવે છે, વારંવાર આવાગમન કરે છે, તેમ કરનારને અનુમોદના કરે છે, તે તીર્થંકર અને રાજા બંનેની આજ્ઞાનું અતિક્રમણ કરે છે અને અનુદ્ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને વૈરાજ્ય કે વિરુદ્ધરાજ્યમાં વારંવાર જવા-આવવાનો નિષેધ કર્યો છે.

**वेरज्ज :–** વૈરાજ્ય. તેના અનેક અર્થ થાય છે– જે રાજ્યમાં રહેનાર લોકોમાં પરંપરાગત વેર ચાલતું હોય, જે બે રાજ્યો વચ્ચે વેર હોય, જ્યાંના રાજા અને પ્રજા બીજા રાજ્યના ગામ, નગર આદિને બાળતા હોય, જે રાજ્યના મંત્રી, સેનાપતિ આદિ પ્રધાન પુરુષ રાજાથી વિરક્ત હોય અને તેને પદચ્યુત કરવાના ષડ્યંત્રમાં જોડાયેલા હોય, જે રાજ્યના રાજા મરી ગયા હોય અથવા તેને પદભ્રષ્ટ કરવામાં આવ્યા હોય તેવા અરાજકતાવાળા રાજ્યને વૈરાજ્ય કહે છે.

**विरुद्धरज्जं :–** વિરુદ્ધરાજ્ય. જ્યાં બે રાજાઓના રાજ્યમાં પરસ્પર ગમનાગમનનો પ્રતિબંધ હોય, તેવા રાજ્યોને વિરુદ્ધરાજ્ય કહે છે.

આ પ્રકારના વૈરાજ્ય અને વિરુદ્ધરાજ્યમાં સાધુ-સાધ્વીઓને વિચરવાનો અને કાર્ય માટે ગમનાગમનનો નિષેધ છે આવા રાજ્યોમાં વારંવાર ગમનાગમન કરવાથી અધિકારી લોકો સાધુને ચોર, ગુપ્તચર અથવા ષડ્યંત્રકારી માનીને પકડે; વધ કરે તેવી સંભાવના છે. તેવા વૈરાજ્ય અને વિરુદ્ધરાજ્યમાં ગમનાગમન કરનાર સાધુ તે રાજાની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે અને જિનેશ્વરની આજ્ઞાનું પણ ઉલ્લંઘન કરે છે, તેથી તે ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે. નિર્યુક્તિકારે આ સૂત્રના અપવાદ માર્ગરૂપે વિરુદ્ધ રાજ્યમાં જવાના વિશિષ્ટ કારણો અને જવાની પદ્ધતિનું વર્ણન કર્યું છે.

**વિરુદ્ધ રાજ્યમાં ગમનાગમનના વિશિષ્ટ કારણો :–** કોઈ સાધુના માતા-પિતા દીક્ષા લેવા તૈયાર થયા હોય તો દીક્ષા આપવા માટે, ભક્તપાન પ્રત્યાખ્યાન(સમાધિમરણ)નો ઈચ્છુક સાધુ પોતાના ગુરુ અથવા ગીતાર્થની પાસે આલોચના માટે, રોગી સાધુની વૈયાવચ્ચ માટે, પોતાના પર ક્રોધિત સાધુને ઉપશાંત કરવા માટે, વિશેષ પ્રકારે શાસન પ્રભાવના માટે તથા તેવા પ્રકારના અન્ય કારણો ઉપસ્થિત થાય, ત્યારે રાજાની સ્વીકૃતિ લઈને સાધુ વિરુદ્ધરાજ્યમાં જઈ શકે છે.

**વિરુદ્ધ રાજ્યમાં ગમનાગમનની પદ્ધતિ :–** ઉપરોક્ત વિશેષ કારણોથી આ પ્રકારના વૈરાજ્ય કે વિરુદ્ધરાજ્યમાં આવવું–જવું જરૂરી હોય, તો પહેલાં સીમાવર્તી 'આરક્ષક'ને પૂછે કે અમે અમુક કાર્ય માટે આપના રાજ્યની અંદર જવા ઈચ્છીએ છીએ, તો જવાની સ્વીકૃતિ આપો. જો તે સ્વીકૃતિ આપવામાં પોતાની અસમર્થતા બતાવે તો ક્રમશઃ તે રાજ્યના નગરશેઠને, સેનાપતિને કે મંત્રીને સંદેશો મોકલી સ્વીકૃતિ મંગાવે. જો શેઠ આદિ સ્વીકૃતિ આપવામાં પોતાની અસમર્થતા પ્રગટ કરે તો રાજાને સંદેશો મોકલે કે અમે અમુક કારણ વિશેષ માટે આપના રાજ્યમાં પ્રવેશ કરવા ઈચ્છીએ છીએ. આપ અમોને આવવાની સ્વીકૃતિ આપો અને આરક્ષક માણસોને આજ્ઞા આપો કે તેઓ અમને રાજ્યમાં પ્રવેશ કરવા રજા આપે. આ રીતે પાછા ફરતા સમયે પણ ઉપર કહેલા ક્રમથી સ્વીકૃતિ લઈને પાછા ફરવું જોઈએ.

**सज्जं–सज्जं :–** સૂત્રમાં પ્રયુક્ત **सज्जं** શબ્દ જલદી-જલદી અર્થાત્ વારંવાર જવાના અર્થમાં છે. આ રીતે આજ્ઞા લઈને પણ વારંવાર જવાથી રાજા અથવા રાજકર્મચારી રોષ કરે અથવા શંકાશીલ થાય છે.

આવા સમયે અનેક કાર્ય કરવા જરૂરી હોય તો પૂર્ણ વિચાર કરી એક જ વારમાં તે બધા કાર્યોને પૂર્ણ કરી લેવાનો વિવેક રાખવો જોઈએ. શક્ય હોય તો એ દિશા, રાજ્ય અથવા રાજધાનીમાં જવું જ ન જોઈએ તે ઉત્સર્ગમાર્ગ છે, અપવાદ માર્ગે જવું જણાય તો વારંવાર જવું ન જોઈએ.

**નિમંત્રિત વસ્ત્ર આદિનું ગ્રહણ :–**

**૩૮ णिग्गंथं च णं गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठं केइ वत्थेण वा पडिग्गहेण वा कंबलेण वा पायपुंछणेण वा उवणिमंतेज्जा, कप्पइ से सागारकडं गहाय आयरियपायमूले ठवेत्ता दोच्चंपि ओग्गहं अणुण्णवेत्ता परिहारं परिहरित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ ગૃહસ્થના ઘરમાં આહારને માટે પ્રવેશ કરે, ત્યારે સાધુને જો કોઈ ગૃહસ્થ વસ્ત્ર, પાત્ર, કંબલ અથવા પાદપ્રોંછનનું નિમંત્રણ કરે અર્થાત્ ગ્રહણ કરવા માટે કહે તો તેને સાકારકૃત-પાઢીયારા ગ્રહણ કરી, ઉપાશ્રયે આવીને આચાર્યોના ચરણોમાં રાખે, તે ગ્રહણ કરવાની આજ્ઞા આપે, તો બીજી વખત તેમની આજ્ઞા લઈને પોતાની પાસે રાખી શકે છે અને તેનો ઉપયોગ કરી શકે છે.

**૩૯ णिग्गंथं च णं बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खंतं समाणं केइ वत्थेण वा पडिग्गहेण वा कंबलेण वा पायपुंछणेण वा उवणिमंतेज्जा, कप्पइ से सागारकडं गहाय आयरियपायमूले ठवेत्ता दोच्चं पि ओग्गहं अणुण्णवेत्ता परिहारं परिहरित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ વિચારભૂમિ (મળ, મૂત્ર, વિસર્જન સ્થાન) અથવા વિહારભૂમિ (સ્વાધ્યાય ભૂમિ)માં જવા માટે બહાર નીકળ્યા હોય, ત્યારે જો કોઈ ગૃહસ્થ વસ્ત્ર, પાત્ર, કંબલ અથવા પાદપ્રોંછન ગ્રહણ કરવા માટે કહે તો તે વસ્ત્રાદિને સાકારકૃત-પાઢીહારા ગ્રહણ કરી, ઉપાશ્રયે આવી આચાર્યના ચરણોમાં રાખે, તે ગ્રહણ કરવાની આજ્ઞા આપે, તો બીજી વખત તેમની આજ્ઞા લઈને પોતાની પાસે રાખી શકે છે અને તેનો ઉપયોગ કરી શકે છે.

**૪૦ णिग्गंथिं च णं गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठं केइ वत्थेण वा पडिग्गहेण वा कंबलेण वा, पायपुंछणेण वा उवणिमंतेज्जा कप्पइ से सागरकडं गहाय पवत्तिणीपायमूले ठवेत्ता दोच्चं पि ओग्गहं अणुण्णवेत्ता परिहारं परिहरित्तए।**

**ભાવાર્થ :–** સાધ્વી ગૃહસ્થના ઘરમાં આહારને માટે પ્રવેશ કરે ત્યારે કોઈ ગૃહસ્થ વસ્ત્ર, પાત્ર, કંબલ અથવા પાદપ્રોંછન ગ્રહણ કરવા માટે કહે તો તેને સાકારકૃત(પાઢીયારા) ગ્રહણ કરી, ઉપાશ્રય આવીને પ્રવર્તિનીના ચરણોમાં રાખે, તે ગ્રહણ કરવાની આજ્ઞા આપે, તો બીજી વખત તેમની આજ્ઞા લઈને તેને પોતાની પાસે રાખી શકે છે અને તેનો ઉપયોગ કરી શકે છે.

**૪૧ णिग्गंथिं च णं बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खंति समाणिं केइ वत्थेण वा पडिग्गहेण वा कंबलेण वा पायपुंछणेण वा उवणिमंतेज्जा, कप्पइ से सागारकडं गहाय पवित्तिणीपायमूले ठवेत्ता दोच्चंपि ओग्गहं अणुण्णवेत्ता परिहारं परिहरित्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વી વિચારભૂમિ અથવા સ્વાધ્યાયભૂમિમાં જવા માટે ઉપાશ્રયથી બહાર નીકળ્યા હોય, ત્યારે જો કોઈ ગૃહસ્થ વસ્ત્ર, પાત્ર, કંબલ અથવા પ્રાદપ્રોંછન ગ્રહણ કરવા માટે કહે તો તેને સાકારકૃત-

પાઢીહારા ગ્રહણ કરી પ્રવર્તિનીના ચરણોમાં રાખે, તે ગ્રહણ કરવાની આજ્ઞા આપે તો બીજી વખત તેમની આજ્ઞા લઈને તેને પોતાની પાસે રાખી શકે છે અને ઉપયોગ કરી શકે છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ-સાધ્વી માટે વસ્ત્ર આદિ કોઈપણ ઉપકરણના ગ્રહણ સમયે ગુર્વાજ્ઞાની મહત્તા પ્રદર્શિત કરી છે.

આચાર્યની આજ્ઞાપૂર્વક ગોચરીએ નીકળેલા સાધુ ભિક્ષા માટે ગૃહસ્થના ઘરમાં જાય અને ઘરના માલિક તેને ભોજન, પાણી આપીને વસ્ત્ર, પાત્રાદિ લેવા માટે કહે અને સાધુને તેની આવશ્યકતા હોય તો ગૃહસ્થને કહે કે ''જો અમારા આચાર્ય આજ્ઞા આપશે તો આ રાખશું અન્યથા તમારા આ વસ્ત્ર, પાત્રાદિ તમને પાછા આપી જઈશું'', આ રીતે કહીને ગ્રહણ કરવાને સાકારકૃત ગ્રહણ કહેવાય છે. જો તે સાધુ સાકારકૃત ગ્રહણ ન કરે અને સ્વયં પોતાની મેળે જ ગ્રહણ કરી તેનો ઉપયોગ કરે તો તે વસ્તુ ગૃહસ્થ દ્વારા આપેલી હોવા છતાં ગુરુની આજ્ઞા ન હોવાથી ગુરુ અદત્તના કારણે તે ચોરીનો ભાગીદાર થાય છે અને પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

સાધુ ઉપાશ્રયમાંથી જે વસ્તુ ગ્રહણ કરવાના પ્રયોજનથી ગુર્વાદિકોની આજ્ઞા લઈને નીકળ્યા હોય તે જ વસ્તુ ગ્રહણ કરી શકે છે. જો ગૃહસ્થ બીજી કોઈ પણ વસ્તુનું નિમંત્રણ કરે અર્થાત્ વહોરાવવાની ઇચ્છા પ્રદર્શિત કરે અને સાધુને તે વસ્તુની આવશ્યકતા હોય, તો આચાર્યાદિની સ્વીકૃતિના આગારથી લઈ શકે છે. જો વસ્ત્ર આદિ વહોરાવાની આજ્ઞા લઈને જ ગયા હોય તો સાકારકૃત લેવું આવશ્યક નથી.

**રાત્રે આહાર, વસ્ત્રાદિ ગ્રહણ નિષેધ :-**

**૪૨ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा राओ वा वियाले वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा पडिग्गाहेत्तए । णण्णत्थ एगेणं पुव्वपडिलेहिएणं सेज्जा-संथारएणं ।**

**ભાવાર્થ :-** સાધુઓને-સાધ્વીઓને રાત્રે અથવા વિકાલમાં(સંધ્યા સમયે) અશન, પાણી, મીઠાઈ અને મુખવાસ આદિ ચારે પ્રકારના આહાર લેવા કલ્પતા નથી, પરંતુ પૂર્વે(દિવસે) પ્રતિલેખન કરેલા શય્યા સંસ્તારક ગ્રહણ કરવા કલ્પે છે.

**૪૩ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा राओ वा वियाले वा वत्थं वा पडिग्गहं वा कम्बलं वा पायपुंछणं वा पडिग्गाहेत्तए । णण्णथ एगाए हरियाहडियाए, सा वि य परिभुत्ता वा धोया वा रत्ता वा घट्ठा वा मट्ठा वा संपघूमिया वा ।**

**ભાવાર્થ :-** સાધુ-સાધ્વીને રાત્રે અથવા વિકાલમાં–સંધ્યા સમયે અન્ય વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન લેવા કલ્પતા નથી. હૃતાહૃતિકા– પોતાનું ચોરાયેલું વસ્ત્ર પાછું આપવા આવે, તો તે વસ્ત્ર લેવું કલ્પે છે. તે ચોરાયેલું વસ્ત્ર ચોરે વાપર્યું હોય, ધોયું હોય, રંગ્યું હોય, ઘસીને તેના ચિહ્નો કાઢી નાંખ્યા હોય, સુંવાળું કર્યું હોય કે તપાવ્યું હોય, તો પણ રાત્રિમાં તે લેવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને રાત્રે કોઈપણ વસ્તુ ગ્રહણ કરવાની બાબતનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

**विकाल**– દિવસનો અંત અને રાત્રિના પ્રારંભ વચ્ચેનો સંધિકાલ અર્થાત્ **સંધ્યાસમય** અથવા રાત્રિનો અંત અને દિવસના પ્રારંભ વચ્ચેનો સંધિકાલ અર્થાત્ **ઉષાકાલને** વિકાલ કહે છે.

સામાન્ય રીતે અહિંસાના ઉપાસક સાધ-સાધ્વીને અશન આદિ ચારે પ્રકારનો આહાર, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, શય્યા-સંસ્તારક આદિ કોઈ પણ વસ્તુ સૂર્યોદય પૂર્વે અને સૂર્યાસ્ત પછી તથા સંધ્યા સમયે ગ્રહણ કરવી કલ્પતી નથી.

સંધ્યા સમયે કે રાત્રે ગોચરીને માટે ગમનાગમન કરવાથી ષટ્કાયિક-છકાયના જીવોની વિરાધના, સંયમની વિરાધના થાય છે અને સંયમની વિરાધનાથી આત્મવિરાધના થાય છે, તે સિવાય રાત્રે આવતા-જતા સાધુને કોઈ ચોર સમજી પકડી લે, ગૃહસ્થના ઘરે જવાથી ત્યાં અનેક પ્રકારની આશંકાઓ થઈ શકે ઈત્યાદિ કારણોથી રાત્રે ભોજન પાણી આદિ ગ્રહણ કરવા કલ્પતા નથી.

**णणत्थ एगेणं पुव्वपडिलेहिएणं सेज्जासंथारएणं**– આ તેનું અપવાદ સૂત્ર છે. ક્યારેક સાધુ વિહાર કરતાં રસ્તો ભૂલી ગયા હોય, રસ્તો લાંબો નીકળ્યો હોય વગેરે કારણોથી સ્થવિરકલ્પી સાધુ સૂર્યાસ્ત પછી યથાયોગ્ય સ્થાને પહોંચે, તો તેને રહેવા માટે મકાન અને જીવરક્ષા આદિના કારણે પાટ, સંસ્તારક વગેરે રાત્રે કે વિકાલમાં ગ્રહણ કરવા જરૂરી બની જાય છે.

સૂર્યાસ્ત પહેલા મકાન મળી ગયા પછી પણ ક્યારેક આવશ્યક પાટ ગૃહસ્થની દુકાન આદિથી, રાત્રે એક–બે કલાક પછી મળે તેવી સંભાવના હોય તો સાધુ તેની દુકાને જઈને પહેલાં તે પાટ આદિનું પ્રતિલેખન કરી લે, તો રાત્રે ગ્રહણ કરી શકાય છે.

**णणत्थ एगाए हरियाहडियाए :– हृत + आहृतिका**– હરણ કરાયેલી, ચોરાયેલી વસ્તુ પાછી ગ્રહણ કરવી. સામાન્ય રીતે સાધુ-સાધ્વીને સંધ્યા સમયે કે રાત્રે વસ્ત્રાદિ ગ્રહણ કરવાનો નિષેધ છે પરંતુ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં હોય ત્યારે કોઈ ચોર આદિ સાધુ અથવા સાધ્વીના વસ્ત્ર આદિને ચોરીને લઈ જાય, થોડા સમય પછી લઈ જનારને સદ્બુદ્ધિ આવે કે મારે સાધુ અથવા સાધ્વીના આ વસ્ત્ર આદિ ચોરી લેવા કે ઝૂંટવી લેવા ન જોઈએ અને તે સંધ્યા સમયે અથવા રાત્રિના સમયે સાધુના ચોરેલા વસ્ત્રાદિ પાછા આપવા આવે અથવા સાધુ જોઈ શકે તેવા યોગ્ય સ્થાને મૂકી જાય, તો તે વસ્ત્ર આદિને ગ્રહણ કરવા, તેને **હૃતાહૃતિકા** કહે છે. તે વસ્ત્ર આદિને સાધુ રાત્રે લઈ શકે છે.

તે "હૃતાહૃતિકા" વસ્ત્ર ચોર પાસે જેટલો સમય રહ્યા હોય, તે સમય દરમ્યાન ચોરે તેમાં કેટલાક ફેરફારો કર્યા હોય, સૂત્રકારે તત્સંબંધી પાંચ ક્રિયાઓ બતાવી છે– **परिभुक्त**– તે વસ્ત્રને લઈ જનારે ઓઢવા આદિના ઉપયોગમાં લીધું હોય. **धौत**– પાણીથી ધોયું હોય. **रक्त**– પાંચ પ્રકારના રંગમાંથી કોઈ રંગથી રંગ્યું હોય. **धृष्ट**– વસ્ત્ર આદિ પરના ચિન્હ, ઘસીને કાઢી નાખ્યા હોય. **मृष्ट**– જાડા અથવા ખરબચડા કપડાં આદિને કોઈ દ્રવ્ય નાંખીને સુંવાળું બનાવ્યું હોય. **सम्प्रघूमित**– સુંગધિત ધૂપ આદિથી સુવાસિત કર્યું હોય. ઉપરોક્ત પ્રક્રિયા કરીને ચોર વગેરે વસ્ત્રાદિ પાછા આપવા આવે, તો સાધુ અને સાધ્વી તેને ગ્રહણ કરી શકે છે. પોતાના ચોરાયેલા વસ્ત્ર સિવાયના નવા વસ્ત્ર, પાત્ર, પાદપ્રોંછન વગેરે સંધ્યાકાળે અથવા રાત્રે સાધુ-સાધ્વીને તે લેવા કલ્પતા નથી.

**રાત્રે ગમનાગમનનો નિષેધ :–**

**૪૪ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा राओ वा वियाले वा अद्धाणगमणं एत्तए ।**

**ભાવાર્થ :–** સાધુઓ અને સાધ્વીઓને રાત્રે અથવા વિકાલમાં રસ્તા પર ગમન કરવું કલ્પતું નથી.

**૪૫ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा राओ वा वियाले वा संखडिं संखडिपडियाए एत्तए ।**

**ભાવાર્થ :–** સાધુઓ અને સાધ્વીઓને રાત્રે અથવા વિકાલમાં સંખડી(જ્ઞાતિ ભોજન, જમણવાર)ને માટે, સંખડી સ્થળે(અન્યત્ર) જવું કલ્પતું નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને માટે રાત્રિ વિહારનો નિષેધ છે.

રાત્રિ સમયે ગમનાગમન કરવાથી માર્ગ પર જીવો દષ્ટિગોચર થતાં નથી, ઈર્યાસમિતિનું પાલન થતું નથી, ક્યારેક પગમાં કાંટા વાગે, ઠેસ વાગે, ખાડા-ટેકરાવાળા ઊંચા-નીચા રસ્તામાં પડી જવાય, સર્પ આદિ ઝેરી જીવો ડંખ મારે; વાઘ, દીપડા આદિ જંગલી જાનવરો તરાપ મારે; ચોર-લૂંટારા ઉપદ્રવ કરે ઈત્યાદિ અનેક પ્રકારે જીવ વિરાધના, સંયમ વિરાધના અને આત્મવિરાધનાની સંભાવના હોવાથી સાધુ-સાધ્વીને રાત્રિ વિહારનો સર્વથા નિષેધ છે.

સામાન્ય રીતે સાધુને સંખડિ-મોટા જમણવારમાં ગોચરી માટે જવાનો નિષેધ છે. તેમ છતાં ક્યારેક ગામમાં મોટો જમણવાર હોય, આસપાસના ગ્રામવાસીઓ પણ ત્યાં જ જમવા આવવાના હોય, તે દિવસે અન્યત્ર ક્યાંય ભિક્ષા પ્રાપ્તિની સંભાવના ન હોય, તેવી પરિસ્થિતિમાં સાધુ, લોકોનો સમૂહ ભેગો થાય, તે પહેલાં મોટા જમણવારમાં જઈને વિવેકપૂર્વક આહાર ગ્રહણ કરી શકે છે, ક્યારેક આવા પ્રસંગે જમણવારમાં જલદી પહોંચવા માટે સૂર્યોદય પૂર્વે નીકળવાનો સંકલ્પ કરે અને જાય, તો તેના માટે પ્રસ્તુત સૂત્રમાં નિષેધ કર્યો છે.

**રાત્રે સ્થંડિલ કે સ્વાધ્યાયભૂમિમાં એકલા જવાનો નિષેધ :–**

**૪૬ णो कप्पइ णिग्गंथस्स एगाणियस्स राओ वा वियाले वा बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खमित्तए वा पविसित्तए वा ।**

**कप्पइ से अप्पबिइयस्स वा अप्पतइयस्स वा राओ वा वियाले वा बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खमित्तए वा पविसित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુએ રાત્રે અથવા વિકાલમાં ઉપાશ્રયની બહાર સ્થંડિલ– વિચારભૂમિ અથવા સ્વાધ્યાય ભૂમિમાં એકલા જવું-આવવું કલ્પતું નથી, તેણે પોતે બીજા કે પોતે ત્રીજા અર્થાત્ અન્ય એક અથવા બે સાધુઓએ સાથે લઈને (બે કે ત્રણ સાધુઓને સાથે મળીને) રાત્રે કે વિકાલમાં ઉપાશ્રયની બહાર સ્થંડિલ ભૂમિ અથવા સ્વાધ્યાય ભૂમિમાં જવું-આવવું કલ્પે છે.

**૪૭ णो कप्पइ णिग्गंथीए एगाणियाए राओ वा वियाले वा बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खमित्तए वा पविसित्तए वा । कप्पइ से अप्पबिइयाए वा अप्पतइयाए वा अप्पचउत्थीए वा राओ वा वियाले वा बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खमित्तए वा पविसित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધ્વીને રાત્રે અથવા વિકાલમાં ઉપાશ્રયની બહાર સ્થંડિલ ભૂમિ અથવા સ્વાધ્યાય ભૂમિમાં એકલા આવવું-જવું કલ્પતું નથી, પોતે બીજા, પોતે ત્રીજા કે પોતે ચોથા અર્થાત્ અન્ય એક, બે અથવા ત્રણ સાધ્વીઓને સાથે લઈને એટલે બે, ત્રણ કે ચાર સાધ્વીઓએ સાથે મળીને રાત્રે અથવા વિકાલમાં ઉપાશ્રયની બહાર સ્થંડિલ ભૂમિ અથવા સ્વાધ્યાય ભૂમિમાં જવું-આવવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ–સાધ્વીને રાત્રે સ્થંડિલ ભૂમિ કે સ્વાધ્યાય ભૂમિમાં એકલા જવાનો નિષેધ કર્યો છે. ઉપાશ્રયની અંદર અને ઉપાશ્રયની બહાર સો હાથના ક્ષેત્રની ગણના ઉપાશ્રયની સીમામાં થાય છે, તેનાથી દૂરના ક્ષેત્રમાં જવા માટે સૂત્રમાં **बहिया** શબ્દનો પ્રયોગ કર્યો છે.

એકલા જવામાં અનેક વિપત્તિઓ અને આશંકાઓની સંભાવના રહે છે, જેમ કે– અત્યંત મોહના ઉદયથી અથવા સ્ત્રીના ઉપસર્ગથી પરાજિત થઈને એકલો સાધુ બ્રહ્મચર્યનું ખંડન કરી શકે છે. સર્પ આદિ ઝેરી જીવો ડંખ મારે, મૂર્છાના કારણે ઠોક્કર લાગવાથી પડી જાય, ચોર ગ્રામરક્ષક આદિ પકડે, આદિ કોઈપણ વિકટ પરિસ્થિતિમાં એકલા હોય તો મુશ્કેલી ઊભી થાય, તેથી ઉપાશ્રયની સીમાની બહાર રાત્રિમાં એકલા સાધુએ સ્થંડિલભૂમિ કે સ્વાધ્યાય ભૂમિમાં જવું ન જોઈએ. ઉપાશ્રયની સીમામાં જવાથી ઉક્ત દોષોની સંભાવના પ્રાયઃ રહેતી નથી.

સામાન્ય રીતે સાધુને ઈર્યાસમિતિના પાલનપૂર્વક જ ગમન કરવાનું હોવાથી રાત્રે ઉપાશ્રયની બહાર જવાનો નિષેધ છે પરંતુ ક્યારેક સાધુઓની સંખ્યા વધારે હોય અને મકાન નાનું હોય અથવા ઉપાશ્રયમાં સ્વાધ્યાય થઈ શકે તેમ ન હોય તો રાત્રે સ્વાધ્યાય માટે અન્યત્ર જઈ શકાય છે, તે જ રીતે સ્થંડિલભૂમિમાં પણ રાત્રે જઈ શકાય છે. અનિવાર્ય પરિસ્થિતિમાં રાત્રે બહાર જવું પડે, તો એકલા જવું યોગ્ય નથી.

ભાષ્યકારે આ સૂત્રના અપવાદનું કથન કર્યું છે. ક્યારેક બે કે ત્રણ સાધુ હોય, એકાદ સાધુ બીમાર હોય, એક સાધુને સેવા માટે ઉપાશ્રયમાં રહેવું જરૂરી હોય, બે સાધુ સાથે બહાર જઈ શકે તેમ ન હોય ત્યારે અનિવાર્ય સંયોગમાં સાધુને ઉપાશ્રયની બહાર જવું પડે, તો બીજા સાધુને સૂચન કરીને સ્વયં સાવધાની પૂર્વક એકલા જઈ શકે છે પરંતુ સાધ્વીને કોઈ પણ પરિસ્થિતિમાં એકલા જવું કલ્પતું નથી. વિશિષ્ટ પરિસ્થિતિમાં કોઈ બહેનને સાથે લઈને જઈ શકે છે.

**આર્યક્ષેત્રમાં વિચરણ :–**

**૪૮ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पुरत्थिमेणं** *जाव* **अंगमगहाओ एत्तए, दक्खिणेणं** *जाव* **कोसम्बीओ एत्तए, पच्चत्थिमेणं** *जाव* **थूणाविसयाओ एत्तए, उत्तरेणं** *जाव* **कुणालाविसयाओ एत्तए । एयावयाव कप्पइ, एयावयाव**

**आरिए खेत्ते । णो से कप्पइ एत्तो बहिं । तेण परं जत्थ णाण-दंसण-चरित्ताइं उस्सप्पंति- त्ति बेमि ।**

**ભાવાર્થ :–** સાધુ અને સાધ્વીઓને પૂર્વદિશામાં અંગ દેશની ચંપાનગરી અને મગધ દેશની રાજગૃહી નગરી સુધી, દક્ષિણદિશામાં કૌશમ્બી નગર સુધી, પશ્ચિમદિશામાં સ્થૂણા નગરી સુધી અને ઉત્તર દિશામાં કુણાલદેશની શ્રાવસ્તી નગરી સુધી જવું કલ્પે છે. આટલા જ આર્યદેશ છે, તેનાથી બહાર જવું કલ્પતું નથી. તદુપરાંત જ્યાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની વૃદ્ધિ થતી હોય ત્યાં વિચરણ કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને આર્યક્ષેત્રમાં વિચરણ કરવાનું સૂચન કર્યું છે.

પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદમાં ભરતક્ષેત્રના સાડા પચીસ આર્યદેશનું કથન છે. સાધુ-સાધ્વીને તે આર્યક્ષેત્રમાં વિચારવાનું વિધાન છે.

પ્રસ્તુત સૂત્રમાં તેની સીમા રૂપે – પૂર્વ દિશામાં અંગદેશની રાજધાની ચંપાનગરી અને મગધદેશની રાજધાની રાજગૃહી નગરી સુધી, દક્ષિણદિશામાં – વત્સદેશની રાજધાની કૌશમ્બી નગરી સુધી, પશ્ચિમદિશામાં – સ્થૂણા નગરી સુધી અને ઉત્તરદિશામાં – કુણાલદેશની રાજધાની શ્રાવસ્તી નગરી સુધી જવાનું વિધાન છે. પ્રસ્તુત સૂત્રમાં પૂર્વ દિશા આદિમાં દેશના નામનું કથન છે અને દક્ષિણા દિશા આદિમાં નગરીના નામનું કથન છે.

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ આર્યક્ષેત્રમાં હોય છે. આર્યક્ષેત્રના લોકો સાધ્વાચારથી પરિચિત હોવાથી સાધુને આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, શય્યા, સંસ્તારક આદિ ઉપધિ સરળ તાથી પ્રાપ્ત થઈ શકે છે. સંયમ ધર્મની સાધના સરળતાપૂર્વક થઈ શકે છે. તેથી સાધુ-સાધ્વીએ આર્યક્ષેત્રમાં વિચરણ કરવું જોઈએ.

**तेणं परं जत्थ.....** તેમ છતાં જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ થતી હોય, તો સાધુ-સાધ્વી આર્ય ક્ષેત્રથી અન્યત્ર અર્થાત્ અનાર્ય ક્ષેત્રમાં વિચરણ કરી શકે છે. જેમ પ્રભુ મહાવીર સ્વામીએ વિશેષ કર્મનિર્જરાના લક્ષે અનાર્ય ક્ષેત્રમાં વિચરણ કર્યું હતું. સંક્ષેપમાં સાધુ-સાધ્વીએ પોતાની ક્ષમતાનો પૂર્ણપણે વિચાર કરીને સંયમ સમાચારીને લક્ષમાં રાખીને વિચરણ કરવું જોઈએ.

**॥ ઉદ્દેશક-૧ સંપૂર્ણ ॥**

# ઉદ્દેશક-૨

## પ્રાક્કથન

★ આ ઉદ્દેશકમાં સાધુ-સાધ્વીને રહેવા યોગ્ય સ્થાન તથા શય્યાતરપિંડની ગ્રાહ્યતા-અગ્રાહ્યતાનું વિવિધ વિકલ્પોથી વિસ્તૃત વર્ણન છે અને અંતે સાધુ-સાધ્વીને કલ્પનીય વસ્ત્ર અને રજોહરણનું કથન છે.

★ જે મકાનમાં ધાન્ય વેરાયેલું હોય તેમાં સાધુ-સાધ્વીએ રહેવું કલ્પતું નથી. ધાન્યના વ્યવસ્થિત ઢગલા હોય તો ત્યાં માસકલ્પ રહી શકે છે અને ધાન્ય ડબ્બામાં ભરેલું હોય, તે ડબ્બા સીલબંધ હોય કે કોથળામાં ભરેલું હોય અને જ્યાં ગમનાગમનમાં જીવ વિરાધનાની સંભાવના ન હોય, ત્યાં ચાતુર્માસ રહી શકે છે.

★ જે મકાનમાં દારૂના ઘડા અથવા અચિત્ત ઠંડા અથવા ઉષ્ણ પાણીના ઘડા ભરેલા હોય, અગ્નિ દીપક આખી રાત બળતા હોય, તો ત્યાં સાધુ-સાધ્વીએ રહેવું ન જોઈએ, અન્ય મકાનના અભાવમાં એક અથવા બે રાત્રિ રહી શકાય છે.

★ જે મકાનમાં ખાદ્ય પદાર્થના વાસણો વેર-વિખેર પડ્યા હોય ત્યાં રહેવું ન જોઈએ, તે ખાદ્ય પદાર્થો વ્યવસ્થિત રાખેલા હોય તો માસકલ્પ અને તે પદાર્થો સીલબંધ હોય તો ચાતુર્માસ પણ રહી શકાય છે.

★ ધર્મશાળા અને અસુરક્ષિત સ્થાનોમાં સાધ્વીઓએ રહેવું ન જોઈએ. અન્ય સ્થાનના અભાવે સાધુ ત્યાં રહી શકે છે.

★ જે શય્યા-સ્થાનના અનેક સ્વામી હોય તો, એકની આજ્ઞા લઈને તેને શય્યાતર તરીકે સ્થાપિત કરીને અન્યના ઘરેથી આહારાદિ ગ્રહણ કરી શકાય છે.

★ શય્યાતરનો આહાર શય્યાતરની માલિકીનો હોય કે અન્યને આપી દેવાથી શય્યાતરની માલિકીનો ન હોય તો પણ શય્યાતરના ઘરમાં લેવો કલ્પતો નથી. શય્યાતરનો આહાર શય્યાતરના ઘરની બહાર શય્યાતરની માલિકીનો હોય તો લેવો કલ્પતો નથી અને શય્યાતરના ઘરની બહાર અન્યને આપી દેવાથી અન્યની માલિકીનો થઈ જાય તો તે આહાર અન્ય ગૃહસ્થ પાસેથી લેવો કલ્પે છે.

★ સાધુ-સાધ્વી શય્યાતરનો આહાર અન્યને અપાવે અને તેના આહાર સાથે મિશ્રિત કરાવે અર્થાત્ અન્યના ઘેર મૂકાવે તો તેને ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

★ શય્યાતરને ત્યાં બીજાનો આવેલો-આહૃતિકા આહાર આદિ શય્યાતર સ્વીકારે તે પહેલા લઈ શકાય છે અને શય્યાતરે બીજાને ત્યાં મોકલેલો-નિહૃતિકા આહાર બીજા સ્વીકારી લે, શય્યાતરની માલિકી છૂટી જાય ત્યાર પછી લઈ શકાય છે.

★ અનેક વ્યક્તિની સંયુક્ત માલિકીવાળા આહારાદિમાંથી શય્યાતરની માલિકીનો અંશ(ભાગ) સંપૂર્ણ જુદો થઈ ગયા પછી વધેલા આહારમાંથી ગ્રહણ કરવો કલ્પે છે પરંતુ શય્યાતરનો અંશ-ભાગ પણ સંપૂર્ણપણે જુદો થયો ન હોય તો તેમાંથી ગ્રહણ કરવો કલ્પતો નથી.

★ શય્યાદાતાના પૂજ્ય પુરુષોને સર્વથા અર્પણ કરેલા આહારમાંથી ગ્રહણ કરવો કલ્પે છે પરંતુ તે આહાર 'પ્રાતિહારિક' દેવાયેલો હોય તો તેમાંથી લેવું કલ્પતું નથી તથા તે આહાર શય્યાદાતાના અથવા તેના પારિવારિક સદસ્યોના હાથથી પણ લેવો કલ્પતો નથી.

★ સાધુ-સાધ્વીઓ પાંચ પ્રકારના વસ્ત્ર અને પાંચ પ્રકારના રજોહરણમાંથી કોઈપણ જાતના વસ્ત્ર, રજોહરણ ગ્રહણ કરી શકે છે.

❖❖❖❖❖

# ઉદ્દેશક-ર

**ધાન્યયુક્ત ઉપાશ્રય :-**

**१ उवस्सयस्य अंतो वगडाए सालीणि वा वीहीणि वा मुग्गाणि वा मासाणि वा तिलाणि वा कुलत्थाणि वा गोधूमाणि वा जवाणि वा जवजवाणि वा उक्खित्ताणि वा विक्खित्ताणि वा विइकिण्णाणि वा, विप्पकिण्णाणि वा णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अहालंदमवि वत्थए ।**

**ભાવાર્થ :-** ઉપાશ્રયની અંદરના ભાગમાં ચોખા, કમોદ, મગ, અડદ, તલ, કળથી ઘઉં, જવ, જુવાર, વગેરે ધાન્ય અવ્યવસ્થિતપણે પડ્યા હોય, ચારે બાજુ વેર-વિખેર પડ્યા હોય, જ્યાં ત્યાં વેરાયેલા કે વિખરાયેલા હોય તો સાધુ-સાધ્વીઓને ત્યાં યથાલન્દકાલ-અલ્પકાલ માટે પણ રહેવું કલ્પતું નથી.

**२ अह पुण एवं जाणेज्जा-णो उक्खित्ताइं, णो विक्खत्ताइं, णो विइकिण्णाइं, णो विप्पकिण्णाइं, रासिकडाणि वा पुंजकडाणि वा भित्तिकडाणि वा कुलियाकडाणि वा लंछियाणि वा मुद्दियाणि वा पिहियाणि वा, कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा हेमंत-गिम्हासु वत्थए ।**

**ભાવાર્થ :-** જો તે જાણે કે ઉપાશ્રયમાં ચોખા ***યાવત્*** જુવાર વગેરે ધાન્ય અવ્યવસ્થિત નથી, ચારે બાજુ વેર-વિખેર નથી, જ્યાં ત્યાં વેરાયેલા કે વિખરાયેલા પડ્યા નથી પરંતુ તે ધાન્ય રાશિકૃત-ગોળ ઢગલા કરીને, પુંજીકૃત-લાંબા ઢગલા કરીને, ભિત્તિકૃત-ભીંતના સહારે ભેગું કરીને, કુલિકાકૃત-માટીના ચોરસ કે ગોળ કુંડા જેવા પાત્રમાં ભરીને, લાંછિત-તે પાત્રને ઉપરથી રાખ આદિ લગાવીને છાંદી દીધું હોય અર્થાત્ બંધ કર્યું હોય, મુદ્રિત-ગોબર આદિથી લીંપ્યું હોય, પિહિત-વાંસની થાળી અથવા વસ્ત્ર આદિથી ઢાંક્યું હોય અર્થાત્ ધાન્ય વ્યવસ્થિત રીતે રાખેલું હોય, તેવા સ્થાનમાં સાધુ કે સાધ્વીને હેમંત અને ગીષ્મૠતુમાં રહેવું કલ્પે છે.

**३ अह पुण एवं जाणेज्जा-णो रासिकडाइं णो पुंजकडाइं णो भित्तिकडाइं णो कुलियाकडाइं, कोट्ठोउत्ताणि वा पल्लाउत्ताणि वा मंचाउत्ताणि वा मालाउत्ताणि वा ओलित्ताणि वा विलित्ताणि वा पिहियाणि वा लंछियाणि वा मुद्दियाणि वा, कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा वासावासं वत्थए ।**

**ભાવાર્થ :-** જો તે જાણે કે ઉપાશ્રયની અંદર ચોખા ***યાવત્*** જુવાર આદિ ધાન્ય રાશીકૃત, પુંજીકૃત, ભિત્તિકૃત કે કુલિકાકૃત નથી પરંતુ કોઠામાં અથવા પલ્યમાં ભરેલા છે, માંચડા ઉપર કે મેડા ઉપર સુરક્ષિત છે, તેના પાત્રોને માટી અથવા છાણથી લીંપેલા છે, ઢાંકેલા છે, ચિન્હિત કે મુદ્રિત કરેલા છે, તો તે સ્થાનમાં સાધુ કે સાધ્વીને વર્ષાવાસમાં રહેવું કલ્પે છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ધાન્ય રાખેલા મકાનોમાં રહેવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે. સૂત્રકારે મકાનની ત્રણ સ્થિતિનું કથન કર્યું છે.

(૧) આખા મકાનમાં સર્વત્ર ધાન્ય વેરાયેલું હોય, તે મકાન સંપૂર્ણ રીતે અકલ્પનીય છે.

(૨) જે મકાનમાં ધાન્ય વ્યવસ્થિત રીતે એકબાજુ ઢગલા કરીને રાખેલું હોય, ગમનાગમનમાં વિરાધનાની સંભાવના ન હોય, તેવા સ્થાનમાં હેમંત અથવા ગીષ્મઋતુમાં રહી શકાય છે.

(૩) જે મકાનમાં ધાન્ય કોઠી આદિમાં ભરીને પેક કરીને વ્યવસ્થિત રાખ્યું હોય, ત્યાં ચાતુર્માસ કરી શકાય છે.

સંક્ષેપમાં જે સ્થાન નિર્દોષ અને પવિત્ર હોય, સાધુને ઈર્યા સમિતિનું પાલન યથાર્થ રીતે થઈ શકે તેમ હોય, સાધુના દર્શન આદિને માટે આવતાં-જતાં લોકો દ્વારા પણ જીવવિરાધનાની સંભાવના ન હોય, તેવા સ્થાનમાં સાધુ રહી શકે છે.

**યથાલંદ કાલ :–**

**तिविहं य अहालंदं, जहण्णयं मज्झिमं च उक्कोसं ।**
**उदउल्लं च जहण्णं, पणगं पुण होइ उक्कोसं ॥ –બૃહદ્. ભાષ્ય – ૩૩૦૩**

ભાષ્યકારે યથાલંદકાલના ત્રણ પ્રકાર કહ્યા છે – જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ. ભીનાહાથની રેખા સુકાવામાં જેટલો સમય લાગે છે તેટલા સમયને જઘન્ય યથાલંદકાળ કહે છે. પાંચ દિવસ-રાતને ઉત્કૃષ્ટ યથાલંદકાળ કહે છે અને આ બંનેની વચ્ચેના કાળને મધ્યમ યથાલંદકાળ કહે છે.

જે સ્થાનમાં ધાન્ય વેરાયેલું હોય ત્યાં સાધુને જઘન્ય યથાલંદકાળ પણ રહેવું કલ્પતું નથી, કારણ કે તે સ્થાનમાં ગમનાગમન કરતાં સચિત્ત બીજોની વિરાધના થાય છે અને ધાન્ય પર ચાલતા ક્યારેક લપસી પડવાથી આત્મવિરાધના પણ થાય છે, તેથી સાધુ-સાધ્વીઓએ ત્યાં અલ્પકાળ પણ રહેવું ન જોઈએ.

**માદક દ્રવ્યયુક્ત સ્થાન :–**

**૪ उवस्सयस्स अंतो वगडाए सुरा-वियड कुम्भे वा सोवीर-वियड-कुम्भे वा उवणिक्खित्ते सिया, णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अहालंदमवि वत्थए । हुरत्था य उवस्सयं पडिलेहमाणे णो लभेज्जा, एवं से कप्पइ एगरायं वा दुरायं वा वत्थए । णो से कप्पइ परं एगरायाओ वा दुरायाओ वा वत्थए जे तत्थ एगरायाओ वा दुरायाओ वा परं वसइ, से संतरा छेए वा परिहारे वा ।**

**ભાવાર્થ :–** જે સ્થાનની અંદર દારૂ અને સૌવીરથી ભરેલા ઘડા હોય, તે સ્થાનમાં સાધુ-સાધ્વીઓને યથાલંદકાલ-અલ્પકાલ પણ રહેવું કલ્પતું નથી. ગવેષણા કરવાં છતાં રહેવા માટે અન્ય સ્થાન ન મળે તો ઉક્ત સ્થાનમાં એક કે બે રાત રહેવું કલ્પે છે, એક કે બે રાતથી વધારે રહેવું કલ્પતું નથી. તેવા સ્થાનમાં જો સાધુ એક કે બે રાતથી વધારે રહે, તો તે સાધુ દીક્ષા છેદ અથવા તપરૂપ પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને દારૂ સંગ્રહિત સ્થાનમાં રહેવાનો નિષેધ કર્યો છે.

**सुरा**– ચોખા આદિના લોટમાંથી જે દારૂ બનાવવામાં આવે છે, તે સુરા કહેવાય છે અને **सोविर**– દ્રાક્ષ, ખજૂર આદિમાંથી જે દારૂ બનાવવામાં આવે, તે સૌવીર કહેવાય છે. ઉપલક્ષણથી કોઈપણ પ્રકારના દારૂ ભરેલા ઘડા જે સ્થાનમાં હોય, તેવા સ્થાનમાં સાધુ-સાધ્વીએ યથાલંદકાળ પણ રહેવું ન જોઈએ. જો રહે તો

તે લઘુચૌમાસી પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે કારણ કે તેવા સ્થાનમાં રહેવાથી સાધુને દારૂ પીવાની ઈચ્છા થાય, દારૂ પીએ તો તેમાં અનેક દોષોની સંભવના છે તેમજ ત્યાં રહેવાથી લોકોના માનસમાં સાધુ માટે શંકા ઉત્પન્ન થાય છે.

અન્ય સ્થાન ન મળે તો એક કે બે રાત્રિ ત્યાં રહી શકે છે. આ અપવાદયુક્ત વિધાન ગીતાર્થો માટે છે અથવા ગીતાર્થના નેતૃત્વમાં અગીતાર્થ સાધુઓ રહી શકે છે. બે રાતથી વધારે રહેવાથી સૂત્રોક્ત મર્યાદાનું ઉલ્લંઘન થાય છે અને તેથી દીક્ષા છેદ અથવા તપરૂપ પ્રાયશ્ચિત્ત આવે છે.

### પાણી ભરેલા ઘટયુક્ત સ્થાન :–

**૫ उवस्सयस्स अंतो वगडाए सीओदग-वियडकुंभे वा उसिणोदग-वियडकुंभे वा उवणिक्खित्ते सिया, णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अहालंदमवि वत्थए । हुरत्था य उवस्सयं पडिलेहमाणे णो लभेज्जा, एवं से कप्पइ एगरायं वा दुरायं वा वत्थए । णो से कप्पइ परं एगरायाओ वा दुरायाओ वा वत्थए । जे तत्थ एगरायाओ वा दुरायाओ वा परं वसइ, से संतरा छेए वा परिहारे वा ।**

**ભાવાર્થ :–** જે સ્થાનની અંદર અચિત્ત ઠંડા પાણી અથવા ગરમ પાણીના ઘડા ભરીને રાખ્યા હોય, તે સ્થાનમાં સાધુ–સાધ્વીઓને અલ્પકાળ પણ રહેવું કલ્પતું નથી. ગવેષણા કરવા છતાં પણ અન્ય સ્થાન ન મળે તો ઉક્ત સ્થાનમાં એક કે બે રાત્રિ રહેવું કલ્પે છે, એક કે બે રાત્રિથી વધારે રહેવું કલ્પતું નથી. જો સાધુ ત્યાં એક અથવા બે રાતથી વધુ રહે છે, તો તે દીક્ષા છેદ અથવા તપરૂપ પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**વિવેચન :–**

**सीओदगवियडकुंभे :–** ઉકાળીને ઠારેલા અથવા ક્ષાર આદિ પદાર્થોના મિશ્રણથી અચિત્ત થયેલા ઠંડા પાણીથી ભરેલા ઘડાને ''શીતોદકવિકૃતકુંભ'' કહે છે અને પ્રાસુક ગરમ પાણીથી ભરેલા ઘડાને ''ઉષ્ણોદકવિકૃતકુંભ'' કહે છે. જે સ્થાનમાં પ્રાસુક ગરમ કે ઠંડા પાણીથી ભરેલા ઘડા હોય, તે સ્થાનમાં સાધુ અને સાધ્વીઓને યથાલંદકાળ પણ રહેવું કલ્પતું નથી.

પ્રસ્તુત સૂત્રમાં સચિત્ત પાણીનું કથન ન કરતાં અચિત્ત પાણીનું કથન છે, તેનું તાત્પર્ય એ છે કે સાધુઓ અચિત્ત પાણીનો સહજ ઉપયોગ કરે છે. અચિત્ત પાણી યુક્ત સ્થાનમાં રહેવાથી કોઈ સાધુને રાત્રે તરસ લાગે અને તે સ્થાનમાં અચિત્ત પાણી હોય, તો તેને તે પાણી પીવાનું મન થઈ જાય અથવા કોઈ પાણી પીએ, તો તેનું રાત્રિભોજન વેરમણ વ્રત ખંડિત થાય, સાધુ રાત્રે પાણી પીતા હશે તેવી કોઈ ગૃહસ્થને શંકા થાય માટે તેવા શંકાયુક્ત સ્થાનોમાં રહેવાનો નિષેધ છે.

### અગ્નિયુક્ત સ્થાન :–

**૬ उवस्सयस्स अंतो वगडाए सव्वराइए जोई झियाएज्जा, णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अहालंदमवि वत्थए । हुरत्था य उवस्सयं पडिलेहमाणे णो लभेज्जा, एवं से कप्पइ एगरायं वा दुरायं वा वत्थए । णो से कप्पइ परं एगरायाओ वा दुरायाओ वा वत्थए । जे तत्थ एगरायाओ वा दुरायाओ वा परं वसइ, से संतरा छेए वा परिहारे वा ।**

**ભાવાર્થ :–** ઉપાશ્રયની અંદર આખી રાત અગ્નિ પ્રજ્વલિત રહેતી હોય, તે સ્થાનમાં સાધુ-સાધ્વીઓને અલ્પકાલ પણ રહેવું કલ્પતું નથી. ક્યારેક ગવેષણા કરવા છતાં રહેવા યોગ્ય અન્ય સ્થાન ન મળે તો ઉક્ત સ્થાનમાં એક કે બે રાત્રિ રહેવું કલ્પે છે, એક કે બે રાત્રિથી વધારે રહેવું કલ્પતું નથી. જે સાધુ એક કે બે રાત્રિથી વધારે રહે તે દીક્ષા છેદ અથવા પરિહાર તપરૂપ પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**૭ उवस्सयस्स अंतो वगडाए सव्वराईए पईवे दिप्पेज्जा, णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अहालंदमवि वत्थए । हुरत्था य उवस्सयं पडिलेहमाणे णो लभेज्जा, एवं से कप्पइ एगरायं वा दुरायं वा वत्थए । णो से कप्पइ परं एगरायाओ वा दुरायाओ वा वत्थए । जे तत्थ एगरायाओ वा दुरायाओ वा परं वसइ, से संतरा छेए वा परिहारे वा ।**

**ભાવાર્થ :–** જે સ્થાનની અંદર આખી રાત દીવા જલતા હોય તેવા સ્થાનમાં સાધુ-સાધ્વીઓને અલ્પકાળ પણ રહેવું કલ્પતું નથી. ગવેષણા કરવા છતાં રહેવા માટે અન્ય સ્થાન ન મળે તો ઉક્ત સ્થાનમાં એક કે બે રાત્રિ રહેવું કલ્પે છે, એક કે બે રાત્રિથી વધારે રહેવું કલ્પતું નથી. જે સાધુ એક કે બે રાત્રિથી વધારે સમય રહે તે દીક્ષા છેદ અથવા તપરૂપ પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને અગ્નિયુક્ત સ્થાનમાં રહેવાનો નિષેધ છે. આખી રાત અથવા દિવસ-રાત અગ્નિ પ્રજ્વલિત રહે તેવા કુંભારશાળા, લુહારશાળા આદિ સ્થાનોમાં સાધુએ રહેવું કલ્પતું નથી. જો રહેવાના સ્થાનમાં અને ગમનાગમનના માર્ગમાં અગ્નિ પ્રજ્વલિત ન હોય, અન્યત્ર ફળિયાદિમાં હોય, તો ત્યાં રહેવું કલ્પે છે.

**અગ્નિ અથવા દીપક યુક્ત સ્થાનમાં રહેવાના દોષ :–** અગ્નિ અથવા દીપકની નજીકથી ગમનાગમન કરતાં અગ્નિકાયના જીવોની વિરાધના થાય, હવાના કારણે અગ્નિમાંથી તણખા ઉડીને ઉપકરણાદિ ઉપર પડે, તો તે બળી જાય, દીપકાદિ ઉપર ત્રસ જીવો પડે તે વિરાધના થાય, ઠંડી દૂર કરવાનો સંકલ્પ વિચાર થાય, વગેરે દોષોની સંભાવનાના કારણે અગ્નિયુક્ત સ્થાનમાં રહેવાનો સાધુ માટે નિષેધ છે. આચા. શ્રુ. ૨, અ–૨, ઉ–૩, સૂત્ર–૫માં અગ્નિયુક્ત સ્થાનમાં રહેવાનો નિષેધ છે અને નિશીથ સૂત્ર ઉ. ૧૬માં તેના પ્રાયશ્ચિત્તનું વિધાન છે.

**ખાદ્ય પદાર્થયુક્ત સ્થાન :–**

**૮ उवस्सयस्स अंतो वगडाए पिंडए वा लोयए वा खीरे वा दहि वा णवणीए वा सप्पि वा तेल्ले वा फाणियं वा पूवे वा सक्कुली वा सिहरिणी वा उक्खित्ताणि वा विक्खित्ताणि वा विइकिण्णाणि वा विप्पकिण्णाणि वा णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अहालंदमवि वत्थए ।**

**ભાવાર્થ :–** જે સ્થાનની અંદર મોદકાદિ મિષ્ટાન્ન, માવો, દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, પૂરી, માલપુઆ અને શ્રીખંડ વગેરે ખાદ્ય પદાર્થો ભરેલા વાસણો અવ્યવસ્થિપણે પડ્યા હોય, છૂટા છવાયા પડ્યા હોય, ચાલવાના રસ્તામાં વિખરાયેલા હોય, વિશેષ પ્રકારે વેર-વિખેર પડ્યા હોય ત્યાં અલ્પકાલ પણ રહેવું કલ્પતું નથી.

**૯ अह पुण एवं जाणेज्जा–णो उक्खित्ताइं णो विक्खित्ताइं णो विइकिण्णाइं णो विप्पइकिणाइं रासिकडाणि वा पुजंकडाणि वा भित्तिकडाणि वा कुलियाकडाणि वा लंछियाणि वा मुद्दियाणि वा पिहियाणि वा कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा हेमंत–गिम्हासु वत्थए ।**

**ભાવાર્થ :–** જો તે જાણે કે તે મિષ્ટાન્નાદિ ખાદ્ય પદાર્થ ભરેલા વાસણો અવ્યવસ્થિતપણે નથી, છૂટા-છવાયા પડ્યા નથી, ચાલવાના રસ્તામાં વિખરાયેલા નથી, વિશેષ રીતે વેર-વિખેર નથી, પરંતુ રાશિકૃત-ગોળાકાર ઢગલારૂપે રાખ્યા છે, પુંજીકૃત-લાંબા ઊંચા ઢગલારૂપે રાખ્યા છે, ભિત્તિકૃત-ભીંતને સહારે ગોઠવેલા છે, કુલિકાકૃત-માટીના બનાવેલા ગોળ અથવા ચોરસપાત્રમાં રાખેલા છે, ખાદ્ય પદાર્થોને એકઠા કરીને રાખ આદિથી ઢાંકીને; છાણ આદિથી લીંપીને તથા વાંસની બનેલી ચટ્ટાઈ, ટોપલી અથવા થાળી, વસ્ત્ર આદિથી ઢાંકીને રાખ્યા છે, તો સાધુ-સાધ્વીઓને ત્યાં હેમંત અને ગ્રીષ્મઋતુમાં રહેવું કલ્પે છે.

**૧૦ अह पुण एवं जाणेज्जा–णो रासिकडाणि वा *जाव* णो कुलियाकडाणि वा कोट्ठाउत्ताणि वा पल्लाउत्ताणि वा मंचाउत्ताणि वा मालाउत्ताणि वा कुंभिउत्ताणि वा करभि उत्ताणि वा ओलित्ताणि वा विलित्ताणि वा पिहियाणि वा लंछियाणि वा मुद्दियाणि वा कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा वासावासं वत्थए ।**

**ભાવાર્થ :–**જો તે જાણે કે તે મિષ્ટાન્નાદિ ખાદ્ય પદાર્થો ભરેલા વાસણો રાશીકૃત ***યાવત્*** કુલિકાકૃત નથી, પરંતુ કોઠારમાં ભર્યા છે, પલ્ય(ટોપલા, ડબા)માં ભર્યા છે, માંચડા પર, મેડા પર સુરક્ષિત છે, કોઠીમાં, ઘડામાં ભર્યા છે, માટી કે છાણથી મુખદ્વાર લિપ્ત છે, રાખથી રેખા કરી છે, ઢાંકેલા છે, મહોર મારેલા છે, મુદ્રિત કર્યા છે, તો ત્યાં વર્ષાવાસ રહેવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ખાદ્ય પદાર્થયુક્ત મકાનમાં રહેવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે. જો ખાદ્ય પદાર્થ વાસણ આદિમાં ભર્યા હોય અને તે વાસણો ચારે બાજુ અવ્યવસ્થિત પડ્યા હોય, તેવા સ્થાનમાં સાધુ-સાધ્વીને રહેવાનો નિષેધ છે.

**ખાદ્ય પદાર્થયુક્ત ઉપાશ્રયમાં રહેવાથી લાગતા દોષ :–** ખાદ્ય પદાર્થવાળા મકાનમાં કીડીઓની ઉત્પત્તિ વધારે હોય છે, ઊંદર, બિલાડી વગેરે પણ ફરતા રહે છે, અસાવધાનીના કારણે પશુ-પક્ષી આવીને તે ખાદ્ય પદાર્થ ખાવા લાગે અને તેને ખાતાં રોકવામાં અને દૂર કરવામાં અંતરાય દોષ લાગે અને દૂર ન કરે તો મકાનમાલિક ગુસ્સે થાય અથવા સાધુએ જ ખાધું હશે તેવી શંકા થાય છે, કોઈ ભૂખ્યા અથવા રસલોલુપી સાધુનું મન ખાવા માટે ચલિત થાય અને ખાય તો અદત્ત દોષ લાગે છે. ખાદ્ય પદાર્થો જોઈને કોઈ ભિખારી, યાચક આદિ ખાદ્ય પદાર્થો માંગે અને સાધુ ના પાડે તો અંતરાય દોષ લાગે, તેમ જ તે ખાદ્ય પદાર્થો પોતાની માલિકીના ન હોવાથી સાધુ કોઈને આપી શકતા નથી, ખાદ્ય પદાર્થોની સુગંધ અથવા દુર્ગંધથી અનેક શુભાશુભ સંકલ્પ થાય છે, જે કર્મબંધનું કારણ બને છે આ રીતે અનેક દોષોની સંભાવનાથી સાધુ-સાધ્વી તેવા સ્થાનમાં રહે નહીં.

**ધર્મશાળા આદિ સ્થાન :–**

**૧૧ णो कप्पइ णिग्गंथीणं अहे आगमणगिहंसि वा वियडगिहंसि वा वंसीमूलंसि**

**वा रुक्खमूलंसि वा अब्भावगासियंसि वा वत्थए ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને ધર્મશાળામાં, ચારેબાજુથી ખુલ્લા મકાનમાં અર્થાત્ છાપરાની નીચે, વાંસની જાળીવાળા ઘરમાં, વૃક્ષની નીચે અથવા વૃક્ષની ડાળીઓની ભીંત બનાવી હોય તેવા મકાનમાં તથા આકાશની નીચે અર્થાત્ જેનો અધિકાંશ ભાગ ખુલ્લો હોય તેવા સ્થાનમાં રહેવું કલ્પતું નથી.

**૧૨ कप्पइ णिग्गंथाणं अहे आगमणगिहंसि वा वियडगिहंसि वा वंसीमूलंसि वा रुक्खमूलंसि वा अब्भावगासियंसि वा वत्थए ।**

**ભાવાર્થ :–** સાધુઓને ધર્મશાળામાં, ચારેબાજુથી ખુલ્લા મકાનમાં અર્થાત્ છાપરાની નીચે, વાંસની જાળીવાળા ઘરમાં, વૃક્ષની નીચે તથા આકાશની નીચે અર્થાત્ અધિકાંશ ભાગ ખુલ્લો હોય તેવા સ્થાનમાં રહેવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ–સાધ્વીને રહેવા કે ન રહેવા યોગ્ય સ્થાનોનું કથન છે.

**૧. आगमणगिहंसि :–** આગમનઘર– જ્યાં મુસાફરોનું સતત આવાગમન હોય તેવા સ્થાન અર્થાત્ સભાગૃહ, ધર્મશાળા, આરામગૃહ, આદિ સ્થાનને આગમનગૃહ કહે છે.

**૨. वियडगिहंसि :–** વિવૃતગૃહ– ઉપરથી ઢાંકેલા અને બે, ત્રણ અથવા ચારેબાજુથી ખુલ્લા સ્થાનને વિવૃતગૃહ કહે છે.

**૩. वंसीमूलंसि :–** વંશીમૂલ– વાંસની ચટ્ટાઈ આદિથી ઉપર ઢાંકેલુ અને આગળથી ખુલ્લું હોય, તેવા ઓસરી આદિને વંશીમૂલ કહે છે અથવા ચારે તરફ વાંસની જાળીથી યુક્ત સ્થાનને વંશીમૂલ કહે છે.

**૪. रुक्खमूलंसि :–** વૃક્ષમૂળ– વૃક્ષના નીચેના ભાગને વૃક્ષમૂળ કહે છે.

**૫. अब्भावगासियंसि :–** અભ્રાવકાશ– ખુલ્લા આકાશને અર્થાત્ જેનો ઉપરનો ભાગ વધારે ખુલ્લો હોય તેવા સ્થાનને અભ્રાવકાશ કહે છે.

તેવા સ્થાનમાં સાધ્વીઓએ રહેવું ન જોઈએ કારણ કે તેવા સ્થાન સંપૂર્ણ અસુરક્ષિત સ્થાન છે. વિહાર કરતાં ક્યારેક સૂર્યાસ્તનો સમય થઈ જાય અને યોગ્ય સ્થાન ન મળે તો સાધ્વીએ સૂર્યાસ્ત પછી પણ યોગ્ય સ્થાનમાં પહોંચવું અત્યંત આવશ્યક છે. સાધુઓને તેવા સ્થાનમાં રહેવું કલ્પે છે.

પૂર્વસૂત્રમાં **વિયડ** શબ્દ અચિત્ત અર્થમાં પ્રયુક્ત છે અને પ્રસ્તુતસૂત્રમાં **વિયડ** શબ્દ એક અથવા અનેક દિશામાં ખુલ્લું હોય તેવા ઘર અર્થમાં પ્રયુક્ત છે.

**અનેક માલિક હોય તેવા મકાનની આજ્ઞા વિધિ :–**

**૧૩ एगे सागारिए पारिहारिए, दो तिण्णि चत्तारि पंच सागारिया पारिहारिया एगं तत्थ कप्पागं ठवइत्ता अवसेसे णिव्विसेज्जा ।**

**ભાવાર્થ :–** એક સાગારિક-મકાનના એક માલિક પારિહારિક(તેના ઘરના આહારનો પરિહાર ત્યાગ કરવાનો) હોય છે.

બે, ત્રણ, ચાર, પાંચ સાગારિક અર્થાત્ મકાનના માલિક પારિહારિક હોય છે. જે મકાનના બે, ત્રણ, ચાર અથવા પાંચ માલિક હોય ત્યાં એકને કલ્પાક-શય્યાતર તરીકે સ્થાપિત કરીને શેષને શય્યાતર ન માનવા અર્થાત્ એક કલ્પાક-શય્યાતરના ઘરના આહારાદિ કલ્પતા નથી શેષ માલિકના ઘરોમાં આહારાદિ માટે જઈ શકાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અનેક માલિક હોય તેવા મકાનની આજ્ઞા લેવાની વિધિ પ્રદર્શિત કરી છે.

**सागारिए :–** આગાર એ ઘરનો પર્યાયવાચી શબ્દ છે, ઘર અથવા વસતિના માલિક સાગારિક કહેવાય છે. સાગારિક મનુષ્ય જ શય્યાતર, શય્યાકર, શય્યાદાતા અને શય્યાધર કહેવાય છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે થાય છે–

(૧) સાધુ-સાધ્વીઓને શય્યા અર્થાત્ રહેવાનું સ્થાન, વસતિ કે ઉપાશ્રય આપીને જે પોતાના આત્માને સંસાર સાગરથી તારે છે, તે **શય્યાતર** કહેવાય છે.

(૨) શય્યા-વસતિ(રહેવા યોગ્ય સ્થાન આદિ)ને જે બનાવે છે, તે **શય્યાકર** કહેવાય છે.

(૩) સાધુઓને રહેવાના સ્થાનરૂપ શય્યાનું જે દાન આપે છે, તે **શય્યાદાતા** કહેવાય છે

(૪) સાધુઓને શય્યા-સ્થાન આપીને જે નરકમાં જવાથી પોતાના આત્માને બચાવે છે, તે **શય્યાધર** કહેવાય છે.

સાધુ-સાધ્વીને જે મકાનમાં નિવાસ કરવાનો હોય, તે મકાનના માલિકની આજ્ઞા લઈને તેઓ તે મકાનમાં રહે છે. તે મકાનના માલિક અન્ય હોય પણ જેના અધિકારમાં(કબજામાં) તે મકાન હોય તેની આજ્ઞા પણ લઈ શકાય છે, જેમ કે બગીચો રાજાનો હોય પણ તે માળીને સુપરત કર્યો હોય, તો માળીની આજ્ઞા લઈ નિવાસ કરી શકાય છે અને જેની આજ્ઞા લેવામાં આવે તે શય્યાતર કહેવાય છે.

જે શય્યાતર સાધુ અથવા સાધ્વીને રહેવાને માટે વસતિ અથવા ઉપાશ્રયરૂપ શય્યા આપે, તેના ઘરના ભોજન-પાણી ગ્રહણ કરવાનો સાધુને નિષેધ છે. તેના ઘરના આહાર-પાણીનો પરિહાર (ત્યાગ) કરાતો હોવાથી તે શય્યાતર **પારિહારિક** કહેવાય છે. મકાનના ઘણા માલિક હોય તો તે બધા પારિહારિક થાય છે. તે બધાના ઘરના આહાર-પાણી ગ્રહણ કરી શકાતા નથી.

આ પ્રકારની પરિસ્થિતિમાં તે સ્થાનના બધા માલિકોમાંથી કોઈ એકને શય્યાતર તરીકે સ્થાપિત કરવા અર્થાત્ તેની આજ્ઞા લઈને તે સ્થાનમાં રહેવું અને જેની આજ્ઞા લીધી હોય, તે શય્યાતર કહેવાય છે અને તેના ઘરના ભોજન-પાણી આદિ ગ્રહણ કરી શકાતા નથી. તેના સિવાયના તે મકાનના અન્ય ભાગીદારો અથવા હિસ્સેદારો શય્યાતર કહેવાતા નથી અને તેઓના ઘરના આહાર-પાણી ગ્રહણ કરી શકાય છે.

અનેક માલિક હોય તેવા સ્થાનમાં ક્રમશઃ થોડા થોડા દિવસ માટે એક એક વ્યક્તિને શય્યાતર બનાવી શકાય છે. જેટલા દિવસ જેને શય્યાતર બનાવવામાં આવે, તેટલા દિવસ સુધી તેના ઘરના આહાર-પાણી ગ્રહણ કરી શકાતા નથી. આ રીતે કરવાથી એક કલ્પમાં અનેકને શય્યાદાનનો અને આહારાદિ દાનનો લાભ મળી શકે છે. તે પણ આ સૂત્રથી ફલિત થાય છે.

આહારાદિના દાતા ઘણા હોય છે પરંતુ શય્યા(સ્થાન)ના દાતા બહુ ઓછા હોય છે. સાધુ જેના સ્થાનમાં-મકાનમાં રહે તેના ઘરનો આહાર ગ્રહણ કરે, તો સાધુને મકાન મળવા દુર્લભ બની જાય.

શય્યાતરના ઘરનો આહાર ગ્રહણ કરવામાં ઔદેશિક, આધાકર્મ આદિ દોષોની સંભાવના છે, તેમજ સાધુ અન્ય સ્થાનો ઘેર ગોચરી જવામાં પ્રમાદી બની જાય વગેરે ઘણા દોષનું કારણ હોવાથી શય્યાતરપિંડ-શય્યાતરના ઘરનો આહાર ગ્રહણ કરવાનો નિષેધ છે.

**શય્યાતરપિંડ ગ્રહણ :–**

**१४ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा सागारियपिंडं बहिया अणीहडं असंसट्ठं वा संसट्ठं वा पडिगाहित्तए ।**

**ભાવાર્થ :–** શય્યાતરના ઘરનો આહાર બીજાને દેવા માટે ઘરમાંથી બહાર કાઢ્યો ન હોય, તે આહાર સંસૃષ્ટ– બીજાને આપ્યો હોય કે અસંસૃષ્ટ– આપ્યો ન હોય, અર્થાત્ અન્યના આહાર સાથે મિશ્રિત થયો હોય કે ન થયો હોય, પરંતુ તે આહાર હજુ શય્યાતરના ઘરમાં જ હોવાથી સાધુ-સાધ્વીઓને તે આહાર ગ્રહણ કરવો કલ્પતો નથી.

**१५ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा सागारियपिंडं बहिया णीहडं असंसट्ठं पडिगाहित्तए ।**

**ભાવાર્થ :–** શય્યાતરના ઘરનો આહાર બીજાને દેવા માટે ઘરમાંથી બહાર કાઢ્યો હોય, પરંતુ અન્ય વ્યક્તિને આપ્યો ન હોય અર્થાત્ અન્યના આહાર સાથે મિશ્રિત થયો ન હોય તેવો આહાર સાધુ-સાધ્વીઓને ગ્રહણ કરવો કલ્પતો નથી.

**१६ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा सागारियपिंडं बहिया णीहडं संसट्ठं पडिगाहित्तए ।**

**ભાવાર્થ :–** શય્યાતરના ઘરનો આહાર બીજાને દેવા માટે ઘરમાંથી બહાર કાઢ્યો હોય અને તે વ્યક્તિને આપી દીધો હોય, તે વ્યક્તિએ તેને સ્વીકારીને પોતાના આહાર સાથે મિશ્રિત કરી દીધો હોય, તેવો આહાર સાધુ-સાધ્વીઓને ગ્રહણ કરવો કલ્પે છે.

**१७ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा सागारियपिंडं बहिया णीहडं–असंसट्ठं संसट्ठं करेत्तए ।**

**ભાવાર્થ :–** શય્યાતરના ઘરનો આહાર બીજાને દેવા માટે તેના ઘરની બહાર કાઢ્યો હોય પરંતુ અન્ય વ્યક્તિને તે આપ્યો ન હોય અને તે વ્યક્તિએ પોતાના આહાર સાથે મિશ્રિત કર્યો ન હોય, તેવા આહારને ગ્રહણ કરવાની ભાવનાથી સાધુઓ-સાધ્વીઓએ મિશ્રિત કરાવવો કલ્પતો નથી.

**१८ जे खलु णिग्गंथे वा णिग्गंथी वा सागारियपिंडं बहिया णीहडं असंसट्ठं संसट्ठं करेइ करेंतं वा साइज्जइ, से दुहओ वि अइक्कममाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** શય્યાતરના ઘરનો આહાર બીજાને દેવા માટે બહાર કાઢ્યો હોય પરંતુ અન્ય વ્યક્તિને આપ્યો ન હોય, તેના આહાર સાથે મિશ્રિત થયો ન હોય, તેવા આહારને સાધુ-સાધ્વી ગ્રહણ કરવાની ભાવનાથી અન્યના આહાર સાથે મિશ્રિત કરાવે અથવા મિશ્રિત કરનારને અનુમોદના આપે, તો તે

સાધુ-સાધ્વી લૌકિક અને લોકોત્તર બંને મર્યાદાનું અતિક્રમણ કરે છે. તે કારણથી તેઓ ચાર્તુમાસિક અનુદ્‌ઘાતિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અન્ય વ્યક્તિને આપેલા તથા અન્ય વ્યક્તિના આહાર સાથે મિશ્રિત શય્યાતરપિંડની ગ્રાહ્યતા–અગ્રાહ્યતાનું સ્પષ્ટીકરણ છે.

**णीहडं–अणीहडं सागारियपिंडं :–** **णीहडं** એટલે બહાર લઈ જવું. શય્યાતરના ઘરની બહાર લઈ જવાયેલો આહાર. **अणीहडं** એટલે શય્યાતરના ઘરની બહાર લઈ જવાયો ન હોય તેવો આહાર અર્થાત્ શય્યાતરના ઘરની અંદર રહેલો આહાર. **णीहडं** ના બે વિકલ્પ થાય છે. (૧) અન્ય વ્યક્તિને આપવા માટે શય્યાતર પોતાના આહારને લઈને બહાર નીકળ્યા હોય અથવા મોકલાવ્યો હોય પણ હજુ અન્ય વ્યક્તિએ તેને આપ્યો ન હોય તેવો આહાર જેમ કે શય્યાતરે લાપસી આદિ મિષ્ટાન્ન બનાવ્યું હોય અને પોતાના કુટુંબીજનો, પાડોશી વગેરેને ત્યાં પીરસણું મોકલાવ્યું હોય પણ હજુ કુટુંબીજનો આદિને પહોચ્યું ન હોય (૨) શય્યાતરે અન્ય વ્યક્તિને આહાર આપી દીધો અને તે વ્યક્તિ શય્યાતરના ઘેરથી આહાર લઈને પોતાને ઘેર લઈ આવ્યા હોય અથવા શય્યાતરાદિ આહાર લઈને તેને ઘેર આપી ગયા હોય અને અન્ય વ્યક્તિએ તે સ્વીકારી લીધો હોય.

પ્રથમ વિકલ્પમાં શય્યાતરનો આહાર શય્યાતરના ઘરની બહાર નીકળી ગયો છે પણ માલિકી શય્યાતરની જ છે, તેથી તેવો આહાર સાધુને કલ્પતો નથી. બીજા વિકલ્પમાં શય્યાતરનો આહાર શય્યાતરના ઘરમાંથી બહાર નીકળી ગયો છે અને અન્યને આપી દીધો હોવાથી તેમાં શય્યાતરની માલિકી રહેતી નથી, તેથી તે આહાર સાધુને કલ્પે છે.

**अणीहडं** ના પણ બે વિકલ્પ છે (૧) શય્યાતરના ઘરની અંદર રહેલો શય્યાતરનો આહાર અન્યને આપી દીધો હોય, તો પણ શય્યાતરના ઘરમાં હોવાથી સાધુને લેવો કલ્પતો નથી. (૨) શય્યાતરના ઘરમાં રહેલો અન્યને નહીં આપેલો આહાર સાધુને કલ્પતો નથી.

**संसट्टं–असंसट्टं :–** **संसट्ठ** એટલે શય્યાતરે અન્યને આપી દીધો હોય અને અન્ય વ્યક્તિની માલિકીમાં આવી ગયો હોય તથા તે આહારને પોતાના આહાર સાથે ભેળવી દીધો હોય અર્થાત્ પોતાના આહાર સ્થાનમાં (પોતાના કોઠાર, રસોડા આદિમાં) રાખી દીધો હોય તેવો આહાર. **असंसट्टं** એટલે શય્યાતરે પોતાનો આહાર અન્યને આપ્યો ન હોય, શય્યાતરની માલિકીનો આહાર અસંસટ્ઠ કહેવાય છે.

**णीहडं–अणीहडं, संसट्टं–असंसट्टं** ના વિકલ્પોથી ચૌભંગી બને છે, યથા–

(૧) શય્યાતરના ઘરમાં રહેલો-અન્યને નહીં આપેલો આહાર, કલ્પતો નથી.

(૨) શય્યાતરના ઘરમાં રહેલો-અન્યને આપેલો આહાર, કલ્પતો નથી.

(૩) શય્યાતરના ઘરની બહાર નીકળેલો-અન્યને નહીં આપેલો આહાર, કલ્પતો નથી.

(૪) શય્યાતરના ઘરની બહાર નીકળેલો-અન્યને આપેલો આહાર, કલ્પે છે.

શય્યાતરે અન્યને આપવા બહાર કાઢેલા આહારને લેવાની ઈચ્છાથી સાધુ-સાધ્વી તે આહારને અન્યના આહાર સાથે સ્થાપિત કરાવે અર્થાત્ અન્યને અપાવે કે તેમ કરનારની અનુમોદના કરે, તો તે

સાધુ સંયમ મર્યાદાથી વિપરીત આચરણ કરે છે અને લોકોને પણ અપ્રીતિનું કારણ બને છે. આ રીતે સાધુના અનુચિત વ્યવહારથી લૌકિક અને લોકોત્તર, બંને પ્રકારની મર્યાદાનું ઉલ્લંઘન થાય છે, તેથી તે સાધુ-સાધ્વીને પ્રાયશ્ચિત્ત આવે છે.

સંક્ષેપમાં શય્યાતરના ઘરમાં રહેલો કે આંશિકરૂપે પણ શય્યાતરની માલિકી ભાવયુક્ત આહાર સાધુને અકલ્પનીય છે.

**શય્યાતરના ઘરે આવેલા કે મોકલેલા આહારનું ગ્રહણ :–**

**१९ सागारियस्स आहडिया सागारिएण पडिग्गहिया, तम्हा दावए णो से कप्पइ पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** અન્ય ઘરથી આવેલા આહારને સાગારિકે ગ્રહણ કરી લીધો હોય અને તે તેમાંથી સાધુને આપે તો તે આહાર લેવો કલ્પતો નથી.

**२० सागारियस्स आहडिया सागारिएण अपडिग्गाहिया, तम्हा दावए एवं से कप्पइ पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** અન્ય ઘરેથી આવેલા આહારને સાગારિકે ગ્રહણ કર્યો ન હોય અને આહાર લાવનાર તે આહાર સાધુને આપે તો તે આહાર ગ્રહણ કરવો કલ્પે છે.

**२१ सागारियस्स णीहडिया परेण अपडिग्गाहिया, तम्हा दावए, णो से कप्पइ पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** શય્યાતરના ઘરેથી બીજાના ઘરે લઈ જવાયેલા આહારને અન્ય વ્યક્તિએ સ્વીકાર્યો ન હોય અને તે આહાર સાધુને આપે તો ગ્રહણ કરવો કલ્પતો નથી.

**२२ सागारियस्स णीहडिया परेण पडिग्गाहिया, तम्हा दावए, एवं से कप्पइ पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** શય્યાતરના ઘરેથી બીજાના ઘરે લઈ જવાયેલા આહારને અન્ય વ્યક્તિએ સ્વીકાર્યો હોય અને તે વ્યક્તિ તે આહાર સાધુને આપે, તો તે આહાર ગ્રહણ કરવો કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં બીજાના ઘરેથી શય્યાતરના ઘરે આવેલા કે શય્યાતરના ઘરેથી બીજાના ઘરે ગયેલા આહારની ગ્રાહ્યતા અગ્રાહ્યતાનું દર્શન કરાવ્યું છે.

**आहडिया :– આહૃતિકા**–બીજાના ઘરેથી શય્યાતરના ઘરે લાવવામાં આવેલા આહારને આહૃતિકા કહે છે અને **णीहडिया**– નિહૃતિકા. શય્યાતરની આહાર સામગ્રી બીજાના ઘરે લઈ જવામાં આવે, તો તે આહારને **નિહૃતિકા** કહે છે.

ગૃહસ્થોમાં આહૃતિકા-નિહૃતિકા અર્થાત્ આહારની આપ-લે થાય છે. તહેવાર કે મહોત્સવના નિમિત્તે, મિષ્ટાન્નાદિ વિશિષ્ટ આહાર બનાવ્યો હોય ત્યારે કુટુંબીજનો, સ્વજનો કે આડોસી-પાડોશીમાં

લેવડ-દેવડનો વ્યવહાર હોય છે. તેમાં શય્યાતરનો આહૃતિકા આહાર અર્થાત્ શય્યાતરના ઘેર આવેલો આહાર શય્યાતરે ગ્રહણ કર્યો ન હોય, શય્યાતરની માલિકીનો ન થાય, તે પહેલાં આપનાર વ્યક્તિ સાધુને નિમંત્રણ કરે, તો સાધુ તે આહાર ગ્રહણ કરી શકે છે અને શય્યાતરની નિહૃતિકાનો આહાર અર્થાત્ શય્યાતરે બીજાના ઘરે મોકલેલો આહાર બીજાએ ગ્રહણ કરી લીધો હોય ત્યાર પછી લેનાર વ્યક્તિ સાધુને નિમંત્રણ કરે, તો સાધુ તે આહાર ગ્રહણ કરી શકે છે.

સંક્ષેપમાં જે આહાર શય્યાતરની માલિકીમાં હોય અથવા અન્યને ત્યાંથી આવેલો આહાર શય્યાતરની માલિકીનો થઈ જાય, ત્યારપછી તે આહાર સાધુને ગ્રહણ કરવો કલ્પતો નથી અને શય્યાતરની માલિકી ન હોય અથવા શય્યાતરે આપેલો આહાર અન્યની માલિકીમાં આવી જાય ત્યાર પછી તે આહાર સાધુને ગ્રહણ કરવો કલ્પે છે.

તત્સંબંધી ચૌભંગી આ પ્રમાણે બને છે– (૧) શય્યાતરના ઘરે આવેલો– શય્યાતરે ગ્રહણ કરેલો આહાર, કલ્પતો નથી (૨) શય્યાતરના ઘરે આવેલો– શય્યાતરે ગ્રહણ નહીં કરેલો આહાર, કલ્પે છે (૩) શય્યાતરના ઘરેથી આવેલો– અન્ય વ્યક્તિએ ગ્રહણ નહીં કરેલો આહાર, કલ્પતો નથી (૪) શય્યાતરના ઘરેથી આવેલો– અન્ય વ્યક્તિએ ગ્રહણ કરેલો આહાર, કલ્પે છે.

**શય્યાતરની ભાગીદારીવાળા આહારનું ગ્રહણ :–**

**૨૩ सागारियस्स अंसियाओ अविभत्ताओ, अव्वोच्छिण्णाओ, अव्वोगडाओ, अणिज्जूढाओ, तम्हा दावए णो से कप्पइ पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** શય્યાતર(સાગારિક) તથા અન્ય વ્યક્તિઓએ ભાગીદારીમાં આહાર બનાવ્યો હોય તે આહારમાં શય્યાતરનો અંશ-ભાગ હોય છે. તે આહારાદિના વિભાગ કર્યા ન હોય, વિભાજન કર્યું ન હોય, આ મારો– આ તારો, તેમ નામ નિર્દેશપૂર્વક વિભક્ત કર્યો ન હોય, વિભાગ કરીને આહાર જુદો કાઢી લીધો ન હોય, તેવો આહાર સાધુને ગ્રહણ કરવો કલ્પતો નથી.

**૨૪ सागारियस्स अंसियाओ विभत्ताओ वोच्छिण्णाओ वोगडाओ णिज्जूढाओ, तम्हा दावए एवं से कप्पइ पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** સાગારિકના અંશયુક્ત(ભાગવાળા) આહારાદિના, વિભાગ નિશ્ચિત થઈ ગયા હોય, વિભાજન થઈ ગયું હોય, આ તારો, આ મારો, તેમ નામ નિર્દેશપૂર્વક વિભક્ત થઈ ગયો હોય, શય્યાતરે પોતાનો વિભાગ જુદો કાઢી લીધો હોય, તો બાકીનો આહાર(પોતાના હિસ્સાનો આહાર) ભાગીદાર સાધુને આપે, તો તે ગ્રહણ કરવો કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શય્યાતરના અંશયુક્ત(ભાગવાળા) આહાર ગ્રહણની ગ્રાહ્યતા-અગ્રાહ્યતાનું નિદર્શન છે.

(૧) **अविभत्ताओ–અવિભક્ત :–** વિભક્ત- વિભાજન. અનેક વ્યક્તિનો ભાગ હોય તેવા આહારમાંથી દરેકનો ભાગ નિશ્ચિત કરીને જુદો કરવામાં ન આવ્યો હોય(સાથે જ હોય) ત્યાં સુધી તે આહાર અવિભક્ત છે.

(૨) **अव्वोच्छिण्णाओ–અવ્યવચ્છિન્ન :–** વ્યવચ્છિન્ન – સંબંધ વિચ્છેદ. જેટલી વ્યક્તિના ભાગ હોય, તેટલી વ્યક્તિનો ભાગ સર્વથા જુદો કરવો, તે વ્યવચ્છિન્ન કહેવાય અને જ્યાં સુધી શય્યાતરના ભાગનો

આંશિક રૂપે પણ સંબંધ હોય, સર્વથા સંબંધ વિચ્છેદ ન થાય ત્યાં સુધી તે અવ્યવચ્છિન્ન છે.

(૩) **अवोगडाओ–અવ્યાકૃત :–** વ્યાકૃત એટલે ભાગનું સ્પષ્ટીકરણ કરવું કે આટલો ભાગ તમારો છે અને આટલો ભાગ મારો છે, આ રીતે નામ નિર્દેશપૂર્વક નિર્ણય ન થાય ત્યાં સુધી તે અવ્યાકૃત કહેવાય છે.

(૪) **अणिज्जूढाओ–અનિર્યૂઢ :–** નિર્યુઢ– નિશ્ચિત કરેલા વિભાગને જુદો કરી લેવો. જ્યાં સુધી શય્યાતરનો અંશ તે ભોજનમાંથી કાઢી ન નંખાય ત્યાં સુધી તે અનિર્યૂઢ કહેવાય છે.

આ રીતે શય્યાતર સહિત અનેક વ્યક્તિઓની ખાદ્ય સામગ્રીમાંથી શય્યાતરનો અંશ અવિભાજિત, અવ્યવચ્છિન્ન, અનિર્ણિત અને અનિષ્કાસિત હોય ત્યાં સુધી તે ભોજનના આયોજકોમાંથી કોઈ સાધુને તે સહિયારા આહારનું નિમંત્રણ કરે, તો તે સાધુને માટે કલ્પનીય નથી. સાગારિકનો અંશ, વિભાજિત, વ્યવચ્છિન્ન, નિર્ધારિત અને નિષ્કાસિત થઈ જાય છે ત્યારે તે અન્ય ભાગીદારોની ભોજન સામગ્રીમાંથી અપાતો આહાર સાધુને માટે ગ્રાહ્ય છે અને સાધુ તેને લઈ શકે છે.

તાત્પર્ય એ છે કે ચાર-પાંચ વ્યક્તિએ ખાદ્ય પદાર્થો સાથે બનાવરાવ્યા હોય, તેમાંથી શય્યાતરનો ભાગ અલગ ન થયો હોય, તો તે આહાર સાધુને લેવો કલ્પતો નથી. શય્યાતરનો ભાગ અલગ કાઢી લીધા પછી શેષ આહારમાંથી અન્ય ભાગીદારો સાધુને આહાર આપે તો લેવો કલ્પે છે.

**શય્યાતરના પૂજ્યજનોને આપેલા આહારનું ગ્રહણ :–**

**૨૫ सागारियस्स पूयाभत्ते उद्देसिए चेइए पाहुडियाए, सागारियस्स उवगरणजाए णिट्ठिए णिसट्ठे पाडिहारिए, तं सागारिओ देइ सागारियस्स परिजणो देइ, तम्हा दावए णो से कप्पइ पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** શય્યાતરે પૂજ્ય પુરુષના ભોજનના ઉદ્દેશથી લોટ-ચોખા આદિ સીધું-સામાન તેઓના પાઢીહારા(વધે તો પાછા આપવાનું કહીને) આપ્યા હોય અને પૂજ્યજનો શય્યાતરના વાસણમાં રસોઈ બનાવી, થાળી આદિમાં કાઢીને, જમી લીધા પછી વધેલો આહાર શય્યાતરને પાછો આપે, તે આહાર શય્યાતર કે શય્યાતરના પરિવારજનો સાધુ-સાધ્વીને આપવા ઇચ્છે, તો સાધુ-સાધ્વીને તે આહાર લેવો કલ્પતો નથી.

**૨૬ सागारियस्स पूयाभत्ते उद्देसिए चेइए पाहुडियाए, सागारियस्स उवगरणजाए णिट्ठिए णिसट्ठे पाडिहारिए, तं णो सागारिओ देइ णो सागारियस्स परिजणो देइ, सागारियस्स पूया देइ तम्हा दावए, णो से कप्पइ पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** શય્યાતરે પૂજ્ય પુરુષના ભોજનના ઉદ્દેશથી લોટ-ચોખા આદિ સીધું-સામાન તેઓને પાઢીહારા(વધે તો પાછા આપવાનું કહીને) આપ્યા હોય અને પૂજ્યજનો શય્યાતરના વાસણમાં રસોઈ બનાવી, થાળી આદિમાં કાઢીને, જમી લીધા પછી વધેલો આહાર શય્યાતર કે શય્યાતરના પરિવારજનો નહીં પણ પૂજ્યજન સાધુ-સાધ્વીને આપવા ઇચ્છે, તો સાધુ-સાધ્વીને તે આહાર લેવો કલ્પતો નથી.

**૨૭ सागारियस्स पूयाभत्ते उद्देसिए चेइए पाहुडियाए सागारियस्स उवगरणजाए णिट्ठिए णिसट्ठे अपाडिहारिए, तं सागारिओ देइ सागारियस्स परिजणो देइ, तम्हा दावए णो से कप्पइ पडिग्गाहित्तइ ।**

**ભાવાર્થ :–** શય્યાતરે પૂજ્ય પુરુષોના ભોજનના ઉદ્દેશથી લોટ-ચોખા આદિ સીધું-સામાન તેઓને અપાઢીહારા (વધે તો પાછા ન આપતા, તમારી ઈચ્છા પ્રમાણે ઉપયોગ કરજો, તેમ કહીને) આપ્યા હોય અને પૂજ્યજનો શય્યાતરના ઉપકરણ-વાસણમાં રસોઈ બનાવી, થાળી આદિમાં કાઢીને ભોજન કરી લીધા પછી વધેલો આહાર શય્યાતર કે શય્યાતરના પરિવારજનો સાધુ-સાધ્વીને આપવા ઈચ્છે, તો સાધુ-સાધ્વીને તે આહાર લેવો કલ્પતો નથી.

**૨૮ सागारियस्स पूयाभत्ते उद्देसिए चेइए पाहुडियाए, सागारियस्स उवगरणजाए णिट्ठिए, णिसट्ठे अपाडिहारिए, तं णो सागारिओ देइ णो सागारियस्स परिजणो देइ सागारियस्स पूया देइ, तम्हा दावए एवं से कप्पइ पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** શય્યાતરે પૂજ્ય પુરુષોના ભોજનના ઉદ્દેશથી લોટ-ચોખા આદિ સીધું-સામાન તેઓને અપાઢીહારા (વધે તો પાછા ન આપતા તમારી ઈચ્છા પ્રમાણે ઉપયોગ કરવાનું કહીને) આપ્યા હોય અને પૂજ્યજનો શય્યાતરના ઉપકરણ-વાસણમાં રસોઈ બનાવી, થાળી આદિમાં કાઢીને ભોજન કરી લીધા પછી વધેલો આહાર શય્યાતર કે શય્યાતરના પરિવારજનો નહીં પણ શય્યાતરના પૂજ્યજનો જ સાધુ-સાધ્વીને આપવા ઈચ્છે, તો તે આહાર સાધુ-સાધ્વીને લેવો કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં શય્યાતરના પૂજ્યજનોના આહાર ગ્રહણનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

**पूयाभत्ते–** પૂજ્યભક્ત. શય્યાતરના નાના, મામા, બનેવી, જમાઈ, વિદ્યાગુરુ, કલાચાર્ય, સ્વામી અથવા મહેમાન આદિ પૂજ્યજનોના નિમિત્તે જે ભોજન-પાણી બનાવાય છે તેને પૂજ્યભક્ત કહે છે.

શય્યાતરના લોટ આદિ પૂજ્યજનોને ભોજન માટે સમર્પિત કર્યા હોય અથવા બજારમાંથી મંગાવી પૂજ્યજનોને ભેટરૂપે મોકલ્યા હોય, શય્યાતરના વાસણોમાં રાંધેલું હોય, તેના પાત્રમાંથી કાઢેલું હોય અને તે પૂજ્યજનોને પ્રાતિહારિક રૂપે આપ્યું હોય અર્થાત્ પૂજ્યજનોને જમાડ્યા પછી જે ભોજન વધે તે પાછું આપવાનું હોય, તો તે આહાર શય્યાતર સ્વયં સાધુને આપે, તેના સ્વજન પરિજન આપે અથવા ઉક્ત પૂજ્યજનો આપે તો પણ સાધુ-સાધ્વીને તે આહાર આદિ લેવો કલ્પતો નથી કારણ કે શેષ વધેલો આહાર ફરી શય્યાતરને પાછો આપવાનો હોવાથી તે આહાર આદિ શય્યાતરની માલિકીનો જ કહેવાય છે.

તે જ આહાર પૂજ્યજનોને અપ્રાતિહારિક રૂપે આપી દીધો હોય અર્થાત્ ભોજન કરી લીધા પછી વધેલો આહાર શય્યાતરને પાછો આપવાનો ન હોય, તેવા આહારને સાધુ પૂજ્યજનોના હાથેથી ગ્રહણ કરી શકે છે. તે આહારને શય્યાતર અથવા તેના પરિજન આપે તો ગ્રહણ કરવો કલ્પતો નથી,

સૂત્રોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે શય્યાતરના સ્વામિત્વથી રહિત આહાર પણ શય્યાતરના હાથથી અથવા તેના પુત્ર, પૌત્ર, સ્ત્રી, પુત્રવધૂ આદિના હાથે લઈ શકાતો નથી, તેની વિવાહિત દીકરીઓના હાથે તે આહાર લઈ શકાય છે.

**સાધુ–સાધ્વીને માટે કલ્પનીય વસ્ત્ર :–**

**૨૯ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा इमाइं पंच वत्थाइं धारित्तए वा परिहरित्तए वा, तं जहा– जंगिए, भंगिए, साणए, पोत्तए, तिरीडपट्टे णाम पंचमे।**

**ભાવાર્થ :–** સાધુઓ અને સાધ્વીઓને પાંચ પ્રકારના વસ્ત્રો રાખવા અને તેનો ઉપયોગ કરવો કલ્પે છે જેમકે (૧) જાંગમિક (૨) ભાંગિક (૩) શાનક (૪) પોત્તક (૫) તિરીટપટ્ટક.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને કલ્પનીય પાંચ પ્રકારના વસ્ત્રનું કથન છે.

**જાંગમિક–** ઘેટા આદિના વાળથી બનેલા વસ્ત્ર, **ભાંગિક–** અળસી આદિની છાલથી બનેલા વસ્ત્ર, **શાણક–** શણ–જૂટથી બનેલા વસ્ત્ર, **પોત્તક–** કપાસથી બનેલા વસ્ત્ર, **તિરીટપટ્ટક–** તિરીટ (તિમિર) વૃક્ષની છાલથી બનેલા વસ્ત્ર, આ પાંચ પ્રકારના વસ્ત્ર સાધુને માટે કલ્પનીય છે.

જંગમનો અર્થ ત્રસ જીવ છે. ત્રસજીવ બે પ્રકારના છે– (૧) વિકલેન્દ્રિય અને (૨) પંચેન્દ્રિય. રેશમી વસ્ત્ર વિકલેન્દ્રિય પ્રાણીજન્ય છે તેનો ઉપયોગ સાધુને માટે સર્વથા વર્જિત છે. પંચેન્દ્રિય જીવોના ચામડાથી બનેલા વસ્ત્રો પણ સાધુ-સાધ્વી માટે વર્જનીય છે, પરંતુ તેના વાળથી બનેલા ઉનના વસ્ત્રોનો ઉપયોગ સાધુ-સાધ્વી કરી શકે છે કારણ કે ઘેટા આદિના વાળ કાપવામાં તે પ્રાણીઓની ઘાત થતી નથી. આચારાંગ શ્રુ–૨, અ.૫.ઉ.૧ માં તથા ઠાણાંગ અ.૫, ઉ. ૩માં પણ ઊનના વસ્ત્રોને કલ્પનીય કહ્યા છે. અહીં નામમાં તફાવત છે.

આ પાંચ જાતિના વસ્ત્રોમાંથી જ્યારે, જ્યાં, જે વસ્ત્ર સુલભ હોય, તેને સાધુ ગ્રહણ કરી શકે છે. સૂત્રોક્ત પાંચ પ્રકારમાંથી પ્રાથમિકતા સુતર અને ઊનના વસ્ત્રોને આપવી જોઈએ.

**સાધુ–સાધ્વી માટે કલ્પનીય રજોહરણ :–**

**૩૦ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा इमाइं रयहरणाइं धारित्तए वा परिहरित्तए वा, तं जहा– ओण्णिए, ओट्टिए, साणए, वच्चापिच्चिए, मुंजापिच्चिए णाम पंचमे । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** સાધુઓ અને સાધ્વીઓએ આ પાંચ પ્રકારના રજોહરણને રાખવા અને તેનો ઉપયોગ કરવો કલ્પે છે, જેમ કે– (૧) ઔર્ણિક (૨) ઔષ્ટ્રિક (૩) સાનક (૪) વચ્ચાપિચ્ચક (૫) મુંજપિચ્ચક. આ પ્રમાણે ભગવાને કહ્યું છે.

**વિવેચન :–**

જેના દ્વારા ધૂળ આદિ દ્રવ્ય-રજ અને કર્મમળરૂપ ભાવ રજ દૂર કરાય, તેને **રજોહરણ** કહે છે.

**દ્રવ્યરજોહરણ :–** ગમનાગમન કરતાં પગ પર લાગેલી રજ અથવા મકાનમાં આવેલી રજને જેના દ્વારા પ્રમાર્જન કરીને દૂર કરાય છે, તે દ્રવ્યરજોહરણ છે.

**ભાવરજોહરણ :–** જીવ રક્ષાની ભાવનાથી ભૂમિ પર તથા શરીર, વસ્ત્ર, શય્યા, આદિ પર રહેલા કીડા, મંકોડા આદિ જીવોને કષ્ટ પહોંચાડયા વિના જેના દ્વારા દૂર કરવામાં આવે, તે ભાવ રજોહરણ છે. જીવરક્ષાનું સાધન હોવાથી તે ભાવ રજોહરણ કહેવાય છે.

રજોહરણના પાંચ પ્રકાર હોય છે– ૧. ઔર્ણિક– ઘેટા આદિની ઉનથી બનાવાય તે, ૨. ઔષ્ટ્રિક– ઊંટના વાળથી બનાવાય તે, ૩. શાનક– શણની છાલથી બનાવાય તે, ૪. વચ્ચાપિચ્ચ– વચ્ચાનો અર્થ

ડાભ અથવા ઘાસ છે, તેને કૂટીને તેનો કઠણ ભાગ દૂર કરીને બનાવેલા રજોહરણ, ૫. મુંજપિચ્ચક– મુંજને કૂટીને તથા તેના કઠોર ભાગને દૂર કરીને બનાવેલા રજોહરણ,

સ્થાનાંગ અ. ૫, ઉ. ૩ માં પણ રજોહરણના આ પાંચ પ્રકાર કહ્યા છે. આ પાંચ પ્રકારના રજોહરણમાં ઔર્ણિક રજોહરણ સર્વથી કોમળ છે. ત્યાર પછીના ચારે ક્રમશઃ કઠોર છે. ઔર્ણિક રજોહરણ જ કોમળ હોવાથી પ્રશસ્ત અથવા ઉત્તમ છે, તેના અભાવમાં ઔષ્ટ્રિક અને તેના અભાવમાં શાનક રજોહરણનો ભાષ્યકારે નિર્દેશ કર્યો છે. જો કોઈ દેશ વિશેષમાં ઉક્ત ત્રણે પ્રકારના રજોહરણ ઉપલબ્ધ ન હોય ત્યારે જ વચ્ચાપિચક અને તેના અભાવમાં મુંજપિચ્ચક રજોહરણ ગ્રહણ કરવાનું વિધાન છે.

## ।। ઉદ્દેશક–ર સંપૂર્ણ ।।

# ઉદ્દેશક-૩

## પ્રાક્કથન

★ આ ઉદ્દેશકમાં સાધુ-સાધ્વીઓ પરસ્પરના સ્થાનમાં કે ગૃહસ્થના ઘરમાં જાય તે સમયનો વિવેક; ચર્મખંડ ગ્રહણ કરવાનો ઉત્સર્ગ-અપવાદ માર્ગ; વસ્ત્ર, શય્યા, સંસ્તારક આદિની આજ્ઞાવિધિ; સંયમી જીવનની પ્રવૃત્તિઓમાં રત્નાધિકોની પ્રધાનતા, સાધુનું અવગ્રહ ક્ષેત્ર વગેરે વિષયોનું વર્ણન છે.

★ સાધુ-સાધ્વીએ પરસ્પરના ઉપાશ્રયમાં બેસવું, સુવું, આદિ પ્રવૃત્તિઓ ન કરવી જોઈએ.

★ રુંવાટી વિનાના ચામડાના ટુકડાની જરૂરિયાત હોય તો સાધુ-સાધ્વી ગ્રહણ કરી શકે છે. રુંવાટી-વાળું ચામડું તેને કલ્પતું નથી. અત્યંત જરૂરી હોય તો ગૃહસ્થના ઉપયોગમાં હમેશાં લેવાતું રુંવાટીવાળું ચામડું એક રાત્રિ માટે સાધુ ગ્રહણ કરી શકે છે. સાધ્વીને માટે તેનો સર્વથા નિષેધ છે.

★ અત્યંત કિંમતી વસ્ત્ર અને અખંડ તાકો અથવા આવશ્યકતાથી વધારે લાંબુ વસ્ત્ર સાધુ-સાધ્વીએ રાખવું ન જોઈએ. સાધ્વીએ સ્વયંની નિશ્રાએ વસ્ત્ર ગ્રહણ ન કરવા જોઈએ. અન્ય પ્રવર્તિની સાધ્વી આદિની નિશ્રાએ તે વસ્ત્રને ગ્રહણ કરી શકે છે. દીક્ષા સમયે સાધુ-સાધ્વી રજોહરણ, ગુચ્છો અને આવશ્યક પાત્ર તથા સાધુ ત્રણ અખંડ વસ્ત્ર અને સાધ્વી ચાર અખંડ વસ્ત્ર સાથે લાવી શકે છે.

★ સાધુ-સાધ્વીએ ચાતુર્માસમાં વસ્ત્ર ગ્રહણ ન કરવા જોઈએ, પરંતુ હેમંત કે ગીષ્મ ઋતુમાં તે વસ્ત્ર લઈ શકે છે.

★ સ્વસ્થ સાધુ-સાધ્વીએ વસ્ત્ર અને શય્યા-સંસ્તારક દીક્ષાપર્યાયના અનુક્રમથી ગ્રહણ કરવા જોઈએ અને દીક્ષાપર્યાયના ક્રમથી વંદન આદિ વ્યવહાર કરવા જોઈએ.

★ સ્વસ્થ સાધુ-સાધ્વીએ ગૃહસ્થના ઘરમાં બેસવું આદિ સૂત્રોક્ત કાર્ય ન કરવા જોઈએ તથા ત્યાં અમર્યાદિત વાર્તાલાપ અથવા ઉપદેશ પણ ન આપવો જોઈએ. આવશ્યક હોય તો ઊભા-ઊભા જ મર્યાદિત કથન કરી શકાય છે.

★ સાધુ-સાધ્વીએ શય્યાતરના અને અન્ય ગૃહસ્થના શય્યા-સંસ્તારકને વિહાર કર્યા પહેલા વ્યવસ્થિત કરીને અવશ્ય પાછા આપવા જોઈએ. સાધુ-સાધ્વીએ પ્રાતિહારિક– શય્યા સંસ્તારક ખોવાઈ જવાથી તેની તપાસ કરવી જોઈએ અને જો તે ન મળે તો તેના સ્વામીને ખોવાઈ જવાની સૂચના આપી, અન્ય શય્યા સંસ્તારક ગ્રહણ કરવા. જો તપાસ કર્યા પછી મળી જાય અને જરૂરિયાત ન હોય તો પાછા આપવા જોઈએ.

★ સાધુ-સાધ્વી ઉપાશ્રયમાં, શૂન્ય ઘરમાં અથવા માર્ગ આદિમાં આજ્ઞા લઈને રહ્યા હોય અને તેના વિહાર કર્યા પહેલાં જ બીજા સાધુ વિહાર કરીને આવી જાય તો તે પહેલા સાધુએ ગ્રહણ કરેલી આજ્ઞાથી તેની જેટલા સમયની આજ્ઞા હોય તેટલા સમય સુધી તે ત્યાં રહી શકે છે. તે સાધુને તેટલા સમય માટે નવી આજ્ઞા લેવાની જરૂરિયાત હોતી નથી. જો શૂન્ય ઘરના કોઈ સ્વામી આવી જાય તો ફરી તેની આજ્ઞા લેવી આવશ્યક છે.

★ ગ્રામાદિની બહાર સેનાનો પડાવ હોય તો ભિક્ષાને માટે સાધુ-સાધ્વી અંદર જઈ શકે છે પરંતુ તેને ત્યાં રાત્રિનિવાસ કરવો કલ્પતો નથી. રાત્રિ નિવાસ કરવાથી તેમને ગુરુચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

★ સાધુ-સાધ્વી જે ઉપાશ્રયમાં રહ્યા હોય ત્યાંથી કોઈ પણ એક દિશામાં અઢી ગાઉ સુધી ગમનાગમન કરી શકે છે.

❖❖❖❖❖

# ઉદ્દેશક-૩

**સાધુ-સાધ્વીને પરસ્પરના ઉપાશ્રયમાં પ્રવૃત્તિ નિષેધ :-**

**१ णो कप्पइ णिग्गंथाणं णिग्गंथीणं उवस्सयंसि चिट्ठित्तए वा णिसीइत्तए वा तुयट्टित्तए वा णिद्दाइत्तए वा पयलाइत्तए वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा आहारमाहारेत्तए, उच्चारं वा पासवणं वा खेलं वा सिंघाणं वा परिट्ठवेत्तए, सज्झायं वा करित्तए, झाणं वा झाइत्तए, काउसग्गं वा ठाणं ठाइत्तए ।**

**ભાવાર્થ :-** સાધુઓએ સાધ્વીઓના ઉપાશ્રયમાં – (૧) ઊભા રહેવું (૨) બેસવું (૩) સૂવું (૪) નિદ્રા લેવી (૫) ગાઢ નિદ્રા લેવી (૬ થી ૯) ભોજન, પાણી, મીઠાઈ(ખાદિમ), મુખવાસ, આ ચારે પ્રકારનો આહાર કરવો (૧૦ થી ૧૩) મળ, મૂત્ર, કફ, નાકનો મેલ વગેરે પરઠવો (૧૪) સ્વાધ્યાય કરવો (૧૫) ધ્યાન કરવું તથા (૧૬) કાયોત્સર્ગ કરી સ્થિર થવું કલ્પતું નથી.

**२ णो कप्पइ णिग्गंथीणं णिग्गंथाणं उवस्सयंसि चिट्ठित्तए वा** *जाव* **काउस्सग्गं वा ठाइत्तए ।**

**ભાવાર્થ :-** સાધ્વીઓએ સાધુઓના ઉપાશ્રયમાં ઊભા રહેવું યાવત્ કાયોત્સર્ગ કરી સ્થિર થવું કલ્પતું નથી.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને પરસ્પર એકબીજાના સ્થાનમાં જઈને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરવાનો નિષેધ છે.

સાધુઓએ સાધ્વીઓના ઉપાશ્રયમાં અને સાધ્વીઓએ સાધુઓના ઉપાશ્રયમાં કારણ વિના ન જવું જોઈએ, કારણવશ જવું પડે તો ઊભા-ઊભા જ કાર્ય કરીને શીઘ્ર પાછા ફરી જવું જોઈએ. ત્યાં સૂત્રોક્ત પ્રવૃત્તિઓ કરવી ન જોઈએ કારણ કે વધારે સમય સુધી રહેવાથી લોકોમાં ઘણા પ્રકારની આશંકાઓ ઉત્પન્ન થાય છે, વધારે પરિચય થવાથી બ્રહ્મચર્યમાં પણ દોષો લાગવાનો સંભવ છે.

સાધ્વીઓએ સાધુ પાસે સ્વાધ્યાય માટે અને પરસ્પર વાચના આપવા માટે જવાનું વિધાન વ્યવહાર સૂત્ર, ઉદ્દે.–૭ માં છે તથા સેવા આદિ કાર્યોથી પણ એકબીજાના ઉપાશ્રયમાં આવવા-જવાનું કથન ઠાણાંગ સૂત્રમાં છે. આ રીતે કોઈ પણ વિશિષ્ટ કારણથી સાધુ-સાધ્વી પરસ્પરના સ્થાનમાં જાય, તે આગમસંમત છે. તેઓ જે પ્રયોજનથી ગયા હોય, તે પ્રયોજન પૂર્ણ થતાં તુરંત સ્વસ્થાનમાં આવી જવું જોઈએ. પ્રસ્તુત સૂત્ર દ્વારા સાધુ-સાધ્વીને કારણ વિના પરસ્પરના સ્થાનમાં, નિરર્થક વાતો કરવી કે સૂત્રોક્ત નિષિદ્ધ પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી, તેમ સ્પષ્ટ થાય છે.

**ચર્મ ખંડ ગ્રહણ :-**

**३ णो कप्पइ णिग्गंथीणं सलोमाइं चम्माइं अहिट्ठित्तए ।**

**ભાવાર્થ :-** સાધ્વીઓએ રુંવાટીવાળા ચામડાનો ઉપયોગ કરવો કલ્પતો નથી.

**४** **कप्पइ णिग्गंथाणं सलोमाइं चम्माइं अहिट्ठित्तए, से वि य परिभुत्ते, णो चेव णं अपरिभुत्ते, पाडिहारिए णो चेव णं अपाडिहारिए, से वि य एगराइए णो चेव णं अणेगराइए ।**

**ભાવાર્થ :–** સાધુઓએ ગૃહસ્થે વાપરેલા રુંવાટીવાળા ચામડાનો પ્રાતિહારિક રૂપે એક રાત્રિ માટે ઉપયોગ કરવો કલ્પે છે, પરંતુ નવા રૂંવાટીવાળા ચર્મનો અપ્રાતિહારિકરૂપે, અનેક રાત્રિ માટે ઉપયોગ કરવો કલ્પતો નથી.

**५** **णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा कसिणाइं चम्माइं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુઓ અને સાધ્વીઓએ અખંડ ચામડું રાખવું અથવા તેનો ઉપયોગ કરવો કલ્પતો નથી.

**६** **कप्पइ णिग्गंथाणं वा णिग्गंथीण वा अकसिणाइं चम्माइं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુ–સાધ્વીઓએ ચામડાનો ટુકડો રાખવો અને તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ-સાધ્વીએ ચર્મ ગ્રહણ કરવાનો અને વાપરવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

સાધુ-સાધ્વીની ઉપધિમાં ચામડાના ઉપકરણનું કથન નથી, તેથી સામાન્ય રીતે સાધુ-સાધ્વીને ચર્મ ગ્રહણ કરવું કલ્પતું નથી, પરંતુ અપવાદરૂપે ગ્રહણ કરવું પડે, તો વિવેકપૂર્વક ગ્રહણ કરી શકે છે.

રોગ આદિ અનિવાર્ય પરિસ્થિતિમાં સાધુ-સાધ્વીને ચર્મનો ઉપયોગ કરવો પડે તો પણ અખંડ ચર્મનો ઉપયોગ કરવો કલ્પતો નથી. અખંડ ચર્મનો આકાર પશુઓ જેવો જ હોવાથી સાધુ-સાધ્વીને કલ્પનીય નથી. તેઓ ચર્મખંડ-ચામડાનો ટુકડો રાખી શકે છે. રોગી વ્યક્તિના મળ, લોહી આદિથી ખરડાયેલા કપડાં વારંવાર ધોવાની પરિસ્થિતિમાં ચર્મખંડના ઉપયોગમાં સુવિધા રહે છે અને રોગીને પણ કષ્ટ ઓછું થાય છે.

કોઈ સાધુને ચામડીનો રોગ અથવા હરસ આદિના કારણે બેસવામાં અથવા સૂવામાં અત્યંત પીડા થતી હોય, તેવી પરિસ્થિતિમાં રુંવાટી વિનાના ચામડાની અપેક્ષાએ રુંવાટીવાળું ચામડું વધારે ઉપયોગી થાય છે, તેથી વિશેષ કારણથી તેના ગ્રહણનું વિધાન છે.

સામાન્ય રીતે રૂંવાટીવાળા ચામડામાં જીવોત્પત્તિની અધિકતમ સંભાવના છે પરંતુ લુહાર, સોની આદિ આખો દિવસ ચામડા પર બેસી અગ્નિની પાસે કામ કરે છે. તેના રુંવાટીવાળા ચામડામાં થોડા સમય સુધી જીવોની ઉત્પતિની સંભાવના રહેતી નથી, તેથી સૂત્રકારે ગૃહસ્થના કામમાં આવતા રુંવાટીવાળા ચામડાને પ્રાતિહારિક રૂપમાં ગ્રહણ કરવાની આજ્ઞા આપી છે. તેને વધારે દિવસ રાખવાથી અગ્નિની ગરમી ન મળવાથી તે રુંવાટીવાળા ચામડામાં જીવોની ઉત્પત્તિ થવાની સંભાવના રહે છે તેથી સાધુને એક દિવસથી વધારે સમય રાખવાનો નિષેધ છે.

**વસ્ત્ર ગ્રહણ વિવેક :–**

**७** **णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा कसिणाइं वत्थाइं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓએ કૃત્સ્ન આકર્ષક, બહુમૂલ્યવાન વસ્ત્રો રાખવા અથવા તેનો ઉપયોગ કરવો કલ્પતો નથી.

**૮ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अकसिणाइं वत्थाइं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓએ અકૃત્સ્ન-આકર્ષક ન હોય તેવા અલ્પમૂલ્યવાન વસ્ત્રોને રાખવા તથા તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

**૯ णो कप्पइ णिग्गंथाण वा, णिग्गंथीण वा अभिण्णाइं वत्थाइं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓએ અભિન્ન-અખંડ વસ્ત્રોને રાખવા તથા ઉપયોગ કરવો કલ્પતો નથી.

**૧૦ कप्पइ णिग्गंथाण वा, णिग्गंथीण वा भिण्णाइं वत्थाइं धारित्तए वा परिह–रित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓએ ભિન્ન-ટુકડા કરેલા વસ્ત્રોને રાખવા તથા ઉપયોગ કરવો કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કૃત્સ્ન-સંપૂર્ણ, અકૃત્સ્ન-અપૂર્ણ, અભિન્ન-અખંડ અને ભિન્ન-ટુકડા કરેલું, આ ચાર શબ્દોનો પ્રયોગ છે.

ઉપરોક્ત ચાર શબ્દોમાં કૃત્સ્ન અને અભિન્ન તથા અકૃત્સ્ન અને ભિન્ન શબ્દ એકાર્થક છે. તેમ છતાં તેના અર્થમાં અપેક્ષાભેદથી આંશિક ભિન્નતા પણ છે.

કૃત્સ્ન-અકૃત્સ્ન શબ્દ પ્રયોગમાં વસ્ત્રના વર્ણ અને મૂલ્ય આદિ ભાવની પ્રધાનતા છે. સર્વશ્રેષ્ઠ વર્ણવાળું, આકર્ષક અને બહુમૂલ્યવાન વસ્ત્ર કૃત્સ્ન અને આકર્ષક ન હોય તેવું અલ્પ મૂલ્યવાળું સામાન્ય વસ્ત્ર અકૃત્સ્ન કહેવાય છે.

અભિન્ન-ભિન્ન શબ્દ પ્રયોગમાં વસ્ત્રની અખંડતા કે ખંડિતતા આદિ દ્રવ્યની પ્રધાનતા છે. અખંડ તાકા કે અતિપહોળા અને લાંબા વસ્ત્ર અભિન્ન કહેવાય છે અને પ્રમાણોપેત ટુકડા કરેલા વસ્ત્ર ભિન્ન કહેવાય છે.

સાધુ સાધ્વીને કૃત્સ્ન-આકર્ષક કે બહુમૂલ્યવાન અને અભિન્ન-વસ્ત્રના અખંડ તાકા કે અતિ પહોળા કે લાંબા વસ્ત્ર કલ્પતા નથી, પરંતુ અકૃત્સ્ન સામાન્ય કે અલ્પમૂલ્યવાન અને ભિન્ન-ટુકડા કરેલા વસ્ત્રો કલ્પે છે.

ભાષ્યકારે કૃત્સ્ન વસ્ત્રના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ચાર પ્રકાર કહ્યા છે–

**(૧) દ્રવ્ય કૃત્સ્ન–** દ્રવ્ય કૃત્સ્નના પણ બે ભેદ છે– ૧. સકલ દ્રવ્યકૃત્સ્ન– જે વસ્ત્ર પોતાના આદિ અને અંત ભાગથી યુક્ત, કિનારીવાળું અને કોમળ સ્પર્શવાળું હોય તથા વિવિધ રંગના ડાઘા–ડૂઘીથી રહિત હોય, તેને દ્રવ્યની અપેક્ષાએ **સકલકૃત્સ્ન** કહે છે. ૨. પ્રમાણદ્રવ્યકૃત્સ્ન– જે વસ્ત્ર પ્રમાણથી વધારે

લાંબુ-પહોળું હોય છે, તેને દ્રવ્યની અપેક્ષાએ **પ્રમાણ કૃત્સ્ન** કહે છે. **(૨) ક્ષેત્રકૃત્સ્ન–** જે વસ્ત્ર જે ક્ષેત્રમાં દુર્લભ હોય તેને તે ક્ષેત્રમાં ક્ષેત્ર કૃત્સ્ન કહે છે. એક દેશનું બનેલું વસ્ત્ર બીજાદેશમાં પ્રાયઃ ઘણામૂલ્યવાળું અને દુર્લભ હોય છે. **(૩) કાલકૃત્સ્ન–** જે વસ્ત્ર જે કાળમાં દુર્લભ હોય, તેને તે કાળમાં કૃત્સ્ન કહે છે. જેમ કે ઉનાળામાં સુતરના, રેશમના આદિ બારીક વસ્ત્ર અને ઠંડીમાં જાડી ઉનના ગરમ વસ્ત્ર તથા વર્ષાકાળમાં રંગીન વસ્ત્ર બહુમૂલ્યવાન થઈ જાય છે. **(૪) ભાવકૃત્સ્ન–** તેના બે ભેદ છે– (૧) વર્ણયુક્ત અને (૨) મૂલ્યયુક્ત. તેમાં વર્ણયુક્ત વસ્ત્રના કાળો, લીલો આદિ વર્ણોની અપેક્ષાએ પાંચ ભેદ છે. મૂલ્યવાન વસ્ત્રના પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી ત્રણ પ્રકાર છે. જ્યાં જેનું મૂલ્ય ઓછું હોય ત્યાં તે જઘન્ય મૂલ્યવાળું અને જ્યાં જેનું મૂલ્ય વધારે હોય ત્યાં તે ઉત્કૃષ્ટ મૂલ્યવાળું જાણવું જોઈએ. જે વસ્ત્ર સર્વત્ર સરખા મૂલ્યે ઉપલબ્ધ હોય તે મધ્યમ મૂલ્યવાળું કહેવાય છે અથવા જે વસ્ત્રને ધારણ કરવાથી રાગભાવ ઉત્પન્ન થાય તેને ભાવકૃત્સ્ન કહે છે અર્થાત્ અતિ ચમકવાળું રમણીયવસ્ત્ર. ઉક્ત ચારેય પ્રકારના કૃત્સ્નવસ્ત્ર સાધુ અથવા સાધ્વીઓએ રાખવા અથવા ધારણ કરવા કલ્પનીય નથી.

ભાષ્યકારે કૃત્સ્ન વસ્ત્ર રાખવા અથવા પહેરવાના દોષોનો નિર્દેશ કર્યો છે– (૧) અખંડ, બહુમૂલ્ય, સૂક્ષ્મ વસ્ત્રોને ચોર, ડાકૂ, ચોરી જાય અથવા કોઈ ગૃહસ્થ ઝૂંટવી જાય, (૨) એક રાજ્યથી બીજા રાજ્યમાં પ્રવેશ કરે ત્યારે જકાતવાળા કર માંગે અથવા વસ્ત્ર લઈ લે, (૩) શ્રાવક મૂલ્યવાન વસ્ત્રોને સાધુ પાસે જોઈને સાધુની ઈર્ષ્યા કે નિંદા કરે ઈત્યાદિ કારણોથી ચારે પ્રકારના કૃત્સ્ન વસ્ત્ર સાધુ-સાધ્વીઓને કલ્પતા નથી.જે વસ્ત્ર દ્રવ્યથી અલ્પ અથવા પ્રમાણોપેત હોય, ક્ષેત્ર અને કાળથી સર્વથા સુલભ હોય અને ભાવથી જેનું બહુમૂલ્ય ન હોય, તેવા વસ્ત્ર સાધુએ ધારણ કરવા જોઈએ.

તે જ રીતે અખંડ વસ્ત્ર રાખવામાં પણ અનેક દોષની સંભાવના છે– અખંડ વસ્ત્ર કે અતિ લાંબા કે પહોળા વસ્ત્રની પ્રતિલેખના વ્યવસ્થિત રીતે થઈ શકતી નથી. પ્રમાણાતિરિક્ત વસ્ત્રોને રાખવાથી વિહાર આદિમાં તેનો ભાર વહન કરવો પડે છે. અખંડ વસ્ત્રને પોતાના માટે ફાડતાં વાયુકાયના જીવોની વિરાધના થાય છે, તેથી સાધુ પોતાની આવશ્યકતા પ્રમાણે ગૃહસ્થને ત્યાંથી ટુકડા કરાવીને જ વસ્ત્ર ગ્રહણ કરે છે.

**અવગ્રહાનંતક ધારણ કરવાનો વિવેક :–**

**११ णो कप्पइ णिग्गंथाणं उग्गहणंतगं वा, उग्गहपट्टगं वा धारित्तए वा, परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુઓએ અવગ્રહાનંતક અને અવગ્રહપટ્ટક રાખવા અથવા તેનો ઉપયોગ કરવો કલ્પતો નથી.

**१२ कप्पइ णिग्गंथीणं उग्गहणंतगं वा उग्गहपट्टगं वा धारित्तए वा परिहरित्तए वा।**

**ભાવાર્થ :–** સાધ્વીઓએ અવગ્રહાનંતક અને અવગ્રહપટ્ટક રાખવો અથવા તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

**વિવેચન :–**

**गुह्यदेशपिधानवस्त्रम् अवग्रहानंतक, तस्यैवाच्छादकपट्टम् अवग्रहपट्टम ।** અવગ્રહાનંતક અને અવગ્રહપટ્ટક આ બંને આંતરીય વસ્ત્રોનો સાધુઓ માટે ધારણ કરવાનો નિષેધ છે અને સાધ્વીઓ માટે આ બંનેને ધારણ કરવાનું વિધાન છે. ભાષ્યકારના કથનાનુસાર કોઈ સાધુને ભગંદર, હરસ આદિ

રોગ થયા હોય તો ત્યારે જરૂર પ્રમાણે સાધુ પણ અવગ્રહપટ્ટક રાખી શકે છે. સાધ્વીઓએ શારીરિક સ્થિતિ અનુસાર તથા વિહારાદિમાં શીલરક્ષા માટે આ બંને ઉપકરણો ધારણ કરવા જરૂરી છે.

**સાધ્વીને પોતાની નિશ્રામાં વસ્ત્ર ગ્રહણ :–**

**१३ णिग्गंथीए गाहावइकुलं पिंडवायपडियाए अणुप्पविट्ठाए चेलट्ठे समुप्पज्जेज्जा, णो से कप्पइ अप्पणो णिस्साए चेलं पडिग्गाहित्तए, कप्पइ से पवत्तिणी णिस्साए चेलं पडिग्गाहित्तए ।**

**णो य से तत्थ पवत्तिणी सामाणा सिया, जे से तत्थ सामाणे आयरिए वा उवज्झाए वा पवत्ती वा थेरे वा गणी वा गणहरे वा गणावच्छेइए वा जं च अण्णं पुरओ कट्टु विहरइ, कप्पइ से तण्णिस्साए चेलं पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** ગૃહસ્થના ઘરે ગોચરી માટે ગયેલા સાધ્વીઓને જો વસ્ત્રની આવશ્યકતા હોય તો પોતાની નિશ્રાએ વસ્ત્ર ગ્રહણ કરવું કલ્પતું નથી પરંતુ પ્રવર્તિનીની નિશ્રાએ વસ્ત્ર લેવું કલ્પે છે.

જો ત્યાં પ્રવર્તિની હાજર ન હોય તો જે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર અથવા ગણાવચ્છેદક અથવા જેની નિશ્રામાં પોતે વિચરણ કરી રહ્યા હોય તેની નિશ્રાએ વસ્ત્ર ગ્રહણ કરવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધ્વીને પોતાની નિશ્રામાં વસ્ત્ર ગ્રહણનો નિષેધ કર્યો છે. ગોચરી અર્થે ગયેલા સાધ્વીજીને વસ્ત્રની જરૂરિયાત હોય તો પણ પોતાની નિશ્રામાં અર્થાત્ આ વસ્ત્ર હું મારા માટે ગ્રહણ કરી રહી છું, તેમ કહીને ગૃહસ્થ પાસેથી વસ્ત્ર લેવું કલ્પતું નથી, પ્રવર્તિનીની નિશ્રાએ ગ્રહણ કરવું કલ્પે છે અર્થાત્ વસ્ત્ર લેતા સમયે તે સ્પષ્ટ શબ્દોમાં કહે કે હું પ્રવર્તિનીની નિશ્રાએ આ વસ્ત્ર ગ્રહણ કરું છે, તેઓ સ્વીકારીને કોઈ પણ સાધ્વીને આપશે તો અમે રાખશું, અન્યથા આપને પાછું આપીશું, તેમ કહીને તે ગૃહસ્થ પાસેથી વસ્ત્ર ગ્રહણ કરી શકે છે. જો તેમના પ્રવર્તિની સાધ્વી ઉપાશ્રયમાં અથવા તે ગામમાં ન હોય તો આચાર્ય, ઉપાધ્યાય આદિ સાધુઓ ગામમાં કે નજીકમાં હોય, તો તેની નિશ્રાએ તે વસ્ત્રને ગ્રહણ કરી શકે છે.

વડીલોની નિશ્રાનો સ્વીકાર કરીને વસ્ત્ર આદિ કોઈ પણ ઉપધિ ગ્રહણ કરવામાં વડીલોનું બહુમાન તથા ગુર્વાજ્ઞા અને જિનાજ્ઞાની આરાધના છે.

**દીક્ષા સમયે ઉપધિ ગ્રહણ વિવેક :–**

**१४ णिग्गंथस्स णं तप्पढमयाए संपव्वयमाणस्स कप्पइ रयहरण-गोच्छग-पडिग्गहमायाए तिहिं कसिणेहिं वत्थेहिं आयाए संपव्वइत्तए । से य पुव्वोवट्ठविए सिया, एवं से णो कप्पइ रयहरण-गोच्छग-पडिग्गहमायाए तिहिं कसिणेहिं वत्थेहिं आयाए संपव्वइत्तए । कप्पइ से अहापरिग्गहियाइं वत्थाइं गहाय आयाए संपव्वइत्तए ।**

**ભાવાર્થ :–** ગૃહવાસનો ત્યાગ કરીને સર્વપ્રથમ દીક્ષિત થનાર(સામાયિક ચારિત્ર સ્વીકારતા) સાધુએ રજોહરણ, ગુચ્છો, પાત્ર તથા ત્રણ અખંડ વસ્ત્ર લઈને દીક્ષિત થવું કલ્પે છે. પૂર્વ દીક્ષિત સાધુને(નવા)

રજોહરણ, ગુચ્છો, પાત્ર તથા ત્રણ અખંડ વસ્ત્ર લઈને પ્રવ્રજિત થવું કલ્પતું નથી, પરંતુ પહેલાં ગ્રહણ કરાયેલા વસ્ત્ર આદિને લઈ દીક્ષિત થવું(છેદોપસ્થાપનીય ચારિત્ર સ્વીકારવું) કલ્પે છે.

**૧૫ णिग्गंथीए णं तप्पढमयाए संपव्वयमाणीए कप्पइ रयहरण-गोच्छग-पडिग्गहमायाए चउहिं कसिणेहिं वत्थेहिं आयाए संपव्वइत्तए। सा य पुव्वोवट्ठविया सिया, एवं से णो कप्पइ रयहरण-गोच्छग-पडिग्गहमायाए चउहिं कसिणेहिं वत्थेहिं आयाए संपव्वइत्तए। कप्पइ से अहापरिग्गहियाइं वत्थाइं गहाय आयाए संपव्वइत्तए।**

**ભાવાર્થ :–** ગૃહવાસનો ત્યાગ કરીને સર્વ પ્રથમ દીક્ષિત થનાર(સામાયિક ચારિત્ર સ્વીકાર કરનાર) સાધ્વીએ રજોહરણ, ગુચ્છો, પાત્ર તથા ચાર અખંડ વસ્ત્રો લઈને દીક્ષિત થવું કલ્પે છે. દીક્ષિત સાધ્વીએ (નવા) રજોહરણ, ગુચ્છો, પાત્ર તથા ચાર અખંડ વસ્ત્ર લઈને પ્રવ્રજિત થવું કલ્પતું નથી પરંતુ પહેલા ગ્રહણ કરાયેલા વસ્ત્રને લઈ પ્રવ્રજિત થવું (છેદોપસ્થાપનીય ચારિત્ર સ્વીકારવું) કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સામાયિક ચારિત્ર અને છેદોપસ્થાપનીય ચારિત્ર ગ્રહણ કરનાર સાધુની દીક્ષા સમયની ઉપધિનું કથન છે.

જે સર્વ પ્રથમ દીક્ષિત થઈ રહ્યા હોય તે સાધુએ પોતાના સગા-સંબંધી દ્વારા આપેલા રજોહરણ, ગુચ્છો, પાત્ર અને ત્રણ અખંડ વસ્ત્ર અને સાધ્વીએ ચાર અખંડ વસ્ત્ર લઈને દીક્ષા લેવી જોઈએ.

એક હાથ પહોળા અને ચોવીસ હાથ લાંબા વસ્ત્રને અખંડ વસ્ત્ર કહે છે, તેથી સાધુ રજોહરણ આદિ ઉપકરણો સાથે ત્રણ અખંડ વસ્ત્ર એટલે ૨૪ × ૩ = કુલ ૭૨ હાથ વસ્ત્ર અને સાધ્વી ચાર અખંડ વસ્ત્ર એટલે ૨૪ × ૪ = ૯૬ હાથ વસ્ત્ર સહિત દીક્ષિત થાય છે, ત્યાર પછી જ્યારે તેની વડી દીક્ષા થાય અથવા કોઈ વ્રત વિશેષમાં દૂષણ લાગવાથી અથવા મહાવ્રતની વિરાધના થવાથી દીક્ષાનો છેદ આપીને પુનઃ મહાવ્રતના આરોપણ માટે આચાર્ય સન્મુખ ઉપસ્થિત થાય ત્યારે તે પોતાના પૂર્વગૃહિત વસ્ત્ર, પાત્ર આદિની સાથે જ દીક્ષા ગ્રહણ કરે છે અર્થાત્ તેને પહેલાંના વસ્ત્ર પાત્રાદિને છોડીને નવા વસ્ત્ર–પાત્રાદિ લેવાની આવશ્યકતા નથી. ઉપધિ સંબંધી વિસ્તૃત જાણકારી નિશીથ સૂત્રમાં છે.

**વસ્ત્ર ગ્રહણની કાલ મર્યાદા :–**

**૧૬ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पढमसमोसरणुद्देसपत्ताइं चेलाइं पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓને પ્રથમ સમવસરણમાં(વર્ષાકાલમાં) વસ્ત્ર ગ્રહણ કરવા કલ્પતા નથી.

**૧૭ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा दोच्चसमोसरणुद्देसपत्ताइं चेलाइं पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ–સાધ્વીઓને બીજા સમવસરણમાં(શેષકાલમાં) વસ્ત્ર ગ્રહણ કરવા કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને માટે વસ્ત્રગ્રહણની કાલમર્યાદા પ્રદર્શિત કરી છે. સમવસરણ શબ્દનો

અર્થ છે– સર્વ બાજુથી આવવું, ચાતુર્માસ કરવા માટે સાધુ-સાધ્વીઓ કોઈ એક યોગ્ય સ્થાને આવીને સ્થિર થાય છે. તેને પ્રથમ સમવસરણ કહે છે અને વર્ષાકાળ અથવા ચાતુર્માસની સમાપ્તિ પછીના સમયને દ્વિતીય સમવસરણ કહેવાય છે.

જે સ્થાને સાધુ અને સાધ્વીઓને ચાતુર્માસ કરવાનું હોય તે સ્થાને આવ્યા પછી આખા ચાતુર્માસ સુધી અર્થાત્ અષાઢ સુદ પુનમથી લઈને કારતક સુદ પુનમ સુધી ગૃહસ્થ પાસેથી વસ્ત્ર ગ્રહણ કરવા કલ્પતા નથી. વર્ષાકાળ પછી બીજા સમવસરણમાં અર્થાત્ માગસર વદ એકમથી, (ગુજરાતી તિથિ પ્રમાણે કારતક વદ – ૧ ) અષાઢ સુદ પુનમ સુધી આઠ મહિના તેની આવશ્યકતા અનુસાર વસ્ત્ર ગ્રહણ કરી શકે છે.

**રત્નાધિકોની પ્રધાનાતા :–**

**૧૮ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अहाराइणियाए चेलाइं पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓએ યથારાત્નિક-ચારિત્રપર્યાયના ક્રમથી વસ્ત્ર ગ્રહણ કરવા કલ્પે છે.

**૧૯ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अहाराइणियाए सेज्जा-संथारए पडिग्गाहित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓએ ચારિત્રપર્યાયના ક્રમથી શય્યા-સંસ્તારક ગ્રહણ કરવા કલ્પે છે.

**૨૦ कप्पइ णिग्गंथाण या णिग्गंथीण वा अहाराइणियाए किइकम्मं करेत्तए ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓએ ચારિત્રપર્યાયના ક્રમથી વંદન કરવા કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ જીવનની વિવિધ પ્રવૃત્તિઓમાં રત્નાધિકોની પ્રધાનતા પ્રદર્શિત કરી છે.

જે સાધુ અને સાધ્વીની ચારિત્રપર્યાય વધારે હોય તેને રાત્નિક અથવા રત્નાધિક કહે છે.

**ઉપધિ ગ્રહણમાં રત્નાધિકોની પ્રધાનતા :–** જ્યારે સાધુ અથવા સાધ્વી ગૃહસ્થ પાસેથી વસ્ત્ર, પાત્ર આદિ ગ્રહણ કરે ત્યારે તે વસ્તુને સ્વયં પોતાની માલિકીની કરે નહીં પરંતુ તેને ચારિત્રપર્યાયની ન્યૂનાધિકતાના ક્રમાનુસાર જ ગ્રહણ કરે અર્થાત્ જે સાધુ અથવા સાધ્વી સર્વથી વધારે ચારિત્રપર્યાયવાળા હોય તેને સર્વપ્રથમ વસ્ત્ર પ્રદાન કરે ત્યાર પછી તેનાથી ઓછી ચારિત્રપર્યાયવાળાને અને ત્યાર પછી તેનાથી ઓછી ચારિત્રપર્યાયવાળાને આપે. આ રીતે રત્નાધિકોના ક્રમાનુસાર જ સર્વ ઉપધિ ગ્રહણ થાય છે. વ્યુત્ક્રમથી દેવા અથવા લેવામાં રત્નાધિકોનો અવિનય, આશાતના આદિ થાય છે. તે સાધુની મર્યાદાથી પ્રતિકૂળ છે. વ્યુત્ક્રમથી દેનારા અને લેનારા સાધુ-સાધ્વીઓને માટે ભાષ્યકારે પ્રાયશ્ચિત્તનું વિધાન કર્યું છે.

**શય્યા-સંસ્તારક ગ્રહણમાં રત્નાધિકોની પ્રધાનતા :–** શય્યાનો અર્થ વસતિ, ઉપાશ્રય, રહેવા માટેનું મકાન કે સ્થાન છે અને સંસ્તારકનો અર્થ છે સાધુ સાધ્વીઓને બેસવા, સૂવા યોગ્ય પાટ, પાટલા, ઘાસ, આદિને તેને પણ ચારિત્રપર્યાયની ન્યૂનાધિકતાના ક્રમથી ગ્રહણ કરવા જોઈએ.

નિર્યુક્તિકારે અને ભાષ્યકારે શય્યા સંસ્તારકના વિધાનમાં અધિક સ્પષ્ટતા કરતા કહ્યું છે કે આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તક, આ ત્રણ ગુરુજનોના શય્યા-સંસ્તારક ક્રમશઃ રાખ્યા પછી જ્ઞાનાદિ સંપદાને પ્રાપ્ત કરવા માટે અન્ય ગણના સાધુ આવ્યા હોય તેને શય્યા-સંસ્તારકમાં સ્થાન આપવું જોઈએ. ત્યાર

પછી ગ્લાન સાધુને, ત્યાર પછી થોડી ઉપધિ(વસ્ત્ર)વાળા સાધુને, ત્યાર પછી કર્મક્ષયાર્થ ઉદ્યત સાધુને, ત્યાર પછી જેણે આખી રાત વસ્ત્ર ન ઓઢવાનો અભિગ્રહ લીધો હોય તેવા સાધુને, ત્યાર પછી સ્થવિરને, ત્યાર પછી ક્રમશઃ ગણી, ગણધર, ગણાવચ્છેદક અને અન્ય સાધુઓએ શય્યા સંસ્તારક માટે સ્થાન ગ્રહણ કરવું જોઈએ.

નવદીક્ષિત અથવા અલ્પ દીક્ષા પર્યાયવાળા સાધુઓને રત્નાધિક પાસે સૂવાનું સ્થાન દેવું જોઈએ, જેથી રાત્રે તેની સાર-સંભાળ કરી શકે. વૈયાવચ્ચ કરનાર સાધુને ગ્લાન સાધુની પાસે સ્થાન દેવું જોઈએ, જેથી તે રોગી સાધુની યથાસમયે સેવા કરી શકે તથા શાસ્ત્ર અભ્યાસ કરનાર શૈક્ષ સાધુને ઉપાધ્યાય આદિ જેની પાસે તે અધ્યયન કરતા હોય તેની પાસે સ્થાન દેવું જોઈએ, જેથી તે જાગતા હોય ત્યારે સ્વયંના પાઠનું પુનરાવર્તન કરવા સમયે તેનો સહયોગ પ્રાપ્ત કરી શકે.

આ રીતે સર્વ સાધુઓની અનુકૂળતા જળવાઈ રહે તે પ્રમાણે રત્નાધિકોના ક્રમાનુસાર સ્થાન ગ્રહણ કરવું જોઈએ. ગુરુ પાટ ઉપર બેઠા હોય તો શિષ્ય બાજોઠ ઉપર બેસે, ગુરુ પાટલા ઉપર બેઠા હોય તો શિષ્ય જમીન ઉપર આસન પાથરી બેસે, ગુરુ આસન પાથરી બેઠા હોય તો શિષ્ય જમીન ઉપર બેસે, ગુરુ જમીન ઉપર બેઠા હોય તો શિષ્ય ઊભો રહે, ગુરુ ઊભા હોય તો શિષ્ય હાથ જોડીને ઊભો રહે, આ રીતે શિષ્ય, ગુરુ કરતાં નિમ્ન સ્થાન ગ્રહણ કરે છે.

**કૃતિકર્મમાં રત્નાધિકોની પ્રધાનતા :–** સવારે, સંધ્યાસમયે પ્રતિક્રમણ આદિ પ્રારંભ કરતાં પહેલાં ગુરુ અને રત્નાધિકોને વંદન કરાય છે તે કૃતિકર્મ કહેવાય છે. તેના બે ભેદ છે– (૧) અભ્યુત્થાન અને (૨) વંદન.

આચાર્ય, ઉપાધ્યાય આદિ ગુરુજનોના રત્નાધિકોના ગમનાગમન સમયે ઊભા થવું તે **અભ્યુત્થાન કૃતિકર્મ** છે. સવારે અને સંધ્યાસમયના પ્રતિક્રમણ સમયે તથા ગુરુને પ્રશ્ન આદિ પૂછવા હોય ત્યારે ગુરુજનોને વંદન કરવા, હાથ જોડી મસ્તકે અંજલિ લગાવી નમસ્કાર આદિ કરવા તે **વંદન કૃતિકર્મ** છે.

સાધુ-સાધ્વીએ અભ્યુત્થાનકૃતિકર્મ અને વંદનકૃતિકર્મમાં રત્નાધિકોને જ પ્રાધાન્ય આપવું જોઈએ.

સંક્ષેપમાં સાધુ-સાધ્વીએ સંયમી જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ રત્નાધિકોના ક્રમાનુસાર વિનય પૂર્વક કરવી જોઈએ.

### ગૃહસ્થના ઘરમાં નિવાસ :–

**૨૧ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अंतरगिहंसि चिट्ठत्तए वा णिसीइत्तए वा तुयट्टित्तए वा णिद्दाइत्तए वा पयलाइत्तए वा असणं वा पाणं वा खाइमं वा साइमं वा आहारमाहरेत्तए, उच्चारं वा पासवणं वा खेलं वा सिंघाणं वा परिट्ठवेत्तए सज्झायं वा करित्तए झाणं वा झाइत्तए, काउसग्गं वा ठाणं ठाइत्तए ।**

**अह पुण एवं जाणेज्जा– वाहिए जराजुण्णे तवस्सी दुब्बले किलंते मुच्छेज्ज वा पवडेज्ज वा, एवं से कप्पइ अंतरगिहंसि चिट्ठित्तए वा** *जाव* **काउसग्गं वा ठाइं ठाइत्तए ।**

**ભાવાર્થ :–**સાધુ-સાધ્વીઓએ ગૃહસ્થના ઘરની અંદર ઊભા રહેવું, બેસવું, સૂવું, નિદ્રા લેવી,ગાઢ નિદ્રા લેવી, ભોજન, પાણી, મીઠાઈ, મુખવાસ, આ ચારે પ્રકારનો આહાર કરવો; મળ, મૂત્ર, કફ, શ્લેષ્મ આદિ પરઠવા, સ્વાધ્યાય કરવો, ધ્યાન કરવું, કાયોત્સર્ગ કરી સ્થિર થવું કલ્પતું નથી.

જો તે સાધુ વ્યાધિગ્રસ્ત હોય, વૃદ્ધ, તપસ્વી, દુર્બલ, થાકેલા(વ્યથિત) હોય કે ચક્કર આવતાં હોય, તો તેને ગૃહસ્થના ઘરમાં રહેવું ***યાવત્*** કાયોત્સર્ગ કરી સ્થિર થવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ગોચરી માટે ગયેલા સાધુ-સાધ્વીને ગૃહસ્થને ત્યાં બેસવું, રહેવું વગેરે પ્રવૃત્તિ કરવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

સામાન્ય રીતે સશક્ત સાધુ ગૃહસ્થને ત્યાં આહારાદિ ગ્રહણ કરવા ગયા હોય ત્યારે ગૃહસ્થને ત્યાં વધુ સમય ઊભા રહીને ઉપરોક્ત કોઈ પ્રવૃત્તિ કરતા નથી. ગૃહસ્થનો સંગ સાધુને સર્વ પ્રકારે આપત્તિજનક છે, તેથી સાધુ વિવેકપૂર્વક વ્યવહાર કરે. જો કોઈ સાધુ રોગી, અતિવૃદ્ધ, તપસ્યાથી જર્જરિત અથવા દુર્બલ હોય, તેને ચક્કર આવતા હોય તો તે પોતાની સ્વસ્થતા પ્રાપ્ત થાય, ત્યાં સુધી ગૃહસ્થના ઘરમાં રહી શકે છે.

ભાષ્યકારે ગૃહસ્થને ત્યાં થોડી વાર ઊભા રહેવાના અન્ય કારણો પ્રદર્શિત કર્યા છે, જેમકે કોઈ રોગી સાધુને માટે ઔષધિ લેવા અન્ય સાધુ જાય અને ઔષધ દેનાર ગૃહસ્થ ઘરની બહાર ગયા હોય અને થોડા સમયમાં જ પાછા આવવાના હોય, તો થોડો સમય ઊભા રહે અથવા ઘરમાં પ્રવેશ કર્યા પછી અચાનક વરસાદ આવે અથવા તે માર્ગેથી રાજા આદિની સવારી નીકળી રહી હોય, આ પ્રકારના કોઈ પણ અનિવાર્ય કારણ ઉપસ્થિત થાય, તો સાધુ ગૃહસ્થને તકલીફ ન થાય તેમ મર્યાદિત સમય માટે સંયમભાવથી વિવેકપૂર્વક ઊભા રહી શકે છે.

**ગૃહસ્થના ઘરમાં વાર્તાલાપનો નિષેધ :–**

**૨૨ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अंतरगिहंसि** *जाव* **चउगाहं वा पंचगाहं आइक्खित्तए वा विभावेत्तए वा किट्टित्तए वा पवेइत्तए वा । णण्णत्थ एगणाएणं वा एगवागरणेण वा एगगाहाए वा एगसिलोएण वा। से वि य ठिच्चा, णो चेव णं अठिच्चा ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓએ ગૃહસ્થના ઘરમાં ચાર અથવા પાંચ ગાથાઓ દ્વારા કથન કરવું, તેનો અર્થ કરવો, ધર્માચરણનું ફળ કહેવું કે તેનું વિસ્તૃત વિવેચન કરવું કલ્પતું નથી. જો જરૂરિયાત જણાય તો ફક્ત એક ઉદાહરણ, એક પ્રશ્નોત્તર, એક ગાથા અથવા એક શ્લોક દ્વારા કથન કરવું કલ્પે છે, તે પણ ઊભા રહીને જ કહે, બેસીને નહીં.

**૨૩ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा अंतरगिहंसि इमाइं पंच महव्वयाइं सभावणाइं आइक्खित्तए वा विभावेत्तए वा किट्टित्तए वा पवेइत्तए वा । णण्णत्थ एगणाएण वा** *जाव* **एगसिलोएण वा से वि य ठिच्चा, णो चेव णं अठिच्चा ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓએ ગૃહસ્થના ઘરમાં ભાવના સહિત પાંચ મહાવ્રતોનું કથન કરવું, તેનો અર્થ વિસ્તાર કરવો, મહાવ્રતના આચરણનાં ફળનું કથન અથવા તેનું વિસ્તૃત વિવેચન કરવું કલ્પતું નથી.

ખાસ આવશ્યકતા હોય તો ફક્ત એક ઉદાહરણ ***યાવત્*** એક શ્લોકનું કથન કરવું કલ્પે છે. તે પણ ઊભા રહીને કરી શકે છે, બેસીને નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ગૃહસ્થોને ત્યાં ગોચરી ગયેલા સાધુને ગૃહસ્થો સાથે વાર્તાલાપ કરવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

સાધુ જે પ્રયોજનથી ગૃહસ્થના ઘેર ગયા હોય, તે પ્રયોજન પૂર્ણ થતાં સાધુએ ગૃહસ્થના ઘેરથી તુરંત નીકળી જવું જોઈએ. ગૃહસ્થના ઘેર ગૃહસ્થને ઉપદેશ આપવો, ધર્મચર્ચા કરવી યોગ્ય નથી. ગૃહસ્થને ત્યાં અધિક સમય રોકાવાથી લોકોને કુશંકા થાય, ગૃહસ્થની પોતાની પ્રવૃત્તિઓ સ્થગિત થઈ જતાં સાધુ પ્રતિ અણગમો થાય, ગૃહસ્થની કાર્યવાહી નિહાળીને સાધુના ચિત્તમાં અનેક સંકલ્પ-વિકલ્પ થાય છે, સાધુનું ચિત્ત ક્ષુભિત થાય વગેરે અનેક દોષોની સંભાવના હોવાથી સાધુએ ગૃહસ્થના ઘેર ઊભા રહીને કોઈ પણ પ્રકારનો વાર્તાલાપ કરવો ઉચિત નથી.

ક્યારેક કોઈ ગૃહસ્થ જિજ્ઞાસા પ્રગટ કરે તો પણ ઊભા-ઊભા જ અત્યંત અલ્પ શબ્દોમાં તેનો ઉત્તર આપીને બહાર નીકળી જવું જોઈએ. આ પ્રકારના વ્યવહારથી જ સાધુના સંયમની સુરક્ષા તથા શાસન પ્રભાવના થાય છે.

**શય્યાસંસ્તારક પાછા આપવાનો વિવેક :–**

**२४ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पाडिहारियं सेज्जा-संथारयं आयाए अपडिहट्टु संपव्वइत्तए ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીએ ગૃહસ્થ પાસેથી ગ્રહણ કરેલા પ્રાતિહારિક શય્યા-સંસ્તારક તેના માલિકને સોંપ્યા વિના અન્ય ગામમાં જવું કલ્પતું નથી.

**२५ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा सागारियसंतियं सेज्जा-संथारयं आयाए अविकरणं कट्टु संपव्वइत्तए ।**

**कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा सागारियसंतियं सेज्जासंथारयं आयाए विकरणं कट्टु संपव्वइत्तए ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓએ શય્યાતર પાસેથી ગ્રહણ કરેલા શય્યા-સંસ્તારકને વ્યવસ્થિત, યથાસ્થાને મૂક્યા વિના બીજે ગામ જવું કલ્પતું નથી.

સાધુ-સાધ્વીઓએ શય્યાતર પાસેથી ગ્રહણ કરેલા શય્યા-સંસ્તારકને વ્યવસ્થિત-યથાસ્થાને મૂકી બીજે ગામ જવું કલ્પે છે.

**२६ इह खलु णिग्गंथाण वा णिग्गंथीण वा पाडिहारिए वा सागारियसंतिए वा सेज्जासंथारए विप्पणसेज्जा । से य अणुगवेसियव्वे सिया । से य अणुगवेसमाणे लभेज्जा, तस्सेव पडिदायव्वे सिया । से य अणुगवेसमाणे णो लभेज्जा, एवं से कप्पइ दोच्चंपि ओग्गहं अणुण्णवेत्ता परिहारं परिहरित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓએ ગૃહસ્થ પાસેથી લાવેલા પ્રાતિહારિક અથવા શય્યાતરના શય્યા-

સંસ્તારક ખોવાઈ ગયા હોય, તો તેની શોધ કરવી જોઈએ. શોધ કરવાથી જો મળી જાય તો તેને આપી દેવા જોઈએ. શોધ કર્યા પછી કદાચિત ન મળે, તો ફરી આજ્ઞા લઈ અન્ય શય્યા-સંસ્તારક ગ્રહણ કરીને ઉપયોગમાં લેવા કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુ-સાધ્વીને માટે ગૃહસ્થના શય્યા-સંસ્તારક પાછા સોંપવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

સાધુ ગૃહસ્થને ત્યાંથી પોતાની આવશ્યકતાનુસાર શય્યા-સંસ્તારક પ્રાતિહારિક–પાછા સોંપવાની શરતથી લાવે છે, તેથી પોતાની આવશ્યકતા પૂર્ણ થાય, સાધુને બીજે ગામ વિહાર કરવો હોય, ત્યારે ગૃહસ્થના લાવેલા શય્યા–સંસ્તારક વ્યવસ્થિત રીતે તેના હાથમાં પાછા સોંપવા જરૂરી છે. તે જ સ્થાનમાં પડેલા શય્યાતરના પાટ–પાટલા વગેરે વ્યવસ્થિત રીતે પહેલાં જેમ હોય, તેમ ગોઠવી દેવા જોઈએ. સૂત્રકારે તેના માટે બે શબ્દોનો પ્રયોગ કર્યો છે–

**विकरणं**– શય્યાતરના શય્યા-સંસ્તારક જ્યાં જે રીતે હોય તેને તે જ રીતે રાખીને સોંપવા, તેને વિકરણ કહે છે, અથવા પાટ, તૃણ વગેરે પાઢીહારા લાવ્યા હોય તેમાં માંકડ વગેરે જીવોની ઉત્પત્તિ થઈ હોય તે જીવોને કાઢીને પછી ગૃહસ્થને પાછા સોંપવાને વિકરણ કહે છે.

**अविकरणं**– શય્યા-સંસ્તારક યથાસ્થાને ન રાખવા અને વ્યવસ્થિત કરીને ન સોંપવા તેને અવિકરણ કહે છે.

નિર્યુક્તિકારે પ્રાતિહારિક ઉપધિની રક્ષા માટે સાધુ-સાધ્વીને સાવધાન રહેવાનું સૂચન કર્યું છે. સાધુને આહાર, નિહાર આદિ અનિવાર્ય કારણે ઉપાશ્રયમાંથી બહાર જવું પડે ત્યારે તે ઉપધિ અન્ય સાધુને અથવા અન્ય વ્યક્તિને સોંપીને જવું જોઈએ. આ રીતે સાવધાન રહેવા છતાં ક્યારેક ગૃહસ્થ પાસેથી પાઢીહારી લાવેલી વસ્તુ ખોવાઈ જાય, ચોરાઈ જાય, તો તેની શોધખોળ કરવી જોઈએ, શોધખોળ કરવા છતાં પણ ન મળે તો ગૃહસ્થને સત્ય હકીકત જણાવવી જોઈએ કે તમારી અમુક વસ્તુની ચોરી થઈ ગઈ છે અને તપાસ કરવા છતાં મળી નથી. તે ઉપકરણની જરૂર હોય તો અન્ય સ્થાનેથી ગૃહસ્થ પાસેથી યાચના કરી લઈ આવે અને તેની આજ્ઞા લઈને વાપરી શકે છે.

સાધુ ગૃહસ્થની વસ્તુઓ વ્યવસ્થિત રીતે પાછી ન સોંપે તો ગૃહસ્થને સાધુ પ્રતિ અભાવ થાય, ધર્મ શ્રદ્ધા ઘટી જાય, ફરી વાર તે શય્યા-સંસ્તારકની પ્રાપ્તિ દુર્લભ બની જાય, સાધુનું ત્રીજું મહાવ્રત ખંડિત થાય વગેરે દોષોની સંભાવના છે, તેથી સાધુએ ગૃહસ્થની પ્રાતિહારિક વસ્તુઓ વાપરવામાં અને પાછી સોંપવામાં વિવેક રાખવો જોઈએ.

**આગંતુક શ્રમણોને શય્યા-સંસ્તારકની આજ્ઞા વિધિ :–**

**૨૭ जद्दिवसं च णं समणा णिग्गंथा सेज्जा-संथारयं विप्पजहंति, तद्दिवसं च णं अवरे समणा णिग्गंथा हव्वमागच्छेज्जा, सच्चेव ओग्गहस्स पुव्वाणुण्णवणा चिट्ठइ अहालंदमवि ओग्गहे ।**

**ભાવાર્થ :–** જે દિવસે સાધુ શય્યા-સંસ્તારક છોડીને વિહાર કરી રહ્યા હોય તે દિવસે અથવા તે સમયે બીજા સાધુ આવી જાય તો આગંતુક સાધુ પહેલાં રહેલા સાધુએ લીધેલી આજ્ઞાથી યથાલંદકાળ સુધી રહી શકે છે.

**૨૮** **अत्थि या इत्थ उवस्सयपरियावण्णे अचित्ते परिहरणारिहे, सच्चेव ओग्गहस्स पुव्वाणुण्णवणा चिट्ठइ-अहालंदमवि ओग्गहे ।**

**ભાવાર્થ :-** જો ઉપયોગમાં આવે તેવા કોઈ અચિત્ત ઉપકરણ ઉપાશ્રયમાં હોય તો પહેલાં રહેલા સાધુએ લીધેલી આજ્ઞાથી તેનો પણ યથાલંદ કાળ સુધી ઉપયોગ કરી શકે છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં આગંતુક શ્રમણો માટે શય્યા-સંસ્તારકની આજ્ઞા વિધિનું નિરૂપણ છે.

જે ઉપાશ્રયમાં સાધુ માસકલ્પાદિ સુધીની આજ્ઞા લઈને રહ્યા હોય, તે ઉપાશ્રયમાંથી સાધુ વિહાર કરતાં હોય ત્યારે અન્ય સાધુ ઉપાશ્રયમાં આવે તો યથાલંદકાળ સુધી પૂર્વના સાધુની આજ્ઞાથી ત્યાં (ઉપાશ્રયના સ્વામીની આજ્ઞા લીધા વિના) રહી શકે છે.

અહીં **યથાલંદકાળ** શબ્દથી મધ્યમ યથાલંદકાળનું ગ્રહણ થાય છે. **मध्यमो अष्टपौरुषी प्रमाणो यथालंदकालो ग्रह्यते ।** આઠ પોરસી પ્રમાણ(એક રાત્રિ-દિવસ) મધ્યમ યથાલંદકાળ સમય સુધી સાધુ પૂર્વ સ્થિત સાધુની આજ્ઞા દ્વારા તે સ્થાનમાં રહી શકે છે ત્યારપછી તે સ્થાનના માલિકની આજ્ઞા લેવી જરૂરી છે.

પહેલાં રહેલા સાધુએ એક માસની આજ્ઞા લીધી હોય અને માસકલ્પ પૂર્ણ થતાં વિહાર કરે અને તે સમયે અન્ય સાધુ આવે અને આગંતુક સાધુ પહેલાંના સાધુની આજ્ઞાથી ત્યાં રહે તો તેને એક અહોરાત્ર(યથાલંદકાળ) પછી સ્થાનના માલિકની આજ્ઞા લઈ લેવી જોઈએ. પહેલાં રહેલા સાધુએ એક માસ રહેવાની આજ્ઞા લીધી હોય અને વીસ દિવસ વ્યતીત થયા હોય ત્યાં અન્ય સાધુ અચાનક આવે અને પહેલાંના સાધુ વિહાર કરે, તો આગંતુક સાધુ પહેલાંના સાધુની આજ્ઞા ગ્રહણ કરીને શેષ દસ દિવસ ત્યાં રહે અને તત્પશ્ચાત્ તેને સ્થાનના માલિકની આજ્ઞા લેવી જરૂરી છે.

જો પહેલાં રહેલા સાધુઓએ વિહાર કરતા સમયે માલિકને મકાન સોંપી દીધું હોય(આજ્ઞા પાછી આપી દીધી હોય) અને ત્યાર પછી કોઈ સાધુ આવે, તો તેણે માલિકની આજ્ઞા લેવી જરૂરી છે.

જો મકાન માલિકે સાધુની સંખ્યા અથવા મકાનની સીમા અને કાલમર્યાદાનું ચોક્કસ કથન કરીને આજ્ઞા આપી હોય તો તેનાથી વધારે સાધુ આવે અથવા મકાનની સીમાથી વધારે જગ્યાનો ઉપયોગ કરવાનો હોય અથવા વધારે સમય રહેવું હોય તો ફરી આજ્ઞા લેવી જરૂરી છે.

સૂત્રમાં 'અચિત્ત' શબ્દના પ્રયોગ દ્વારા સૂચન કર્યું છે કે ઉપાશ્રયમાં કોઈ સચિત્ત પદાર્થ પણ હોય શકે છે. સાધુને સચિત્ત અથવા જીવયુક્ત ઉપકરણ લેવા કલ્પતા નથી, તેથી અચિત્ત અને ઉપયોગમાં લેવા યોગ્ય ઉપકરણ હોય તો જ સાધુઓની પૂર્વગૃહીત આજ્ઞાથી ગ્રહણ કરી શકાય છે. જો તેને ખ્યાલ આવી જાય કે પહેલાંના સાધુઓએ અમુક ઉપકરણોની આજ્ઞા લીધી નથી તો આગંતુક સાધુએ તેની આજ્ઞા લેવી આવશ્યક છે. સંક્ષેપમાં પહેલાંના સાધુઓએ જે મકાનની અને જે ઉપકરણોની આજ્ઞા લીધી હોય તેની ફરી આજ્ઞા લેવાની આવશ્યકતા રહેતી નથી. તે સિવાયના ઉપકરણોની તથા પૂર્વગ્રહિત સાધુની આજ્ઞાની કાલમર્યાદા પૂર્ણ થતાં પુનઃ આજ્ઞા લેવી જરૂરી છે.

**સ્વામી વિનાના ઘરની આજ્ઞા વિધિ :-**

**૨૯** **से वत्थूसु अव्वावडेसु, अव्वोगडेसु, अपरपरिग्गहिएसु अमरपरिग्गहिएसु**

**सच्चेव ओग्गहस्स पुव्वाणुण्णवणा चिट्ठइ-अहालंदमवि उग्गहे ।**

**ભાવાર્થ :–** જે ઘર ગૃહસ્થના વપરાશમાં ન હોય, અનેક વ્યક્તિઓના કબજામાં આવેલું હોવાથી જેના માલિક નિશ્ચિત ન હોય, 'આ ઘર મારું છે', તેમ કહી કોઈ તેની સાર-સંભાળ રાખતું ન હોય, વ્યંતરાદિ દેવો દ્વારા અધિકૃત મકાનમાં તેમની આજ્ઞાથી કોઈ સાધુ ત્યાં રહ્યા હોય, ત્યાં કોઈ બીજા સાધુ આવે તો પૂર્વસ્થિત તે સાધુઓની આજ્ઞાથી યથાલંદકાળ પર્યંત આગંતુક સાધુ રહી શકે છે.

**૩૦ से वत्थूसु वावडेसु, वोगडेसु, परपरिग्गहिएसु, भिक्खुभावस्स अट्ठाए दोच्चंपि ओग्गहे अणुण्णवेयव्वे सिया-अहलंदमवि ओग्गहे ।**

**ભાવાર્થ :–** જે સ્થાનમાં સાધુઓ રહ્યા હોય તે સમય દરમ્યાન જ તે ઘર કોઈના કામમાં આવવા લાગે, તે ઘરની માલિકી નિશ્ચિત થઈ જાય, બીજા દ્વારા તે ગ્રહણ થઈ જાય, તો સાધુએ સાધુભાવ અર્થાત્ સંયમમર્યાદાને માટે યથાલંદકાળમાં તેની બીજીવાર આજ્ઞા લેવી જરૂરી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અનિશ્ચિત માલિકવાળા મકાનની આજ્ઞા વિધિનું કથન છે. અનિશ્ચિત અથવા સ્વામી રહિત મકાન માટે સૂત્રકારે ચાર વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

**૧. अव्वाडेसु– અવ્યાપૃત :–** જે ઘર જીર્ણ-શીર્ણ થવાથી અથવા પડી જવાથી કોઈના વપરાશમાં ન હોય અથવા મકાન બનાવ્યા પછી તે મકાનમાં રહેતાં ગૃહસ્થે ધન હાનિ, સ્વાસ્થ્ય હાનિ આદિ કારણે તે મકાનમાં રહેવાનું છોડી દીધું હોય, તેવા મકાનને 'અવ્યાપૃત' કહે છે.

**૨. अव्वोगडेसु–અવ્યાકૃત :–** જે ઘર અનેક માલિકોનું હોવાથી તેના માલિક કોણ છે તે નિશ્ચિત ન હોય તેને 'અવ્યાકૃત' કહે છે, જેમ કે– કોઈ શ્રેષ્ઠીએ મકાન નિર્માણ કર્યું તેને ઘણા પુત્રો હોય, તે શ્રેષ્ઠી પુત્રોના મૃત્યુ પછી તે મકાન તેઓના ઘણા પુત્રોના હાથમાં આવ્યું, તે કોઈ એકનું ન રહ્યું. કાલાંતરે તે મકાનનો વેરો ન ભરાતાં તે કોઈ એકનું થયું નહીં અને કોઈ ધાર્મિક સ્થાનરૂપે વપરાવા લાગ્યું હોય, તો તેવા ઘરને અવ્યાકૃત કહે છે.

**૩. अपरपरिग्गहिएसु–અપરપરિગૃહિત :–** જે ઘર, ઘરના માલિકે છોડી દીધું હોય અને અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ફરી ગ્રહણ ન કરાયું હોય પરંતુ માલિક વિનાનું હોય અને તેના રક્ષકરૂપે કોઈને સ્થાપિત કર્યા ન હોય તો તેને 'અપરપરિગૃહિત' કહે છે.

**૪. अमरपरिग्गहिएसु–અમરપરિગૃહિત :–** જે ઘર કોઈ કારણ વિશેષથી બનાવનાર દ્વારા છોડી દેવાયું હોય અને જેમાં કોઈ યક્ષ આદિ દેવે પોતાનો નિવાસ કર્યો હોય તેને 'અમરપરિગૃહિત' કહે છે.

ઉક્ત સ્થાને સાધુઓ રહ્યા હોય, તે વિહાર કરી અન્યત્ર જાય, તે સમયે ત્યાં બીજા સાધુ પધારે, તો આવનાર સાધુઓએ તેમાં રહેવા માટે ફરી આજ્ઞા લેવાની આવશ્યકતા નથી કારણ કે પહેલા રહેલાં સાધુઓ દ્વારા લેવાયેલી અનુજ્ઞા જ આજ્ઞા મનાય છે.

સાધુઓ ત્યાં રહેતા હોય તે સમય દરમ્યાન તે મકાનમાં કોઈ રહેવા આવે, તેના માલિક નિશ્ચિત થઈ જાય, તે મકાનના કોઈ વાસ્તવિક માલિક આવી જાય તો વાસ્તવિક માલિકની ફરી આજ્ઞા લેવી આવશ્યક છે. જો વાસ્તવિક માલિકની આજ્ઞા ગ્રહણ ન થાય તો સૂક્ષ્મ અદત્તનો દોષ લાગે છે. સંયમ મર્યાદામાં સૂક્ષ્મ અદત્તનું પણ સેવન કરવું ઉચિત નથી.

**માર્ગ આદિમાં રહેવા માટે આજ્ઞાવિધિ :–**

**३१ से अणुकुड्डेसु वा अणुभित्तीसु वा अणुचरियासु वा अणुफरिहासु वा अणुपंथेसु वा अणुमेरासु वा सच्चेव उग्गहस्स पुव्वाणुण्णवणा चिट्ठइ अहालंदमवि ओग्गहे ।**

**ભાવાર્થ :–** માટી આદિથી બનાવેલી દિવાલ પાસે, ઈંટ આદિથી બનાવેલી દિવાલ પાસે, ચરિકા-કોટ અને નગરની વચ્ચેના માર્ગ પાસે, ખાઈ પાસે, સામાન્ય રસ્તા પાસે, નગરની સીમાની સમીપે અર્થાત્ વાડ અથવા કોટ પાસે પણ પહેલાં રહેલા સાધુઓની આજ્ઞાથી આગંતુક સાધુ યથાલંદકાળ પર્યંત રહી શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને માર્ગમાં રહેવા માટેની આજ્ઞા વિધિનું પ્રતિપાદન છે.

રસ્તામાં કોટ આદિના કિનારે અથવા કોઈના મકાનની દિવાલ પાસે રહેવાનું હોય(વિશ્રામાદિ કરવાનો હોય) તો તેના માલિકની, તે રસ્તેથી જતાં મુસાફરની અથવા શક્રેન્દ્રની આજ્ઞા લેવી જોઈએ. રાજમાર્ગ, સામાન્ય માર્ગ, નગરની સીમા, ખાઈ આદિની સમીપની જગ્યા રાજાની માલિકીની હોય છે. તે સ્થાન સમસ્ત જન સમાજ માટે જ હોય છે. રાજ્યમાં વિચરવાની રાજાજ્ઞાથી તેની આજ્ઞા પ્રાપ્ત થઈ જાય છે અને મકાનની દિવાલ પાસેની એક હાથ જેટલી જગ્યામાં બેસવા ગૃહપતિની મનોગત આજ્ઞાથી અને એક હાથથી દૂરની જગ્યા માટે પૂર્વ અર્પિત રાજાજ્ઞાથી સાધુ બેસી શકે છે. ત્યાં બેઠેલા સાધુઓના ઉઠ્યા પહેલાં અન્ય સાધુ આવી જાય તો તે આગંતુક સાધુ, પહેલાં આવેલા સાધુની આજ્ઞાથી યથાલંદકાળ પર્યંત ત્યાં રહી શકે છે. તેને અન્યની આજ્ઞા લેવી જરૂરી નથી.

**સેનાની સમીપના ક્ષેત્રમાં ગોચરી ગમન :–**

**३२ से गामस्स वा *जाव* रायहाणीए वा बहिया सेणं सण्णिविट्ठं पेहाए कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण तद्दिवसं भिक्खायरियाए गंतूणं पडिणियत्तए णो से कप्पइ तं रयणिं तत्थेव उवाइणावेत्तए । जे खलु णिग्गंथे वा णिग्गंथी वा तं रयणिं तत्थेव उवाइणावेइ उवाइणावेंतं वा साइज्जइ, से दुहओ वि अइक्कममाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** જે ગામ ***યાવત્*** રાજધાનીની બહાર શત્રુ સેનાનો પડાવ હોય તો સાધુ-સાધ્વીઓએ તે વસતીમાં ભિક્ષાચર્યા માટે જઈને તે દિવસે જ પાછું આવવું કલ્પે છે. તેને ત્યાં રાત્રિવાસ રહેવું કલ્પતું નથી. જે સાધુ-સાધ્વી ત્યાં રાત્રિવાસ રહે છે અથવા રાત્રિવાસ રહેનારનું અનુમોદન કરે છે, તે જિનાજ્ઞા અને રાજાજ્ઞા બંનેનું અતિક્રમણ કરતાં હોવાથી ચાતુર્માસિક અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીએ સેનાના પડાવની આસપાસના ક્ષેત્રમાં જવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

શ્રી આચારાંગ સૂત્ર શ્રુતસ્કંધ–૨, અધ્યયન–૩, ઉદ્દે.–૨, સૂત્ર–૧૭માં સાધુ-સાધ્વીને સેનાના

પડાવની પાસે ગમનાગમનનો નિષેધ કર્યો છે. પ્રસ્તુત સૂત્ર તેનો અપવાદ સૂચિત કરે છે. ક્યારેક વિહાર આદિમાં તે સેનાના પડાવનું ક્ષેત્ર પાર કરવું જરૂરી હોય, તે પડાવને પાર કરીને ગામની અંદર ગોચરી માટે જવું પડે તેમ હોય તો સાધુએ ભિક્ષા લઈને તુરંત પાછું ફરવું જોઈએ. ગામની અંદર રાત્રિવાસ રહેવું ન જોઈએ, કારણ કે તે સમયે ગામની અંદર અન્ય વ્યક્તિઓના પ્રવેશનો નિષેધ હોય છે ફક્ત સાધુને ભિક્ષા માટે જવાની છૂટ આપી હોય છે. આ પ્રકારની રાજાની આજ્ઞા હોવાથી સાધુ જો તે ગામમાં રાત્રિવાસ રહે, તો તે રાજાજ્ઞા અને જિનાજ્ઞાનું ઉલ્લંઘન થાય છે અને તેથી તે પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

**અવગ્રહક્ષેત્રનું પ્રમાણ :–**

**૩૩ से गामंसि वा *जाव* रायहाणिं वा कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा सव्वओ समंता सकोसं जोयणं ओग्गहं ओगिण्हित्ताणं चिट्ठित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ–સાધ્વીઓએ ગામ ***યાવત્*** રાજધાનીમાં ચારેબાજુ એક ગાઉ અધિક એક યોજનનો અવગ્રહ ગ્રહણ કરીને રહેવું કલ્પે છે અર્થાત્ એક દિશામાં અઢી ગાઉ આવવું-જવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને માટે અવગ્રહ ક્ષેત્રનું પ્રમાણ નિશ્ચિત કર્યું છે. ઉપાશ્રયની કોઈપણ એક દિશામાં સાધુને અઢી ગાઉ સુધી આવવું-જવું કલ્પે છે, તેનાથી વધારે ક્ષેત્રમાં જવું-આવવું કલ્પતું નથી.

જો કે ગોચરી માટે સાધુને બે ગાઉ સુધી જ જવું કલ્પે છે પરંતુ ક્યારેક બે ગાઉ દૂર ગોચરીને માટે ગયેલા સાધુને ત્યાં મળ-મૂત્રની શંકા થાય તો શંકાનું નિવારણ કરવા માટે ત્યાંથી તે અડધો ગાઉ વધારે આગળ જઈ શકે છે, તેથી એક દિશામાં કુલ અઢી ગાઉ ગમનાગમન થાય છે. પૂર્વ-પશ્ચિમ અથવા ઉત્તર-દક્ષિણ તેમ બંને દિશાઓના ક્ષેત્રનો યોગ કરતાં પાંચ ગાઉ અર્થાત્ સવાયોજનનું અવગ્રહક્ષેત્ર થાય છે. તેને જ સૂત્રમાં સકોસ યોજન અર્થાત્ એક ગાઉ અધિક એક યોજનનું અવગ્રહક્ષેત્ર કહ્યું છે.

**॥ ઉદ્દેશક–૩ સંપૂર્ણ ॥**

# ઉદ્દેશક-૪

## પ્રાક્કથન

★ આ ઉદ્દેશકમાં વિવિધ પ્રકારના પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત વ્યક્તિઓ, દીક્ષા, શિક્ષા, વાંચના આપવાની યોગ્યતા-અયોગ્યતા, આહારની ક્ષેત્ર-કાલ મર્યાદા, વિવિધ પ્રયોજનથી ગણપરિવર્તન, મહાનદીને પાર કરવાના ઉત્સર્ગ-અપવાદ માર્ગ વગેરે વિવિધ વિષયોનું નિરૂપણ છે.

★ હસ્તકર્મ, મૈથુનસેવન અને રાત્રિભોજનનું સેવન કરનાર સાધુને અનુદ્દઘાતિક-લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે. દુષ્ટ, પ્રમત્ત અને મૈથુન સેવન કરનાર સાધુને પારાંચિત પ્રાયશ્ચિત આવે છે. ચોરી આદિ કુકર્મનું સેવન કરનાર સાધુને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આવે છે.

★ ત્રણ પ્રકારના નપુંસકોને દીક્ષિત, મુંડિત અથવા ઉપસ્થાપિત કરવા કલ્પતા નથી. અવિનીત, વિગય પ્રતિબદ્ધ અને અનુપશાંત કષાયી, આ ત્રણ અવગુણવાળાને વાચના આપવી કલ્પતી નથી, વિનીત આદિ ત્રણ ગુણવાળાને વાચના આપવી યોગ્ય છે. દુષ્ટ, મૂઢ અને દુરાગ્રહી, આ ત્રણ પ્રકારની વ્યક્તિઓને સમજાવવી કઠિન છે અને અદુષ્ટ, અમૂઢ અને નિરાગ્રહી, આ ત્રણ પ્રકારની વ્યક્તિઓને સમજાવવી સરળ હોય છે.

★ સેવા કરનારના અભિપ્રાયથી થતાં વિજાતીયના સ્પર્શમાં સાધુ વિકારજન્ય સુખનો અનુભવ કરે તો તેને ચોથાવ્રતના ભંગનું પ્રાયશ્ચિત્ત આવે છે.

★ સાધુ-સાધ્વીએ પહેલા પ્રહરે લાવેલા આહાર-પાણી ચોથા પ્રહરમાં વાપરવા નહીં કે રાખવા નહીં. બે ગાઉથી આગળ આહાર-પાણી લઈ જવા નહીં. અનાભોગથી ગ્રહણ કરેલા અનેષણીય આહારને વાપરવા નહીં પરંતુ તે નવદીક્ષિત સાધુ વાપરી શકે છે. પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓએ ઔદેશિક આહાર ગ્રહણ કરવો કલ્પતો નથી અન્ય તીર્થંકરના સાધુઓને કલ્પે છે.

★ અધ્યયન કરવા માટે, સાંભોગિક વ્યવહાર માટે અથવા અધ્યયન કરાવવા માટે આદિ કોઈ પણ પ્રયોજનથી અન્ય ગણમાં જવું હોય, તો આચાર્ય આદિની આજ્ઞા લઈને સૂત્રોક્ત વિધિથી સામાન્ય સાધુ કે પદવીધર સાધુ જઈ શકે છે.

★ કાળધર્મ પ્રાપ્ત સાધુના મૃત શરીરને સાધર્મિક સાધુ રાત્રે પણ પ્રાતિહારિક પાટિયું આદિ ઉપકરણ લઈને ગામની બહાર એકાંતમાં પરઠી શકે છે.

★ કલેશને ઉપશાંત કર્યા વિના સાધુ ગોચરી આદિ માટે જઈ શકતા નથી.

★ આચાર્ય પરિહારતપ વહન કરનારને એક દિવસ સાથે જઈને ગોચરી અપાવે. ત્યાર પછી જરૂરી જણાય તો સેવા આદિ કરી શકે છે.

★ મોટી નદીઓને એક માસમાં એકવારથી વધારે વાર પાર ન કરવી જોઈએ. જંઘા પ્રમાણ પાણીના પ્રવાહવાળી(મહાનદી ન હોય તેવી) નદીને સૂત્રોક્ત વિધિથી એક માસમાં બે-ત્રણ વાર પાર કરી શકાય છે.

★ ઘાસના બનેલા મકાનોની ઊંચાઈ પોતાના કાનથી ઓછી હોય તો ત્યાં શેષકાલમાં રહેવું ન જોઈએ અને બંને હાથ ઊંચા રાખીને ઊભેલી વ્યક્તિની ઊંચાઈથી ઓછી ઊંચાઈવાળા મકાનમાં ચાતુર્માસ રહેવું નહીં.

❖❖❖❖❖

# ઉદ્દેશક-૪

**અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત સ્થાન :-**

**૧ तओ अणुग्घाइया पण्णत्ता, तं जहा- हत्थकम्मं करेमाणे, मेहुणं पडिसेवमाणे, राईभोयणं भुंजमाणे ।**

**ભાવાર્થ :-** ત્રણ વ્યક્તિ અનુદઘાતિક પ્રાયશ્ચિત્તને યોગ્ય છે, જેમ કે– (૧) હસ્તકર્મ કરનાર (૨) મૈથુન સેવન કરનાર (૩) રાત્રિભોજન કરનાર.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તને યોગ્ય ત્રણ પ્રવૃત્તિનું કથન છે.

જે દોષની શુદ્ધિ સામાન્ય તપથી થઈ શકે તેને **ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત** કહે છે અને જે દોષની શુદ્ધિ વિશેષ તપથી જ થઈ શકે તેને **અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્ત** કહે છે.

હસ્તકર્મ કરનાર, મૈથુન સેવન કરનાર અને રાત્રિભોજન કરનાર સાધુ મહાપાપનું સેવન કરે છે, કારણ કે ઉપરોક્ત ત્રણ પ્રવૃત્તિઓમાંથી પ્રથમ બે પ્રવૃત્તિ કરનાર અબ્રહ્મ વિરમણ નામનાં ચોથા મહાવ્રતનો ભંગ કરે છે અને રાત્રિભોજન કરનાર રાત્રિ ભોજન વિરમણ નામનાં છઠ્ઠા વ્રતનો ભંગ કરે છે, તેથી તે ત્રણેય અનુદઘાતિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

ભગવતી સૂત્ર શ. ૨૫, ઉ. ૬, ઠાણાંગ સૂત્રના દસમા સ્થાનમાં તથા ઉવવાઈ સૂત્રમાં પ્રાયશ્ચિત્તના દશભેદ કહ્યા છે. તેમાં છઠ્ઠું તપ પ્રાયશ્ચિત્ત છે.

**તપ પ્રાયશ્ચિત :–** પ્રમાદ વિશેષથી, અનાચારનું સેવન કરવાથી ગુરુ દ્વારા આપેલા તપના આચરણને તપ પ્રાયશ્ચિત્ત કહે છે. તેના બે ભેદ છે – **ઉદ્ઘાતિમ**–લઘુ તપ પ્રાયશ્ચિત્ત અને **અનુદ્ઘાતિમ**–ગુરુ તપ પ્રાયશ્ચિત્ત. આ બંનેના પણ માસિક અને ચાતુર્માસિકના ભેદથી બે-બે ભેદ છે. આ રીતે ઉદ્ઘાતિક પ્રાયશ્ચિત્તના બે ભેદ થાય છે– (૧) લઘુમાસિક તપ અને (૨) લઘુચાતુર્માસિક તપ. તે જ રીતે અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તના પણ બે ભેદ થાય છે– (૧) ગુરુમાસિક તપ અને (૨) ગુરુ ચાતુર્માસિક તપ.

આચાર્ય આદિ શિષ્યની વ્રતભંગની પરિસ્થિતિ યથાર્થ રીતે જાણીને યોગ્ય પ્રાયશ્ચિત્ત આપે છે. ભાષ્યકારે વ્રતભંગની ત્રણ પરિસ્થિતિનું કથન કર્યું છે. યથા– (૧) રાજ્ય સત્તાના દબાણથી કે ભૂત-પ્રેતને વશ થઈને પરવશપણે થયેલો વ્રતભંગ (૨) પોતાની જ આતુરતાથી કરેલો વ્રતભંગ (૩) મોહનીય કર્મના પ્રબળતમ ઉદયને આધીન થઈને થયેલો વ્રતભંગ.

આ ત્રણે પરિસ્થિતિમાં વ્રતભંગ થવાથી ક્રમશઃ પ્રાયશ્ચિત્તની માત્રા વધતી જાય છે. ઉદ્ઘાતિક અને અનુદ્ઘાતિક પ્રાયશ્ચિત્તમાં અપાતા તપ રૂપ કે દીક્ષા છેદ રૂપ પ્રાયશ્ચિત્તનું પ્રમાણ નિશીથ સૂત્રના આધારે જાણવું.

**પારાંચિત પ્રાયશ્ચિત્ત સ્થાન :–**

**२ तओ पारंचिया पण्णत्ता, तं जहा– दुट्ठे पारंचिए, पमत्ते पारंचिए, अण्णमण्णं करेमाणे पारंचिए ।**

**ભાવાર્થ :–** ત્રણ વ્યક્તિ પારાંચિત પ્રાયશ્ચિત્તને યોગ્ય છે, જેમ કે – (૧) દુષ્ટ પરિણામી(તીવ્રતમ કષાય દોષથી દૂષિત) પારાંચિત (૨) પ્રમત્ત(સ્ત્યાનર્દ્ધિ નિદ્રાવાળા) પારાંચિત અને (૩) પરસ્પર(સ્વલિંગી સાથે) મૈથુનસેવી પારાંચિત.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પારાંચિત પ્રાયશ્ચિત્તને યોગ્ય ત્રણ-ત્રણ વ્યક્તિઓનું કથન છે.

**પારાંચિત પ્રાયશ્ચિત્ત :–** જે પ્રાયશ્ચિત દ્વારા શુદ્ધ કરાયેલા સાધુ સંસાર સમુદ્રને પાર કરી શકે છે. પ્રાયશ્ચિતના દશ ભેદોમાં અંતિમ અને સૌથી ઉત્કૃષ્ટ પ્રાયશ્ચિત્ત છે, તેથી તેને પારાંચિત પ્રાયશ્ચિત્ત કહે છે.

નવમા અનવસ્થાપ્ય પ્રાયશ્ચિતથી પણ જેની શુદ્ધિ સંભવિત ન હોય તેવા વિષય-કષાયજન્ય દોષનું સેવન કરનારને અથવા પ્રમાદની તીવ્રતાથી દોષ સેવન કરનારને જઘન્ય એક વર્ષ અને ઉત્કૃષ્ટ બાર વર્ષ સુધી ગૃહસ્થવેશ ધારણ કરાવીને સાધુના બધા વ્રત-નિયમોનું પાલન કરાવ્યા પછી પુનઃ દીક્ષા આપવામાં આવે, તેને પારાંચિત પ્રાયશ્ચિત્ત કહે છે.

પ્રસ્તુત સૂત્રમાં પારાંચિત પ્રાયશ્ચિત્તના ત્રણ સ્થાન કહ્યા છે–

**(૧) દુષ્ટ પારાંચિત :–** તેના બે ભેદ છે– કષાયદુષ્ટ અને વિષયદુષ્ટ. **૧. કષાયદુષ્ટ–** ક્રોધાદિ કષાયોની પ્રબળતાને વશ થઈ સાધુ આદિની ઘાત કરે, તે કષાયદુષ્ટ છે. **૨. વિષયદુષ્ટ–** ઇન્દ્રિયોના વિષયની આસક્તિથી સાધ્વી આદિ સ્ત્રીઓમાં આસક્ત થઈને તેની સાથે વિષય સેવન કરે છે, તે વિષયદુષ્ટ છે.

**(૨) પ્રમત પારાંચિત :–** તેના પાંચ પ્રકાર છે– **૧. મદ્ય પ્રમત્ત–** દારૂ આદિ નશીલી વસ્તુઓનું સેવન કરનાર, **૨. વિષય પ્રમત–** ઇન્દ્રિય વિષયના લોલુપી, **૩. કષાય પ્રમત્ત–** તીવ્ર ક્રોધ, માન, માયા કે લોભનું સેવન કરનાર છે. **૪. વિકથા પ્રમત્ત–** સ્ત્રીકથા, રાજકથા આદિ વિકથા કરનાર, **૫. નિદ્રા પ્રમત્ત–** સ્ત્યાનર્દ્ધિનિદ્રાવાળા– જે વ્યક્તિ ઘોર નિદ્રામાંથી ઉઠીને ન કરવા યોગ્ય ભયંકર કાર્યોને કરીને ફરી સૂઈ જાય છે અને જાગ્યા પછી કરેલા દુષ્કાર્યોની પોતાને સ્મૃતિ ન હોય, તેવી વ્યક્તિને નિદ્રાપ્રમત્ત કહે છે.

**(૩) પરસ્પર મૈથુન સેવી :–** સ્વલીંગી સાથે મૈથુન સેવન કરે છે, તે પારાંચિત પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત સ્થાન :–**

**३ तओ अणवट्ठप्पा पण्णत्ता, तं जहा– साहम्मियाणं तेण्णं करेमाणे, अण्णधम्मियाणं तेण्णं करेमाणे, हत्थादालं दलमाणे ।**

**ભાવાર્થ :–** ત્રણ વ્યક્તિ અનવસ્થાપ્ય પ્રાયશ્ચિતને યોગ્ય છે, જેમ કે– (૧) સાધર્મિકોની વસ્તુની ચોરી કરનાર. (૨) અન્ય ધાર્મિકોની વસ્તુની ચોરી કરનાર. (૩) પોતાના જ હાથે ઘાતક પ્રહાર કરનાર.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તને યોગ્ય ત્રણ વ્યક્તિનું કથન છે.

**અનવસ્થાપ્ય :–** દશ પ્રકારના પ્રાયશ્ચિત્તમાં નવમું અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત છે. જે દોષની શુદ્ધિ આઠમા મૂળ પ્રાયશ્ચિત્ત દ્વારા શક્ય નથી. તેને નવમું અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે. તેમાં સાધુને અલ્પ સમય માટે ગૃહસ્થનો વેશ ધારણ કરાવી ત્યાર પછી પુનઃ દીક્ષિત કરાય છે અને તેની સાથે કઠિનતમ તપનું આચરણ કરાવાય છે.

(૧) જે સાધુ પોતાના સાધર્મિક સાધુઓના વસ્ત્ર, પાત્ર, પુસ્તક આદિની ચોરી કરે છે. (૨) જે અન્ય ધાર્મિકજનોના અર્થાત્ બૌદ્ધ, સાંખ્ય આદિ મતોના સાધુ આદિના વસ્ત્ર, પાત્ર, પુસ્તક આદિની ચોરી કરે છે. (૩) જે પોતાના હાથેથી બીજાને મારે છે. મુટ્ઠી, લાકડી આદિથી મારે છે અથવા મંત્ર, તંત્ર આદિથી કોઈને પીડિત કરે છે. આ પ્રકારના દોષ સેવન કરનારને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આવે છે.

પ્રાયઃ પ્રતોમાં **हत्थादालं** પાઠ છે. શ્રી સ્થાનાંગ સૂત્રના દસમા સ્થાનમાં **हत्थातालं** પાઠ છે, તેથી અહીં તે પાઠ સ્વીકાર્યો છે.

**દીક્ષા આદિને અયોગ્ય ત્રણ પ્રકારના નપુંસક :–**

**૪ तओ णो कप्पंति पव्वावेत्तए, तं जहा– पंडए, वाइए, कीवे ।**

**एवं मुंडावेत्तए, सिक्खावेत्तए, उवट्ठावेत्तए, संभुजित्तए, संवासित्तए ।**

**ભાવાર્થ :–** ત્રણ વ્યક્તિને દીક્ષા આપવી કલ્પતી નથી, જેમ કે– ૧. પંડક-સ્ત્રી જેવા સ્વભાવવાળા જન્મ નપુંસક ૨. વાતિક-કામવાસનાનું દમન ન કરી શકે તેવા નપુંસક અને ૩. કલીબ (અસમર્થ)નપુંસક

તે જ રીતે આ ત્રણ વ્યક્તિને મુંડિત કરવા, શિક્ષિત કરવા, મહાવ્રતોમાં ઉપસ્થાપિત કરવા, એક માંડલામાં સાથે બેસી આહાર કરવો તથા સાથે રાખવા કલ્પતા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દીક્ષા આદિને અયોગ્ય ત્રણ વ્યક્તિનું કથન છે.

**૧. पंडए–પંડક–** જે જન્મથી નપુંસક હોય છે. **૨. वाइए–વાતિક–** જે વાતરોગી છે અર્થાત્ કામવાસનાનો નિગ્રહ કરવામાં અસમર્થ હોય. **૩. कीवे–કલીબ–** અસમર્થ અથવા પુરુષત્વહીન કાયર પુરુષ. આ ત્રણે પ્રકારના નપુંસક દીક્ષા દેવાને યોગ્ય નથી કારણ કે તેવી વ્યક્તિઓને દીક્ષિત કરવાથી નિર્ગ્રંથધર્મની નિંદા આદિ અનેક દોષ લાગે છે.

જો વ્યક્તિની જાણકારી પ્રાપ્ત કર્યા વિના ઉક્ત પ્રકારના નપુંસકને દીક્ષા દેવાઈ ગઈ હોય અને પછી તેનું નપુંસકપણું જણાય તો તેનું મુંડન ન કરે અર્થાત્ તેના કેશોનો લોચ ન કરે.

જો કેશલોચ કર્યા પછી નપુંસકપણું જણાય તો તેને મહાવ્રતોમાં ઉપસ્થાપિત ન કરે અર્થાત્ વડી દીક્ષા ન આપે. જો વડી દીક્ષા આપ્યા પછી તેનું નપુંસકપણું જણાય તો તેની સાથે એક માંડલામાં બેસી આહાર–પાણી ન કરે. જો ત્યાર પછી તેનું નપુંસકપણું જણાય તો તેની સાથે સૂવા બેસવાનો વ્યવહાર ન કરે.

**વાંચના લેનારની યોગ્યતા અયોગ્યતા :–**

**૫ तओ णो कप्पंति वाइत्तए, तं जहा– अविणीए, विगई-पडिबद्धे, अविओसवियपाहुडे ।**

**ભાવાર્થ :–** ત્રણ વ્યક્તિને વાંચના દેવી કલ્પતી નથી, જેમ કે– (૧) અવિનીત– વિનયભાવ ન કરનાર. (૨) વિકૃતિ પ્રતિબદ્ધ– વિગય સેવનમાં આસક્ત (૩) અવ્યુપશમિત(અનુપશાંત)પ્રાભૃત– કલહને શાંત નહીં કરનાર અર્થાત્ અતિ ક્રોધિત.

**૬ तओ कप्पंति वाइत्तए तं जहा– विणीए, णो विगई-पडिबद्धे, विओसवियपाहुडे ।**

**ભાવાર્થ :–** ત્રણ વ્યક્તિને વાંચના દેવી કલ્પે છે, જેમ કે– (૧) વિનીત– સૂત્રાર્થદાતા પ્રત્યે વંદન આદિ વિનય વ્યવહાર કરનાર. (૨) વિગય-અપ્રતિબદ્ધ– વિગયમાં અનાસક્ત (૩) વ્યુપશમિત(ઉપશાંત) પ્રાભૃત– કલહને શાંત કરનારા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વાચનાને યોગ્ય-અયોગ્ય વ્યક્તિનું કથન છે.

**વાચનાની અયોગ્યતા :–** ત્રણ અવગુણના ધારક વ્યક્તિ વાંચનાને અયોગ્ય છે.

**(૧) अविणीए– અવિનીત :–** જે વિનય રહિત હોય, આચાર્ય કે રત્નાધિક સાધુ આદિના આવવા જવા સમયે અભ્યુત્થાન, સત્કાર, સન્માન આદિ યથાયોગ્ય વિનય કરે નહીં, ગુરુની આજ્ઞાનું પાલન કરે નહીં, ગુરુના ઈંગિત આકાર–ઈશારાને કે મનોભાવને સમજે નહીં, તે અવિનીત કહેવાય છે.

**(૨) विगई पडिबद्धे– વિકૃતિ પ્રતિબદ્ધ :–** જે દૂધ, દહીં આદિ રસોમાં આસક્ત હોય અને રસયુક્ત અનુકુળ દ્રવ્યો ન મળવાથી સૂત્રાર્થ આદિના ગ્રહણ કરવામાં મંદ ઉદ્યમી થઈ જાય, તે વિકૃતિ પ્રતિબદ્ધ કહેવાય છે.

**(૩) अविओसविय पाहुडे– અવ્યુપશમિતપ્રાભૃત :–** જે અલ્પ અપરાધ કરનાર અપરાધી પર પ્રચંડ ક્રોધ કરતા હોય અને ક્ષમા-યાચના કરે, તો પણ તેના પર વારંવાર ક્રોધ કરતા રહે, તે અવ્યવશમિત પ્રાભૃત કહેવાય છે.

આ ત્રણ પ્રકારના સાધુ સૂત્રવાચના, અર્થવાચના અને ઉભય વાચનાને અયોગ્ય છે કારણ કે વિનયથી જ વિદ્યાની પ્રાપ્તિ થાય છે. અવિનયી શિષ્યને વાચના આપવી વ્યર્થ અથવા નિષ્ફળ છે. ક્યારેક દુષ્ફળ પણ આપે છે.

ત્રણ ગુણના ધારક વ્યક્તિ જ વાચનાને યોગ્ય છે. જે વિનયસંપન્ન છે, ગુરુની આજ્ઞાનું પાલન કરે છે, દૂધ, દહીં આદિ વિગયોના સેવનમાં જેની આસક્તિ નથી અને જે ક્ષમાશીલ છે, તેવા શિષ્યોને જ સૂત્રની, અર્થની તથા બંનેની વાંચના આપવી જોઈએ. તેને અપાયેલી વાચના-શ્રુતનો વિસ્તાર પામે છે, ગ્રહણ કરનારના આ લોક અને પરલોક સુધારે છે અને જૈનશાસનની પ્રભાવના કરે છે.

જે ગચ્છપ્રમુખ યોગ્ય-અયોગ્યનો નિર્ણય કર્યા વિના બધાને વાચના આપે છે, તે ગચ્છપ્રમુખ નિશીથ સૂત્ર, ઉદ્દે.–૧૯ અનુસાર પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**શિક્ષાપ્રાપ્તિની યોગ્યતા–અયોગ્યતા :–**

**૭ तओ दुसण्णप्पा पण्णत्ता, तं जहा– दुट्ठे, मुढे, वुग्गाहिए ।**

**ભાવાર્થ :–** આ ત્રણ વ્યક્તિ દુર્બોધ્ય છે, જેમ કે– દુષ્ટ, મૂઢ અને કદાગ્રહી.

**૮ तओ सुसण्णप्पा पण्णत्ता, तं जहा– अदुट्ठे अमूढे अवुग्गाहिए ।**

**ભાવાર્થ :–** ત્રણ વ્યક્તિ સુબોધ્ય છે, જેમ કે– અદુષ્ટ, અમૂઢ, અવ્યુદ્‌ગ્રાહિત.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શિક્ષા પ્રાપ્તિ માટે યોગ્ય-અયોગ્ય વ્યક્તિના ગુણ-દોષનું કથન છે. ત્રણ અવગુણના ધારક વ્યક્તિ શિક્ષા પ્રાપ્તિ માટે અયોગ્ય છે, યથા–

**(૧) દુષ્ટ–** જે શાસ્ત્રની પ્રરૂપણા કરનાર ગુરુ આદિ પ્રત્યે દ્વેષ રાખે અથવા યથાર્થ તત્ત્વ પ્રતિપાદક પ્રત્યે દ્વેષ રાખે તેને દુષ્ટ કહે છે. **(૨) મૂઢ–** ગુણ-અવગુણના વિવેકથી રહિત વ્યક્તિને મૂઢ કહે છે. **(૩) વ્યુદ્‌ગ્રાહિત–** વિપરીત શ્રદ્ધાવાળા અત્યંત કદાગ્રહી પુરુષને વ્યુદ્‌ગ્રાહિત કહે છે. આ ત્રણે પ્રકારના સાધુ **દુર્બોધ્ય** અર્થાત્ તેને સમજાવવા અત્યંત કઠિન છે. તેને સમજાવવાથી કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી, તેથી તે સૂત્રવાંચનાને અયોગ્ય હોય છે. જે દ્વેષભાવથી રહિત, હિત-અહિતના વિવેકથી યુક્ત અને શ્રદ્ધાવાન છે, તે શિક્ષા આપવાને યોગ્ય છે અર્થાત્ **સુબોધ્ય** છે. તેવી વ્યક્તિઓને શ્રુત અને અર્થની વાંચના આપવી જોઈએ કારણ કે તે તત્ત્વને સરળતાથી અથવા સુગમતાથી ગ્રહણ કરે છે.

**વિજાતીય સ્પર્શની અનુમોદનાનું પ્રાયશ્ચિત્ત :–**

**૯ णिग्गंथिं च णं गिलायमाणिं पिया वा भाया वा पुत्तो वा पलिस्सएज्जा, तं च णिग्गंथी साइज्जेज्जा, मेहुणपडिसेवणपत्ता आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** નીચે પડી ગયેલા ગ્લાન સાધ્વીને પિતા, ભાઈ, પુત્ર ભાવથી કોઈ પુરુષ હાથનો ટેકો આપે, સ્વયં ઉઠવા-બેસવામાં અસમર્થ હોય અને તેને ઉઠાડે, બેસાડે, ત્યારે તે સાધ્વી તે સ્પર્શનું વિકાર ભાવથી અનુમોદન કરે તો તે અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**૧૦ णिग्गंथं च णं गिलायमाणं माया वा भगिणी वा धूया वा पलिस्सएज्जा, तं च णिग्गंथे साइज्जेज्जा, मेहुणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** નીચે પડી ગયેલા ગ્લાન સાધુને માતા, બેન, દીકરીના ભાવથી કોઈ સ્ત્રી હાથનો ટેકો આપે, સ્વયં ઉઠવા-બેસવામાં અસમર્થ હોય અને તેને ઉઠાડે, બેસાડે ત્યારે તે સાધુ તે સ્પર્શનું વિકાર ભાવથી અનુમોદન કરે, તો તે અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને માટે વિજાતીય સ્પર્શની અનુમોદનાના પ્રાયશ્ચિતનું કથન છે.

બ્રહ્મચર્યની રક્ષા માટે સાધ્વીને પુરુષ શરીરનો સ્પર્શ અને સાધુને સ્ત્રી શરીરનો સ્પર્શ સર્વથા વર્જિત છે, તેથી બીમારી આદિના સમયે પણ સાધ્વી-સાધ્વીની અને સાધુ-સાધુની જ સેવા કરે તે પ્રમાણે

જિનાજ્ઞા છે, પરંતુ કોઈ સાધ્વીના શારીરિક શક્તિ ક્ષીણ થઈ ગઈ હોય અને રસ્તા વગેરે સ્થાનમાં પડી જાય, તે જોઈને તે સાધ્વીને કોઈ પુરુષ પિતા, ભાઈ અથવા પુત્રાદિના ભાવથી ઉઠાડે-બેસાડે અથવા અન્ય સેવા કરે, તે જ રીતે ગ્લાન સાધુને કોઈ સ્ત્રી ઉપાડે ત્યારે તે સાધુ કે સાધ્વી વિજાતીય સ્પર્શની વિકારભાવથી અનુમોદના કરે તો તે સાધુ કે સાધ્વી ગુરુ ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

**કાલાતિક્રાંત દોષ અને તેનું પ્રાયશ્ચિત્ત :–**

**૧૧ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा असणं वा *जाव* साइमं वा पढमाए पोरिसीए पडिग्गाहित्ता पच्छिमं पोरिसिं उवाइणावेत्तए । से य आहच्च उवाइणाविए सिया, तं णो अप्पणा भुंज्जेजा णो अण्णेसिं अणुप्पदेज्जा, एगंते बहुफासुए थंडिले पडिलेहित्ता पमज्जित्ता परिट्ठवेयव्वे सिया । तं अप्पणा भुंजमाणे अण्णेसिं वा दलमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીને પ્રથમ પોરસીમાં ગ્રહણ કરેલા અશન ***યાવત્*** મુખવાસ(ચાર પ્રકારનો આહાર) અંતિમ પોરસી સુધી પોતાની પાસે રાખવા કલ્પતા નથી અર્થાત્ પહેલા પ્રહરના આહાર-પાણી ચોથા પ્રહર સુધી રાખવા નહીં. કદાચિત તે આહાર રહી જાય તો તેને સ્વયં વાપરે નહીં અને અન્યને આપે નહીં પરંતુ એકાંત અને સર્વથા અચિત્ત સ્થંડિલ ભૂમિનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરી, ત્યાં તે આહારને પરઠી દે. જો તે આહારને સ્વયં વાપરે અથવા અન્યને આપે તો તે ઉદ્ઘાતિક(લઘુચૌમાસી) ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને માટે ગોચરી સંબંધિત કાલાતિક્રાંત દોષ અને તેના પ્રાયશ્ચિત્તનું કથન છે.

**કાલાતિક્રાંત દોષ–** કાલ મર્યાદાનું ઉલ્લંઘન કરવું. સાધુ-સાધ્વી પ્રથમ પ્રહરમાં લાવેલો ચારે પ્રકારનો આહાર ત્રીજા પ્રહર સુધી જ વાપરી શકે છે. જો આ મર્યાદાનું ઉલ્લંઘન કરે અર્થાત્ પ્રથમ પ્રહરના આહાર-પાણી ચોથા પ્રહરમાં વાપરે અથવા અન્યને આપે, તો તે સાધુ કાલાતિક્રાંત દોષનું સેવન કરે છે અને તેથી તે ઉદ્ઘાતિક-લઘુચૌમાસી પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

ક્યારેક ભૂલથી, પ્રમાદથી પ્રથમ પ્રહરના આહારાદિ ચોથા પ્રહર સુધી રહી જાય, તો સાધુ-સાધ્વી તે આહારને સ્વયં વાપરે નહીં, બીજાને આપે નહીં પરંતુ અચેત નિર્દોષ સ્થંડિલભૂમિનું પ્રતિલેખન કરીને તેમાં તે આહારને પરઠી દે.

ગ્રહણ કરેલા આહાર-પાણી માટે કાલમર્યાદા ન હોય, તો સાધુ-સાધ્વીમાં સંગ્રહવૃત્તિ અને આસક્તિભાવ વધે છે. તેમજ ખાદ્ય પદાર્થો ક્યારેક વિકૃત થઈ જાય, તો તેનાથી અનેક રોગોત્પત્તિની સંભાવના રહે છે, આ રીતે અનેક દોષોની સંભાવના હોવાથી સાધુ-સાધ્વીએ શાસ્ત્રોક્ત કાલ મર્યાદાનું ઉલ્લંઘન કરવું ન જોઈએ.

**ક્ષેત્રાતિક્રાંત દોષ અને તેનું પ્રાયશ્ચિત :–**

**૧૨ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा असणं वा जाव साइमं वा परं**

**अद्धजोयणमेराए उवाइणावेत्तए । से य आहच्च उवाइणाविए सिया, तं णो अप्पणा भुंजेज्जा, णो अण्णेसिं अणुप्पदेज्जा, एगंते बहुफासुए थंडिले पडिलेहित्ता पमज्जित्ता परिट्ठवेयव्वे सिया । तं अप्पणा भुंजमाणे अण्णेसिं वा दलमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।**

**ભાવાર્થ :–** સાધુઓ અને સાધ્વીઓને અશન, પાણી, મેવા અને મુખવાસ આદિ ચારે પ્રકારનો આહાર અર્ધાયોજનની મર્યાદાથી આગળ સાથે લઈ જવો કલ્પતો નથી. ક્યારેક તે આહાર રહી જાય તો તે આહારને સ્વયં વાપરે નહીં અને અન્યને આપે નહીં પરંતુ એકાંત અને સર્વથા અચિત્ત ભૂમિનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરી તે આહારને યોગ્ય વિધિથી પરઠી દે. જો તે આહારને સ્વયં વાપરે અથવા અન્ય સાધુ-સાધ્વીઓને આપે તો તેને ઉદ્‍ઘાતિક-લઘુચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત આવે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ક્ષેત્રાતિક્રાંતદોષ અને તેના પ્રાયશ્ચિત્તનું કથન છે.

**ક્ષેત્રાતિક્રાંત દોષ :–** શાસ્ત્રોક્ત ક્ષેત્ર મર્યાદાનું ઉલ્લંઘન કરવું, તે ક્ષેત્રાતિક્રાંત દોષ છે. સાધુ-સાધ્વી બે ગાઉની ક્ષેત્ર મર્યાદામાં આહાર-પાણીની ગવેષણા માટે જઈ શકે છે અને ગ્રહણ કરેલા આહાર-પાણીને સાથે લઈને કોઈ પણ દિશામાં બે ગાઉ સુધી જઈ શકે છે. જો તે મર્યાદાનું ઉલ્લંઘન કરે, તો તે સાધુ ક્ષેત્રાતિક્રાંત દોષનું સેવન કરે છે અને તે દોષ સેવનથી લઘુચૌમાસી પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે, તેથી સાધુએ અપ્રમત્તપણે શાસ્ત્રોક્ત મર્યાદાનું પાલન કરવું જોઈએ.

જો ક્યારેક ભૂલથી આ મર્યાદાનું ઉલ્લંઘન થઈ જાય, તો સાધુ-સાધ્વીને તે આહાર, પાણી વાપરવા કલ્પતા નથી પરંતુ તેને નિર્દોષ ભૂમિમાં પરઠી દેવા જોઈએ. આહાર-પાણી સાથે લઈ જવા માટે બે ગાઉની ક્ષેત્રમર્યાદા ન હોય, તો સાધુમાં સંગ્રહવૃત્તિ વધે, રસાસ્વાદનું પોષણ થાય વગેરે અનેક દોષોની સંભાવના છે.

**અનૈષણીય આહારનો વિવેક :–**

**१३ णिग्गंथेण य गाहावइकुलं पिंडवायपडियाए अणुप्पविट्ठेणं अण्णयरे अचित्ते अणेसणिज्जे पाणभोयणे पडिग्गाहिए सिया, अत्थि या इत्थ केइ सेहतराए अणुवट्ठावियए, कप्पइ से तस्स दाउं वा अणुप्पदाउं वा । णत्थि य इत्थ केइ सेहतराए अणुवट्ठावियए, तं णो अप्पणा भुंजेज्जा, णो अण्णेसिं दावए, एगंते बहुफासुए थंडिले पडिलेहित्ता पमज्जित्ता परिट्ठवेयव्वे सिया ।**

**ભાવાર્થ :–** ગૃહસ્થના ઘરમાં આહારને માટે પ્રવેશ કરે, ત્યારે સાધુ દ્વારા કોઈ દોષયુક્ત અચિત્ત આહારપાણી ગ્રહણ થઈ જાય તો ત્યાં અનુપસ્થાપિત શૈક્ષ-નવદીક્ષિત સાધુ હોય, તો તેને તે આહાર એકવાર અથવા થોડો-થોડો કરીને અનેકવાર આપવો કલ્પે છે.

જો કોઈ અનુપસ્થાપિત-નવદીક્ષિત સાધુ ન હોય તો તે અનૈષણિક આહાર સ્વયં વાપરે નહીં અને અન્યને આપે નહીં પરંતુ એકાંત અને અચિત્ત ભૂમિનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરી યોગ્ય વિધિથી પરઠી દે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રાપ્ત થયેલા અનેષણીય આહારનો વિવેક પ્રદર્શિત કર્યો છે. સાધુ-સાધ્વી ગવેષણાપૂર્વક એષણીય આહાર જ ગ્રહણ કરે છે, તેમ છતાં ક્યારેક અનેષણીય-દોષિત આહાર ગ્રહણ થઈ જાય, તો તે દોષિત આહાર સ્વયં વાપરે નહીં પરંતુ અનુપસ્થાપિત શૈક્ષને-નવદીક્ષિત સાધુને આપી દે.

**सेहतराए अणुवट्ठायए :–** સંયમ સ્વીકાર પછી જ્યાં સુધી વડી દીક્ષા ન થાય, મહાવ્રતનું આરોપણ ન થાય કે મહાવ્રતમાં સ્થાપિત ન થાય, ત્યાં સુધી તે નવદીક્ષિત સાધુ અનુપસ્થાપિત શૈક્ષ કહેવાય છે.

તેવા અનુપસ્થાપિત નવદીક્ષિત સાધુને અસાવધાનીથી ગ્રહણ થયેલો અનેષણીય અચિત્ત આહાર વાપરવા માટે આપી શકાય છે.

નવદીક્ષિત અનુપસ્થાપિત શિષ્ય પણ સંયમી છે તો પણ તેને ફરીને ઉપસ્થાપન-મહાવ્રતનું આરોપણ થયું ન હોવાથી તેને તે આહાર વાપરવાનું પ્રાયશ્ચિત્ત આવતું નથી. મહાવ્રતના આરોપણ સમયે જ તેની વિશુદ્ધિ થઈ જાય છે.

જો તે સાધુના સંઘાડામાં તેવા નવદીક્ષિત શિષ્ય ન હોય તો તે દોષયુક્ત આહાર સ્વયં વાપરે નહીં કે અન્યને આપે નહીં, પરંતુ પ્રાસુક અચિત્ત ભૂમિમાં સૂત્રોક્ત વિધિથી પરઠી દે.

### કલ્પ–અકલ્પ સ્થિત સાધુઓ માટે ઔદેશિક આહાર વિવેક :–

**૧૪ जे कडे कप्पट्ठियाणं कप्पइ से अकप्पट्ठियाणं, णो से कप्पइ कप्पट्ठियाणं । जे कडे अकप्पट्ठियाणं णो से कप्पइ कप्पट्ठियाणं, कप्पइ से अकप्पट्ठियाणं । कप्पे ठिया कप्पट्ठिया, अकप्पे ठिया अकप्पट्ठिया ।**

**ભાવાર્થ :–** જે આહાર કલ્પસ્થિત સાધુ માટે બનાવેલો હોય તે અકલ્પસ્થિત સાધુને લેવો કલ્પે છે પરંતુ કલ્પસ્થિત સાધુને લેવો કલ્પતો નથી. જે આહાર અકલ્પસ્થિત સાધુ માટે બનાવેલો હોય તે કલ્પસ્થિત સાધુને લેવો કલ્પતો નથી પરંતુ અન્ય અકલ્પસ્થિત સાધુને કલ્પે છે. જે કલ્પમાં સ્થિત છે તે કલ્પસ્થિત કહેવાય છે અને જે કલ્પમાં સ્થિત નથી તે અકલ્પસ્થિત કહેવાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કલ્પસ્થિત અને અકલ્પસ્થિત સાધુઓને માટે ઔદેશિક આહાર સંબંધી વિવેક પ્રદર્શિત કર્યો છે.

**कप्पट्ठियाण–** કલ્પસ્થિત. જે સાધુ અચેલકાદિ દસ પ્રકારના કલ્પમાં સ્થિત છે અને પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતરૂપ ધર્મનું પાલન કરે છે તેવા પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓ કલ્પસ્થિત કહેવાય છે.

**अकप्पट्ठियाणं–** અકલ્પસ્થિત. જે સાધુ અચેલકાદિ દસ પ્રકારના કલ્પમાં સ્થિત નથી પરંતુ ચાર પ્રકારના અનિવાર્ય કલ્પ અને સ્વૈચ્છિક છ પ્રકારના કલ્પોમાં સ્થિત છે અને ચાતુર્યામ ધર્મનું પાલન કરે છે તેવા મધ્યવર્તી બાવીસ તીર્થંકરોના સાધુ અકલ્પસ્થિત કહેવાય છે.

**કલ્પસ્થિત સાધુના દસ કલ્પ આ પ્રમાણે છે :–**

**(૧) અચેલકલ્પ :–** મર્યાદિત વસ્ત્ર રાખવા તથા રંગીન કે બહુમૂલ્યવાન, આકર્ષક વસ્ત્ર ન રાખવા પરંતુ સફેદ, અલ્પમૂલ્યવાન વસ્ત્ર રાખવા.

**(૨) ઔદ્દેશિકકલ્પ :–** અન્ય કોઈપણ સાધર્મિક અથવા સાંભોગિક સાધુઓના ઉદ્દેશ્યથી બનાવેલા આહારાદિ ઔદ્દેશિક દોષયુક્ત હોવાથી તેવા આહારાદિને ગ્રહણ ન કરવા.

**(૩) શય્યાતરપિંડકલ્પ :–** શય્યાદાતાના આહારાદિ ગ્રહણ ન કરવા.

**(૪) રાજપિંડકલ્પ :–** અભિષિક્ત મહારાજા આદિના આહારાદિ ગ્રહણ ન કરવા.

**(૫) કૃતિકર્મકલ્પ :–** રત્નાધિક સંતો સાથે વંદન આદિ વિનય વ્યવહાર કરવો.

**(૬) વ્રતકલ્પ :–** પાંચ મહાવ્રતોનું પાલન કરવું અથવા ચાર યામનું પાલન કરવું. ચાર યામમાં ચોથા બહિદ્ધાદાન વિરમણ વ્રતમાં ચોથા અને પાંચમા મહાવ્રતનો સમાવેશ થઈ જાય છે.

**(૭) જયેષ્ઠકલ્પ :–** જેની વડી દીક્ષા પહેલા થઈ હોય તે જયેષ્ઠ કહેવાય છે અને સાધ્વીઓને માટે બધા સાધુ જયેષ્ઠ છે, તેથી તેને જયેષ્ઠ માની વ્યવહાર કરવો.

**(૮) પ્રતિક્રમણકલ્પ :–** નિત્ય નિયમિત રૂપે દિવસ સંબંધી અને રાત્રિ સંબંધી પ્રતિક્રમણ કરવું.

**(૯) માસકલ્પ :–** હેમંત કે ગ્રીષ્મ ઋતુમાં વિચરણ કરતાં કોઈ પણ ગ્રામાદિમાં સાધુએ એક માસથી અને સાધ્વીએ બે માસથી વધુ ન રહેવું તથા સાધુએ એક માસ રહ્યા પછી ત્યાં બે માસ સુધી અને સાધ્વીએ બે માસ રહ્યા પછી ત્યાં ચાર માસ સુધી ફરી આવીને ન રહેવું.

**(૧૦) ચાતુર્માસ કલ્પ :–** વર્ષાઋતુમાં ચાર મહિના સુધી એક જ ગ્રામાદિમાં સ્થિર રહેવું. ચાતુર્માસમાં વિહાર ન કરવો અને ચાતુર્માસ પછી તે ગામમાં ન રહેવું અને ત્યારપછી આઠ મહિના(પછી ચાતુર્માસકાળ આવી જવાથી બાર મહિના) સુધી ફરી ત્યાં આવીને ન રહેવું.

પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુ-સાધ્વીઓને આ દસ કલ્પનું પાલન કરવું આવશ્યક છે. મધ્યમ તીર્થંકરોના સાધુ-સાધ્વીઓને ઉપરોક્ત દશ કલ્પનું પાલન અનિવાર્ય નથી. તે સાધુઓને દશ કલ્પમાંથી (૧) શય્યાતર-પિંડકલ્પ, (૨) કૃતિકર્મકલ્પ (૩) વ્રતકલ્પ (૪) જયેષ્ઠ કલ્પ. આ ચાર કલ્પનું પાલન અનિવાર્ય છે. શેષ છ કલ્પોનું પાલન કરવું આવશ્યક નથી. તેઓ પોતાની ઈચ્છાનુસાર છ કલ્પનું પાલન કરે છે.

**છ સ્વૈચ્છિક કલ્પ :–**

**(૧) અચેલ :–** મધ્યના બાવીસ તીર્થંકરના સાધુઓ અલ્પમૂલ્યવાન કે બહુમૂલ્યવાન, સફેદ કે રંગીન, અલ્પ કે અધિક વસ્ત્રો ઈચ્છાનુસાર રાખી શકે છે.

**(૨) ઔદ્દેશિક :–** પોતાના નિમિત્તે બનેલા આહાર આદિ લેવા નહિ પરંતુ અન્ય કોઈ સાધર્મિક સાધુને માટે બનેલા આહારાદિ ઈચ્છાપ્રમાણે લેવા.

**(૩) રાજપિંડ :–** રાજા માટે બનાવેલા આહાર આદિ ઈચ્છાનુસાર ગ્રહણ કરવા.

**(૪) પ્રતિક્રમણ :–** ઈચ્છાનુસાર દેવસી કે રાત્રિક પ્રતિક્રમણ કરવું પરંતુ પાખી, ચૌમાસી અને સાંવત્સરિક પ્રતિક્રમણ અવશ્ય કરવું.

**(૫) માસકલ્પ :–** કોઈ પણ ગામ આદિમાં એક માસ અથવા તેનાથી અધિક સમય ઈચ્છા પ્રમાણે રહેવું અથવા ક્યારેક ફરી ત્યાં આવીને રહેવું.

**(૬) ચાતુર્માસ કલ્પ :–** ઈચ્છા હોય તો ચાર મહિના સુધી એક જગ્યાએ રહેવું અન્યથા પ્રથમ કલ્પ પૂર્ણ થાય, ત્યાં સુધી અર્થાત્ સંવત્સરી સુધી એક સ્થાને સ્થિર રહેવું અને સંવત્સરી પછી વિહાર કરવો.

કલ્પસ્થિત અને અકલ્પસ્થિત સાધુઓની આ પ્રકારની ભિન્ન-ભિન્ન મર્યાદા છે, જેમ કે– કલ્પસ્થિત સાધુઓને માટે ઔદેશિક કલ્પનું પાલન અનિવાર્ય છે, તેથી તે સાધુઓ પોતાના માટે કે પોતાના સાધર્મિક, સાંભોગિક કે અકલ્પસ્થિત સાધુના ઉદ્દેશથી બનાવેલો આહાર ગ્રહણ કરતા નથી પરંતુ અકલ્પસ્થિત સાધુઓને માટે ઔદેશિક કલ્પનું પાલન સ્વૈચ્છિક છે. તે સાધુઓ પોતાના માટે બનાવેલો આહાર ગ્રહણ કરતા નથી પરંતુ અન્ય સાધુ માટે બનાવેલો આહાર ગ્રહણ કરે છે અર્થાત્ એક સાધુના નિમિત્તે બનાવેલો આહાર બીજા સાધુ ગ્રહણ કરે છે. આ રીતે કલ્પ-અકલ્પસ્થિત સાધુઓએ પોત-પોતાની મર્યાદા અનુસાર ઔદેશિક આહાર ગ્રહણમાં વિવેક રાખવો જોઈએ.

**સાધુ–સાધ્વીને અન્યગણમાં જવાની વિધિ :–**

**१५ भिक्खु य गणाओ अवक्कम्म इच्छेज्जा अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए, णो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा उवज्झायं पवत्तिं वा थेरं वा गणिं वा गणहरं वा गणावच्छेइयं वा अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए। कप्पइ से आपुच्छित्ता आयरियं वा *जाव* गणावच्छेइयं वा अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए । ते य से वियरेज्जा एवं से कप्पइ अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए । ते य से णो वियरेज्जा एवं से णो कप्पइ अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**ભાવાર્થ :–** જો કોઈ સાધુ સ્વગણને છોડીને અન્યગણનો (શ્રુતગ્રહણ કરવા માટે)સ્વીકાર કરવા ઈચ્છે તો તેને– (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) પ્રવર્તક (૪) સ્થવિર (૫) ગણિ (૬) ગણધર અથવા (૭) ગણાવચ્છેદકને પૂછ્યા વિના અન્યગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી, આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછીને અન્યગણનો સ્વીકાર કરવો કલ્પે છે. જો આચાર્ય આદિ આજ્ઞા આપે તો અન્યગણનો સ્વીકાર કરવો કલ્પે છે. જો તેઓ આજ્ઞા ન આપે તો અન્યગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી.

**१६ गणावच्छेइए य गणाओ अवक्कम्म इच्छेज्जा अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए– णो से कप्पइ गणावच्छेइयस्स गणावच्छेइत्तं अणिक्खिवित्ता अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए, कप्पइ गणावच्छेइयस्स गणावच्छेइयत्तं णिक्खिवित्ता अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए । णो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा *जाव* गणावच्छेइयं वा अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए, कप्पइ से आपुच्छित्ता आयरियं वा *जाव* गणावच्छेइयं वा अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए । ते य से वियरेज्जा, एवं से कप्पइ अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए, ते य से णो वियरेज्जा एवं से णो कप्पइ अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**ભાવાર્થ :–** જો ગણાવચ્છેદક સ્વગણને છોડીને અન્ય ગણનો સ્વીકાર કરવા ઇચ્છે તો– તેણે પોતાના ગણાવચ્છેદક પદનો ત્યાગ કર્યા વિના અન્યગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી, પોતાના ગણાવચ્છેદક પદનો ત્યાગ કરીને અન્ય ગણનો સ્વીકાર કરવો કલ્પે છે. આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછ્યા વિના અન્યગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી, આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછીને અન્યગણનો સ્વીકાર કરવો કલ્પે છે. જો આચાર્ય આદિ આજ્ઞા આપે તો તેને અન્યગણનો સ્વીકાર કરવો કલ્પે છે, આજ્ઞા ન આપે તો અન્યગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી.

**૧૭ आयरिय-उवज्झाए य गणाओ अवक्कम्म इच्छेज्जा अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए, णो से कप्पइ आयरिय-उवज्झायस्स आयरिय-उवज्झायत्तं अणिक्खिवित्ता अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए, कप्पइ से आयरिय-उवज्झायस्स आयरिय-उवज्झायत्तं णिक्खिवित्ता अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए । णो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए, कप्पइ से आपुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए । ते य से वियरेज्जा एवं से कप्पइ अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए, ते य से णो वियरेज्जा एवं से णो कप्पइ अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**ભાવાર્થ :–** જો આચાર્ય અથવા ઉપાધ્યાય સ્વગણને છોડીને અન્યગણનો સ્વીકાર કરવા ઇચ્છે, તો તેને પોતાના આચાર્ય કે ઉપાધ્યાય પદનો ત્યાગ કર્યા વિના અન્યગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી, પોતાના આચાર્ય-ઉપાધ્યાય પદનો ત્યાગ કરીને અન્યગણનો સ્વીકાર કરવો કલ્પે છે. આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછ્યા વિના અન્યગણનો સ્વીકાર કરવો કલ્પતો નથી, આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછીને અન્યગણનો સ્વીકાર કરવો કલ્પે છે. આચાર્ય આદિ આજ્ઞા આપે તો તેને અન્યગણનો (શ્રુતગ્રહણ માટે) સ્વીકાર કરવો કલ્પે છે, જો તે આજ્ઞા ન આપે તો તેને અન્યગણનો (શ્રુતગ્રહણ માટે) સ્વીકાર કરવો કલ્પતો નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કોઈ વિશિષ્ટ કારણથી સાધુને અન્યગણમાં જવું હોય, તો તેની વિધિ પ્રદર્શિત કરી છે.

કોઈ સાધુ જ્ઞાનાદિની પ્રાપ્તિ અથવા વિશેષ સંયમની સાધનાના લક્ષથી થોડા સમય માટે અન્યગણના આચાર્ય અથવા ઉપાધ્યાયની ઉપસંપદા-નિશ્રા સ્વીકારવા ઇચ્છે તો તેણે પોતાના આચાર્યની સ્વીકૃતિ લેવી જરૂરી છે. જો આચાર્ય નજીકમાં ન હોય તો ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણિ, ગણધર(ગણનાધારક વડિલ) અને ગણાવચ્છેદક આદિ ક્રમશઃ જે ઉપસ્થિત હોય, તેની સ્વીકૃતિ લઈને જ અન્યગણમાં જઈ શકે છે, અન્યથા(આચાર્યાદિની આજ્ઞા વિના જાય તો) તે પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે. અધ્યયન આદિની સમાપ્તિ પછી ફરી તે સાધુ સ્વગચ્છના આચાર્ય પાસે આવી જાય છે.

આચાર્ય, ઉપાધ્યાય અથવા ગણાવચ્છેદક આદિ પદવીધર પણ વિશિષ્ટ અધ્યયન માટે અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયની પાસે જવા ઇચ્છે તો તે પણ જઈ શકે છે, પરંતુ તેણે અન્ય ગચ્છમાં જતાં પહેલાં અને પોતાના ગચ્છને છોડતાં પહેલાં પોતાના પદનો ત્યાગ કરવો જરૂરી છે. ગચ્છની વ્યવસ્થા

બરાબર ચાલી શકે તેવી વ્યવસ્થા કરીને અન્ય યોગ્ય સાધુને પોતાનું પદ સોંપીને અને પછી નવા પદવીધરની આજ્ઞા લઈને જ જઈ શકે છે પરંતુ આજ્ઞા વિના જઈ શકતા નથી. આચાર્ય આદિ અધ્યયન પૂર્ણ થયા પછી ફરીને સ્વગચ્છમાં આવીને પદ ગ્રહણ કરી શકે છે.

આ રીતે આચાર્યાદિની સ્વીકૃતિ મેળવ્યા પછી સાધુ એકલા પણ વિહાર કરી અન્યગણમાં જઈ શકે છે, પરંતુ સાધ્વી એકલી જઈ શકતી નથી. તેને સ્વીકૃતિ મળ્યા પછી પણ અન્ય એક સાધ્વી સાથે અન્યગણમાં જવું જોઈએ.

**સાંભોગિક વ્યવહાર માટે અન્યગણમાં જવાની વિધિ :–**

**૧૮ भिक्खू य गणाओ अवक्कम्म इच्छेज्जा अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, णो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, कप्पइ से आपुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए । ते य से वियरेज्जा एवं से कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, ते य से णो वियरेज्जा एवं से णो कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**जत्थुत्तरियं धम्मविणयं लभेज्जा, एवं से कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, जत्थुत्तरियं धम्मविणयं णो लभेज्जा एवं से णो कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**ભાવાર્થ :–** સાધુ સ્વગણમાંથી નીકળી અન્યગણની સાથે સાંભોગિક વ્યવહારનો સ્વીકાર કરવા ઈચ્છે, તો આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછયા વિના અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પતો નથી પરંતુ આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછીને અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે, આચાર્ય આદિ આજ્ઞા આપે તો જ અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે, આચાર્ય આદિ આજ્ઞા ન આપે તો અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પતો નથી.

જો તેમાં સંયમ ધર્મની ઉન્નતિ થતી હોય તો અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે.જો તેમાં સંયમધર્મની ઉન્નતિ ન થતી હોય તો અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પતો નથી.

**૧૯ गणावच्छेइए य गणाओ अवक्कम इच्छेज्जा अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, णो से कप्पइ गणावच्छेइयत्तं अणिक्खिवित्ता अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, कप्पइ से गणावच्छेइयत्तं णिक्खिवित्ता अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**णो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, कप्पइ से आपुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए । ते य**

**से वियरेज्जा एवं से कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, ते य से णो वियरेज्जा एवं से णो कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**जत्थुत्तरियं धम्मविणयं लभेज्जा एवं से कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, जत्थुत्तरियं धम्मविणयं णो लभेज्जा एवं से णो कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**ભાવાર્થ :–** ગણાવચ્છેદક સ્વગણમાંથી નીકળીને અન્યગણની સાથે સાંભોગિક વ્યવહારનો સ્વીકાર કરવા ઈચ્છે તો ગણાવચ્છેદક પદનો ત્યાગ કર્યા વિના અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પતો નથી, ગણાવચ્છેદકનું પદ છોડીને અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે.

આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછ્યા વિના અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પતો નથી, આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછીને અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે. આચાર્ય આદિ આજ્ઞા આપે તો અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે, આચાર્ય આદિ આજ્ઞા ન આપે તો અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પતો નથી.

તેમાં સંયમધર્મની ઉન્નતિ થતી હોય તો અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે, જો તેમાં સંયમધર્મની ઉન્નતિ થતી ન હોય તો અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પતો નથી.

**૨૦ आयरिय-उवज्झाए य गणाओ अवक्कम्म इच्छेज्जा अण्णं गणं संभोगपडियाए उवसंपजित्ताणं विहरित्तए । णो से कप्पइ आयरिय-उवज्झायत्तं अणिक्खिवित्ता अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए । कप्पइ से आयरिय-उवज्झायत्तं णिक्खिवित्ता अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**णो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, कप्पइ से आपुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए । ते य से वियरेज्जा एवं से कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, ते य से णो वियरेज्जा एवं से णो कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**जत्थुत्तरियं धम्मविणयं लभेज्जा एवं से कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए, जत्थुत्तरियं धम्मविणयं णो लभेज्जा एवं से णो कप्पइ अण्णं गणं संभोगपडियाए उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**ભાવાર્થ :–** આચાર્ય અથવા ઉપાધ્યાય સ્વગણમાંથી નીકળીને અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવા ઈચ્છે તો આચાર્ય કે ઉપાધ્યાય પદનો ત્યાગ કર્યા વિના અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પતો નથી, પરંતુ પોતાના પદનો ત્યાગ કરીને અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર

કરવો કલ્પે છે.

આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછ્યા વિના તેમને અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પતો નથી, આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછીને અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે. આચાર્યાદિ આજ્ઞા આપે તો અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે, આચાર્ય આદિ આજ્ઞા ન આપે તો અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પતો નથી.

તેમાં સંયમધર્મની ઉન્નતિ થતી હોય તો અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પે છે, તેમાં સંયમધર્મની ઉન્નતિ થતી ન હોય તો અન્યગણની સાથે સાંભોગિક વ્યવહાર કરવો કલ્પતો નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આચાર્ય કે ઉપાધ્યાયને અન્યગણના સાધુઓ સાથે સાંભોગિક વ્યવહાર માટે જવાની વિધિ પ્રદર્શિત કરી છે.

**સંભોગ :–** સાધુઓ માંડલામાં એક સાથે બેસે, ઉઠે, આહાર-પાણી વાપરે તથા અન્ય દૈનિક કર્તવ્યોનું એક સાથે પાલન કરે તેને સંભોગ કહે છે અથવા સાધુઓના પરસ્પરના વ્યવહારને સંભોગ કહે છે. સમવાયાંગ સૂત્રના ૧૨મા સમવાયમાં સંભોગના બાર ભેદ કહ્યા છે, તે આ પ્રમાણે છે–

**(૧) ઉપધિ :–** વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણો પરસ્પર લેવા-દેવા.

**(૨) શ્રુત :–** શાસ્ત્રની વાંચના લેવી-દેવી.

**(૩) ભક્ત–પાન :–** પરસ્પર આહાર-પાણી અથવા ઔષધની આપ-લે કરવી.

**(૪) અંજલિપ્રગ્રહ(હાથ જોડીને) :–** સંયમ પર્યાયમાં મોટા સાધુઓની પાસે હાથ જોડીને ઊભા રહેવું અથવા તે સામે મળે ત્યારે મસ્તક નમાવીને હાથ જોડવા.

**(૫) દાન :–** શિષ્યનું આદાન-પ્રદાન કરવું.

**(૬) નિમંત્રણ :–** શય્યા, ઉપધિ, આહાર, શિષ્ય અને સ્વાધ્યાય આદિને માટે નિમંત્રણ આપવું.

**(૭) અભ્યુત્થાન :–** દીક્ષાપર્યાયમાં જયેષ્ઠ(મોટા) સાધુ સમીપમાં આવે ત્યારે ઊભા થવું.

**(૮) કૃતિકર્મ :–** અંજલિગ્રહણ – આવર્તનપૂર્વક માથુ નમાવીને હાથ જોડી, સૂત્રના ઉચ્ચારણ સહિત વિધિપૂર્વક વંદન કરવા.

**(૯) વૈયાવચ્ચ :–** શરીર ચોળવું આદિ શારીરિક સેવા કરવી, આહાર આદિ લાવીને આપવા, વસ્ત્રાદિ સીવવા અથવા ધોવા, મળ-મૂત્ર પરઠવા વગેરે સેવાકાર્ય કરવા.

**(૧૦) સમવસરણ :–** એક જ ઉપાશ્રયમાં બેસવું, સૂવું, રહેવું વગેરે પ્રવૃત્તિઓ કરવી.

**(૧૧) સંનિષદ્યા :–** એક આસન પર બેસવું અથવા બેસવા માટે આસન આપવું.

**(૧૨) કથા પ્રબન્ધ :–** ધર્મસભામાં એક સાથે બેસીને અથવા ઊભા રહીને પ્રવચન આપવું.

એક ગણના અથવા અનેક ગણોના સાધુઓમાં આ બાર પ્રકારના પરસ્પર વ્યવહાર થતાં હોય, તેઓ પરસ્પર **સાંભોગિક** સાધુ કહેવાય છે.

જે સાધુઓમાં આહાર-પાણી સિવાય અગિયાર વ્યવહાર હોય છે તે પરસ્પર **અન્ય સાંભોગિક** સાધુ કહેવાય છે. આચાર, વિચાર લગભગ સમાન હોય, તે **સમનોજ્ઞ સાધુ** કહેવાય છે.

સમનોજ્ઞ સાધુઓની સાથે જ આ અગિયાર અથવા બાર પ્રકારના વ્યવહાર કરાય છે પરંતુ અસમનોજ્ઞ અર્થાત્ પાર્શ્વસ્થ અને સ્વચ્છંદાચારી સાધુની સાથે આ બાર પ્રકારના વ્યવહાર કરાતા નથી. લોકવ્યવહાર અથવા અપવાદ રૂપે ગીતાર્થ સાધુના નિર્ણયથી તેની સાથે કોઈ પણ વ્યવહાર કરી શકાય છે. અકારણ અથવા ગીતાર્થના નિર્ણય વિના પરસ્પર ઉપરોક્ત વ્યવહાર કરવાથી પ્રાયશ્ચિત્ત આવે છે.

સાધુઓ દ્વારા સાધ્વીઓની સાથે ઉપરોક્ત બાર પ્રકારના વ્યવહારમાંથી સામાન્ય રીતે (૧) શ્રુત (૨) અંજલિપ્રગ્રહ (૩) શિષ્યદાન (૪) અભ્યુત્થાન (૫) કૃતિકર્મ અને (૬) કથાપ્રબન્ધ, આ છ વ્યવહાર જ કરાય છે, (૧) ઉપધિ આદાન-પ્રદાન (૨) ભોજન-પાણી આદાન-પ્રદાન (૩) નિમંત્રણ (૪) વૈયાવચ્ચ (૫) સમવસરણ અને (૬) સંનિષદ્યા, આ છ વ્યવહાર અપવાદયુક્ત સ્થિતિમાં જ કરી શકાય છે.

પૂર્વના સૂત્રોમાં અધ્યયનના લક્ષ્યથી અલ્પકાલ માટે અન્ય ગચ્છમાં જવાનું કથન છે અને આ સૂત્રોમાં હંમેશ માટે એક માંડલામાં આહાર આદિ સંભોગનો સ્વીકાર કરીને અન્યગચ્છમાં જવાનું વર્ણન છે. તેના માટે આચાર્ય આદિની આજ્ઞા પ્રાપ્ત કરવી અને અન્ય યોગ્ય ભિક્ષુને પદવી દેવી વગેરે વિધિ પૂર્વવત્ જાણવી. આ સૂત્રોમાં આજ્ઞાપ્રાપ્તિ પછી એક વિકલ્પ વધારે છે,

**जत्थुत्तरियं धम्म-विणयं लभेज्जा** સંયમ સાધના કરતાં સાધુને પ્રતીત થાય કે આ ગણમાં રહેવામાં, એક માંડલામાં આહાર-પાણી કરવામાં કે કૃતિકર્મ આદિ આવશ્યક કાર્યો કરવામાં જેટલી ભાવવિશુદ્ધિ થાય છે, જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના થાય છે, તેનાથી વિશેષ આરાધના અન્ય ગચ્છમાં થઈ શકે તેમ છે, તો તે જ્ઞાનાદિની વૃદ્ધિને માટે અન્યગણમાં જવા માટે ઇચ્છે, તો તે જેની નિશ્રામાં રહેતા હોય તેની અનુજ્ઞા લઈને જઈ શકે છે. પરંતુ જે ગચ્છમાં જવાથી સંયમની હાનિ થાય તેવા ગચ્છમાં જવાની જિનાજ્ઞા નથી. સાધુ અન્ય કોઈ પણ કારણથી અન્ય ગચ્છમાં જાય, તો નિશીથ ઉ. ૧૬માં તેનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

### આચાર્ય આદિના નેતૃત્વ માટે અન્યગણમાં જવાની વિધિ :–

**૨૧ भिक्खू य इच्छेज्जा अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए, णो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए, कप्पइ से आपुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।**

**ते य से वियरेज्जा एवं से कप्पइ अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए, ते य से णो वियरेज्जा, एवं से णो कप्पइ अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।**

**णो से कप्पइ तेसिं कारणं अदीवेत्ता अण्णं आयरिय-उवज्झायं उद्दिसा-वेत्तए, कप्पइ से तेसिं कारणं दीवेत्ता अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।**

**ભાવાર્થ :–** સાધુ અન્યગણના આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે (અથવા તેનું નેતૃત્વ કરવાને માટે) જવા ઇચ્છે તો પોતાના આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછ્યા વિના અન્ય ગણ આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પતું નથી, પોતાના આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછીને અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પે છે.

આચાર્ય આદિ આજ્ઞા આપે તો અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પે છે. જો તેઓ આજ્ઞા ન આપે તો અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પતું નથી.

પોતાના આચાર્ય આદિને કારણ બતાવ્યા વિના અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાંચના દેવા માટે જવું કલ્પતું નથી, આચાર્ય આદિને કારણ બતાવીને જ અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાંચના દેવા માટે જવું કલ્પે છે.

**२२ गणावच्छेइए य इच्छेज्जा अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए, णो से कप्पइ गणावच्छेइयत्तं अणिक्खिवित्ता अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए । कप्पइ से गणावच्छेइयत्तं णिक्खिवित्ता अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।**

**णो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए, कप्पइ से आपुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए । ते य से वियरेज्जा एवं से कप्पइ अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए, ते य से णो वियरेज्जा एवं से णो कप्पइ अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।**

**णो से कप्पइ तेसिं कारणं अदीवेत्ता अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए, कप्पइ से तेसिं कारणं दीवेत्ता अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।**

**ભાવાર્થ :–**ગણાવચ્છેદક અન્યગણના આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવાને માટે (અથવા તેનું નેતૃત્વ કરવા માટે) જવા ઈચ્છે, તો તેણે પોતાનું પદ છોડ્યા વિના અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પતું નથી, પોતાનું પદ છોડીને અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પે છે.

પોતાના આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછ્યા વિના અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પતું નથી, પોતાના આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછીને અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પે છે. તેઓ આજ્ઞા આપે તો અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા જવું કલ્પે છે, આજ્ઞા ન આપે તો અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પતું નથી.

પોતાના આચાર્ય આદિને કારણ બતાવ્યા વિના અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પતું નથી, તેઓને કારણ બતાવીને જ અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પે છે.

**२३ आयरिय-उवज्झाए य इच्छेज्जा अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए, णो से कप्पइ आयरिय–उवज्झायत्तं अणिक्खवित्ता अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए, कप्पइ से आयरिय–उवज्झायत्तं णिक्खिवित्ता अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।**

**णो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं**

**आयरिय–उवज्झायं उद्दिसावेत्तए, कप्पइ से आपुच्छित्ता आयरियं वा** *जाव* **गणावच्छेइयं वा अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए । ते य से वियरेज्जा एवं से कप्पइ आयरिय-उवज्झायं उद्दिसावेत्तए, ते य से णो वियरेज्जा एवं से णो कप्पइ अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए ।**

**णो से कप्पइ तेसिं कारणं अदीवेत्ता अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए, कप्पइ से तेसिं कारणं दीवेत्ता अण्णं आयरिय-उवज्झायं उद्दिसावेत्तए।**

**ભાવાર્થ :–** આચાર્ય અથવા ઉપાધ્યાય અન્ય ગણના આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવાને માટે (અથવા તેનું નેતૃત્વ કરવા માટે) જવા ઈચ્છે, તો તેણે પોતાનું પદ છોડ્યા વિના અન્ય ગણના આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પતું નથી, પોતાનું પદ છોડીને અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પે છે.

પોતાના આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછ્યા વિના અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા જવું કલ્પતું નથી, પોતાના આચાર્ય ***યાવત્*** ગણાવચ્છેદકને પૂછીને અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પે છે. પોતાના આચાર્ય આદિ આજ્ઞા આપે તો અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પે છે, આચાર્ય આદિ આજ્ઞા ન આપે તો અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પતું નથી.

પોતાના આચાર્ય આદિને કારણ બતાવ્યા વિના અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પતું નથી, તેઓને કારણ બતાવીને જ અન્ય આચાર્ય અથવા ઉપાધ્યાયને વાચના દેવા માટે જવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અન્ય ગચ્છના આચાર્ય કે ઉપાધ્યાયને પોતાની નિશ્રા ધારણ કરાવવા માટે જવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

**उदिसावित्तए– उद्देशयितुम् स्वस्य गुरुत्वेन व्यवस्थापयितुम् ।** પોતાને ગુરુ તરીકે સ્થાપિત કરવા માટે અર્થાત્ અન્ય આચાર્ય કે ઉપાધ્યાયને પોતાની ઉપસંપદા-નિશ્રા ધારણ કરાવવા માટે જવું.

પોતાની નિશ્રા ધારણ કરાવવામાં તે સાધુને વાચના આપવી, સમાચારીની સમજણ આપવી વગેરે તેના સંયમી જીવનના સર્વાંગી વિકાસની સંપૂર્ણ જવાબદારીનો સ્વીકાર થાય છે.

અન્ય ગચ્છના આચાર્ય કે ઉપાધ્યાયને પોતાની નિશ્રા ધારણ કરાવવાના અનેક કારણો છે, જેમ કે– (૧) કોઈ ગચ્છના આચાર્ય મૃત્યુ પામે, ત્યાર પછી તે ગચ્છમાં ઉત્તમ કુલોત્પન્ન નવદીક્ષિત સાધુને આચાર્યની પદવી અપાય ત્યારે તે નવા બનાવેલા આચાર્યને શ્રુત અધ્યયન કરવું જરૂરી હોય અને તે નૂતન આચાર્યને ગચ્છનો ભાર અન્યને સોંપીને આવવું શક્ય ન હોય. (૨) કોઈ ગચ્છના નવા બનાવેલા આચાર્યને અધ્યયન માટે આવવાની પરિસ્થિતિ ન હોય. (૩) કોઈ ગચ્છના આચાર્ય કોઈ વિકટ પરિસ્થિતિમાં હોય અને તે સાધુના પૂર્વ ઉપકારી હોય ઈત્યાદિ અનિવાર્ય પરિસ્થિતિઓમાં અન્ય ગચ્છના આચાર્ય કે ઉપાધ્યાયને વાચના દેવી અથવા પોતાની નિશ્રા ધારણ કરાવવી જરૂરી બને છે. આ પ્રકારના કારણોમાંથી કોઈપણ

કારણે અન્ય ગચ્છમાં જવું જરૂરી હોય, ત્યારે પોતાના આચાર્ય આદિની આજ્ઞાપૂર્વક જઈ શકાય છે, પરંતુ જતાં પહેલા પોતાના આચાર્ય આદિ સમક્ષ **कारणं दीवेत्ता** કારણની સ્પષ્ટતા કર્યા પછી જ તે જઈ શકે છે.

**સાધુના મૃત શરીરને પરઠવાની વિધિ :–**

**૨૪ भिक्खू या राओ वा वियाले वा आहच्च वीसुंभेज्जा, तं च सरीरगं केइ वेयावच्चकरे भिक्खु इच्छेज्जा एगंते बहुफासुए पएसे परिट्ठवेत्तए । अत्थि य इत्थ केइ सागारियसंतिए उवगरणजाए अचित्ते परिहरणारिहे कप्पइ से सागारियकडं गहाय तं सरीरगं एगंते बहुफासुए पएसे परिट्ठवेत्ता तत्थेव उवणिक्खिवियव्वे सिया ।**

**ભાવાર્થ :–** કોઈ સાધુનું રાત્રે અથવા વિકાળમાં મૃત્યુ થયું હોય, તો તે સાધુના મૃત શરીરને કોઈ સેવારત સાધુ એકાંતમાં સર્વથા અચેત ભૂમિમાં પરઠવા ઈચ્છે ત્યારે જો ત્યાં ઉપયોગમાં આવવા યોગ્ય ગૃહસ્થના અચિત્ત ઉપકરણ અર્થાત્ મૃત શરીરને ઉપાડવા યોગ્ય લાકડાનું પાટિયું વગેરે હોય તો તેને પ્રાતિહારિકરૂપે ગ્રહણ કરીને તે પાટિયા ઉપર મૃત શરીરને સ્થાપિત કરી, તેને એકાંતમાં લઈ જઈને સર્વથા અચિત્ત ભૂમિમાં પરઠીને તે કાષ્ઠને તેના યોગ્ય સ્થાને રાખી દે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુના મૃત શરીરને પરઠવાની વિધિ પ્રદર્શિત કરી છે. સાધુ કોઈ સ્થાનમાં માસકલ્પ આદિ રહ્યા હોય, ત્યાં અચાનક કોઈ સાધુનું રાત્રે કે સંધ્યા સમયે મૃત્યુ થઈ જાય, તો તે સાધુના મૃતશરીરને પરઠવાની વિધિ અન્ય સહવર્તી સાધુએ તુરંત કરવી જોઈએ.

ભાષ્યકારે આ વિષયનું વિસ્તૃત વર્ણન કર્યું છે. તે સમયે કોઈ ગૃહસ્થ કે શ્રદ્ધાવાન શ્રાવક ત્યાં હાજર હોય અને તે કર્તવ્ય સમજીને મૃતદેહની અંતિમ સંસ્કાર વિધિ કરે, તો સાધુ તેમાં નિરપેક્ષ ભાવ રાખે અને જો ત્યાં કોઈ ગૃહસ્થો ન હોય, તો સ્વયં તેને પરઠવાની વિધિ વિવેકપૂર્વક કરે.

જે સમયે સાધુનું મરણ થાય તે સમયે જ નિર્જીવશરીરને બહાર કાઢી નાખવું જોઈએ. મૃતદેહને લઈ જવા માટે ગામ આદિમાં અથવા ઉપાશ્રયમાં વહન કરવા યોગ્ય કાષ્ઠ, વાંસ અથવા ડોળી આદિ મળે, તો તેને ગૃહસ્થની પાસેથી પ્રાતિહારિક રૂપે ગ્રહણ કરી, તેનો ઉપયોગ કરી, તે ઉપકરણને પાછા આપી શકાય છે.

ભાષ્યકારે મૃતદેહને પરઠવા યોગ્ય દિશાઓનું વર્ણન પણ કર્યું છે. મૃતદેહને પરઠવા માટે સાધુઓના નિવાસસ્થાનથી નૈઋત્યકોણ યોગ્ય અને શુભ છે, આ દિશામાં પરઠવાથી સંઘમાં સમાધિ રહે છે. જો ઉક્ત દિશામાં પરઠવા યોગ્ય સ્થાન ન મળે તો દક્ષિણદિશામાં મૃતદેહને પરઠે અને તે દિશામાં પણ યોગ્ય સ્થાન ન મળે તો અગ્નિ કોણમાં પરઠે, શેષ બધી દિશાઓ મૃતદેહનો પરિત્યાગ કરવા માટે અશુભ છે. તે દિશાઓમાં મૃતદેહ પરઠવાથી સંઘમાં કલહ, ભેદ અને રોગાદિની ઉત્પત્તિ થાય છે.

જો મૃતદેહને રાત્રે રાખવો પડે તો સંઘના સાધુઓએ આખી રાત જાગરણ કરવું જોઈએ. મૃતદેહમાં કોઈ ભૂત, પ્રેત પ્રવેશી ન જાય તે માટે તેના હાથ-પગના બંને અંગુઠા ઉપર દોરી બાંધવી જોઈએ અને આંગળીના મધ્ય ભાગનું છેદન કરવું જોઈએ, કારણ કે ક્ષતદેહમાં ભૂતપ્રેતાદિ પ્રવેશ કરતા નથી.

વ્યવહારસૂત્ર ઉદ્દેશક–૭ વિહાર કરતાં માર્ગમાં કાળધર્મ પામેલા સાધુના શરીરને પરઠવાની વિધિનું વર્ણન છે અને અહીં ઉપાશ્રયમાં કાળ ધર્મ પામેલા સાધુના શરીરને પરઠવાનું વર્ણન છે.

**કષાયોના ઉપશમની અનિવાર્યતા :–**

**૨૫ भिक्खू य अहिगरणं कट्टु तं अहिगरणं अविओसवेत्ता, णो से कप्पइ गाहावइकुलं भत्ताए वा पाणाए वा णिक्खमित्तए वा पविसित्तए वा, बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खमित्तए वा पविसित्तए वा, गामाणुगामं दुइज्जित्तए, गणाओ वा गणं संकमित्तए, वासावासं वा वत्थए ।**

**जत्थेव अप्पणो आयरिय-उवज्झायं पासेज्जा बहुस्सुयं-बब्भागमं, तस्संतिए आलोएत्तए, पडिक्कमित्तए, णिंदित्तए, गरिहित्तए, विउट्टित्तए, विसोहित्तए, अकरणयाए अब्भुट्ठित्तए, अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जित्तए ।**

**से य सुएण पट्ठविए आइयव्वे सिया, से य सुएण णो पट्ठविए णो आइयव्वे सिया । से य सुएण पट्ठविज्जमाणे णो आइयइ, से णिज्जूहियव्वे सिया ।**

**ભાવાર્થ :–** જો કોઈ સાધુ-સાધ્વીને એકબીજા સાથે કલહ-કલેશ થયો હોય તો પરસ્પર ક્ષમાપના કરીને કલહને ઉપશાંત ન કરે ત્યાં સુધી તેને ગૃહસ્થના ઘરમાં ભોજન-પાણી માટે પ્રવેશ કરવો કલ્પતો નથી, ઉપાશ્રયની બહાર સ્થંડિલ ભૂમિમાં કે સ્વાધ્યાયભૂમિમાં જવું-આવવું કલ્પતું નથી, તેને ગ્રામાનુગ્રામ વિહાર કરવો કલ્પતો નથી, એક ગણથી બીજા ગણમાં સંક્રમણ કરવું અને વર્ષાવાસ રહેવું કલ્પતું નથી.

જ્યાં પોતાના બહુશ્રુત અને બહુ આગમના જાણકાર આચાર્ય અને ઉપાધ્યાય હોય તેની પાસે જઈને આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા કરવી, પાપથી નિવૃત્ત થવું, પાપના ફળથી શુદ્ધ થવું, ફરીને પાપકર્મ ન કરવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થવું અને યથાયોગ્ય તપ રૂપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવો કલ્પે છે.

તે પ્રાયશ્ચિત્ત જો શ્રુત અનુસાર અપાય તો તે પ્રાયશ્ચિત્તને ગ્રહણ કરવું જોઈએ અને શ્રુત અનુસાર ન અપાય તો તે પ્રાયશ્ચિત્તને ગ્રહણ કરવું ન જોઈએ. શ્રુત અનુસાર પ્રાયશ્ચિત્ત આપવા છતાં સાધુ-સાધ્વી તેનો સ્વીકાર ન કરે, તો તેઓને ગણથી પૃથક્ કરવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં તીવ્ર કષાયને આધીન થયેલા સાધુના કર્તવ્યનું નિદર્શન છે. છદ્મસ્થ દશામાં કોઈ પણ નિમિત્તથી કષાયના ઉદયને આધીન થઈ જવાય તો સાધુએ તુરંત પોતાના કષાયોને શાંત કરવા જરૂરી છે. કષાયોની ઉપશાંતિ વિના તેને ગોચરી, સ્વાધ્યાય કે લઘુશંકા નિવારણ આદિ સૂત્રોક્ત કોઈ પણ કાર્ય કરવા કલ્પતા નથી. તે સાધુએ તુરંત આચાર્ય આદિ જે બહુશ્રુત સાધુ ભગવંત હાજર હોય તેની પાસે આલોચના(પ્રાયશ્ચિત્ત) કરીને કલહથી નિવૃત્ત થવું જરૂરી છે.

કષાયો શાંત ન થાય ત્યાં સુધી સાધુ સંયમભાવથી ચ્યુત થતાં રહે છે અને તે ક્રમશઃ અધિકમાં અધિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે, તેથી કષાયોને શાંત કરવા માટે સાધુએ શીઘ્ર સાવધાન થઈ જવું જોઈએ.

કોઈ દુરાગ્રહી સાધુ શાંત ન થાય કે આલોચના ન કરે, તો પણ તેને ગચ્છની વ્યવસ્થા માટે પ્રાયશ્ચિત્ત આપી શકાય છે. સમજાવવા છતાં પણ ન સમજે અને પ્રાયશ્ચિત્ત પણ ન સ્વીકારે તો તેને ગચ્છથી જુદા કરવાનું પણ સૂત્રમાં વિધાન છે અર્થાત્ તેની સાથે એક માંડલે આહાર અને વંદના આદિ વ્યવહાર બંધ કરવા જોઈએ.

**सुएण पट्ठविए...** પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરનાર સાધુ બહુશ્રુત હોય અને પ્રાયશ્ચિત્ત દેનાર પક્ષપાતના કારણે આગમ વિપરીત પ્રાયશ્ચિત્ત આપે તો બહુશ્રુત સાધુ તે પ્રાયશ્ચિત્તનો અસ્વીકાર કરી શકે છે.

સૂત્રના આ નિર્દેશથી સ્પષ્ટ થાય છે કે સૂત્રવિપરીત આજ્ઞા કોઈની પણ હોય તેનો અસ્વીકાર કરવાથી જિનાજ્ઞાની વિરાધના થતી નથી. સૂત્રોક્ત આ કથન ગીતાર્થ અને બહુશ્રુત સાધુઓ માટે જ છે. અગીતાર્થ અને અબહુશ્રુત સાધુઓ માટે ગુરુ આજ્ઞા જ બલવત્તર છે. અગીતાર્થ સાધુઓએ કોઈપણ તર્ક-વિતર્ક કર્યા વિના ગુરુ પ્રદત્ત પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવો જોઈએ.

**પરિહાર કલ્પસ્થિત સાધુની સેવા :–**

**૨૬ परिहारकप्पट्ठियस्स णं भिक्खुस्स कप्पइ आयरिय-उवज्झाएणं तद्दिवसं एगगिहंसि पिंडवायं दवावेत्तए । तेणं परं णो से कप्पइ असणं वा** *जाव* **साइमं वा दाउं वा अणुप्पदाउं वा। कप्पइ से अण्णयरं वेयावडियं करेत्तए, तं जहा– अणुट्ठावणं वा, णिसीयावणं वा तुयट्टावणं वा उच्चार-पासवण-खेल-जल्लसिंघाणा-विगिंचणं वा विसोहणं वा करेत्तए ।**

**अह पुण एवं जाणेज्जा–छिण्णावाएसु पंथेसु आउरे, झिंझिए, पिवासिए, तवस्सी, दुब्बले, किलंते, मुच्छेज्ज वा पवडेज्ज वा एवं से कप्पइ असणं वा** *जाव* **साइमं वा दाउं वा अणुप्पदाउं वा ।**

**ભાવાર્થ :–** પરિહારકલ્પસ્થિત (પારિહારિક નામના તપ પ્રાયશ્ચિત્તને વહન કરનારા) સાધુ જે દિવસે પરિહારતપનો સ્વીકાર કરે, તે દિવસે તેને એક ઘરેથી આહાર લાવીને આપવાનું આચાર્ય, ઉપાધ્યાયને કલ્પે છે. ત્યાર પછી તેને અશન આદિ એકવાર આપવા કે વારંવાર આપવા કલ્પતા નથી પરંતુ જરૂરિયાત હોય ત્યારે પરિહારકલ્પસ્થિત સાધુને ઉઠાડવા, બેસાડવા, પડખુ ફેરવવું, તેના મળ, મૂત્ર, શ્લેષ્મ, કફ વગેરે પરઠવા, મળમૂત્રાદિથી લિપ્ત ઉપકરણોને શુદ્ધ કરવા વગેરે સેવાના કાર્ય કરવા કલ્પે છે.

જો આચાર્ય અથવા ઉપાધ્યાય જાણે કે તે સાધુ ગ્લાન, ભૂખ્યા, તરસ્યા, તપસ્વી, દુર્બલ અને કલાંત–અશક્ત થઈને ગમનાગમનના માર્ગમાં ક્યાંક મૂર્ચ્છિત થઈ જાય કે પડી જાય, તેવી પરિસ્થિતિ છે, તો તેને અશનઆદિ ચારે આહાર એકવાર આપવા અથવા વારંવાર આપવા કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પરિહારકલ્પ સ્થિત સાધુ સાથેના વ્યવહારનું નિરૂપણ છે. પરિહાર તપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરનાર સાધુ **પરિહારકલ્પસ્થિત** કહેવાય છે. જે સાધુ સહવર્તી અન્ય સાધુઓ સાથે અથવા ગૃહસ્થો સાથે ઉગ્ર કલહ કરે, સંયમની વિરાધના કરે અથવા મહાવ્રતનો ભંગ કરે ઈત્યાદિ મોટા દોષોના દંડ રૂપે તેને સંઘ અથવા ગણથી પૃથક્ કરાય છે, તેને **પારિહારિક** કહેવાય છે. તે દોષની શુદ્ધિ માટે જે તપરૂપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરે, તેને પારિહારિક તપ કહે છે. પારિહારિક સાધુ સાથે ગચ્છના અન્ય સર્વ સાધુઓનો કોઈ પણ પ્રકારનો વ્યવહાર હોતો નથી તે સર્વને માટે પારિહારિક– છોડવા યોગ્ય છે.

જે દિવસે તે સાધુને પરિહાર તપમાં સ્થાપિત કરવામાં આવે છે, તે દિવસે ક્યાંક કોઈ ઉત્સવ આદિના નિમિત્તે સરસ આહાર બનેલો હોય તો ત્યાં આચાર્ય તેને સાથે લઈ જઈને મનોજ્ઞ ભોજન-પાણી

અપાવે છે. જેથી સામાન્યજનતાને પણ જાણ થઈ જાય છે કે તે સાધુ કોઈ વિશિષ્ટ તપની આરાધના કરી રહ્યા છે. ત્યાર પછી આચાર્ય કે સંઘના કોઈ પણ સાધુ તેને ભોજન-પાણી આપતા નથી, પરંતુ તેની વૈયાવચ્ચ માટે જે સાધુને આચાર્ય નિયુક્ત કરે તે તેના ભોજન-પાણી અને સમાધિનું ધ્યાન રાખે છે. પરિહારતપ કરનાર સાધુ જ્યારે સ્વયં ઉઠવા, બેસવા, ચાલવા, ફરવા આદિ કાર્ય કરવામાં અસમર્થ થઈ જાય ત્યારે તેની સેવા કરનાર સાધુ તેને સહાયતા કરે છે અને ગોચરી લાવવામાં અસમર્થ હોય તો તેને ભોજન-પાણી લાવી આપે છે.

આ રીતે ગમે તે દોષનું સેવન કરનાર વ્યક્તિ પણ જ્યારે આત્મશુદ્ધિનો માર્ગ સ્વીકારે, ત્યારે તેનો તિરસ્કાર ન કરતાં તેની સાથે સંવેદનશીલતા અને સહાનુભૂતિપૂર્વકનો વ્યવહાર કરવો, તે જ જિનશાસનની વિશાળતા અને ઉદારતા છે. પારિહારિક તપ સંબંધી કથન નિશીથ ઉદ્દે. ૪ તથા ઉ.૨૦માં પણ છે.

**મહાનદી પાર કરવાનો વિવેક :–**

**૨૭ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा इमाओ पंच महण्णवाओ महाणईओ उद्दिट्ठाओ गणियाओ वियंजियाओ अंतो मासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा, तं जहा– गंगा, जउणा, सरयू, एरावई(कोसिया), मही ।**

**अह पुण एवं जाणेज्जा एरावई कुणालाए जत्थ चक्किया एगं पायं जले किच्चा, एगं पायं थले किच्चा, एवण्हं कप्पइ अंतो मासस्स दुक्खुत्तो वा, तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा । जत्थ एवं णो चक्किया एवण्हं णो कप्पइ अंतो मासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓને મહાનદીરૂપે કહેવાયેલી, ગણાયેલી, પ્રસિદ્ધ, મહાર્ણવ(સમુદ્ર) જેવી પાંચ મહાનદીઓને એક માસમાં બે અથવા ત્રણ વાર ઉતરવી અથવા હોડી દ્વારા પાર કરવી કલ્પતી નથી, પાંચ નદીઓના નામ આ પ્રમાણે છે– (૧) ગંગા (૨) યમુના (૩) સરયુ (૪) એરાવતી(કોશિ) (૫) મહી.

જો તે જાણે કે કુણાલા નગરીની પાસે જે એરાવતી નદી છે, તે નદીને એક પગ પાણીમાં અને એક પગ ધરતી પર રાખીને પાર કરી શકાય તેમ છે, તો તેને એક માસમાં બે અથવા ત્રણવાર ઉતરવી અથવા પાર કરવી કલ્પે છે. ઉક્ત પ્રકારથી પાર કરી ન શકાય તેવી નદીઓને એક મહિનામાં બે અથવા ત્રણવાર ઉતરવી અથવા પાર કરવી કલ્પતી નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં મહાનદીને ચાલીને ઉતરવાની કે નૌકાથી પાર કરવાની મર્યાદાના અતિક્રમણનો નિષેધ કર્યો છે.

**महाणईओ**– જે નદીઓ ખૂબ ઊંડી હોય, જેમાં અગાધ પાણી હોય, તે મહાનદી કહેવાય છે. સૂત્રકારે મહાનદી માટે ચાર વિશેષણ પ્રયુક્ત કર્યા છે. **उद्दिट्ठाओ**– ઉદ્દિષ્ટ. જે નદીને ઉદ્દેશીને 'આ મહાનદી છે', તેમ કહેવામાં આવતું હોય. **गणियाओ**– ગણિતક. જે નદીની મહાનદીરૂપે ગણના થતી હોય. **वियंजियाओ**– વ્યંજિત. પોતાના નામથી જ મહાનદીરૂપે પ્રસિદ્ધ હોય. **महण्णवाओ**– મહાર્ણવ. જે નદીમાં સમુદ્રની જેમ અગાધ જલરાશિ હોય, જે નદીઓ સમુદ્રમાં મળતી હોય તેને મહાર્ણવ કહે છે.

પ્રસ્તુતમાં સૂત્રકારે પાંચ મહાનદીઓના નામ આપ્યા છે, પરંતુ ઉપલક્ષણથી બીજી મહા નદીઓનું પણ ગ્રહણ થઈ જાય છે.

સૂત્રમાં પ્રયુક્ત **उतरित्तए** એટલે સ્વયં પાણીમાં પ્રવેશ કરીને પાર કરવું તથા **संतरित्तए** એટલે નાવ આદિમાં બેસીને પાર કરવું, તે પ્રમાણે અર્થ થાય છે. સાધુ સ્વયં જળમાં પ્રવેશ કરીને નદીને પાર કરે, તો પાણીના જીવોની વિરાધના થાય છે. ક્યારેક પાણીના પ્રવાહમાં વહી જવાથી આત્મવિરાધના પણ થાય છે.

નાવ આદિથી નદી પાર કરવાથી પાણીના જીવોની વિરાધનાની સાથે છકાયજીવોની વિરાધના પણ થાય છે અને નાવિકના સહયોગ પર આધાર રાખવો પડે છે. નાવિક નદી પાર કરાવ્યા પહેલાં કે પછી પૈસા માંગે તો પણ સમસ્યા ઉત્પન્ન થાય છે ઈત્યાદિ અનેક દોષોની સંભાવના રહે છે, તેથી સાધુ જો અન્ય માર્ગ હોય તો સામાન્ય રીતે નદી પાર કરે નહીં પરંતુ અન્ય માર્ગ ન હોય અને તે ક્ષેત્રમાં જવું જરૂરી હોય, તેવી વિકટ પરિસ્થિતિમાં મહાનદીને એક મહિનામાં એકવાર પાર કરી શકે છે, બે કે ત્રણ વાર પાર કરે, તો તે પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

જે નદી **जंघा संतारिमे उदए**– જંઘા પ્રમાણ. પગની પિંડી ડૂબે તેટલા પાણી વાળી હોય, તો તે નદી શાસ્ત્રોક્ત વિધિથી એક મહિનામાં બે કે ત્રણ વાર પાર કરી શકે છે. ત્યારે પણ પાણીના જીવોની અલ્પ વિરાધના થાય, તે દષ્ટિકોણથી એક પગ પાણીમાં અને એક પગ સ્થલમાં અર્થાત્ જળથી ઉપર અદ્ધર રાખે. સંક્ષેપમાં પાણી ચીરીને જવાથી પાણીના જીવોની અધિક વિરાધના થાય છે, તેથી એક-એક પગ ક્રમશઃ ઉપાડીને યતનાપૂર્વક મૂકે. આ પ્રમાણે નદી પાર કરે. જો આ પ્રમાણે પાર થઈ શકે તેમ ન હોય અર્થાત્ નદીમાં પાણી વધારે હોય તો તે નદીને મહિનામાં બે કે ત્રણ વાર પાર કરે નહીં. શાસ્ત્રોક્ત વિધિથી નદી પાર કરનાર સાધુને પણ અપ્કાયિક જીવોની વિરાધના માટે નિશીથ સૂત્ર ઉદ્દે.–૧૨ માં પ્રાયશ્ચિત્તનું કથન છે.

**ઘાસથી ઢાંકેલા નીચા ઉપાશ્રયમાં રહેવાનો વિવેક :–**

**૨૮ से तणेसु वा तणपुंजेसु वा, पलालेसु वा पलालपुंजेसु वा अप्पंडेसु** *जाव* **मक्कडासंताणएसु, अहे सवणमायायाए णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा तहप्पगारे उवस्सए हेमंत गिम्हासु वत्थए ।**

**ભાવાર્થ :–** જે ઉપાશ્રય ઘાસ, ઘાસપુંજ, પરાલ કે પરાલપુંજથી બનેલો હોય, તે ઈંડા ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત હોય, પરંતુ તે ઉપાશ્રયની છતની ઊંચાઈ કાનથી નીચે હોય, તો તેવા ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીઓએ હેમંત અથવા ગીષ્મઋતુમાં રહેવું કલ્પતું નથી.

**૨૯ से तणेसु वा** *जाव* **मक्कडासंताणएसु उप्पिं सवणमायाए, कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा तहप्पगारे उवस्सए हेमंत–गिम्हासु वत्थए ।**

**ભાવાર્થ :–** જે ઉપાશ્રય ઘાસ આદિથી બનેલો હોય ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત હોય અને તે ઉપાશ્રયની છતની ઊંચાઈ કાનથી ઊંચી હોય તો તેવા ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીઓએ હેમંત તથા ગીષ્મઋતુમાં રહેવું કલ્પે છે.

**૩૦ से तणेसु वा,** *जाव* **मक्कडासंताणएसु अहे रयणिमुक्कमउडे, णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा तहप्पगारे उवस्सए वासावासं वत्थए ।**

**ભાવાર્થ :–** જે ઉપાશ્રય ઘાસ આદિથી બનેલો હોય ***યાવત્*** કરોળિયાના જાળાથી રહિત હોય પરંતુ તે ઉપાશ્રયના છતની ઊંચાઈ રત્નમુક્તમુગટ– બંને હાથ ઊંચા રાખીને ઊભેલી વ્યક્તિની ઊંચાઈથી ઓછી હોય તો તેવા ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીઓએ વર્ષાવાસમાં રહેવું કલ્પતું નથી.

**૩૧ से तणेसु वा *जाव* मक्कडासंताणएसु उप्पिं रयणिमुक्कमउडे, कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा तहप्पगारे उवस्सए वासावासं वत्थए । त्ति बेमि ।**

**ભાવાર્થ :–** જે ઉપાશ્રય ઘાસ આદિથી બનેલો હોય ***યાવત્*** કરોળિયાના જાળાઓથી રહિત હોય અને તે ઉપાશ્રયના છતની ઊંચાઈ બંને હાથ ઊંચા રાખીને ઊભેલી વ્યક્તિની ઊંચાઈથી વધારે હોય, તેવા ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીઓએ વર્ષાવાસમાં રહેવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઘાસ આદિની છતવાળા નીચા ઉપાશ્રયમાં શેષકાલ કે વર્ષાવાસમાં રહેવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

ઉપાશ્રયની છત સૂકા ઘાસ કે ધાન્યના સૂકા પરાળ આદિથી બનેલી હોય, તેમાં કીડી-મંકોડા આદિ ત્રસ જીવજંતુઓ કે લીલ ફૂગ, ઓસબિંદુ આદિ સ્થાવર જીવો ન હોય, તો તે ઉપાશ્રય સાધુ માટે કલ્પનીય છે, પરંતુ પ્રસ્તુત ઉપાશ્રયમાં તેની છતની ઊંચાઈની અપેક્ષાએ કલ્પનીયતા-અકલ્પનીયાનું કથન છે.

**अहे सवणमायाए**– પોતાના કાનથી નીચે. જે સ્થાનમાં છતની ઊંચાઈ પોતાના કાનથી નીચી હોય, જે સ્થાનમાં મસ્તક ઝૂકાવીને અંદર પ્રવેશ કરવો પડતો હોય, અંદર ગયા પછી સીધું ઊભુ રહી શકાતું ન હોય, તેવું સ્થાન નિર્દોષ હોવા છતાં અન્ય અનેક પ્રકારે આપત્તિજનક અને અસમાધિકારક હોવાથી સાધુને રહેવું કલ્પતું નથી. વારંવાર નીચું નમીને આવવા-જવામાં ક્યારેક માથું ભટકાઈ જાય છે. કાયોત્સર્ગ, વંદના વગેરે અનુષ્ઠાનો સહજ રીતે સુખપૂર્વક થતાં નથી, તેથી સાધુ તેવા સ્થાનમાં રહે નહીં.

**उप्पिं सवणमायाए**– પોતાના કાનથી ઊંચે. જે સ્થાનમાં છતની ઊંચાઈ પોતાના કાનથી ઊંચી હોય, જે સ્થાનમાં અંદર પ્રવેશ કરવા માટે મસ્તક નમાવવું પડતું ન હોય, પરંતુ મસ્તક છત સાથે ભટકાશે, તેવો ભય રહેતો હોય, હાથ ઊંચા કરવાથી છતને સ્પર્શ થતાં છતમાંથી ઘાસ વગેરે નીચે પડતું હોય, તેવું સ્થાન પણ સમાધિજનક ન હોવાથી સાધુ-સાધ્વી રહે નહીં. તેમ છતાં હેમંત કે ગ્રીષ્મ ઋતુમાં વિહાર કરતાં ક્યાંક તેવું સ્થાન પ્રાપ્ત થાય, તો ત્યાં બે ચાર દિવસ રહી શકે છે.

**अहे रयणिमुक्कमउडे– रयणी**– રત્ની એટલે હાથ. બંને હાથ ઊંચા કરીને ભેગા કરવાથી તેનો આકાર મુકુટ જેવો થાય છે. તેને રત્નીમુક્તમુગટ કહે છે. ઉપાશ્રયની છતની ઊંચાઈ રત્નીમુક્તમુગટથી અર્થાત્ બંને હાથ ઊંચા કરીને ઊભેલા પુરુષથી ઓછી હોય તો સાધુ-સાધ્વી ત્યાં ચાતુર્માસ રહે નહીં.

ચાતુર્માસમાં એક સ્થાને ચાર માસ જેટલો દીર્ઘકાલ રહેવાનું હોવાથી તેમજ ચાતુર્માસમાં સાધુ-સાધ્વીને વિશેષ પ્રકારના અનુષ્ઠાનોની આરાધના કરવાની હોવાથી સ્થાન વ્યવસ્થિત હોવું જરૂરી છે. હાથ ઊંચા કરતાં છતનો સ્પર્શ ન થાય તેવા **उप्पिं रयणिमुक्कमउडेसु**– રત્નીમુક્ત મુગટથી અધિક ઊંચાઈવાળા સ્થાનમાં સાધુ પોતાની પ્રત્યેક પ્રવૃત્તિ સરળતાપૂર્વક કરી શકે છે, તેથી તેવા સ્થાનમાં સાધુ ચાતુર્માસ કરે છે.

**॥ ઉદ્દેશક-૪ સંપૂર્ણ ॥**

# ઉદ્દેશક-૫

## પ્રાક્કથન

★ આ ઉદ્દેશકમાં પ્રાયઃ સાધ્વી માટે નિષિદ્ધ ક્રિયાઓ, નિષિદ્ધ ઉપકરણો તથા બ્રહ્મચર્ય સુરક્ષા સંબંધી અન્ય વિધાનો છે.

★ દેવ અથવા દેવી સ્ત્રી અથવા પુરુષનું રૂપ વિકુર્વીને સાધુ-સાધ્વીને આલિંગન કરે ત્યારે સાધુ-સાધ્વી તેના સ્પર્શ આદિથી વિકારભાવનો અનુભવ કરે તો તેને ગુરુચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

★ કોઈ સાધુ અન્ય ગણમાંથી કલેશ કરીને આવે તો તેને સમજાવીને શાંત કરીને પાંચ દિવસ આદિનું દીક્ષા છેદ પ્રાયશ્ચિત્ત આપી ફરી તેના ગણમાં મોકલી દેવા જોઈએ.

★ જો આહાર ગ્રહણ કર્યા પછી વાપરવાના સમયે જણાય કે સૂર્યાસ્ત થઈ ગયો છે અથવા સૂર્યોદય થયો નથી તો તે આહારને પરઠી દેવો જોઈએ. જો વાપરે તો તેને ગુરુચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે. રાત્રિના સમયે ઉદ્ગાલ-ઘચરકો આવે તો તેને ગળી ન જવો પરંતુ પરઠી દેવો જોઈએ.

★ ગોચરી કરતાં ક્યારેક આહારમાં સચેત બીજ, રજ અથવા ત્રસજીવ આવી જાય તો તેને સાવધાનીપૂર્વક કાઢી લેવા જોઈએ. જો નીકળી શકે તેમ ન હોય તો તે આહાર પરઠી દેવો જોઈએ. ગોચરી કરતાં ક્યારેક ગરમ આહારમાં સચેત પાણીના ટીપા પડી જાય તો તે આહાર વાપરી શકાય છે.

★ રાત્રે મળ-મૂત્રનો ત્યાગ કરતાં સમયે કોઈ સાધ્વીના અંગોને પશુ અથવા પક્ષી સ્પર્શ કરે અથવા અવગાહન કરે અને સાધ્વી વિકારભાવથી તેનું અનુમોદન કરે તો તેને ગુરુચૌમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

★ સાધ્વીએ ગોચરી, સ્થંડિલ અથવા સ્વાધ્યાય આદિને માટે એકલા જવું ન જોઈએ તથા ગ્રામાનુગ્રામ વિચરણ અને ચાતુર્માસ પણ એકલા ન કરવું જોઈએ.

★ સાધ્વીને વસ્ત્ર રહિત રહેવું, પાત્રરહિત રહેવું, શરીરને વોસિરાવીને રહેવું કે ગામની બહાર આતાપના લેવી કલ્પતી નથી, પરંતુ સૂત્રોક્ત વિધિથી તે ઉપાશ્રયમાં આતાપના લઈ શકે છે. સાધ્વીને કોઈપણ પ્રકારના આસનથી પ્રતિજ્ઞાબદ્ધ થઈને રહેવું કલ્પતું નથી.

★ આકુંચનપટ્ટ, આલંબનયુક્ત આસન, નાના સ્તંભયુક્ત પીઢ, નાળવાળુ તુંબડું, કાષ્ટદંડવાળી પાત્રકેસરિકા અથવા પાદપ્રોંછન વગેરે ઉપકરણો સાધ્વીને રાખવા કલ્પતા નથી પરંતુ સાધુ તેને રાખી શકે છે.

★ પ્રબળ કારણ વિના સાધુ-સાધ્વીએ એકબીજાના મૂત્રને ઔષધ નિમિત્તે ઉપયોગમાં લેવા કલ્પતા નથી. સાધુ-સાધ્વી રાત્રે રાખેલા આહાર, પાણી, ઔષધ અને લેપ્ય પદાર્થોને પ્રબળ કારણ વિના ઉપયોગમાં લઈ શકતા નથી, પરંતુ પ્રબળ કારણ હોય તો તે ઉક્ત પદાર્થોનો વિવેકપૂર્વક ઉપયોગ કરી શકે છે.

★ પરિહાર તપ કરનાર સાધુની સેવા માટે નિયુક્ત સાધુ જો તે પોતાની કોઈ મર્યાદાનું ઉલ્લંઘન કરે તો સેવાકાર્યથી નિવૃત થયા પછી અતિ અલ્પ પ્રાયશ્ચિત દેવું જોઈએ.

★ અત્યંત પૌષ્ટિક આહાર આવી ગયા પછી સાધ્વીએ અન્ય આહારની ગવેષણા ન કરવી જોઈએ, પરંતુ તે આહારથી જો નિર્વાહ ન થઈ શકે એટલી અલ્પ માત્રામાં હોય તો ફરીને ગોચરી માટે જઈ શકે છે.

# ઉદ્દેશક–૫

**દેવ–દેવીના સ્પર્શજન્ય વિકાર ભાવનું પ્રાયશ્ચિત્ત :–**

**१ देवे य इत्थिरूवं विउव्वित्ता णिग्गंथं पडिग्गाहेज्जा, तं च णिग्गंथे साइज्जेज्जा, मेहुणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं।**

**ભાવાર્થ :–** જો કોઈ દેવ વૈક્રિય શક્તિથી સ્ત્રીનું રૂપ બનાવીને સાધુને આલિંગન કરે અને સાધુ વિકારભાવથી તે સ્પર્શનું અનુમોદન કરે તો તે સાધુ મૈથુન સંબંધિત ગુરુ ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**२ देवे य पुरिसरूवं विउव्वित्ता णिग्गंथिं पडिग्गाहेज्जा, तं च णिग्गंथी साइज्जेज्जा, मेहुणपडिसेवणपत्ता आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** જો કોઈ દેવ વૈક્રિય શક્તિથી પુરુષનું રૂપ બનાવીને સાધ્વીને આલિંગન કરે અને સાધ્વી વિકારભાવથી તે સ્પર્શની અનુમોદના કરે તો તે મૈથુન સંબંધિત ગુરુ ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**३ देवी य इत्थिरूवं विउव्वित्ता णिग्गंथं पडिग्गाहेज्जा, तं च णिग्गंथे साइज्जेज्जा, मेहुणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं।**

**ભાવાર્થ :–** જો કોઈ દેવી વૈક્રિયશક્તિથી સ્ત્રીનું રૂપ બનાવીને સાધુને આલિંગન કરે અને સાધુ વિકાર ભાવથી તે સ્પર્શનું અનુમોદન કરે તો તે મૈથુન સંબંધિત ગુરુ ચાતુર્માસિક પ્રાયશ્ચિતને પ્રાપ્ત થાય છે.

**४ देवी य पुरिसरूवं विउव्वित्ता णिग्गंथिं पडिग्गाहेज्जा, तं च णिग्गंथी साइज्जेज्जा, मेहुणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्धाइयं।**

**ભાવાર્થ :–** જો કોઈ દેવી વૈક્રિયશક્તિથી પુરુષનું રૂપ બનાવીને સાધ્વીને આલિંગન કરે અને સાધ્વી વિકારભાવથી તે સ્પર્શની અનુમોદના કરે તો તે મૈથુન સંબંધિત ગુરુ ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**કલેશ કરીને આવેલા સાધુ પ્રતિ કર્તવ્ય :–**

**५ भिक्खू य अहिगरणं कट्टु तं अहिगरणं अविओसवेत्ता इच्छेज्जा अण्णं गणं उवसंपज्जित्ताणं विहरित्तए, कप्पइ तस्स पंच राइंदियं छेयं कट्टु परिणिव्वाविय-परिणिव्वाविय दोच्चं पि तमेवं गणं पडिणिज्जाएयव्वे सिया, जहा वा तस्स गणस्स पत्तियं सिया ।**

**ભાવાર્થ :–** કોઈ સાધુ કલહ કરીને તેને ઉપશાંત કર્યા વિના બીજા ગણનો સ્વીકાર કરીને વિચરવા ઈચ્છે, તો તેને પાંચ દિવસ-રાતની દીક્ષાનો છેદ આપીને, સર્વથા શાંત-પ્રશાંત કરીને ફરી તેના ગણમાં

પાછા મોકલી દેવા જોઈએ અથવા જે ગણમાંથી તે આવ્યા હોય તે ગણના સાધુઓને જે રીતે વિશ્વાસ રહે તે રીતે કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કલેશ કરીને આવેલા સાધુ પ્રતિ અન્ય ગણના સાધુનું કર્તવ્ય સમજાવ્યું છે. જો કોઈ સાધુ ક્રોધિત થઈને પોતાનો ગણ છોડીને અન્યગણમાં આવે, તો તે ગણના સ્થવિરોએ તેને ઉપદેશ આપીને શાંત કરવા જોઈએ અને પાંચ દિવસની દીક્ષાનો છેદ વગેરે યોગ્ય પ્રાયશ્ચિત્ત આપીને તેને પહેલાંના ગણમાં પાછા મોકલવા જોઈએ, જેથી તે ગણના સાધુઓને વિશ્વાસ આવી જાય કે હવે આ સાધુનો ક્રોધ ઉપશાંત થઈ ગયો છે.

ઉપાધ્યાય કે આચાર્ય ક્રોધિત થઈને અન્યગણમાં આવે તો તે ગણના સ્થવિરો તેઓને પણ બોધદાયક વચનોથી શાંત કરે અને ઉપાધ્યાયની દશ દિવસની અને આચાર્યની પંદર દિવસની દીક્ષાનું છેદન કરી પહેલાંના ગણમાં પાછા મોકલવા જોઈએ.

આ વિષયમાં ભાષ્યકારનું કથન છે કે પોતાના ગણને છોડીને અન્યગણમાં આવેલા સાધુ જો સમજાવવા છતાં પણ ફરી પોતાના ગણમાં જવા ન ઈચ્છે તો ગણના સ્થવિર સાધુઓ સામાન્ય સાધુની પાંચ અહોરાત્રિનો, ઉપાધ્યાયની દશ અહોરાત્રિનો અને આચાર્યની પંદર અહોરાત્રિનો દીક્ષા છેદ કરીને પોતાના ગણમાં રાખી શકે છે પરંતુ રાખ્યા પહેલાં શક્ય હોય તો તે ગણના સાધુઓ પાસેથી તેની જાણકારી અને સ્વીકૃતિ પ્રાપ્ત કરી લેવી જરૂરી છે.

**રાત્રિભોજનના અતિચાર અને પ્રાયશ્ચિત્ત :–**

**૬ भिक्खू य उग्गयवित्तीए अणत्थमिय संकप्पे संथडिए णिव्विइगिच्छे असणं वा *जाव* साइमं वा पडिग्गाहेत्ता आहारमाहरेमाणे अह पच्छा जाणेज्जा– अणुग्गए सूरिए, अत्थमिए वा, से जं च आसयंसि, जं च पाणिंसि, जं च पडिग्गहे तं विगिंचमाणे वा, विसोहेमाणे वा णो अइक्कमइ । तं अप्पणा भुंजमाणे, अण्णेसिं वा दलमाणे, राईभोयणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં ભિક્ષાચર્યા કરવાની પ્રતિજ્ઞાથી બદ્ધ થયેલા કોઈ સમર્થ સાધુ સૂર્યોદય અથવા સૂર્યાસ્તના વિષયમાં સંદેહ રહિત અર્થાત્ સૂર્યોદય થઈ ગયો છે કે સૂર્યાસ્ત થયો નથી તેવા નિશ્ચયપૂર્વક સાધુ અશન આદિ ચારે પ્રકારનો આહાર ગ્રહણ કરીને આવે અને ત્યાર પછી આહાર કરતા સમયે જાણે કે હજુ સૂર્યોદય થયો નથી અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે, તો તે સમયે જે આહાર મોઢામાં હોય, હાથમાં હોય, પાત્રમાં હોય તેને પરઠી દે તથા મોઢા આદિની શુદ્ધિ કરી લે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી. જો તે આહારને તે સ્વયં વાપરે અથવા અન્ય સાધુને આપે તો તેને રાત્રિભોજનનો દોષ લાગે છે અને તે અનુદ્દઘાતિક–ગુરુ ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**૭ भिक्खू य उग्गयवित्तीए अणत्थमिय संकप्पे संथडिए विइगिच्छासमावण्णे असणं वा जाव साइमं वा पडिग्गाहेत्ता आहारमाहारेमाणे अह पच्छा जाणेज्जा–**

**अणुग्गए सूरिए अत्थमिए वा से जं च आसयंसि, जं च पाणिंसि, जं च पडिग्गहे तं विगिंचमाणे वा विसोहेमाणे वा णो अइक्कमइ, तं अप्पणा भुंजमाणे, अण्णेसिं वा दलमाणे राईभोयणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં ભિક્ષાચર્યા કરવાની પ્રતિજ્ઞાથી બદ્ધ થયેલા કોઈ સમર્થ સાધુ સૂર્યોદય અથવા સૂર્યાસ્ત થયો છે કે નહીં ? તે વિષયમાં શંકાશીલ હોય અને અશન આદિ ચારે પ્રકારનો આહાર ગ્રહણ કરીને આવે, ત્યાર પછી આહાર કરતા સમયે જાણે કે– હજુ સૂર્યોદય થયો નથી અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે, તો તે સમયે જે આહાર મોઢામાં હોય, હાથમાં હોય, પાત્રમાં હોય તેને પરઠી દે તથા મોઢા આદિની શુદ્ધિ કરી લે તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી. જો તે આહારને તે સ્વયં વાપરે અથવા અન્ય સાધુને આપે તો તેને રાત્રિભોજનનો દોષ લાગે છે અને તે અનુદ્દઘાતિક-ગુરુ ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**૮ भिक्खू य उग्गयवित्तीए अणत्थमिय संकप्पे असंथडिए णिव्विइगिच्छे असणं वा *जाव* साइमं वा पडिग्गाहेत्ता आहारमाहारेमाणे अह पच्छा जाणेज्जा– अणुग्गए सूरिए अत्थमिए वा से जं च आसयंसि जं च पाणिंसि जं च पडिग्गहे तं विगिंचमाणे वा, विसोहेमाणे वा णो अइक्कमइ, तं अप्पणा भुंजमाणे अण्णेसिं वा दलमाणे, राईभोयणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં ભિક્ષાચર્યા કરવાની પ્રતિજ્ઞાથી બદ્ધ થયેલા કોઈ અસમર્થ સાધુ સૂર્યોદય અથવા સૂર્યાસ્તના વિષયમાં શંકારહિત અર્થાત્ સૂર્યોદય થઈ ગયો છે અથવા સૂર્યાસ્ત થયો નથી, તેવા નિશ્ચયપૂર્વક અશન આદિ ચારે પ્રકારનો આહાર ગ્રહણ કરીને આવે અને ત્યાર પછી આહાર કરતાં સમયે તે જાણે કે સૂર્યાદય થયો નથી અથવા સૂર્યોસ્ત થઈ ગયો છે, તો તે સમયે જે આહાર મોઢામાં હોય, હાથમાં હોય, પાત્રમાં હોય તેને પરઠી દે તથા મુખ આદિની શુદ્ધિ કરી લે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી. જો તે આહારને તે સ્વયં વાપરે અથવા અન્ય સાધુને આપે તો તેને રાત્રિભોજનનો દોષ લાગે છે અને તે અનુદ્દઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**૯ भिक्खू य उग्गयवित्तीए अणत्थमियसंकप्पे असंथडिए विइगिच्छासमावण्णे असणं वा *जाव* साइमं वा पडिग्गाहेत्ता आहारमाहारेमाणे अह पच्छा जाणेज्जा– अणुग्गए सूरिए अत्थमिए वा, से जं च आसयंसि जं च पाणिंसि जं च पडिग्गहे तं विगिंचमाणे वा, विसोहेमाणे वा णो अइक्कमइ, तं अप्पणा भुंजमाणे, अण्णेसिं वा दलमाणे, राईभोयणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં ભિક્ષાચર્યા કરવાની પ્રતિજ્ઞાથી બદ્ધ થયેલા કોઈ અસમર્થ સાધુ સૂર્યોદય અથવા સૂર્યાસ્ત થયો છે કે નહીં ? તે વિષયમાં શંકાશીલ હોય અને અશન આદિ

ચારે પ્રકારનો આહાર ગ્રહણ કરીને આવે. ત્યાર પછી આહાર કરતાં સમયે તે જાણે કે હજુ સૂર્યોદય થયો નથી અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે, તો તે સમયે જે આહાર મોઢામાં હોય, હાથમાં હોય, પાત્રમાં હોય તેને પરઠી દે તથા મોઢા આદિની શુદ્ધિ કરી લે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી. જો તે આહારને તે સ્વયં વાપરે અથવા અન્ય સાધુને આપે તો તેને રાત્રિભોજન સેવનનો દોષ લાગે છે અને તે અનુદ્દઘાતિક-ગુરુ ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચાર વિકલ્પો દ્વારા રાત્રિ ભોજનના અતિચાર અને તેના પ્રાયશ્ચિત્તનું વિધાન છે. સૂત્રકારે ચાર વિકલ્પોમાં સાધુના ચાર વિશેષણનો પ્રયોગ કર્યો છે.

**ચાર વિકલ્પો :–** (૧) સંસ્તૃત અને નિર્વિચિકિત્સ સાધુની અપેક્ષાથી, (૨) સંસ્તૃત અને વિચિકિત્સ સાધુની અપેક્ષાથી, (૩) અસંસ્તૃત અને નિર્વિચિકિત્સ સાધુની અપેક્ષાથી, (૪) અસંસ્તૃત અને વિચિકિત્સ સાધુની અપેક્ષાથી છે.

**સાધુના ચાર વિશેષણો :–** (૧) **संथडिए**– સંસ્તૃત. સમર્થ, સ્વસ્થ અને પ્રતિદિન પર્યાપ્તભોજી સાધુ. (૨) **असंथडिए**– અસંસ્તૃત. અસમર્થ, અસ્વસ્થ તથા અટ્ઠમ આદિ તપશ્ચર્યા કરનાર તપસ્વી સાધુ. અસંસ્તૃતના ત્રણ પ્રકાર છે– (૧) તપ અસંસ્તૃત (૨) ગ્લાન અસંસ્તૃત (૩) અધ્વાન અસંસ્તૃત. **૧. તપ અસંસ્તૃત**– તપશ્ચર્યા કરવાથી જે સાધુ અસમર્થ થઈ ગયા હોય તે, **૨. ગ્લાન અસંસ્તૃત**– રોગ આદિથી જે સાધુ અશક્ત થઈ ગયા હોય તે, **૩. અધ્વાન અસંસ્તૃત**– માર્ગના થાકથી જે સાધુ કલાંત થઈ ગયા હોય તે. (૩) **विइगिच्छासमावण्णे**– વિચિકિત્સ. સૂર્યોદય અથવા સૂર્યાસ્ત થયો છે કે નહીં ? તે વિષયમાં શંકાશીલ, સંશયવાળા સાધુ. (૪) **णिव्विइगिच्छे**– નિર્વિચિકિત્સ, સંશયરહિત. સૂર્યોદય થઈ ગયો છે અથવા સૂર્યાસ્ત થયો નથી, તેવા નિશ્ચયવાળા સાધુ.

ઉપરોક્ત ચાર વિકલ્પોમાંથી બીજા અને ચોથા વિકલ્પવાળા સાધુ સૂર્યોદય અને સૂર્યાસ્તના વિષયમાં શંકાશીલ છે, પહેલા અને ત્રીજા વિકલ્પવાળા સાધુ શંકારહિત હોવા છતાં તેને મેઘાચ્છાદિત આકાશ આદિ કારણથી સૂર્યોદય કે સૂર્યાસ્તના વિષયમાં ભ્રમ થાય અને આહાર-પાણી ગ્રહણ કરે પરંતુ જ્યારે વાસ્તવિકતા સમજાઈ જાય કે સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી આહાર ગ્રહણ થઈ ગયો છે તો તેણે તુરંત જ તે આહારને પરઠી દેવો જોઈએ. જો તે આહાર પરઠે નહીં તો તેને રાત્રિભોજનનો દોષ લાગે છે અને તેથી તે સાધુ ગુરુચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે. તેનું કથન નિશીથ સૂત્ર, ઉદ્દેશક–૧૦માં પણ છે.

**ઉદ્‌ગાલ(ઘચરકા) સબંધી વિવેક અને પ્રાયશ્ચિત :–**

**१० इह खलु णिग्गंथस्स वा णिग्गंथीए वा राओ वा वियाले वा सपाणे सभोयणे उग्गाले आगच्छेज्जा, तं विगिंचमाणे वा विसोहेमाणे वा णो अइक्कमइ। तं उग्गलित्ता पच्चोगिलमाणे राईभोयणपडिसेवणपत्ते आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** જો કોઈ સાધુ અથવા સાધ્વીને રાત્રે અથવા સંધ્યા સમયે(પૂર્વે ગ્રહણ કરેલા) પાણી અને આહારનો ઘચરકો આવે અને તે તેને થૂંકી દે, મોઢું ચોક્ખું કરી લે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

જો ઘચરકો આવે અને ગળી જાય, તો તેને રાત્રિભોજનનો દોષ લાગે છે અને તે અનુદ્ઘાતિક ગુરુ ચાતુર્માસિક પ્રાયતિશ્ચત્તને પ્રાપ્ત થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઉદ્ગાલ-ઘચરકાને ગળી જવાનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે. રાત્રે અથવા સંધ્યાકાળે ઘચરકો આવે તો સૂત્રોક્ત વિધિ અનુસાર વસ્ત્ર આદિથી મોઢાને શુદ્ધ કરી લેવું જોઈએ. જો તે મોઢામાં પાછા આવેલા આહાર-પાણીને ગળી જાય તો તેને રાત્રિભોજનનો દોષ લાગે છે અને તેથી તે સૂત્રોક્ત પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે. આ વિષયને સ્પષ્ટ કરવા માટે ભાષ્યકારે એક રૂપક આપ્યું છે.

જેમ કડાઈમાં તેના પ્રમાણથી ઓછું દૂધ નાંખીને ઉકાળવામાં આવે તો તેની અંદર જ ઉકળે છે બહાર આવતું નથી પરંતુ જ્યારે કડાઈમાં અધિક દૂધ ભરીને ઉકાળવામાં આવે તો તેમાંથી દૂધ ઉભરાઈને બહાર આવે છે. તે રીતે મર્યાદાથી વધારે આહાર કરવાથી ઘચરકો આવે છે અને ઓછો આહાર કરવાથી ઘચરકો આવતો નથી, તેથી સાધુએ આહારના પ્રમાણમાં વિવેક રાખવો જરૂરી છે.

**સંસક્ત આહાર વાપરવાનો વિવેક :–**

**११ णिग्गंथस्स य गाहावइकुलं पिंडवायपडियाए अणुप्पविट्ठस्स अंतो पडिग्गहंसि पाणाणि वा बीयाणि वा रए वा परियावज्जेज्जा, तं च संचाएइ विगिंचित्तए वा विसोहित्तए वा तं पुव्वामेव विगिंचिय विसोहिय, तओ संजयामेव भुंजेज्ज वा पिएज्ज वा । तं च णो संचाएइ विगिंचित्तए वा विसोहित्तए वा तं णो अप्पणा भुंज्जेजा, णो अण्णेसिं दावए, एगंते बहुफासुए थंडिले पडिलेहित्ता पमज्जित्ता परिट्ठवेयव्वे सिया ।**

**ભાવાર્થ :–** સાધુ ગૃહસ્થના ઘરે આહાર-પાણી માટે પ્રવેશ કરે ત્યારે આહારના પાત્રમાં કોઈ પ્રાણી, બીજ અથવા સચિત રજ પડી ગયા હોય અને તેને દૂર કરી શકાય તેમ હોય, વિશુદ્ધ કરી શકાય તેમ હોય તો, તે બીજ આદિને દૂર કરીને, વિશુદ્ધ કરીને પછી યતનાપૂર્વક તે આહાર-પાણી વાપરે અથવા પીએ. જો તેને દૂર કરવા અથવા વિશુદ્ધ કરવા સંભવિત ન હોય તો તેનો સ્વયં ઉપભોગ ન કરે અને બીજાને પણ ન આપે પરંતુ એકાંત અને નિર્દોષ સ્થંડિલ ભૂમિમાં પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને પરઠી દે.

**१२ णिग्गंथस्स य गाहावइकुलं पिंडवायपडियाए अणुप्पविट्ठस्स अंतो पडिग्गहंसि दए वा दगरए वा दगफुसिए वा परियावज्जेज्जा से य उसिणभोयणजाए परिभोत्तव्वे सिया । से य सीए भोयणजाए तं णो अप्पणा भुंजेज्जा, णो अण्णेसिं दावए, एगंते बहुफासुए थंडिले पडिलेहित्ता पमज्जित्ता परिट्ठवेयव्वे सिया ।**

**ભાવાર્થ :–** સાધુ ગૃહસ્થના ઘરમાં આહાર-પાણી માટે પ્રવેશ કરે, ત્યારે સાધુના આહારના પાત્રામાં જો સચિત્ત પાણી અથવા સચિત્ત પાણીના ટીપાં પડી ગયા હોય કે સચિત્ત પાણીનો સ્પર્શ થઈ ગયો હોય અને તે આહાર ગરમ હોય તો તે આહારને સ્વયં વાપરે અને જો તે આહાર ઠંડો હોય તો સ્વયં વાપરે નહીં, બીજાને વાપરવા આપે નહીં પરંતુ એકાંત અને નિર્દોષ સ્થંડિલ ભૂમિમાં પરઠી દે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધુને ત્રસ-સ્થાવર જીવોથી સંસક્ત આહાર વાપરવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે. સાધુ ગૃહસ્થને ત્યાંથી ગવેષણા સહિત ઉપયોગપૂર્વક આહાર ગ્રહણ કરે છે. ક્યારેક ગૃહસ્થ આહાર વહોરાવતા હોય ત્યારે માખી, મચ્છર આદિ જીવજંતુ અચાનક પાત્રમાં પડી જાય, ક્યારેક કોઈ બીજ સહિતનો આહાર ગ્રહણ થઈ જાય, ક્યારેક અચાનક વરસાદ આવે અને સચેત પાણીના ટીપાં આહારમાં મિશ્રિત થઈ જાય, ક્યારેક સચેત મિશ્રિત આહાર ગ્રહણ થઈ જાય, આ રીતે કોઈ પણ નિમિત્તથી સાધુનો આહાર સચિત્ત સંસક્ત બની જાય અને સાધુને આહારનું પ્રતિલેખન કરતા સચિત્ત સંસક્તતાનો ખ્યાલ આવે તો સાધુએ વિવેકપૂર્વક અત્યંત યતનાથી માખી, મચ્છર, બીજ આદિને બહાર કાઢીને આહાર વાપરવો જોઈએ. જો આહારમાંથી સચિત્ત બીજ આદિ કાઢી શકાય તેમ ન હોય, જેમ કે લાડવાની ઉપર ખસખસ નાંખી હોય, સાકર સાથે સચેત મીઠું મિશ્રિત થયેલું હોય, સ્નિગ્ધ પ્રવાહી પદાર્થમાં કીડી મંકોડા ચડી ગયા હોય, ત્યારે તે આહાર નિર્દોષ ભૂમિમાં વિવેકપૂર્વક પરઠી દેવો જોઈએ,

જો સચેત પાણીના ટીપાં ગરમ પદાર્થોમાં મિશ્રિત થયા હોય તો તે ટીપા શસ્ત્ર પરિણત થઈ જાય છે અને તે આહાર સાધુ વાપરી શકે છે સાધુ પરંતુ ખાખરા જેવી સૂકી વસ્તુ પર સચિત્ત પાણીના ટીપાં પડ્યા હોય, તો તે પાણીના ટીપાં શસ્ત્ર પરિણત થતા નથી, તેથી તેવો આહાર સાધુ સ્વયં વાપરે નહીં પણ પરઠી દે.

સંક્ષેપમાં સચિત્ત પદાર્થ અથવા સચિત્ત મિશ્રિત ખાદ્યપદાર્થ અસાવધાનીથી ગ્રહણ થયા હોય અને સચિત્ત પદાર્થ જુદા થઈ શકે તો તેને જુદા કરીને અચિત્ત આહાર વાપરવો જોઈએ અને સચિત્ત બીજ આદિ કાઢવા શક્ય ન હોય, તો તે મિશ્રિત આહાર, પરઠી દેવો જોઈએ.

**પશુ–પક્ષીના સ્પર્શજન્ય વિકારભાવનું પ્રાયશ્ચિત :–**

**१३ णिग्गंथीए य राओ वा वियाले वा उच्चारं वा पासवणं वा विगिंचमाणीए वा विसोहेमाणीए वा अण्णयरे पसुजाईए वा पक्खिजाईए वा अण्णयरं इंदियजायं परामुसेज्जा, तं च णिग्गंथी साइज्जेज्जा हत्थकम्म पडिसेवणपत्ता आवज्जइ मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** રાત્રે કે વિકાલમાં મળ-મૂત્રના ત્યાગ સમયે અથવા શુદ્ધિ કરવાના સમયે સાધ્વીજીના શરીર(ઇંદ્રિય)ને કોઈ પશુ-પક્ષીનો સ્પર્શ થઈ જાય અને સાધ્વી તે સ્પર્શનું વિકાર ભાવથી અનુમોદન કરે તો તેને હસ્તકર્મ દોષ લાગે છે અને તે અનુદ્ઘાતિક-ગુરુ માસિક પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

**१४ णिग्गंथीए य राओ वा वियाले वा उच्चारं वा पासवणं वा विगिंचमाणीए वा विसोहेमाणीए वा अण्णयरे पसुजाईए वा पक्खिजाईए वा अण्णयरंसि सोयंसि ओगाहेज्जा, तं च णिग्गंथी साइज्जेज्जा, मेहुणपडिसेवणपत्ता आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।**

**ભાવાર્થ :–** રાત્રે અથવા વિકાલમાં મળ-મૂત્રના પરિત્યાગ સમયે અથવા શુદ્ધિ કરવાના સમયે કોઈ પશુ-પક્ષી સાધ્વીના શ્રોત(યોનિ)નું અવગાહન કરે અને તે સાધ્વી વિકાર ભાવથી તેનું અનુમોદન કરે તો

તેને મૈથુનસેવનનો દોષ લાગે છે અને તે અનુદ્‌ઘાતિક-ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**સાધ્વીને એકલા જવાનો નિષેધ :–**

**૧૫ णो कप्पइ णिग्गंथीए एगाणियाए गाहावइकुलं पिंडवायपडियाए णिक्खमित्तए वा पविसित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધ્વીને ગૃહસ્થના ઘરમાં આહારને માટે એકલા જવું-આવવું કલ્પતું નથી.

**૧૬ णो कप्पइ णिग्गंथीए एगाणियाए बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खमित्तए वा पविसित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધ્વીને શૌચને માટે તથા સ્વાધ્યાયને માટે ઉપાશ્રયની બહાર એકલા જવું-આવવું કલ્પતું નથી.

**૧૭ णो कप्पइ णिग्गंथीए एगाणियाए गामाणुगामं दूइज्जित्तए, वासावासं वा वत्थए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને એક ગામથી બીજે ગામ એકલા વિહાર કરવો તથા વર્ષાવાસ રહેવું કલ્પતું નથી.

**વિવેચન :–**

સાધ્વીને કોઈ સ્થાને એકલા રહેવું અથવા એકલા જવું-આવવું યોગ્ય નથી કારણ કે સ્ત્રીને એકલી જોઈને દુરાચારી મનુષ્ય દ્વારા આક્રમણ અને બળાત્કારની સંભાવના રહે છે. શીલની રક્ષા માટે સાધ્વીએ ક્યાંય એકલા જવું યોગ્ય નથી.

**સાધ્વીને વસ્ત્ર, પાત્ર રહિત થવાનો નિષેધ :–**

**૧૮ णो कप्पइ णिग्गंथीए अचेलियाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને વસ્ત્રરહિત થવું કલ્પતું નથી.

**૧૯ णो कप्पइ णिग्गंथीए अपाइयाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને પાત્રરહિત રહેવું કલ્પતું નથી.

**વિવેચન :–**

સાધ્વીને માટે અચેલ થવાનો અને જિનકલ્પી થવાનો નિષેધ છે. સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મમાં સાધુને માટે અચેલ રહેવાનું કથન છે, પરંતુ સાધ્વીને માટે લોક અપવાદ, પુરુષનું આકર્ષણ આદિ અનેક દોષોની સંભાવનાથી વસ્ત્રરહિત રહેવાનો સર્વથા નિષેધ છે. પાત્રા ન રાખે તો તેને કર પાત્રમાં ગૃહસ્થને ત્યાં જ આહાર કરવો પડે, ગૃહસ્થને ત્યાં વધુ સમય રોકવાથી સાધ્વીને અનેક આપત્તિઓની સંભાવના છે, તેથી સાધ્વીને પાત્ર રાખવા જરૂરી છે.

**સાધ્વીને પ્રતિજ્ઞાબદ્ધ થઈને આસન આદિ કરવાનો નિષેધ :–**

**૨૦ णो कप्पइ णिग्गंथीए वोसट्ठकाइयाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને સર્વથા શરીર વોસિરાવીને રહેવું કલ્પતું નથી.

**૨૧ णो कप्पइ णिग्गंथीए बहिया गामस्स वा** *जाव* **रायहाणीए वा उड्ढं बाहाओ पगिज्झिय पगिज्झिय सूराभिमुहीए एगपाइयाए ठिच्चा आयावणाए आयावेत्तए ।**

**कप्पइ से उवस्सयस्स अंतोवगडाए संघाडिपडिबद्धाए समतलपाइयाए पलंबियबाहियाए ठिच्चा आयावणाए आयावेत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને ગ્રામ ***યાવત્*** રાજધાનીની બહાર બંને હાથને ઉપરની તરફ કરીને, સૂર્ય તરફ મુખ રાખીને તથા એક પગે ઊભા રહીને આતાપના લેવી કલ્પતી નથી પરંતુ ઉપાશ્રયની અંદર પડદો બાંધી બંને હાથ નીચા રાખીને, બંને પગને સરખા રાખી ઊભા રહીને આતાપના લેવી કલ્પે છે.

**૨૨ णो कप्पइ णिग्गंथीए ठाणाइयाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને ઊભા રહીને કાયોત્સર્ગ કરવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

**૨૩ णो कप्पइ णिग्गंथीए पडिमट्ठाइयाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને એક રાત્રિ આદિનો કાયોત્સર્ગ કરવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

**૨૪ णो कप्पइ णिग्गंथीए उक्कुडुयासणियाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને ઉત્કુટ આસને સ્થિત રહેવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

**૨૫ णो कप्पइ णिग्गंथीए णिसज्जियाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને નિષદ્યાસનથી સ્થિત રહેવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

**૨૬ णो कप्पइ णिग्गंथीए वीरासणियाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને વીરાસનથી સ્થિત રહેવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

**૨૭ णो कप्पइ णिग्गंथीए दंडासणियाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને દંડાસનથી સ્થિત રહેવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

**૨૮ णो कप्पइ णिग्गंथीए लगंडसाइयाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને લકુટાસનથી સ્થિત રહેવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

**૨૯ णो कप्पइ णिग्गंथीए ओमंथियाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને ઉંધા સૂઈને સ્થિત રહેવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

**૩૦ णो कप्पइ णिग्गंथीए उत्ताणियाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને ઉત્તાનાસનથી સ્થિત રહેવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

**૩૧ णो कप्पइ णिग्गंथीए अंबखुज्जियाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને આમ્ર–કુબ્જિકાસનમાં સ્થિત રહેવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

**૩૨** **णो कप्पइ णिग्गंथीए एगपासियाए होत्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વીને એક પડખેથી શયન કરવાનો અભિગ્રહ કરવો કલ્પતો નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધ્વીને માટે કેટલીક નિષિદ્ધ ક્રિયાઓનો ઉલ્લેખ છે. શરીરને સર્વથા વોસિરાવીને મનુષ્ય, તિર્યંચ અથવા દેવ સંબંધી ઉપસર્ગ સહન કરવા, ગ્રામ આદિની બહાર જઈને આતાપના લેવી, સમય નિશ્ચિત કરીને લાંબા કાળ સુધી ઊભા રહીને કાયોત્સર્ગ કરવો, એકાકીપણે આરાધના કરી શકાય, તેવી સાધુની ૧૨ પ્રતિમા, મોકપડિમા આદિ પ્રતિમાઓનું વહન કરવું, સમય નિશ્ચિત કરીને અભિગ્રહપૂર્વક પાંચ પ્રકારના નિષદ્યાસનથી બેસવું વગેરે ક્રિયાઓનો સાધ્વીને માટે નિષેધ છે.

પાંચ પ્રકારની નિષદ્યા આ પ્રમાણે છે– **(૧) સમપાદપુતા–** જેમાં બંને પગ નિતંબ ભાગનો સ્પર્શ કરે. **(૨) ગો–નિષદ્યકા–** ગાયની સમાન બેસવું. **(૩) હસ્તિશુન્ડિકા–** બન્ને નિતંબોના બળે બેસીને એક પગ હાથીની સૂંઢની જેમ ઉપર રાખીને બેસવું. **(૪) પર્યંકાસન–** પદ્માસનથી બેસવું. **(૫) અર્ધપર્યંકાસન–** અર્ધ પદ્માસન અર્થાત્ એક પગની ઉપર બીજો પગ રાખીને બેસવું. આ આસનોનું સ્વરૂપ દશાશ્રુતસ્કંધ, દશા.૭માં કહ્યું છે.

ભાષ્યકારે સાધ્વીને માટે ઉપરોક્ત અભિગ્રહપૂર્વકના આસનના નિષેધનું કારણ સ્પષ્ટ કર્યું છે કે સૂત્રોક્ત આસનમાં અભિગ્રહપૂર્વક સ્થિત સાધ્વીને કોઈ કામાતુર પુરુષ ઉપસર્ગ કરે, તો અભિગ્રહ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેણી તેનો પ્રતિકાર કરી શકતી નથી. અભિગ્રહ આદિ સાધનાઓ વિશેષ નિર્જરાના સ્થાન છે, તો પણ સાધ્વીને માટે બ્રહ્મચર્ય મહાવ્રતની સુરક્ષા માટે બાધક હોવાથી તેનો નિષેધ છે. સમય નિર્ધારિત કર્યા વિના સાધ્વી કોઈ પણ આસનમાં ઊભી રહે, બેસે અથવા સૂએ તો તેનો નિષેધ નથી.

**આકુંચનપટ્ટક ધારણ કરવાનો વિવેક :–**

**૩૩** **णो कप्पइ णिग्गंथीणं आकुंचणपट्टगं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને આકુંચનપટ્ટક રાખવો અથવા ઉપયોગમાં લેવો કલ્પતો નથી.

**૩૪** **कप्पइ णिग्गंथाणं आकुंचणपट्टगं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુઓને આકુંચનપટ્ટક રાખવો અથવા ઉપયોગમાં લેવો કલ્પે છે.

**વિવેચન :–**

**આકુંચનપટ્ટક**–તેનું બીજું નામ પર્યસ્તિકાપટ્ટક છે. તે ચાર આંગળ પહોળું અને શરીર પ્રમાણ લાંબુ સુતરાઉ વસ્ત્ર હોય છે. ભીંત આદિનો સહારો ન લેવાના સમયે તેનો ઉપયોગ થાય છે.

વૃદ્ધ, ગ્લાન આદિ સાધુને દિવાલનું આલંબન(ઓઠિંગણ) લઈને બેસવું આવશ્યક હોય અને દિવાલ પર ઉધઈ આદિ જીવોની સંભાવના હોય તો દિવાલાદિનું ઓઠીંગણ ન લઈ શકે ત્યારે આકુંચન પટ્ટકનો ઉપયોગ કરે છે. ઘૂંટણથી પગને ઊંચા કરીને, કમર સાથે પગને પર્યસ્તિકાપટ્ટક(આકુંચનપટ્ટક)થી બાંધી દેવાથી આરામ ખુરશીની જેમ શરીરની સ્થિતિ થઈ જાય છે અને દિવાલના સહારાની જેવો જ શરીરને આરામ મળે છે.

પર્યસ્તિકાપટ્ટક બાંધીને બેસવું તે ગર્વ યુક્ત આસન છે. સાધ્વીની શારીરિક સ્થિતિના કારણે આ રીતે બેસવું–લોકનિંદિત થાય છે, તેથી સાધ્વીને માટે પર્યસ્તિકાપટ્ટકનો નિષેધ છે.

ભાષ્યકારે કહ્યું છે કે અત્યંત આવશ્યક હોય તો સાધ્વીએ પર્યસ્તિકાપટ્ટક બાંધીને તેના ઉપર વસ્ત્ર ઓઢીને બેસવામાં વિવેક રાખવો જોઈએ. સાધુએ પણ સામાન્યરીતે પર્યસ્તિકાપટ્ટક ન વાપરવું જોઈએ કારણ કે આ ઔપગ્રહિક ઉપકરણ છે, તેથી વિશેષ પરિસ્થિતિમાં જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

**અવલંબનયુક્ત આસન :–**

**૩૫ णो कप्पइ णिग्गंथीणं सावस्सयंसि आसणंसि आसइत्तए वा तुयट्टित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધ્વીને આલંબનયુક્ત આસન પર બેસવું અથવા સૂવું કલ્પતું નથી.

**૩૬ कप्पइ णिग्गंथाणं सावस्सयंसि आसणंसि आसइत्तए वा तुयट्टित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુને આલંબનયુક્ત આસન પર બેસવું અથવા સૂવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આધારયુક્ત ખુરશી આદિ આસનોનું વર્ણન છે. જરૂરિયાત હોય તો સાધુ આ સાધનોનો ઉપયોગ કરી શકે છે અને આ પ્રકારના આસન ન મળે ત્યારે પર્યાસ્તિકાપટ્ટકનો ઉપયોગ થાય છે. અલંબન યુક્ત ખુરશી આદિ પર આરામથી બેસવું, તે અભિમાન સૂચક છે. લોક વ્યવહારમાં પણ નિંદિત ગણાય છે, તેથી સાધ્વીને માટે આલંબનયુક્ત આસનનો નિષેધ છે. સાધુ-સાધ્વી ક્યારેક સામાન્ય રીતે ખુરશી વગેરે ઉપકરણ ઉપયોગમાં લેવા જરૂરી હોય તો આધાર લીધા વિના વિવેકપૂર્વક તેનો ઉપયોગ કરી શકે છે.

**સવિસાણ પીઠ આદિનો ઉપયોગ :–**

**૩૭ णो कप्पइ णिग्गंथीणं सविसाणंसि पीढंसि वा फलगंसि वा आसइत्तए वा तुयट्टित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને સવિષાણ પીઠ(સિંહાસન) અથવા ફલક (સુવાની પાટ) પર બેસવું અથવા સૂવું કલ્પતું નથી.

**૩૮ कप्पइ णिग्गंथाणं सविसाणंसि पीढंसि वा फलगंसि वा आसइत्तए वा तुयट्टित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુઓને સવિષાણ પીઠ(સિંહાસન) પર અથવા ફલક પર બેસવું અથવા સુવું કલ્પે છે.

**વિવેચન :–**

પીઠ અથવા ફલક પર શિંગડા જેવા ઉપર ઉઠેલા નાના-નાના સ્તંભ હોય છે તેને સવિષાણ પીઠ કહે છે. તેના નાના સ્તંભ ગોળ અને અણીદાર હોવાથી સાધ્વી માટે તે આકાર દોષથી દૂષિત છે અને તેથી તેનો ઉપયોગ કરવાનો  નિષેધ છે સાધુને પણ અન્ય પીઠ ફલક મળી જાય તો વિષાણયુક્ત પીઠ ફલક આદિ ઉપયોગમાં લેવા યોગ્ય નથી. પરંપરા અનુસાર સવિષાણ પીઠનો અર્થ સિંહાસન થાય છે.

**સાધ્વીને માટે નિષિદ્ધ ઉપકરણ :–**

**૩૯** **णो कप्पइ णिग्गंथीणं सवेंटयं लाउय धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને સંવૃત-નાલ સહિતનું તુંબડું રાખવું અથવા તેનો ઉપયોગ કરવો કલ્પતો નથી.

**૪૦** **कप्पइ णिग्गंथाणं सवेंटयं लाउयं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુઓને સંવૃત-નાલ સહિતનું તુંબડું રાખવું અને તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

**૪૧** **णो कप्पइ णिग्गंथीणं सवेंटियं पायकेसरियं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધ્વીઓને સંવૃત–પાત્રકેસરિકા–દાંડીવાળો પાત્રા પોંજવાનો ગુચ્છો રાખવો અથવા તેનો ઉપયોગ કરવો કલ્પતો નથી.

**૪૨** **कप्पइ णिग्गंथाणं सवेंटियं पायकेसरियं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુઓને સંવૃત-પાત્રકેસરિકા-દાંડીવાળો પાત્રા પોંજવાનો ગુચ્છો રાખવો અથવા તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

**૪૩** **णो कप्पइ णिग्गंथीणं दारुदण्डयं पायपुंच्छणं धारेत्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધ્વીને દારૂદંડવાળું-લાકડાની દાંડીવાળું પાદપ્રોંછન રાખવું અથવા તેનો ઉપયોગ કરવો કલ્પતો નથી.

**૪૪** **कप्पइ णिग्गंथाणं दारुदंडयं पायपुंछणं धारित्तए वा परिहरित्तए वा ।**

**ભાવાર્થ :–** સાધુને દારૂદંડવાળું-લાકડાની દાંડીવાળું પાદપ્રોંછન રાખવું અથવા તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાધ્વીને માટે નિષિદ્ધ કેટલાક ઉપકરણોનું નિરૂપણ છે. સંવૃત્ત તુંબડું અર્થાત્ નાલ સહિતનું તુંબડું, દાંડીવાળો પાત્રા પોંજવાનો ગુચ્છો અથવા લાકડાના દંડના એક છેડે કપડું બાંધેલું હોય અને તે તુંબડા આદિને પોંજવાના ઉપયોગમાં લેવાતું હોય, તે ઉપકરણ(ગુચ્છો આદિ) તે તથા લાકડાના દંડવાળું પાદપ્રોંછન આકાર દોષથી દૂષિત હોવાથી સાધ્વીને ઉપયોગમાં લેવું કલ્પતું નથી. ઉપરોક્ત ઉપકરણો જરૂરિયાત પ્રમાણે સાધુ વાપરી શકે છે.

**પરસ્પર મોક આદાન–પ્રદાન :–**

**૪૫** **णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण अण्णमण्णस्स मोयं आइयत्तए (आपिबित्तए) वा आयमित्तए वा णण्णत्थ गाढाऽगाढेसु रोगायंकेसु ।**

**ભાવાર્થ :–** સાધુઓ અને સાધ્વીઓને એકબીજાનું મૂત્ર પીવા માટે અથવા માલિશ કરવા માટે આપવું કલ્પતું નથી, ઉગ્રરોગ અને રોગાંતકોમાં કલ્પે છે.

**વિવેચન :–**

અનેક રોગોમાં ગાય, બકરી આદિના મૂત્રનું પાન તથા અનેક રોગોમાં સ્વયંના મૂત્રનું પાન તથા

તેનું માલિશ કરવાનું ચિકિત્સાશાસ્ત્રમાં વિધાન છે, તેથી ક્યારેક સાધુ-સાધ્વીને પરસ્પર મૂત્રનું આદાન-પ્રદાન કરવાનો પ્રસંગ આવી શકે છે. આ અપેક્ષાએ આ સૂત્રમાં કથન કર્યું છે. સામાન્ય સ્થિતિમાં પરસ્પર આદાન–પ્રદાનનો નિષેધ છે, વિશિષ્ટ પરિસ્થિતિમાં તેનો આગાર છે.

**વાસી આહાર–ઔષધનો વિવેક :–**

**૪૬ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पारियासियस्स आहारस्स तयप्पमाणमेत्तमवि भूइप्पमाणमेत्तमवि बिंदुप्पमाणमेत्तमवि आहारमाहारित्तए, णण्णत्थ आगाढाऽगाढेसु रोगायंकेसु ।**

**ભાવાર્થ :–** સાધુ-સાધ્વીઓને પરિવાસિત(રાત્રે રાખેલો) આહાર ત્વક્ પ્રમાણ–તૃણ જેટલો, ભૂતિ પ્રમાણ–એક ચપટી જેટલો વાપરવો અને બિંદુ પ્રમાણ પાણી પણ પીવું કલ્પતું નથી, ઉગ્રરોગો અને રોગાંતકોમાં કલ્પે છે.

**૪૭ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पारियासिएणं आलेवणजाएणं गायाइं आलिंपित्तए वा विलिंपित्तए वा, णण्णत्थ आगाढाऽगाढेहिं रोगायंकेहिं।**

**ભાવાર્થ :–** સાધુઓ અને સાધ્વીઓને પરિવાસિત-રાત્રે રાખેલા કોઈપણ પ્રકારના લેપ પોતાના શરીર પર એકવાર અથવા વારંવાર લગાવવા કલ્પતા નથી, ઉગ્રરોગો અને રોગાતંકોમાં લગાવવા કલ્પે છે.

**૪૮ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पारियासिएणं तेल्लेण वा जाव णवणीएण वा वसाए वा गायाइं अब्भंगित्तए वा मक्खित्तए वा णण्णत्थ आगाढाऽगाढेहिं रोगायंकेहिं ।**

**ભાવાર્થ :–** સાધુઓ અને સાધ્વીઓને પરિવાસિત-રાત્રિ રાખેલા તેલ ***યાવત્*** માખણ, સ્નિગ્ધ પદાર્થ પોતાના શરીરે ચોપડવા અથવા માલિશ કરવા કલ્પતા નથી, ઉગ્રરોગો અથવા રોગાતંકોમાં કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં આહાર અને ઔષધને રાત્રે રાખવાના તથા તેના ઉપયોગના વિવેકને પ્રદર્શિત કર્યો છે. સાધુઓ અને સાધ્વીઓને ખાવા-પીવા યોગ્ય ખાદ્ય પદાર્થો, લેપ-ચોપડવા યોગ્ય પદાર્થો અને મર્દન કરવા યોગ્ય તેલાદિ પદાર્થોનો સંચય કરવો તથા તે પદાર્થોને રાત્રે રાખવાનો ઉત્સર્ગમાર્ગમાં સર્વથા નિષેધ છે અને આ કાર્યોને માટે પ્રાયશ્ચિત્તનું પણ વિધાન છે.

ઉગ્રરોગ અથવા મારણાંતિક આંતક(બીમારી) થાય ત્યારે પૂર્વોક્ત અત્યંત આવશ્યક પદાર્થોનો સંચય કરવો રાત્રે રાખવાનું અપવાદમાર્ગમાં વિધાન છે.

ગીતાર્થ સાધુ જાણે કે આખા ગામમાં મહામારી વગેરે કોઈ રોગચાળો ફેલાઈ રહ્યો છે, ગામ ખાલી થઈ રહ્યું છે. પોતાના સંઘાડામાં કોઈ વૃદ્ધ, સ્થવિર સાધુ બીમાર છે, તે ચાલવામાં અસમર્થ છે. તેના માટે આવશ્યક ઔષધો આસપાસના ગામમાં પ્રાપ્ત ન થવાથી દૂરના ગામમાંથી લાવેલા છે. તેવી પરિસ્થિતિમાં અલભ્ય પદાર્થોનો સંચય કરી શકે છે, તેને રાત્રિવાસ રાખી શકે છે અને અનિવાર્ય સંયોગોમાં વિવેકપૂર્વક તેનો ઉપયોગ કરી શકે છે.

**णणत्थ आगाढाऽगाढेहिं रोगायंकेहिं.....** પ્રાણઘાતક ઉગ્રરોગ આદિ વિશિષ્ટ પરિસ્થિતિમાં સૂત્રોક્ત મર્યાદાનો આગાર–છૂટ હોય છે.

સામાન્ય રીતે સાધુ–સાધ્વી આહાર–પાણી કે ઔષધ રાત્રિવાસ રાખતા નથી પરંતુ કોઈ અનિવાર્ય સંયોગોમાં ગીતાર્થ સાધુની આજ્ઞા પૂર્વક રાત્રે રાખી શકે છે અને વિવેક પૂર્વક તેનો ઉપયોગ કરી શકે છે. રાત્રે રાખેલા દ્રવ્યોને દિવસે ખાવા-પીવાના ઉપયોગમાં લઈ શકે છે અને જરૂર પડે તો રાત્રે તેનો લેપ વગેરે કરી શકે છે. પદાર્થોને રાત્રિવાસ રાખવા તથા તેનો ઉપયોગ કરવાની વિધિનું વિસ્તૃત વર્ણન ભાષ્યમાં છે.

**आलिंपित्तए–આલેપન :–** એકવાર લેપ કરવો અથવા શરીરમાં જલન આદિ થવાથી સર્વાંગે લેપ કરવો.

**विलिंपित्तए–વિલેપન :–** વારંવાર લેપ કરવો અથવા મસ્તક આદિ વિશિષ્ટ અંગે લેપ કરવો.

સાધુ–સાધ્વીઓએ સૌંદર્ય વૃદ્ધિ માટે કોઈ પ્રકારના આલેપન, વિલેપનનો પ્રયોગ કરવો કલ્પતો નથી; ફક્ત રોગાદિની ઉપશાંતિ માટે લેપ્ય પદાર્થોનો પ્રયોગ કરી શકે છે.

### પારિહારિક સાધુનું દોષ–સેવન તથા પ્રાયશ્ચિત્ત :–

**૪૯ परिहारकप्पट्ठिए भिक्खू बहिया थेराणं वेयावडियाए गच्छेज्जा, से य आहच्च अइक्कमेज्जा, तं च थेरा जाणेज्जा अप्पणो आगमेणं अण्णेसिं वा अंतिए सोच्चा, तओ पच्छा तस्स अहालहुसए णाम ववहारे पट्ठवियव्वे सिया ।**

**ભાવાર્થ :–** પરિહારકલ્પસ્થિત સાધુ જો સ્થવિરોની સેવાને માટે ક્યાંય બહાર જાય અને કદાચિત પરિહારકલ્પમાં કોઈ દોષ સેવન કરે, આ વૃત્તાંત સ્થવિર સાધુ પોતાના જ્ઞાનથી અથવા અન્ય પાસેથી સાંભળીને જાણે તો વૈયાવચ્ચથી નિવૃત્ત થયા પછી સ્થવિર સાધુએ તેને અત્યંત અલ્પ પ્રસ્થાપના-પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પારિહારિક સાધુએ વિશિષ્ટ પરિસ્થિતિમાં કરેલા દોષ સેવનના પ્રાયશ્ચિત્તનું કથન છે. સૂત્રગત વૈયાવૃત્ય પદના ઉપલક્ષણથી અન્ય આવશ્યક કાર્ય પણ ગ્રહણ કરાય છે. આચાર્ય અથવા ગણપ્રમુખ આદિ પરિહારતપ વહન કરનાર સાધુને અન્ય સાધુની વૈયાવચ્ચ માટે અથવા અન્યદાર્શનિકો સાથે શાસ્ત્રાર્થ કરવા અન્યત્ર મોકલે અથવા તે સ્વયં અનિવાર્ય કારણોથી અન્યત્ર જાય અને ત્યાં તેના પરિહારતપની મર્યાદાનું અતિક્રમણ થઈ જાય ત્યારે તેના અતિક્રમણને આચાર્ય આદિ સ્વયં પોતાના જ્ઞાનબળથી અથવા અન્ય કોઈ દ્વારા જાણે તો તેને અતિઅલ્પ પ્રાયશ્ચિત્ત આપે કારણ કે તેનું પરિહારતપ વૈયાવચ્ચ અથવા શાસ્ત્રાર્થ આદિ વિશેષ કારણોથી ખંડિત થયું છે.

### પૌષ્ટિક ભોજનની પ્રાપ્તિ પછી ગોચરી જવાનો વિવેક :–

**૫૦ णिग्गंथीए य गाहावइकुलं पिंडवायपडियाए अणुप्पविट्ठाए अण्णयरे पुलागभत्ते पडिग्गाहिए सिया, सा य संथरेज्जा, कप्पइ से तद्दिवसं तेणेव भत्तट्ठेणं पज्जोसवेत्तए, णो से कप्पइ दोच्चं पि गाहावइकुलं पिंडवायपडियाए पविसित्तए। सा य णो संथरेज्जा, एवं से कप्पइ दोच्चं पि गाहावइकुलं पिंडवायपडियाए**

**पविसित्तए ।**

**ભાવાર્થ :–** સાધ્વી આહારને માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે અને ત્યાં જો પુલાક ભક્ત-અત્યંત સરસ (પૌષ્ટિક) આહાર ગ્રહણ થઈ જાય અને જો તે ગ્રહણ કરેલા આહારથી નિર્વાહ થઈ શકે તેમ હોય તો તે દિવસે તે આહારથી નિર્વાહ કરે પરંતુ બીજા(અન્ય) ગૃહસ્થના ઘરમાં જાય નહીં અથવા બીજીવાર ગોચરી ન જાય. જો ગ્રહણ કરેલા તે આહારથી નિર્વાહ થઈ શકે તેમ ન હોય તો આહારને માટે બીજા ઘરોમાં જવું કલ્પે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પુલાકભક્ત–પૌષ્ટિક સ્વાદિષ્ટ આહાર એકવાર ગ્રહણ થયા પછી બીજીવાર ગોચરી માટે જવાનો વિવેક પ્રદર્શિત કર્યો છે.

**पुलागभत्ते**– પુલાક ભક્ત. 'પુલાક' શબ્દનો સામાન્ય અર્થ છે – 'અસાર પદાર્થ' પરંતુ અહીં તેનો કંઈક વિશેષ અર્થ ઈષ્ટ છે. જે સ્વાદિષ્ટ ભોજનની આસક્તિથી સંયમ ભાવમાં હાનિ થાય અર્થાત્ સંયમ નિઃસાર થાય, તેને પુલાક ભક્ત કહે છે. ભાષ્યમાં પુલાકભક્તના ત્રણ પ્રકાર કહ્યા છે– (૧) ધાન્યપુલાક (૨) ગંધપુલાક (૩) રસપુલાક.

(૧) જે ધાન્યોમાંથી બનેલા ખાદ્ય પદાર્થો વાપરવાથી શારીરિક સામર્થ્ય આદિની વૃદ્ધિ ન થાય તેવા સાંબો, ચોખા આદિ **ધાન્યપુલાક** કહેવાય છે. (૨) લસણ, ડુંગળી આદિ તથા લવિંગ, ઈલાયચી, અત્તર આદિ જેની ઉત્કૃષ્ટ ગંધ હોય, તે બધા પદાર્થ **ગંધપુલાક** કહેવાય છે. (૩) દૂધ, આંબલીનો રસ, દ્રાક્ષનો રસ આદિ અથવા અતિ સરસ પૌષ્ટિક તેમજ અનેક રાસાયણિક ઔષધોથી મિશ્રિત ખાદ્ય પદાર્થ **રસપુલાક** કહેવાય છે.

આ સૂત્રમાં 'પુલાકભક્ત'ને ગ્રહણ કર્યા પછી તે આહારથી નિર્વાહ થઈ શકે તેમ હોય તો સાધ્વીને અન્ય ગૃહોમાં ગોચરી જવાનો નિષેધ છે, અહીં રસપુલાકની અપેક્ષાએ સૂત્રનું વિધાન સમજવું જોઈએ કારણકે ગંધપુલાક અને ધાન્યપુલાક રૂપ વૈકલ્પિક અર્થમાં ગોચરીએ ન જવાનું સૂત્રોક્ત વિધાન તર્ક સંગત નથી.

રસપુલાકના અતિસેવનથી અજીર્ણ અથવા ઉન્માદ થવાની પ્રાયઃ સંભાવના રહે છે, તેથી તે દિવસે તેનાથી નિર્વાહ થઈ શકે તો અન્યત્ર ભિક્ષાને માટે ન જવું જોઈએ, જેથી ઉક્ત દોષોની સંભાવના રહે નહીં, જો તે રસપુલાક ભક્ત અતિ અલ્પ માત્રામાં હોય અને તેનાથી નિર્વાહ થઈ શકે તેમ ન હોય તો અન્ય ઘરોમાંથી ભિક્ષા ગ્રહણ કરી શકાય છે.

આ સૂત્રનો અન્ય રીતે અર્થ થાય છે કે ગોચરીમાં પૌષ્ટિક આહાર આવ્યો હોય તો સાધ્વી તેનાથી જ નિર્વાહ કરે. રસલોલુપતાના કારણે બીજીવાર ગોચરીએ ન જાય અને જો તે આહાર પર્યાપ્ત ન હોય તો બીજીવાર પણ ગોચરીએ જઈ શકે છે.

ભાષ્યકારના કથનાનુસાર– **एसेव गमो नियमा तिविह पुलागम्मि होई समणाणं** જે વિધિ સાધ્વીને માટે છે, તે સાધુને માટે પણ છે.

**॥ ઉદ્દેશક–૫ સંપૂર્ણ ॥**

# ઉદ્દેશક-૬

## પ્રાક્કથન

★ આ ઉદ્દેશકમાં સાધુ-સાધ્વીને છ પ્રકારના ન બોલવા યોગ્ય વચનો, વિજાતીય સ્પર્શ વિષયક અપવાદ માર્ગ, સંયમ નાશક છ દોષો, છ પ્રકારની કલ્પ મર્યાદા આદિ મુખ્યત્વે છ ના અંકથી સંબંધિત વિષય વર્ણન છે.

★ સાધુ-સાધ્વીને સત્ય મહાવ્રતની શુદ્ધિ માટે અલીક, ખિંસિત, કઠોર આદિ છ પ્રકારના અકલ્પનીય વચન ન બોલવા જોઈએ.

★ કોઈ પણ સાધુ બીજા સાધુ ઉપર પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન આદિ દોષ સેવનનો આક્ષેપ મૂકે અને જો તેને પ્રમાણથી સિદ્ધ ન કરી શકે તો તે સાધુ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

★ પરિસ્થિતિ વશ સાધુ-સાધ્વી એકબીજાના પગમાંથી કાંટા આદિ કાઢી શકે છે અને આંખમાં પડેલા રજ આદિ પણ કાઢી શકે છે.

★ નદીમાં ડૂબતા આદિ સૂત્રોક્ત વિશેષ પરિસ્થિતિઓમાં તેને આધાર આપનાર અન્ય સાધ્વી કે બહેનો ન હોય, તો સાધુ, સાધ્વીને સહારો આપી શકે છે અને સેવા કરી શકે છે. તે જ રીતે સાધ્વી સાધુને ટેકો આપી શકે છે.

★ સાધુ-સાધ્વી કુચેષ્ટા, વાચાળતા, ચક્ષુલોલુપતા, ચિડીયાપણું, અતિલોભ અને નિદાન, આ સંયમનાશક છ દોષોને જાણીને તેનો પરિત્યાગ કરે.

★ જિનકલ્પ, સ્થવિરકલ્પ આદિ સંયમપાલન કરનારની ભિન્ન-ભિન્ન સાધનાની અપેક્ષાએ છ પ્રકારની આચારમર્યાદા હોય છે.

❖❖❖❖❖

# ઉદ્દેશક–૬

**અકલ્પ વચનપ્રયોગ :–**

**१ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा इमाइं छ अवयणाइं वइत्तए, तं जहा– अलियवयणे हीलियवयणे खिंसियवयणे फरुसवयणे गारत्थियवयणे विओसवियं वा पुणो उदीरित्तए ।**

**ભાવાર્થ :–** સાધુઓ સાધ્વીઓને આ છ નિષિદ્ધ વચન બોલવા કલ્પતા નથી જેમ કે– (૧) અલીકવચન (૨) હીલિતવચન (૩) ખિંસિતવચન (૪) પરુષવચન (૫) ગાર્હસ્થ્યવચન (૬) વ્યુપશમિત કલહ ઉદીરણ વચન.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ–સાધ્વીને ન બોલવા યોગ્ય છ પ્રકારના વચનનું નિરૂપણ છે.

**(૧) અલીકવચન–** અસત્ય અથવા મિથ્યાભાષણ, **(૨) હીલિતવચન–** બીજાની અવહેલના કરનાર વચન, **(૩) ખિંસિતવચન–**રોષપૂર્ણ અથવા રોષ ઉત્પન્ન કરનાર વચન, **(૪) પરુષવચન–** કર્કશ, રુક્ષ અથવા કઠોરવચન, **(૫) ગાર્હસ્થ્યવચન–** ગૃહસ્થ અવસ્થાના સંબંધીઓના પિતા, પુત્ર, મામા આદિ સંબંધવાચક શબ્દોથી થતાં સંબોધન વચન, **(૬) વ્યુપશમિત કલહઉદીરણા વચન–** ક્ષમાયાચના આદિ દ્વારા કલહ ઉપશાંત થયા પછી પણ પુનઃ કલહની ઉદીરણા કરનારા વચન, આ છ પ્રકારના વચન સત્ય મહાવ્રત તથા ભાષા સમિતિના પાલનમાં બાધક બનતા હોવાથી સાધુ અને સાધ્વીઓએ બોલવા ન જોઈએ.

**કલ્પ પ્રસ્તાર :–**

**२ कप्पस्स छ पत्थारा पण्णत्ता, तं जहा– पाणाइवायस्स वायं वयमाणे, मुसावायस्स वायं वयमाणे, अदिण्णादाणस्स वायं वयमाणे, अविरइयावायं वयमाणे, अपुरिसवायं वयमाणे, दासवायं वयमाणे । इच्चेए छ कप्पस्स छ पत्थारे पत्थरेत्ता सम्मं अप्पडिपूरेमाणे तट्ठाणपत्ते सिया ।**

**ભાવાર્થ :–** કલ્પ-સાધ્વાચારના છ વિશેષ પ્રકારના પ્રાયશ્ચિત્ત સ્થાન કહ્યા છે, જેમકે – (૧) પ્રાણાતિપાતનો આક્ષેપ મૂક્યો હોય. (૨) મૃષાવાદનો આક્ષેપ મૂક્યો હોય. (૩) અદત્તાદાનનો આક્ષેપ મૂક્યો હોય. (૪) અવિરતિવાદ-બ્રહ્મચર્ય ભંગનો આક્ષેપ મૂક્યો હોય. (૫) અપુરિસવાદ-નપુંસકપણાનો આક્ષેપ મૂક્યો હોય. (૬) દાસપણાનો આક્ષેપ મૂક્યો હોય. સંયમના વિશેષ પ્રાયશ્ચિત્ત સ્થાનોના આક્ષેપ મૂકીને તેને સારી રીતે પ્રમાણિત ન કરનાર સાધુ પ્રાયશ્ચિત્તસ્થાનના ભાગીદાર થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં છ પ્રકારના વિશેષ પ્રાયશ્ચિત્ત સ્થાનનું કથન છે.

**कप्पस्स**–નિર્ગ્રંથનો આચાર. **पत्थारे** – વિશેષ પ્રાયશ્ચિત્ત સ્થાન. **पत्थरेत्ता**– પ્રાયશ્ચિત્ત સ્થાન– સેવનનો આક્ષેપ મૂકવો.

**પ્રાણાતિપાત પ્રાયશ્ચિત્તસ્થાન : –** જો કોઈ એક સાધુ આચાર્યાદિની સન્મુખ ઉપસ્થિત થઈને કહે કે અમુક સાધુએ ત્રસ જીવની ઘાત કરે છે. આચાર્યાદિ તેનું કથન સાંભળીને આરોપિત સાધુને બોલાવીને પૂછે કે "શું તમે ત્રસજીવની ઘાત કરી છે?" જો તે કહે કે 'મેં કોઈ જીવની ઘાત નથી કરી' – તેવી સ્થિતિમાં આક્ષેપ મૂકનાર સાધુને બોલાવીને કહે કે તમે શા માટે અમુક સાધુ ઉપર આક્ષેપ મૂકો છો. તમે તમારા કથનને સિદ્ધ કરો કે તે સાધુએ ક્યારે અને કેવી રીતે જીવહિંસા કરી છે ? જો તે સાધુ પોતાના કથનને ચોક્કસ પ્રમાણોથી સિદ્ધ કરે, તે સાધુનું જીવહિંસાનું પાપ સિદ્ધ થઈ જાય, તો જીવહિંસા કરનાર સાધુ પ્રાયશ્ચિત્તના અધિકારી થાય છે અને જો આક્ષેપ મૂકનાર સાધુ પેલા સાધુના દોષ સેવનનું કોઈ ચોક્કસ પ્રમાણ ન આપી શકે, તેનું પાપ સેવન સિદ્ધ ન થાય, આચાર્યને સમજાઈ જાય કે અમુક સાધુ સાથેના પૂર્વના વૈરથી કે દ્વેષથી આ સાધુએ તેના પર જીવહિંસાનો આક્ષેપ મૂક્યો છે હકીકતમાં તે સાધુ નિર્દોષ છે, તો આક્ષેપ મૂકનાર સાધુ હિંસા કરનારને જેટલું પ્રાયશ્ચિત્ત અપાય છે તેટલા જ પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

આ રીતે (૨) મૃષાવાદનો (૩) અદત્તાદાનનો (૪) અવિરતિવાદ– બ્રહ્મચર્યભંગનો (૫) નપુંસકપણાનો કે (૬) દાસપણાનો આરોપ મૂકે અને તે આરોપને સિદ્ધ ન કરી શકે, તો તે આરોપ મૂકનાર સાધુ પ્રાયશ્ચિત્તના અધિકારી થાય છે.

આ છ પ્રકારના આક્ષેપમાંથી કોઈ પણ આક્ષેપ કરનાર અને દોષસેવન કરનાર જો એકબીજા પર આરોપ–પ્રત્યારોપ કરે અથવા તેમાં વાદ–પ્રતિવાદ થઈ જાય તો પ્રાયશ્ચિતની માત્રા પણ વધતી જાય છે, અર્થાત્ સૂત્રોક્ત લઘુ ચોમાસી, ગુરુચોમાસી પ્રાયશ્ચિત્ત થઈ જાય છે.

સૂત્રોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે સંયમ સાધના સ્વતંત્ર છે. પ્રત્યેક સાધક કેવળ અંતર્મુખ બનીને પોતાની સાધનાને સફળ બનાવી શકે છે. અન્ય તરફની દષ્ટિ રાગ-દ્વેષ આદિ અનેક અનર્થકારી પાપોનું સર્જન કરે છે.

**વિજાતીય સ્પર્શનો અપવાદ :–**

**३ णिग्गंथस्स य अहेपायंसि खाणू वा कंटए वा हीरे वा सक्करे वा परियावज्जेज्जा, तं च णिग्गंथे णो संचाएइ णीहरित्तए वा विसोहेत्तए वा तं णिग्गंथी णीहरमाणी वा विसोहेमाणी वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધુના પગના તળીયામાં તીક્ષ્ણ સૂકું ઠૂંઠું, કાંટો, કાચ અથવા તીક્ષ્ણ પથ્થરનો ટુકડો વાગી જાય અને તેને કાઢવામાં અથવા તેના અંશનું શોધન કરવામાં સ્વયં અથવા અન્ય કોઈ સાધુ સમર્થ ન હોય, ત્યારે જો સાધ્વી કાઢે અથવા શોધન કરે, તો તેણી જિનાજ્ઞાનું અતિક્રમણ કરતી નથી.

**૪ णिग्गंथस्स य अच्छिंसि पाणे वा बीये वा रए वा परियावज्जेज्जा, तं च णिग्गंथे णो संचाएज्जा णीहरित्तए वा विसोहेत्तए वा तं णिग्गंथी णीहरमाणी वा विसोहेमाणी वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધુની આંખમાં મચ્છર આદિ સૂક્ષ્મ પ્રાણી, બીજ અથવા રજ પડે અને તેને કાઢવામાં, તેના સૂક્ષ્મ અંશ શોધવામાં પોતે અથવા અન્ય કોઈ સાધુ સમર્થ ન હોય ત્યારે જો સાધ્વી કાઢે અથવા શોધે તો તેણી જિનાજ્ઞાનું અતિક્રમણ કરતી નથી.

**૫ णिग्गंथीए य अहेपायंसि खाणू वा कंटए वा हीरे वा सक्करे वा परियावज्जेज्जा, तं च णिग्गंथी णो संचाएज्जा णीहरित्तए वा विसोहेत्तए वा, तं णिग्गंथे णीहरमाणे वा विसोहेमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધ્વીના પગના તળીયામાં તીક્ષ્ણ સૂકું ઠૂંઠું, કાંટો, કાચ અથવા પથ્થરના ટુકડા લાગી જાય અને તેને કાઢવામાં, તેના સૂક્ષ્મ અંશને શોધવામાં સ્વયં અથવા બીજા સાધ્વી સમર્થ ન હોય ત્યારે જો સાધુ કાઢે અથવા શોધે તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

**૬ णिग्गंथीए य अच्छिंसि पाणे वा बीये वा रए वा परियावज्जेज्जा, तं च णिग्गंथी णो संचाएज्जा णीहरित्तए वा विसोहेत्तए वा, तं णिग्गंथे णीहरमाणे वा विसोहेमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધ્વીની આંખમાં મચ્છર આદિ સૂક્ષ્મ પ્રાણી, બીજ અથવા રજ પડે અને તેને કાઢવામાં અથવા તેના સૂક્ષ્મ અંશને શોધવામાં સ્વયં અથવા બીજા કોઈ સાધ્વી સમર્થ ન હોય ત્યારે જો સાધુ કાઢે અથવા શોધે તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

**૭ णिग्गंथे णिग्गंथिं दुग्गंसि वा विसमंसि वा पव्वयंसि वा पक्खुलमाणिं वा पवडमाणिं वा गेण्हमाणे वा अवलंबमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધુ હિંસક જાનવરોથી વ્યાપ્ત દુર્ગમ સ્થાનમાં, વિષમસ્થાનમાં અથવા પર્વત પરથી લપસતી અથવા પડતી સાધ્વીને ગ્રહણ કરે અર્થાત્ બચાવે, સહારો આપે, તો તે સાધુ જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

**૮ णिग्गंथे णिग्गंथिं सेयंसि वा पंकंसि वा पणगंसि वा उदयंसि वा ओकसमाणिं वा ओवुज्झमाणिं वा गिण्हमाणे वा अवलम्बमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધુ કીચડ, કાદવ, સેવાળ અથવા પાણીમાં પડતી, ડૂબતી સાધ્વીને બચાવે સહારો આપે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

**૯ णिग्गंथे णिग्गंथिं णावं आरोहमाणिं वा ओरोहमाणिं वा गिण्हमाणे वा अवलम्बमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધુ હોડી પર ચઢતી અથવા હોડીમાંથી ઉતરતી સાધ્વીને આધાર આપે અથવા સહારો આપે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

**१० खित्तचितं णिग्गंथिं णिग्गंथे गिण्हमाणे वा अवलम्बमाणे वा णाइक्कमइ।**

**ભાવાર્થ :–** સાધુ શોક અથવા ભયથી વિક્ષિપ્તચિત્તવાળી સાધ્વીને પકડે અથવા આધાર આપે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

**११ दित्तचितं णिग्गंथिं णिग्गंथे गिण्हमाणे वा अवलम्बमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધુ હર્ષના અતિરેકથી દિપ્ત-ભ્રમિત ચિત્તવાળી સાધ્વીને પકડે અથવા આધાર આપે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

**१२ जक्खाइट्ठं णिग्गंथिं णिग्गंथे गिण्हमाणे वा अवलम्बमाणे वा णाइक्कमइ।**

**ભાવાર્થ :–** સાધુ યક્ષાવિષ્ટ-ભૂત પ્રેતથી પીડિત સાધ્વીને પકડે અથવા આધાર આપે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

**१३ उम्मायपत्तं णिग्गंथि णिग्गंथे गिण्हमाणे वा अवलम्बमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધુ મોહનીય કર્મના ઉદયથી ઉન્માદને પ્રાપ્ત સાધ્વીને પકડે અથવા આધાર આપે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

**१४ उवसग्गपत्तं णिग्गंथिं णिग्गंथे गिण्हमाणे वा अवलम्बमाणे वा णाइक्कमइ।**

**ભાવાર્થ :–** સાધુ દેવ, મનુષ્ય કે તિર્યંચજન્ય ઉપસર્ગને પ્રાપ્ત થયેલી સાધ્વીને પકડે અથવા આધાર આપે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

**१५ साहिगरणं णिग्गंथि णिग्गंथे गिण्हमाणे वा अवलम्बमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધુ સાધિકરણ-તીવ્ર કષાયથી અશાંત સાધ્વીને પકડે અથવા આધાર આપે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

**१६ सपायच्छित्तं णिग्गंथि णिग्गंथे गिण्हमाणे वा अवलम्बमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધુ કઠોરતમ પ્રાયશ્ચિત્તથી વિચલિત ચિત્તવાળી સાધ્વીને પકડે અથવા સહારો આપે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

**१७ भत्तपाणपडियाइक्खियं णिग्गंथिं णिग्गंथे गिण्हमाणे वा अवलम्बमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** સાધુ આજીવન અનશનથી ક્લાંત થયેલી સાધ્વીને સ્થિર કરે અથવા સહારો આપે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

**૧૮ अट्ठजायं णिग्गंथिं णिग्गंथे गिण्हमाणे वा अवलम्बमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** અર્થજાત–શિષ્ય અથવા પદ પ્રાપ્તિની તીવ્રતમ ઈચ્છાથી વ્યાકુળ થયેલી સાધ્વીને સાધુ પકડે(સમજાવે) અથવા આધાર આપે, તો તે જિનાજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીને માટે વિજાતીય સ્પર્શનો અપવાદ માર્ગ પ્રદર્શિત કર્યો છે.

સામાન્ય રીતે સાધુ-સાધ્વીને માટે બ્રહ્મચર્ય મહાવ્રતની સુરક્ષા માટે વિજાતીય સ્પર્શનો સર્વથા નિષેધ છે. બાલ, વૃદ્ધ, તપસ્વી, રોગી આદિ સાધુની સેવા સાધુ જ કરે છે અને સાધ્વીની સેવા સાધ્વી જ કરે છે આ ઉત્સર્ગ માર્ગ છે.

પ્રસ્તુત સૂત્રોમાં અનેક વિશિષ્ટ પરિસ્થિતિજન્ય અપવાદમાર્ગનું કથન છે. સાધુના પગમાં કાંટો વાગી જાય, આંખમાં કણું પડે, સહવર્તી અન્ય કોઈ સાધુ તે કાઢી શકે તેમ ન હોય ત્યારે સાધ્વી અન્ય કોઈ યોગ્ય વ્યક્તિને સાક્ષીભૂત રાખીને વિધિપૂર્વક સંયમભાવથી સાધુના પગમાંથી કાંટો કાઢી શકે છે. તે રીતે સાધ્વીના પગમાંથી સાધુ પણ કાંટો કાઢી શકે છે.

સાધ્વી કોઈ વિષમ સ્થાનથી પડી ગઈ હોય, ઉન્માદાદિના કારણે સાધ્વી ભાગી જતી હોય વગેરે પરિસ્થિતિમાં તે સાધ્વીને આધાર દેનાર અન્ય સાધ્વી ન હોય તો તેવી વિકટ પરિસ્થિતિમાં સાધુ સાધ્વીને બચાવી શકે છે. તે જ રીતે સાધ્વી પણ સાધુને બચાવી શકે છે.

આ પ્રકારની વિકટ પરિસ્થિતિમાં વિજાતીય સ્પર્શ થાય, ત્યારે સાધુ-સાધ્વી સ્વયં રાગભાવની અનુભૂતિ ન કરે, સંયમ ભાવમાં સ્થિર રહે, તો તે જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. આ અપવાદ માર્ગ છે.

જો સ્વયં રાગભાવની અનુભૂતિ કરે, તો તે સાધુ-સાધ્વી બ્રહ્મચર્ય વ્રત ભંગના દોષથી પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત થાય છે.

**સંયમનાશક છ સ્થાન :–**

**૧૯ कप्पस्स छ पलिमंथू पण्णत्ता, तं जहा– कोक्कुइए संजमस्स पलिमंथू, मोहरिए सच्चवयणस्स पलिमंथू, चक्खुलोलुए इरियावहियाए पलिमंथू, तिंतिणिए एसणागोयरस्स पलिमंथू, इच्छालोलुए मुत्तिमग्गस्स पलिमंथू, भिज्जाणियाणकरणे मोक्खमग्गस्स पलिमंथू । सव्वत्थ भगवया अणियाणया पसत्था ।**

**ભાવાર્થ :–** છ પ્રવૃત્તિ સાધુ આચારની વિઘાતક(સાધુપણાનો નાશ કરનાર)છે, તે આ પ્રમાણે છે– (૧) ચંચળતા સંયમ વિઘાતક છે. (૨) વાચાળતા સત્ય વચનની વિઘાતક છે. (૩) નેત્ર વિષયક લોલુપતા ઈર્યા

સમિતિની વિઘાતક છે. (૪) ચિડીયાપણું એષણા સમિતિનું વિઘાતક છે. (૫) અતિલોભ, નિષ્પરિગ્રહ રૂપ મુક્તિમાર્ગનો નાશક છે. (૬) ચક્રવર્તી, વાસુદેવ આદિના પૌદ્‌ગલિક ભોગો સંબંધિત નિદાનો મોક્ષના વિનાશક છે. ભગવાને અનિદાનતાને સર્વત્ર પ્રશસ્ત કહી છે.

**વિવેચન :-**

**कप्पस्स पलिमंथू :–** કલ્પ – સાધુનો આચાર, પલિમંથુ-નષ્ટ કરનાર ચેષ્ટાઓ. સાધ્વાચારના કે આચાર મર્યાદાના ઘાતક તત્ત્વોને પલિમંથુ કહે છે. શ્રેષ્ઠ વસ્તુના નાશકને પલિમંથુ કહે છે. જેમ દહીંનું મંથન કરી માખણને ફેંકી દે અને છાશનો સંગ્રહ કરે, તેમ સંયમ રૂપ માખણને ફેંકીને અસંયમરૂપ છાશનો સંગ્રહ કરનાર પલિમંથુ કહેવાય છે. સંયમ ઘાતક અનેક પ્રવૃત્તિ છે, પરંતુ સૂત્રકારે અહીં મુખ્ય છ પ્રવૃત્તિઓનું કથન કર્યું છે.

**(૧) કૌકુચિત :–** કુત્સિત શારીરિક ચેષ્ટાઓને, કુચેષ્ટાને કૌકુચિત કહે છે, તેના ત્રણ પ્રકાર છે. સ્થાન, શરીર અને ભાષા. નટની જેમ વિષમ સ્થાનમાં ઊભા રહેવું, બેસવું, સૂવું, હરવું, ફરવું વગેરે ક્રિયાઓ કરવી તે 'સ્થાન-કૌકુચિત' કહેવાય છે. નિષ્પ્રયોજન હાથ, પગ, મોઢુ વગેરે અંગોને હલાવવા, ભાંડ આદિની જેમ ચેષ્ટાઓ કરવી તે 'શરીર-કૌકુચિત' છે. હાસ્ય ઉત્પાદક વચન બોલવા, પશુપક્ષીઓની નકલ કરવી, લોકોને હસાવવા માટે અનાર્ય દેશની ભાષા બોલવી, વિભિન્ન દેશવાસી સ્ત્રી-પુરુષોના વાણી-વિલાસની નકલ કરવી, તે 'ભાષા-કૌકુચિત' છે. ઉક્ત સર્વ પ્રકારની કુચેષ્ટાઓ સાધુ માટે નિષિદ્ધ છે, તે કુચેષ્ટાઓથી સંયમનો ઘાત થાય છે.

**(૨) મૌખરિક :–** મુખર એટલે વાચાળ. વાચાળ વ્યક્તિને મૌખરિક કહે છે. વિચાર્યા વિના બોલે કે પ્રમાણથી વધારે બોલે કે ગમે તેમ બોલે તે અન્યને દુશ્મન બનાવે છે. વાચાળતાના કારણે અસત્ય-ભાષણની પણ સંભાવના રહે છે, તેથી મૌખરિકતા સત્યની ઘાતક છે.

**(૩) ચક્ષુ લોલુપ :–** જે સાધુ ચક્ષુ લોલુપી હોય, ચારે બાજુ દષ્ટિ ફેરવ્યા કરે, આજુબાજુના દશ્ય જોવામાં આસક્ત બને, લોભામણા દશ્યો અને સ્ત્રી, પુરુષોના ગમનાગમનની ક્રિયાને જોવામાં તલ્લીન બની જાય તે ઈર્યા સમિતિનું સમ્યક્ પ્રકારે પાલન કરી શકતા નથી. તેથી ચક્ષુલોલુપી ઈર્યાસમિતિનો ઘાતક બને છે. તેમાં છ કાય જીવોની અને સંયમની વિરાધના થાય છે.

**(૪) તિંતિણક :–** વસ્તુ પ્રાપ્ત ન થાય તો ખિન્ન બની તણતણાટ કે બકવાસ કરે, તેને તિંતિણક કહે છે. તનતનાટ કરવાથી એષણાનો ઘાત થાય છે. સાધુને આહાર, ઉપધિ અને શય્યા, આ ત્રણ વસ્તુની આવશ્યક્તા છે. તે ન મળે તો ખેદ પામનાર સાધક એષણાની શુદ્ધિ કરી શકતા નથી. આવી સ્થિતિમાં તે દીન બની એષણીય, અનેષણીયની પરવા કર્યા વિના જ વસ્તુ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. તેથી તણતણાટ કરવાના સ્વભાવવાળા સાધુ એષણાસમિતિના ઘાતક થાય છે.

**(૫) ઈચ્છાલોભિક :–** ઈચ્છા અને લોભ-તૃષ્ણાની માત્રા વધવાથી સંતોષનો ઘાત થાય છે. તેના દ્વારા નિર્લોભતા અને નિષ્પરિગ્રહતારૂપ મોક્ષ માર્ગનો ઘાત થાય છે.

**(૬) ભિંધ્યા નિદાન :–** ભિંધ્યા-લોભ અને નિદાન-પ્રાર્થના, અભિલાષા. લોભથી થતી પ્રાર્થના

આર્તધ્યાનને પોષણ આપે છે. ઋદ્ધિ, પદવી કે વિષયસુખની પ્રાપ્તિ માટે પોતાના સંયમના ફળને માંગવાથી મોક્ષમાર્ગનો ઘાત થાય છે. આ રીતે ઉપરોક્ત છ એ પ્રવૃત્તિથી સંયમ માર્ગની વિરાધના થાય છે, તેથી સાધુએ તથાપ્રકારની પ્રવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ.

**છ પ્રકારની કલ્પસ્થિતિ :–**

**૨૦ छव्विहा कप्पट्ठिई पण्णत्ता, तं जहा– सामाइय-संजय-कप्पट्ठिई, छेओवट्ठावणिय-संजय-कप्पट्ठिई, णिव्विसमाण-कप्पट्ठिई, णिव्विट्ठकाइय-कप्पट्ठिई, जिणकप्पट्ठिई, थेरकप्पट्ठिई । ति बेमि ।**

**ભાવાર્થ :–** કલ્પ સ્થિતિ-આચારની મર્યાદાઓ છ પ્રકારની કહી છે, જેમ કે – (૧) સામાયિક ચારિત્રની મર્યાદાઓ. (૨) છેદોપસ્થાપનીય ચારિત્રની મર્યાદાઓ. (૩) નિર્વિશમાન-પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં પારિહારિક-તપ વહન કરનારની મર્યાદાઓ. (૪) નિર્વિષ્ટકાયિક-પરિહારવિશુદ્ધ ચારિત્રમાં, અનુપરિહારિક-વૈયાવચ્ચ કરનાર ભિક્ષુઓની મર્યાદાઓ. (૫) ગચ્છનિર્ગત, વિશિષ્ટ તપસ્વી જીવન જીવનાર જિનકલ્પી સાધુઓની મર્યાદાઓ. (૬) સ્થવિરકલ્પી અર્થાત્ ગચ્છવાસી સાધુઓની મર્યાદાઓ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં છ પ્રકારની કલ્પસ્થિતિનું કથન છે.

**कप्पट्ठिई :–** 'કલ્પ' એટલે સાધુનો આચાર. તેમાં સ્થિર રહેવું, તેને કલ્પસ્થિતિ કહે છે અથવા સાધુ–સાધ્વીઓની સમાચારી(મર્યાદા)ને પણ કલ્પસ્થિતિ કહે છે. તે છ પ્રકારની છે, જેમ કે–

**(૧) સામાયિક સંયત કલ્પસ્થિતિ :–** સર્વ પાપ પ્રવૃત્તિઓનો પરિત્યાગ કરીને સમભાવમાં સ્થિત થવું, તે સામાયિક સંયત કલ્પસ્થિતિ છે. તે બે પ્રકારની છે, **૧. ઈત્વરકાલિક–** જ્યાં સુધી પાંચ મહાવ્રતોનું આરોપણ ન થયું હોય ત્યાં સુધી ઈત્વરકાલિક સામાયિક સંયત કલ્પસ્થિતિ છે. **૨. યાવજ્જીવિક–** જીવનપર્યંતનું સામાયિક ચારિત્ર, યાવજ્જીવિક સામાયિક સંયત કલ્પસ્થિતિ છે. તેમાં ફરી મહાવ્રતનું આરોપણ થતું નથી, તે મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનકાળમાં હોય છે.

**(૨) છેદોપસ્થાપનીય–સંયત–કલ્પસ્થિતિ :–** વડી દીક્ષા આપવી અથવા ફરીને મહાવ્રતોનું આરોપણ કરવું, તે છેદોપસ્થાપનીય કલ્પસ્થિતિ છે. તેના બે પ્રકાર છે. **૧. નિરતિચાર–** ઈત્વર કાલિક સામાયિક ચારિત્ર ગ્રહણ કરનાર શૈક્ષ સાધુઓને અથવા ભગવાન્ પાર્શ્વનાથના શિષ્યોને પાંચ મહાવ્રતોનું આરોપણ કરાવવું, તે નિરતિચાર છેદોપસ્થાપનીય સંયત કલ્પસ્થિતિ છે. **૨. સાતિચાર–** પાંચ મહાવ્રત સ્વીકાર્યા પછી જે સાધુ અથવા સાધ્વી જાણી જોઈને કોઈ એક મહાવ્રતનો અથવા પાંચે મહાવ્રતોનો ભંગ કરે તો તેની પૂર્વ દીક્ષા પર્યાયનો છેદ કરીને પુનઃ મહાવ્રતોનું આરોપણ કરાવવું, તે સાતિચાર છેદોપસ્થાનીય સંયત કલ્પસ્થિતિ છે.

**(૩) નિર્વિશમાન કલ્પસ્થિતિ :–** પરિહાર વિશુદ્ધિ સંયમમાં તપની સાધના કરનાર સાધુઓની સમાચારીને નિર્વિશમાન કલ્પસ્થિતિ કહે છે.

**(૪) નિર્વિષ્ટકાયિક કલ્પસ્થિતિ :–** પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં જે સાધુએ સંયમની વિશુદ્ધિરૂપ તપસાધના કરી લીધી હોય અને જે સાધુ તપસાધના કરનારની સેવા કરી રહ્યા હોય, તે સાધુઓની સમાચારીને નિર્વિષ્ટકાયિક કલ્પસ્થિતિ કહે છે.

**(૫) જિનકલ્પસ્થિતિ :–** ગચ્છમાંથી નીકળીને વિશિષ્ટ નિયમો તથા અભિગ્રહોને ધારણ કરીને એકલા વિચરનારા કરપાત્રી ગીતાર્થ સાધુઓની સમાચારીને જિનકલ્પસ્થિતિ કહે છે.

**(૬) સ્થવિરકલ્પસ્થિતિ :–** ગચ્છની અંદર આચાર્ય આદિની આજ્ઞામાં રહેનાર સાધુઓની સમાચારીને સ્થવિરકલ્પસ્થિતિ કહે છે.

**॥ ઉદ્દેશક-૬ સંપૂર્ણ ॥**

# ॥ બૃહત્કલ્પ સૂત્ર સંપૂર્ણ ॥

# વિવેચિત પારિભાષિક શબ્દોની અકારાદિ અનુક્રમણિકા


| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| અ | अगडसुयं-अकृतश्रुत | ૩૧૬ | | उवट्ठाणायरिए | ૩૭૩ |
| | अगिलाए | ૨૫૫ | એ | એક પાક્ષિક | ૨૬૦ |
| | अणिज्जूढाओ | ૧૫૮ | ઓ | ओसन्न | ૨૪૪ |
| | અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત | ૧૮૨ | અં | अंतरावणंसि | ૧૩૨ |
| | અપારિહારિક સાધુ | ૨૩૮ | ક | કલ્પસ્થિત સાધુના દશ કલ્પ | ૧૮૮ |
| | अब्भावगासियंसि | ૧૫૩ | | कप्पागं | ૨૯૧ |
| | अभिणिचारियं चारए | ૨૯૪ | | कुशील | ૨૪૪ |
| | અભિન્ન આચારવાન | ૨૭૦ | | कृत्स्न-अकृत्स्न | ૧૬૬ |
| | अभिन्न | ૧૨૮ | ગ | ગણધર | ૨૬૪ |
| | | | | ગણાવચ્છેદક | ૨૬૪ |
| | अविभत्ताओ | ૧૫૮ | | ગણિ | ૨૬૪ |
| | अवोगडाओ | ૧૫૮ | ચ | चउक्कंसि | ૧૩૨ |
| | अव्वोच्छिण्णाओ | ૧૫૮ | | चच्चरंसि | ૧૩૨ |
| | अविहिभिण्णे – विहिभिण्णे | ૧૨૮ | | ચર્યા નિવૃત્ત | ૨૯૬ |
| | अवंजण जायस्स | ૩૭૬ | | ચર્યા પ્રવિષ્ટ | ૨૯૬ |
| | अहाछंदं | ૨૪૪ | જ | જિનકલ્પીની સમાચારી | ૩૧૦ |
| | अहालहुसगं | ૩૩૫ | ણ | णिज्जूहित्तए | ૨૫૬ |
| | અશબલ આચારવાન | ૨૭૦ | | णीहडं-अणीहडं | ૧૫૬ |
| | અસંક્લિષ્ટ આચારવાન | ૨૭૦ | ત | ताल पलंब | ૧૨૭ |
| આ | આકુંચનપટ્ટક | ૨૧૨ | | तियंसि | ૧૩૨ |
| | आगमणगिहंसि | ૧૫૩ | થ | थेराणं थेरभूमिपत्ताणं | ૩૩૬ |
| | આચાર્ય | ૨૬૪ | દ | દોષ નિર્ઘાતના વિનય | ૩૩ |
| | આચાર કુશળ | ૨૬૯ | ધ | धम्मायरिए | ૩૭૩ |
| | આચાર વિનય | ૩૨ | પ | पक्क | ૧૨૮ |
| | आम | ૧૨૮ | | परिहारठाणं | ૨૩૬ |
| | आवणगिहंसि | ૧૩૨ | | પરિહાર તપ | ૨૩૭ |
| ઉ | उदिसावित्तए | ૧૯૬ | | પર્યાય સ્થવિર | ૩૭૪ |
| | उदेसणायरिए | ૩૭૩ | | पलिच्छिण्णे | ૨૬૭ |
| | ઉપગ્રહ કુશળ | ૨૬૯ | | पलिमंथु | ૨૨૪ |
| | ઉપાધ્યાય | ૨૬૪ | | | |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | पव्ववणायरिए | ૩૭૩ | | વિક્ષેપણા વિનય | ૩૨ |
| | પ્રવચન કુશળ | ૨૬૯ | | वेरज्ज | ૧૪૦ |
| | પ્રવર્તક | ૨૬૪ | | वंसीमूलंसि | ૧૫૩ |
| | પ્રજ્ઞપ્તિ કુશળ | ૨૬૯ | શ | શય્યાતર પિંડ | ૩૫૦ |
| | પારાંચિત પ્રાયશ્ચિત્ત | ૧૮૧ | | શુદ્ધોપહૃત | ૩૫૭ |
| | પારિહારિક સાધુ | ૨૩૮ | | શ્રુત સ્થવિર | ૩૭૪ |
| | पासत्थ | ૨૪૪ | | શ્રુત વિનય | ૩૨ |
| | पुलागभत्ते | ૧૧૭ | સ | સ્થવિર | ૨૬૪ |
| | पूयाभत्ते | ૧૬૦ | | सपरिक्खेवंसि अबाहिरियंसि | ૧૩૦ |
| ફ | ફલિતોપહૃત | ૩૫૭ | | सपरिक्खेवंसि सबाहिरियंसि | ૧૩૦ |
| બ | બહુશ્રુત–બહુ આગમજ્ઞ | ૨૪૯ | | सागारिए | ૧૫૪ |
| ભ | भिन्न | ૧૨૮ | | ससट्ठं–असंसट्ठ | ૧૫૬ |
| મ | मिओग्गहं | ૨૯૬ | | सागारिए उवस्सए | ૧૩૬ |
| ય | યથાલંદ કાળ | ૧૪૯ | | सिंघाडगगिहंसि | ૧૩૨ |
| | યવમધ્ય ચંદ્ર પ્રતિમા | ૩૬૩ | | सीओदगवियडकुंभे | ૧૫૦ |
| ૨ | रयणीमुक्क मउडे | ૨૦૨ | | सुरा | ૧૪૯ |
| | रत्थामुहंसि | ૧૩૨ | | से संतरा छेए वा परिहारे वा | ૨૬૭ |
| | रुक्खमूलंसि | ૧૫૩ | | सेहभूमिओ | ૩૭૫ |
| વ | વજ્રમધ્ય ચંદ્ર પ્રતિમા | ૩૬૪ | | सेहे | ૨૯૭ |
| | વય સ્થવિર | ૩૭૪ | | સંગ્રહ કુશળ | ૨૬૯ |
| | ववहारे | ૩૬૦ | | સંભોગ | ૧૯૩ |
| | वायणायरिए | ૩૭૩ | | સંયમ કુશળ | ૨૬૯ |
| | विरुद्धरज्ज | ૧૪૦ | | संसत्त | ૨૪૪ |
| | विकरणं–अविकरणं | ૧૭૪ | | संसृष्टोपहृत | ૩૫૭ |
| | विकाल | ૧૫૩ | હ | हरियाहडियाए | ૧૪૩ |
| | वियड गिहंसि | ૧૪૩ | | | |


❖❖❖❖❖

## ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
## શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

| | |
|---|---|
| • શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,<br>શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે | આકોલા |
| • શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી | આકોલા |
| • માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા | કોલ્હાપુર |
| • શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા | મુંબઈ |
| • માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા | મુંબઈ |
| • શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ | કલકત્તા |

## શ્રુત સદસ્ય

| | |
|---|---|
| • શ્રી પારિતોષ આર. શાહ | મુંબઈ |
| • શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ | મુંબઈ |
| • જૈન જાગૃતિ સેન્ટર | વાશી (મુંબઈ) |
| • શ્રી મુકુન્દ આર. શેઠ | મુંબઈ |
| • શ્રી કેતનભાઈ શાહ | મુંબઈ |
| • શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા | મુંબઈ |
| • શ્રી સુધીરભાઈ પી. શાહ | મુંબઈ |
| • શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા | મુંબઈ |
| • શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી<br>હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી | કલકત્તા |



આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org